
# પ્રૉ. ધોંડો કેશવ કર્વે-

## આત્મવૃત્ત—(ઉત્તરાર્દ્ધ)

[ ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠનો ઇતિહાસ રૂપે ]



પ્રૉ. ધોંડો કેશવ કર્વે, બી. એ.

Gandhi Heritage Portal

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા", પુસ્તક ૫૭ મું.

# પ્રૉ. ધોંડો કેશવ કર્વે-

## આત્મવૃત્ત—(ઉત્તરાર્દ્ધ)

[ ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠના ઇતિહાસ રૂપે ]

મરાઠીમાં લેખક:

પ્રૉ. ધોંડો કેશવ કર્વે, બી. એ.

૮-૨
કર્વે(ધોં)

ભાષાન્તરકર્તા:

માણેકલાલ નાગ-લાલ ઠાકર, બી. એ.

શેઠ માણેકલાલ ... પુસ્તકાલય. અમદાવાદ.

પ્રકાશક:

संपादक-जीवनलाल अमरशी महेता

મૂલ્ય કાચું પુંઠું રૂ. ૧-૨-૦

" પાકું પુંઠું રૂ. ૧-૮-૦

Gandhi Heritage Portal

ડા ૯૬૩/૩૨૮૮

Gandhi Heritage Portal

આવૃત્તિ પહેલી ∴ પ્રત ૧૦૦૦ ∴ ઇ. સ. ૧૯૨૮.

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન.

મુંબઇના એજન્ટ :
**જીવનલાલ એન્ડ સન્સ**
કાલબાદેવી રોડ; ભાટીઆ મહાજનવાડી.

છાપનાર :
ધી સૂર્યપ્રકાશ પ્રિંટિંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઇ ત્રિકમલાલ,
પાનકોરનાકા; **અમદાવાદ.**

Gandhi Heritage Portal

# अर्पण

ભારતનાં

સેવક-સેવિકાઓને

ચરણે.

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| પ્ર૦ | ૧ | કુટુંબની અત્યારની સ્થિતિ. ... ... ... | ૧ |
| પ્ર૦ | ૨ | અનાથ બાલિકાશ્રમનાં પહેલાં બાર વર્ષ.... ... | ૭ |
| પ્ર૦ | ૩ | મહિલા-વિદ્યાપીઠની કલ્પના ... ... ... | ૨૪ |
| પ્ર૦ | ૪ | મહિલા-વિદ્યાપીઠની ગર્ભાવસ્થા... ... ... | ૪૩ |
| પ્ર૦ | ૫ | મહિલા-વિદ્યાપીઠનાં પહેલાં ચાર વર્ષ ... ... | ૫૭ |
| પ્ર૦ | ૬ | સર વિઠ્ઠલદાસની અણધારી ઉદાર બક્ષિસ. ... | ૬૯ |
| પ્ર૦ | ૭ | વિદ્યાપીઠના ધોરણે ચાલતી શાળાઓ ઉઘાડવાનો પ્રયત્ન. | ૭૨ |
| પ્ર૦ | ૮ | મહિલા-વિદ્યાપીઠનો વિસ્તાર. ... ... ... | ૭૮ |
| પ્ર૦ | ૯ | મહિલા-વિદ્યાપીઠ વિષે લોકમત... ... ... | ૮૬ |
| પ્ર૦ | ૧૦ | મહિલા-વિદ્યાપીઠનું વૈશિષ્ટ્ય ... ... ... | ૧૧૫ |
| પ્ર૦ | ૧૧ | મુંબાઈ યુનિવર્સિટી અને મહિલાવિદ્યાપીઠમાંથી ... નીકળેલી એક વિશિષ્ટ વર્ગની સ્ત્રીઓની તુલના... | ૧૨૪ |
| પ્ર૦ | ૧૨ | વિદ્યાપીઠને મળેલાં મોટી રકમનાં દાન અને... ... વિદ્યાપીઠની સાંપત્તિક સ્થિતિ... ... ... | ૧૩૫ |
| પ્ર૦ | ૧૩ | મહિલા-વિદ્યાપીઠનું પ્રચાર કાર્ય ... ... | ૧૪૧ |
| પ્ર૦ | ૧૪ | મહિલા-વિદ્યાપીઠના ઈતિહાસ પર ખુણેખચકે ... પ્રકાશ પાડનારી કેટલીક વાતો... ... ... | ૧૪૪ |
| પ્ર૦ | ૧૫ | વાચકોને રામરામ... ... ... ... | ૧૪૯ |


Gandhi Heritage Portal

# નિવેદન.

ભારત ભગિનીઓના પરમ હિતચિંતક પુરુષાર્થી પ્રોફેસર ધોંડો કેશવ કર્વેના આત્મવૃત્તાંતનો ઉત્તરાર્દ્ધ "સ્ત્રીબોધ" માસિકના બેવડા અંક તરિકે તેમજ "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ના એક ગ્રન્થ તરીકે જનસમાજ સમક્ષ મૂકતાં અમને આનંદ ઉપજે છે.

આ પુસ્તકનો પૂર્વાર્દ્ધ અત્યાર અગાઉ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઇ ગયો છે. ખસુસ કરીને ગુજરાતમાં સ્ત્રીહિત માટે જે બ્હેન-બંધુઓ પ્રયત્ન કરે છે, તેમને અધ્યાપક કર્વેની આ આત્મકથા માર્ગદર્શક થઇ પડયા વગર રહેશે નહિ.

ગુજરાતનાં વનિતાવિશ્રામોની 'સેવિકાઓ' ની મોટી ફોજ જો એમાંનો અંશ પણ અંગીકાર કરશે તો જરૂર ગુજરાતનાં ગામડે ગામડામાં ચેતન રેલાશે. સ્ત્રીજાતિ જાગૃત થશે અને આશ્રમોની હસ્તી સકારણ સાબીત થશે. **સેવિકા** નામ સાર્થક નીવડશે.

શ્રી કર્વેજીનો પત્ર મળતાં, મુલાકાત થતાં, મેં જાણ્યું કે તા ૧૮ મી એપ્રીલ, ૧૯૨૮ ને દિને પુના હીંગણે બુદ્રકનું તેમનું વિધવાશ્રમ તેમની ૭૧ મી જન્મતિથિ ઉજવનાર છે, અને તે પ્રસંગે તેમના આત્મવૃત્તની બીજી આવૃત્તિ (જેમાં તેમની આત્મકથાનો આજદિન સુધીનો વૃત્તાંત આવે છે તે) મરાઠીમાં બહાર પાડનાર છે. આ ઉપરથી તેમની પાસે મેં માગણી કરી કે અમે અહિં (મુંબાઇમાં) ભગિની સમાજ દ્વારા ઉત્સવ ઉજવીયે અને આપના આત્મવૃત્તનો ઉત્તરાર્દ્ધ તે પ્રસંગે ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવા પ્રબંધ કરીએ, એવી મારી ઇચ્છા છે. આપ કૃપા કરી એ માન્ય રાખશો. તેમણે મારી આ માગણીનો વિનાસંકોચે સ્વીકાર કર્યો.

આ વિચાર મેં મારા સ્નેહી ભાઈ કેશવપ્રસાદ દેસાઇ "સ્ત્રીબોધ"ના તંત્રીને જણાવ્યો. વિચાર કરતાં એમ ઠર્યું કે "સ્ત્રીબોધ"નો બેવડો અંક છાપી કર્વે સાહેબના આત્મવૃત્તના ઉતરાર્દ્ધનો બની શકે તેટલો બહોળો પ્રચાર કરવો.

Gandhi Heritage Portal

સમય બહુ જ થોડો હતો. કામ ચોકખું, સુંદર ને સરસ જોઇએ. એટલે કાર્યવિભાગ થયા. ભાષાંતર કરાવવાની અને તે સુધારવાની બધી વ્યવસ્થા મારે શીર આવી ને પ્રસિદ્ધીની બધી જુમેદારી માસિકના મંત્રી ભાઇ જીવનલાલે સ્વીકારી.

ભાષાંતર કરવામાં ભાઇ **માણેકલાલ ઠાકરે** એક સરખાં ખંત, ઉત્સાહ અને ઝડપ દાખવ્યાં છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેમજ મારા મિત્ર ભાઇ **કિશોરીલાલ ઘનસ્યામલાલ મશરૂવાળા** બીછાને પડયા પડયા પણ ઘણુંખરૂં ભાષાંતર જાતે જોઇ ગયા છે.

પ્રૉ. કર્વે સાહેબના આત્મવૃતાંતના પૂર્વાર્દ્ધમાંના થોડાક ઉતારા તેમના જીવનની કાંઇક ઝાંખી કરાવશે. તેમના જીવનમાં પ્રત્યેક પગલે 'કૃત્રિમતાનો ત્યાગ અને ધર્મમય જીવન' જોઇ શકાય છે.

**આ રહ્યા તેવા કેટલાક પ્રસંગોઃ—**

"સુશીલ અને શ્રમજીવી માતાપિતાને ઘેર જન્મવું એના જેવું સુભાગ્ય બીજું નથી. આ સુભાગ્ય મને પૂર્વના પુણ્યે મળ્યું એ વિચારે ઘણીવાર મારૂં મન આનંદમાં આવી ઇશ્વરનો નમ્રભાવે ઉપકાર માને છે."

× × × ×

"ભણ્યા પછીના જીવનમાં સાર્વજનિક કામમાં પડી અનેક સંસ્થાએ માટે આમ કરીશ અને તેમ કરીશ એવા અનેક પ્રકારના કલ્પનાતરંગો મનમાં ઉઠતા; અને એ તરંગોવડે મનોરાજ્ય ઘડવામાં અને તેમાં સુખ માનવામાં મેં ઘણો વખત ગાળ્યો છે."

× × × ×

"ભાઇબ્હેન અને છોકરાંછૈયાં સાથે એકઠા રહેવાના દાખલા તો જોઈએ તેટલા મળે, પણ જૂદાં જૂદાં માણસો એક કુટુંબ બની રહે એવાં ઉદાહરણો કવચિત જ મળે છે. કુટુંબમાં એક બીજાનું સંભાળી લેવાની આપણી તૈયારી હોય છે, પણ સ્વજનો સિવાય બીજાં માણસોનું સંભાળવાની સહનશીલતા ઘણાં ઓછાંમાં હોય છે."

× × × ×

"પહેલાં ભાડું પોણાચાર રૂપીયા હતું. પાછળથી જોડેની જ એક જગા સવાચાર રૂપીયામાં રાખી લીધી. આટલી જગામાં અમો બારથી પંદર માણસો રહેતાં હતાં. કોઇ કોઈ વખત મહેમાન આવે તે જૂદા!"

× × × ×

Gandhi Heritage Portal

"સને ૧૮૮૯ ની સાલમાં દર મહિને દર માણસ દીઠ માસિક ખર્ચ સરાસરી પાંચ રૂપીયા એક આનો આવ્યો હતો. આમાં ભાડું પણ આવી જાય."

× × × ×

"નરહરપંત જોશી મારા મિત્ર"......"તેઓ મારા પ્રિય અને પૂજ્ય બનવાનું કારણ–જુવાન સ્ત્રી ઘેર હોવા છતાં વિદ્યોપાર્જન માટે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી ઘરનાં દર્શન જ ન કરનાર યુવક લાખોમાં એકેય મળે કે કેમ તેની શંકા છે. એજ પ્રમાણે ચાળીશ વર્ષ પુરાં થયા પહેલાં જ પત્ની સ્વર્ગવાસ થયા પછી પુનઃ વિવાહ ન કરતાં અનેક અડચણો સહન કરીનેય છોકરાં છૈયાંનું માતાની પેઠે જતન કરવું એ વાત પણ અસાધારણ છે."

× × × ×

"જીવનના અત્યંત મહત્વના કાળમાં નરહરપંતના દસ વર્ષના સહવાસે મારા પર ઘણી સારી અસર પાડી છે, અને એનું પરિણામ પણ એટલું જ સુંદર આવ્યું છે. ટુંકામાં કહું તો મારી વિવેચક અને ચિકિત્સક શક્તિને ઓપ ચઢાવી મારા વિચાર–ક્ષેત્રની મર્યાદા એમણે ખૂબ વધારી."

× × × ×

"પોતે, પોતાની સ્ત્રી અને પોતાનાં બાળબચ્ચાં એટલું જ પોતાનું કુટુંબ, અને એટલાંનું સુખ સાધ્યું કે આલોકોનું કર્તવ્ય પુરૂં થયું, એમ માની સંસાર ચલાવનારાં માણસો આ જગતમાં ઘણાં મળી આવે છે, અને **શિક્ષિત સમાજમાં પણ નજરે પડે છે. સદ્દભાગ્યે મારા મનપર સંસ્કારો પડેલા એટલે મારી બુદ્ધિ એટલી સંકુચિત નહોતી.**

× × × ×

"ખૂબ પૈસા મેળવી ઘરબાર બંધાવવાં અને ચેનબાજી કરવી એવા વિચારો મને ક્ષણભર પણ આવ્યા નથી.

થોડા પૈસા મેળવી અને વળી જરૂર જેટલા કુટુંબખર્ચ માટે રાખી બાકીના પૈસા સદ્દમાર્ગે વાપરવા એ વિચાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાની સાથે જ મારા મનમાં ઘોળાવા લાગ્યો."

× × × ×

"ઓ કુદરત! કેવી અજબ મોહિની તેં જીવસૃષ્ટિમાં ભરી મૂકી છે! અને સુધરેલી મનુષ્યકોટિમાં પાપપુણ્યની કલ્પનાઓથી તેનો સંબંધ સાંધી કેટલી દુઃખપરંપરાનું પ્રબળ બીજ તેં એના અંતરમાં છૂપાવી મૂક્યું છે! **એ તારી કૃતિનો કોયડો માનવ કદિ ઉકેલશે ખરો?**"

× × × ×

Gandhi Heritage Portal

"જ્યારે જ્યારે પુનર્લગ્ન માટે મનમાં વિચાર આવતા ત્યારે ત્યારે વિવેક બુદ્ધિ મને સવાલ કરી રહી હતી કે–"તું સામાન્ય માણસની પેઠે ગભરાઇ જઇને જનરૂઢીને નમી પડીશ કે મનની પવિત્ર લાગણીઓને વશ થઇ મહાન વિભૂતિઓએ ચાલી બતાવેલ માર્ગે ધૈર્યથી ધપીશ?"—

× × × ×

"કેટલીક વખતે માણસને માથે દુઃખના પ્રસંગો આવી પડે છે ત્યારે તે ભલા માટે કે બુરા માટે હશે એ કલ્પવું મુશ્કેલ છે."

"સ્પષ્ટ દાખલો પંડિતા રમાબાઇનો છે. જો તેમના જીવનમાં દુઃખદ પ્રસંગ ન આવ્યો હોત તો જે અમૂલ્ય લોકસેવા એમના હાથે થઈ છે તે કોઇ દિવસ ન થાત."

× × × ×

"જે પ્રસંગ એકને અધોગતિને માર્ગે દોરે છે તે જ પ્રસંગની પ્રેરણાથી બીજું પોતાની આત્મોન્નતિ સાધે છે, એવા ઘણા દાખલા છે."

× × × ×

"કોઈ પણ મોટી જવાબદારીવાળા કાર્યને માટે હું કોઇની સલાહ ઉપર આધાર રાખતો નથી. આપણા મનની દ્રઢતા જેટલી આપણે જાણીયે તેટલી પારકા જાણી શકતા નથી."

× × × ×

"સરસ સરસ ખાવું, બંગલાઓમાં રહેવું. સુંદર કપડાંલતાં પહેરવાં, અને સંસારમાં ચેનબાજી કરી સુખ ભોગવવું એવી કલ્પના પણ મને તેમજ આનંદીબાઈને આવી નથી."

"એવી ચીજોથી મળતું સુખ માણસને છેતરનાર છે, અને સાચું સુખ તો જેમાં વ્યવહારિક સ્વાર્થ ઓછો હોય એવાં જ કાર્યોથી મળી શકે, એ વાત અનુભવે કરીને મારા મનમાં દ્રઢ થતી જતી હતી."

× × × ×

"કુદરતી શાળાનું ઉત્કૃષ્ટ શિક્ષણ મેળવવું અને ઉદ્યોગી જીવન ગાળવું એ અમારો બન્નેનો જીવનસ્વભાવ થઈ પડયો હતો."

× × × ×

આનંદીબાઇને નાગપુર અભ્યાસ અર્થે રવાની કરી, અને બીજી કશી પંચાતમાં ન પડતાં મેં હાથે જ રાંધવાનું રાખ્યું, અને એ નિશ્ચય એક વર્ષ સુધી પાળ્યો."

Gandhi Heritage Portal

" ઘરમાં ચાકર રાખવો એટલે પૈસા ખર્ચીને પરતંત્ર બનવું. એટલે પુંજો વાળવાથી તે એઠાં વાસણ માંજવા સુધીનાં સર્વ કામો મેં હાથે જ કરવા માંડ્યાં. "

× × × ×

" મારે હાથે ભારતભગિની સમાજની જે અલ્પ સેવા થાય છે તેનું મૂળ કારણ, મેં પુનર્લગ્નના કામમાં આગળ પગલું ભર્યું તેને જ હું માનું છું."

× × × ×

**" જે મહાકાર્યથી મેં જીવનની શરૂઆત કરી તેનું ઉજ્વળ સ્વરૂપ આવે એવાં કાર્યો મારે હાથે થવાં જોઈએ એવી ઈચ્છા મને થઈ છે. "**

× × × ×

" પોતાના દોષ છૂપાવવામાં કંઈ અર્થ નથી. આત્મપરીક્ષા કરીને પોતાની સુધારણા કરવી એ બુદ્ધિથી લખાયું છે. "

× × × ×

" મને એવું પણ લાગે છે કે આપણો સમાજ હજી નીતિતત્ત્વોથી ઘણો પશ્ચાત છે. એ વાત ધ્યાનમાં રાખી, જો આપણે પ્રયત્ન નહિં કરીયે તો જગતની હરીફાઈમાં આપણે ઘણા પાછળ હઠી જઈશું. અને એ રીતે આપણને જલદીથી નામશેષ થવાનો વખત આવશે. "

× × × ×

" આપણા સમાજમાં જૂદાં જૂદાં સામાજીક કાર્યને જીવન સર્વસ્વ અર્પણ કરનારાં માણસોની ઉણપ છે. એકજ વ્યક્તિને માથે ઘણાં કામ કરવાનાં હોય છે. એથી એક પણ કામ સંગીન થતું નથી. "

**" લોકસેવાની સાથે એકસ્વરૂપ થનારાં યુવક યુવતીઓથી આ ભારતભૂમિ ગાજી ઉઠે ત્યારે જ આ મૃતપ્રાય રાષ્ટ્ર સજીવ-સચેતન થવાની આશા રહે. "**

> × × ×

આવા આવા અસંખ્ય પ્રસંગો અને આત્મઅનુભવોથી પ્રો. કર્વેની જીવનકથા ભરપુર છે. જેટલું જીવાય તેટલું જીવીયે અને જીરવાય તેટલું જીરવીયે, કે આત્મદર્શન થાય.

ભગિની સમાજ મંદિર,
ભારત સેવક સમાજ, સેન્ડહર્સ્ટ રોડ;
મુંબઇ, તા. ૧-૪-૧૯૨૮.

**કરસનદાસ ચીતળીયા.**

Gandhi Heritage Portal

# પ્રકાશક તરફથી.

હું મુંબઈની દુકાનનું ખાતમુહૂત કરવા તા. ૨૭–૨–૨૮ ના રોજ મુંબઈ ગયો હતો, તે વખતે ભાઇશ્રી **ચીત**ળીઆ મુહૂર્ત કરાવવા આવેલા. તેમણે મુહૂર્તમાં જ "સ્ત્રીબોધ" નો એક કર્વેઅંક કરવાની ઈચ્છા દર્શાવી. મેં તે વિષે તંત્રી ભાઈશ્રી કેશવપ્રસાદભાઈને વાત કરીને લેખો વગેરેનો બંદોબસ્ત કરવા જણાવ્યું. તે પ્રમાણે આ એક પુસ્તક રૂપે જ પ્રસિદ્ધ થાય છે. મુંબઈ ખાતેના કાર્યની શરૂઆતે મુહૂર્તમાં જ આવું સુન્દર એક કાર્ય મળી આવ્યું અને તે ધારણા પ્રમાણે પાર પડે છે, તેથી મુંબઇના ભવિષ્યના કાર્ય માટે મને સુયોગ પ્રાપ્ત થયો એમ લાગે છે.

આ જીવનકથા બહુ ટુંકા સમયમાં–થોડા જ દિવસમાં–પ્રસિદ્ધ કરવાની હોવાથી છાપવાનું કામ ઉતાવળે કરવું પડયું છે, એટલે કદાચ સામાન્ય ભૂલો રહી જવાનો સંભવ છે. પ્રુફ સુધારવા માટે મોકલવા જેટલો વખત ન હોવાથી મેં જ સુધાર્યાં છે, માટે જે ભૂલ કે ખામી રહી ગઇ હોય તે માટે હું જ જવાબદાર છું. શુદ્ધિપત્રક તૈયાર કરવા જેટલો પણ સમય મળી શકયો નથી, એ માટે વાચકો પ્રત્યે દરગુજર ચાહું છું.

તંત્રીશ્રીએ સહાયક સૌનો આભાર માન્યો છે તે ઉપરાંત, ઘણી જ ઉતાવળે આ કામ છાપી આપવાની વ્યવસ્થા કરવા સારૂ સૂર્યપ્રકાશ પ્રેસના ઉત્સાહી અને કાર્યકુશળ મેનેજર ભાઇશ્રી મુળચંદભાઇનો મારે આભાર માનવાનો છે. તેમણે આ કામ મુદતસર કરી આપવાની આનાકાની કરી હોત તો આ જીવનકથા આ પ્રસંગે તો ગુજરાતી વાચકોને ન જ મળત.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ના સ્થાયી ગ્રાહકોને પણ પૂર્ણ કર્મનિષ્ઠ હિંદી પુરૂષની કીમતી લાગવા ઉપરાંત ઉપકારક થઇ પડશે જ.

અમદાવાદ, તા. ૧૨–૪–૨૮. **જીવનલાલ અ. મહેતા.**

Gandhi Heritage Portal

# તંત્રી તરફથી.

અધ્યાપક કર્વેનું જીવન સ્ત્રીવર્ગની સેવા અને તેમના ઉદ્ધારના યત્નો કરવામાં વ્યતિત થયું છે, અને આજે વૃદ્ધ વયે પણ તેઓ આ ઉદ્યમમાં જ મચેલા રહે છે. એટલે જે સમયે તેમના મિત્રો તેમની જન્મજયંતિનો ઉત્સવ કરતા હોય, ત્યારે "સ્ત્રીબોધ" તેમના જીવનનો પરિચય ગુર્જર સમાજને કરાવે તે યોગ્ય જ છે.

અધ્યાપક કર્વેએ પોતાનો જીવનવૃત્તાંત પોતેજ મરાઠી ભાષામાં પ્રસિદ્ધ કર્યો છે, તેના અત્યાર સુધીમાં બે ભાગ છેઃ પૂર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ. પૂર્વાર્દ્ધનું ભાષાંતર ગુજરાતી ભાષામાં થઈ ગયું છે. ઉત્તરાર્દ્ધ તો મરાઠીમાં પણ તેમના ૭૧મા જન્મદિવસે જ પ્રસિદ્ધ થવાનો છે. અધ્યાપક કર્વેની સહાનુભૂતિ તથા ભાઈ શ્રી કરસનદાસ ચિતળીયાના પરિશ્રમથી અમે પણ તે જ દિવસે એટલે ૧૮–૪–૨૮ ને દિવસે આ ઉત્તરાર્દ્ધ પ્રસિદ્ધ કરવાની ગોઠવણ કરી છે. તેનું ભાષાંતર ભાઈ માણેકલાલ ઠાકરે અથાગ શ્રમ લઇ તાત્કાળિક કરી આપ્યું છે, તથા શ્રી કીશોરીલાલ મશરૂવાળાએ તે ચોકસાઈથી તપાસ્યું છે. આ પ્રસંગે "સ્ત્રીબોધ" તરફથી હું અધ્યાપક કર્વે, શ્રી કરસનદાસ ચીતળીયા, શ્રી માણેકલાલ ઠાકર તથા શ્રી કીશોરીલાલ મશરૂવાળા એમનો ઉપકાર માનું છું.

"સ્ત્રીબોધ" ના ગ્રાહકો ખાસ–કરીને "બાળક" ના વાંચકોની મારે ક્ષમા માંગવાની છે. મારો પ્રથમ વિચાર મે માસના અંકમાં અધ્યાપક કર્વેના જીવનનો આછો પરિચય કરાવનારા તથા તેમની પ્રશંસાના લેખો આપવાનો હતો. પરંતુ મને એમ લાગ્યું કે તેમના જીવનની તેમના જ હાથે લખાયલી સત્ય વાર્તા આપવાથી સમાજને વિશેષ લાભ થશે. તેથી ગ્રાહકો અને વાંચકોના કાંઈક કોપનો ભય વ્હોરી લઇને પણ આત્મવૃત્તનો પૂર્વાર્દ્ધ આપવાનો મેં નિશ્ચય કર્યો. શ્રી કર્વે સાદાઇમાં, કર્તવ્યભાનમાં, ઉદ્યમમાં, અને આદર્શોને કર્તવ્યમાં ઉતારવાના કાર્યમાં મહાત્મા ગાંધીજીની નાની સરખી આવૃત્તિ જેવા છે. તેમના જેવા સમાજસેવકો આપણને સૌને આદર્શરૂપ છે. છેલ્લાં દસ વર્ષથી હું તેમના અંગત પરિચયમાં આવ્યો છું અને પૂના મહિલાવિદ્યાપીઠમાં તેમની સાથે કાર્ય કરવાનો પણ મને લાભ મળ્યો છે. તેમના પરિચયથી

Gandhi Heritage Portal

હું તેમને વિશેષ આદરપાત્ર ગણુતો થયો છું. કોઇક વાર ગુજરાત કરતાં મહારાષ્ટ્રની સંસ્થાઓ તરફ તેમને વિશેષ પક્ષપાત છે, એવા આક્ષેપો મેં સાંભળ્યા છે, અને કોઈ વાર હું પણ આ આક્ષેપોમાં ભળ્યો છું. પરંતુ નિરીક્ષણ અને વિચારના પરિણામે હું ખાત્રીથી કહી શકું છું કે એ મહાપુરૂષના મનમાં પ્રાંતિક ભેદ નથી. તેમના સ્વભાવમાંજ મારૂં તારૂં નથી. તેમના મનમાં કેવળ સ્ત્રીવર્ગની સેવા કરવાનું જ છે. સિંધ હૈદ્રાબાદની કન્યાશાળા માટે અને ત્યાં વિદ્યાપીઠની શાખા ખોલવા માટે મેં એમનામાં પૂનાની શાળા જેટલી જ તત્પરતા જોઈ છે. ભાવનગરનું મહિલાવિદ્યાલય સંપૂર્ણ સ્થિતિએ પહોંચે અને વિદ્યાપીઠની મદદ મેળવે તે માટેની પણ તેમની તત્પરતા મેં અનુભવી છે. મુંબાઇમાં ગુજરાતી મહિલાવિદ્યાલય ઉત્તમ સ્થિતિએ આવે તે માટેની તેમની ઉત્કંઠાનો પણ મને પરિચય છે. તેમનામાં પ્રાંતિકભેદનું સંકુચિતપણું છે, એવું મારા મનમાં પણ આણવા માટે હું તેમની ક્ષમા ચાહું છું. આવા પુરૂષો તો પ્રાંતિક ભેદ ભુલાવે છે, અને આવા પુરૂષોની જીવનકથા જાણવાથી ગુજરાત અને મહારાષ્ટ્ર એક બીજાને વધુ ઓળખશે એમ મારૂં માનવું છે.

ઈશ્વર એમને દીર્ઘાયુ આપી હજી પણ તેમના હાથે આપણા સ્ત્રી-સમાજનો વધારે ઉદ્ધાર કરાવો એવી મારી આજના પ્રસંગે પ્રાર્થના છે.

"સ્ત્રીબોધ"ના વાચકોને આટલો મોટો—બેવડા કરતાં પણ મોટો—અંક આપવાનું કબુલ કરવા અને તેનું તમામ ખર્ચ પોતાને માથે ઉપાડી લેવા માટે રા. જીવનલાલ અમરશી મહેતાનો પણ હું ઉપકાર માનું છું.

કેશવપ્રશાદ દેસાઇ.

Gandhi Heritage Portal

# વિધવાવિવાહ માટે વિનવણી.

## લાવણી.

વચાર છાંડી અવિચારીપણાને, નિશદિન,
જન હે ! કાં વરતા ?
માનવધર્મને અનુચિત એમ શું ગતાનુગતિક તમે થાતા?
દૃષ્ટિ ખોઇ, દંતો ખોયા, કેશે આવી પાંડુરતા,
સાઠી અંતે કાઠી ઝાલી નિત્યે જેણે ઉઠતાં ફરતા.
તરૂણ સમજી તોચે તેને પુનર્વિવાહે મત દેતા,
પંચમ વર્ષે વિધવા બાલા તેને તોચે 'ના' કહેતા !
આડું આવ્યું પૂર્વજન્મનું પાપ કહી તે સમજાડો,
પુરુષોને પણ ધર્મતત્વ એ લાગુ કદીયે નવ પાડો !
સ્વેચ્છાથી સંન્યાસ ગ્રહેલા પુરુષો કૈંક તમે જોતા,
છોડીને હરિભજનને નિશદિન વિષયસમુદ્રમહીં રમતા !
પ્રભાવ છે આ મદનનો એવો પૂર્ણ તમે જાણોછોજી,
ષોડશ વર્ષા તરુણી કહો કયમ દિન ગાળે વિણ પતિ હો જી!
સુશીલ પતિરત યદપિ ભાર્યા [1]વારવિલાસિની રત કૈં છે,
અચરજ શાને યદિ જો વિધવા ગર્ભવતી થાતી કો છે ?
વિષયવાસના તરુણપણામાં નૈસર્ગિક કેવલ દિસતાં
કરવા નાશ તે બાહ્ય ઉપાધિ વ્યર્થ કરી કાં શ્રમતા ?
માતા થાકી પ્રતિદિન જેની ઓળી, ચોળી, વૃદ્ધિ કરવા,
જીવ પ્રાણ સમ જે યુવતીને હર્ષ અતિ તે શોભવવા.

---

૧. વેશ્યા.

Gandhi Heritage Portal

કાન્ત પ્રીતિથી વેણી ફૂલોની જે પર રાત્રે ગોઠવતો રે,
તે અંબોડો કાં હો ચરચર નાવી[2] હસ્તે ઉતારો રે !

કરણી કરીને ક્રૂર આવી આ ધર્માત્માનું પદ લો છો !
નિષ્ઠુર, નિર્દય, દુષ્ટ, ઘાતકી કસાઇ કેવળ મુજ મન છો !

અતિ દુર્દશા બીજી અગણિત બાળા સ્હેતી પતિ મરતાં,
સદયહૃદય જન કોણ ન ગાળે અશ્રુ તેની સ્મૃતિ ધરતાં.

આવું શું કહું લાગે આ સહુ વિધવાને રીબાવા રીતો,
હૃદયદ્રાવક સહગમન[3] પણ માર્ગ ઘણો આથી સરસો !

ઉચિત નથી આખરે તમોને દોષ તણા કાં ધણી થાતા ?
દુઃખસમુદ્રે કાં ઢકલો છો, અપરાધ લવેક નહિ હોતાં !

બસ કકળાટ, કરુણા કેંચે અનાથ ભગિનીની લાવો,
પુનર્વિવાહે દીયો સંમતિ છાંડી મનના દુર્ગ્રાહો[4] !

---

૨ હજામ. ૩ સતી થવું. ૪ દુરાગ્રહો.

નોંધ–પુસ્તકાલય સહાયક સહકારી મંડળીએ પ્રસિદ્ધ કરેલા પ્રો. કર્વેના આત્મવૃત્તના ગુજરાતી પૂર્વાર્ધના પ્ર૦ ૨૨ મામાં આ ગીત છોડી દીધું છે. એ કરૂણરસિક અને હૃદયને હલાવનારી લાવણીનો આ ગૂજરાતી અનુવાદ એક મિત્રે કરી આપ્યો છે.

Gandhi Heritage Portal

## સ્ત્રીઉપયોગી પુસ્તકો-

૭—૦ સતીમંડળ, ભાગ ૧—૨
૩—૦ વીરમતી—જગદેવ પરમારની રાણી સતી ક્ષત્રાણીની કથા.
૧-૧૨ ચંદા—રાજસ્થાનની વીર રમણી.
૨—૦ કેટલીક નવલકથાઓ સુમતિ લલ્લુભાઇ કૃત.
૧—૮ સુન્દરીઓનો શણગાર—સ્ત્રીઓને આદર્શરૂપ ૨૧ લોક-કથાઓ.
૧—૪ સત્યભામા—પાંચ અંકી નાટક.
૧—૪ સ્ત્રીકેળવણીનો ખરો ઉપયોગ.
૧—૪ સુશિક્ષિત સ્ત્રી—બાળકોને ગૃહકેળવણી આપવાનો આદર્શ.
૦-૧૨ સીતા—દ્વિજેન્દ્રલાલ રોયકૃત.
૧—૪ મેવાડ—પતન (નાટક)
૦-૧૨ સુભદ્રા—વીરકેસરી અર્જુનની પ્રણયિનીની જીવનકથા.
૦—૮ પ્રભાવતી—મેવાડના ઇતિહાસમાંનું ગદ્યપદ્યમય સ્વતંત્ર નાટક.
૧—૮ અભાગિની—એક હિંદુબાળવિધવાની કરૂણકથની.
૦-૧૨ યૌવનનાં સ્મરણો
૦—૮ સ્ત્રીઓ અને સમાજસેવા.
૪—૪ માયાનો બજાર-ભા.૧,૨. મરાઠીમાં પ્રસિદ્ધ લેખક હ. ના. આપટે.
૦—૮ બાળઉછેર—બાળરક્ષણ.
૨—૮ ધર્મપાળીયાતે દેવિકલ્યાણી

## બાળકો માટેનાં પુસ્તકો—

૦-૧૨ લઘુ રામાયણ.
૦-૧૨ લઘુ મહાભારત
૦-૧૦ ફુલમાળા
૦—૮ બાળકોનો મિત્ર } બાળકો આનંદથી વાંચે તેવી વાર્તાઓ.
૦—૫ સદ્બોધ વાર્તાવલિ-ભાગ ૧-૨ જૂદા દરેકના.
૦—૮ બાળગીતા-ગીતાના ૧ થી ૯ અધ્યાયનો સરળ સાર.
૨—૦ ચાર વર્ષનું બાળક—"સ્ત્રીબોધ"ના બાળવિભાગનું એક વર્ષનું બાંધેલું પુસ્તક.
૧—૮ પાંચમા વર્ષનું બાળક.
૧—૮ છઠ્ઠા વર્ષનું બાળક.
૧—૮ સાતમા વર્ષનું બાળક.
૨—૮ ચૅાબેરવાલો, ભા.૧, ૨
૪—૦ ડૂબતું વહાણ.
૨—૦ કથામંજરી—ભાગ ૩ જો. સ્ત્રીજીવનના વિવિધ પ્રશ્નોની ૨૫ રસભરી વાતો.
૧—૮ નીતિવચન.
૦—૮ જાદુઇ બાગ.
૦—૮ મેજીકલેનટર્ન (જાદુઇફાનસ)
૦-૧૨ ગોપાલ કૃષ્ણ ગોખલેનું જીવન (સચિત્ર. આ. બીજી
૦—૬ મેટરલીંકના નબંધો.
૦—૩ સ્વાશ્રયી બનો
૦-૧-૬ સત્ય મિત્રતાનું સ્વરૂપ.
૦—૯ આનંદધારા, ભાગ ૪ થો.
૦—૮ પાપીનો પસ્તાવો—ટોલ્સટોયકૃત એક વાર્તા.
૦-૬-૦ સુન્દર વાતો.
૦-૬-૦ દેવકથાઓ.
૦-૧૦-૦ વિષ્ણુપુરાણની કથાઓ.
૦-૧૨-૦ રમતો.
૦-૬-૦ ભીરૂ.
૦-૮-૦ નવરંગી બાળકો.
૦-૫-૦ દલપતસતશાહી.

Gandhi Heritage Portal

## જીવનચરિત્રનાં કેટલાંક પુસ્તકો.

૦—૨ કરસનદાસ મુળજી.
૦—૨ સોક્રેટીસની જીવનકથા.
૩—૦ ધોંડો કેશવ કર્વેનું આત્મવૃતાંત (પૂર્વાર્ધ).
૧—૮ સદર (ઉત્તરાર્ધ).
૦—૧૨ ગોપાલ કૃષ્ણ ગોખલે.
૦—૫ ગૌતમબુદ્ધની જીવનરેખા
૨—૦ ચિત્રદર્શનો (કવિ ન્હાનાલાલ)
૨—૦ ટોમ્સ એલ્વા એડીસન.
૨—૮ પ્લુટાર્કનાં જીવનચરિત.
૨—૮ સીતાદેવી.
૦—૧૦ સોક્રેટીસ અને તેના બે સંવાદો.
૪—૦ રામકૃષ્ણ પરમહંસ.
૧—૪ હીન્દના હીરા.

# સુન્દરીઓનો શણગાર

[સ્ત્રીઓને આદર્શરૂપ ૨૧ લોકકથાઓ. ગ્લેઝ કાગળ ને સોનેરી નામનું સુંદર પુંઠું. કિંમત રૂ. દોઢ]

આ પુસ્તકમાંની વાતોનો અનુક્રમ નીચે પ્રમાણે છેઃ—

| | | |
|---|---|---|
| ૧ શીલવતી. | ૮ સાસુ. | ૧૫ પતિને પંથે. |
| ૨ ખાનદાની. | ૯ દેવકન્યા. | ૧૬ દીવાનની દીકરી. |
| ૩ વહુની પરીક્ષા. | ૧૦ ક્ષમા. | ૧૭ સતિ રૂપામા. |
| ૪ બે રાજકુમાર. | ૧૧ ગૃહિણીની પરીક્ષા. | ૧૮ શાન્તાનું ડહાપણ |
| ૫ કળા. | ૧૨ ચડતી–પડતી. | ૧૯ રામકોર ડોશી. |
| ૬ નાની વહુ. | ૧૩ વજીરની ચતુરાઇ. | ૨૦ દેરાણી–જેઠાણી. |
| ૭ શેઠાણી. | ૧૪ કાજીની કન્યા. | ૨૧ દેવીપુત્રી ઉજળી |

લખોઃ—જીવનલાલ એન્ડ સન્સઃ—

કાલબાદેવી રોડ; ભાટીઆ મહાજનવાડી—મુંબઇ.


Gandhi Heritage Portal

# પ્રો. ધોંડો કેશવ કર્વે
## આત્મવૃત્ત–ઉત્તરાર્દ્ધ.

### પ્રકરણ પહેલું.

### કુટુંબની અત્યારની સ્થિતિ.

ગયાં બાર વર્ષો અમારા કુટુંબમાં બહુ સારાં ગયાં. કુટુંબમાંનું દરેક જણુ પોતપોતાનો ઉદ્યોગ કરતું હોઈ સુખસંતોષપૂર્વક રહે છે. આ પ્રકરણમાં પ્રત્યેક વ્યક્તિ વિષે થોડુંક જણાવવાનો મારો વિચાર છે.

મારાં પત્ની આનંદીબાઈ પહેલેથી જ સંસારદક્ષ છે. અમારૂં ઘર હંમેશાં બાળકોથી ભરેલું તો હોય જ ! આનંદીબાઇએ અમારે ઘેર નાનું સરખું છાત્રાલય જ શરૂ કર્યું હતું એમ કહું તોયે ચાલે ! શ્રીયુત્ માધવરાવ બાપટના ચારે છોકરા અમારે ઘેર હતા. ઘરખર્ચ માટે મેં આપેલી માસિક રકમ અને છાત્રાલયનાં બાળકોના ખર્ચને માટે આવેલી રકમમાંથી બચત થાય તે સીલકમાં જમે કરવી એવો તેનો રિવાજ છે. ઘણુંખરૂં કામ પોતે કરવું અને નાઇલાજ હોય ત્યારે જ અને તેટલું જ પૈસા આપી કરાવવું એ તેનો સિદ્ધાન્ત છે. આપ્તજન પાસેથી કવચિત્ પ્રસંગે મળેલી ભેટો અને પંડિતા રમાબાઇ તરફનો ચાંલ્લો એ સૌ સિલકમાં નાંખી અને દાઈ તરીકે થનારી આવક તેમાં ઉમેરી કુલ રકમ વ્યાજ સહિત વધે તેટલી વધારવી એવો ક્રમ તેણે સદાય ચાલુ રાખ્યો હતો. આગળ જતાં તેણે કેટલાંક અનાથ બાળકો પોષવાં અને થોડું ખર્ચ લઇ રાખવાં એ ક્રમ શરૂ કર્યો. આવી આવી રીતે તેણે દસ–બાર અનાથ બાલકોનું પાલનપોષણ કર્યું છે. આ માટે તેને કવચિત્ પ્રસંગે કેટલાક લોકો તરફથી ફાળો પણ મળતો. તેની સીલકમાં વધારો થવાને વળી એક સુંદર તક મળી. કુમારી વિઠાબાઈ સામંત ( હાલના સૌ. મનોરમા બાઈ લેલે ) આઠ વર્ષનાં હતાં ત્યારથી જ તેનું પાલકત્વ મારાપર આવ્યું. ત્યારથી તેનું સર્વ પ્રકારે પાલન–પોષણ કરવાનું કામ મેં આનંદીબાઈ પર જ નાંખ્યું. તે સંબંધે તેને જે માસિક દ્રવ્ય મારા તરફથી મળતું, તેમાંથીએ તેની મહેનતના બદલા તરીકે કાંઇક

Gandhi Heritage Portal

બચત રહેતી. આવી રીતે ભેગી થયેલી રકમ અનાથ–બાલિકાશ્રમમાં મૂકી છે. આ રકમનું વ્યાજ તેને તેની હયાતીમાં મળે અને આગળ પર તે આશ્રમના ખર્ચમાં જાય એવી યોજના છે. હાલમાં આ વ્યાજનો ઉપયોગ અનાથ બાળકોના પોષણ માટે જ થાય છે. હવે પોતાનાં બાળ–બચ્ચાંની જવાબદારી રહેલી ન હોવાથી તે પોતાનો કેટલોક સમય આશ્રમને માટે ફાળો મેળવવાના કાર્યમાં આપી શકે છે. છતાં કેટલાંક અનાથ બાળકોની જવાબદારી હજી તેના ઉપર હોવાથી તેમના તરફ લક્ષ દેવામાંયે તેને કેટલોક કાળ ગાળવો પડે છે.

મારા મોટા દીકરા રઘુનાથે દસ–અગીયાર વર્ષ સરકારના કેલવણી ખાતામાં નોકરી કરી. પ્રથમ કેટલાંક વર્ષો હાઈસ્કુલમાં શિક્ષકનું અને આગળપર એમ. એ. થયા પછી કેટલીક કૉલેજોમાં ગણિતના અધ્યાપકનું કામ તેણે કર્યું. નવ–દસ વર્ષની નોકરી થયા પછી એક વર્ષની ફર્લો રજા લઇ અને વળી તે ચાર પાંચ મહિના વધરાવી તેણે પેરીસના ફ્રેંચ એકેડેમીમાં ગણિતનો અભ્યાસ કર્યો. તે ઍકેડેમીની ( Diplome d'etudes Supe'rieures ) એ પદ્દી તેણે મેળવી છે. ફ્રાન્સ જવા નીકળ્યો એ વેળાએ તે ધારવાડની કર્ણાટક કૉલેજમાં ગણિતનો અધ્યાપક હતો. તેની ગેરહાજરીમાં તે કૉલેજને બી. એ. ના વિષયો શિખવવાની પરવાનગી મળી. તે વખતે એના કરતાં ઓછું ભણેલા એવા એક ગૃહસ્થની કર્ણાટક કૉલેજમાં નિમણુંક થઈ. રઘુનાથ ફ્રાન્સથી પાછા ફર્યા પછી ગણિતના એસિસ્ટંટ પ્રોફેસરની જગા પર ડેક્કન કૉલેજમાં જવું એવો હુકમ તેને મળ્યો. આ અન્યાય રઘુનાથથી સહન થયો નહિ. કૉલેજ તપાસવા માટે યુનિવર્સિટીએ એક કમિટી નીમી હતી. તેણે કર્ણાટક કૉલેજમાંના ગણિતના વિષય સંબંધે એવો અભિપ્રાય આપ્યો હતો કે હાલના અધ્યાપક આ કૉલેજમાં છે ત્યાં સુધી કૉલેજને ઑનર્સના કોર્સ ( બી. એ.ના ગણિતમાં વિશેષ પ્રાવિણ્ય દર્શાવનારો અભ્યાસક્રમ )ની પરવાનગી આપવી નહિ, પરંતુ આ જગાપરના પહેલાના ગૃહસ્થ પાછા આવ્યા પછી તે પરવાનગી આપવી. રઘુનાથ પૅરીસમાં હતો ત્યારે જ તેણે આ અન્યાય વિષે તીખી ટીકા કરી, અધિકારીઓને લખ્યું હતું, પણ એથી કંઈ વળ્યું નહિ અને તેને પાછા ફર્યા પછી ડૅક્કન કૉલેજમાં હાજર થવું પડયું. ફર્લો રજા ભોગવ્યા પછી ઓછામાં ઓછા છ મહિના તો કામ કરવું જોઈએ એવો નિયમ હોવાથી તેનાથી એકદમ રાજીનામું આપી શકાયું નહિ. આ અન્યાય ધોઇ નાંખવાને તેને અમદાવાદની ગુજરાત કૉલેજમાં

Gandhi Heritage Portal

ગણિતના અધ્યાપકની જગા સરકારે આપી. પણ આ વેળાએ બીજા પ્રકારનો એક નવીન અન્યાય કર્યો. એનાથી એક–બે વર્ષ પહેલાં નોકરીમાં રહેલા પરંતુ ઓછી યોગ્યતાવાળા એક લેક્ચરરની જગા પરના ગૃહસ્થને ત્રણસો રૂપીઆ પગાર અને પ્રોફેસરની જગાપર નિમણુંક થયેલી હોવા છતાં રઘુનાથને અઢીસો રૂપીઆ પગાર આપવામાં આવ્યો. આવા પ્રકારના અન્યાય જ્યાં ચાલે છે ત્યાં નોકરી નહિ જોઈએ એવો વિચાર કરી રઘુનાથે સરકારી નોકરીનું રાજીનામું આપ્યું. આ રાજીનામું આપ્યા પછી રાજીનામું આપ્યાનાં કારણો તેણે " બૉમ્બે ક્રોનિકલ" પત્રમાં પ્રસિદ્ધ કર્યાં હતાં.

આ પછી કેટલેક કાળે વિલ્સન કૉલેજમાં ગણિતના અધ્યાપકની જગા ખાલી થઈ તે તેને મળી. અહીં કૉલેજમાં વિદ્યાર્થી હતો ત્યારે જ ' સંતતિ નિયમન' અને "ગુપ્ત રોગમાંથી બચાવ" એ બે વિષયો તરફ રઘુનાથનું લક્ષ લાગ્યું હતું. ફ્રાન્સમાં આ વિષયોનો તેણે અભ્યાસ કર્યો અને અહીં અભ્યાસ કર્યા પછી તેણે આ વિષયો પર પુસ્તકો લખ્યાં. તેના એ કાર્યની વિલ્સન કૉલેજમાં તેની નિમણુંક થઈ તે વેળાએ ત્યાંના અધિકારીઓને ખબર હતી. પરંતુ આગળ જતાં કેટલાક લોકોએ આવા ધંધા કરનારા માણસોને તમે તમારી કૉલેજમાં અધ્યાપક કેમ રહેવા દો છો એવા ભાવાર્થના પત્રો કૉલેજના અધિકારીઓને લખ્યાથી તેમણે તેને ' આ ધંધો છોડી દો અથવા તમારી જગાનું રાજીનામું આપો' એવા અર્થનો પત્ર મોકલ્યો. રઘુનાથે પોતાના સ્વમાનને છાજે એવું વર્તન આ વેળાએ પણ કર્યું. કૉલેજના અધિકારી વર્ગે છ મહિનાનો પગાર, અને પગારમાંથી રૂપીયે આનો કાપી તથા તેટલી જ રકમ તેમાં નાંખી જે પ્રૉવિડંટ ફંડ ભેગું થયું હતું તે સઘળું તેને આપ્યું, અને પોતાની મોટપ સાચવી કોર્ટમાં જવાનો વારો આવવા દીધો નહિ.

ગણિતનો વિષય શિખવવાનો વર્ગ કાઢી કાંઈ પ્રાપ્તિ થાય છે કે કેમ તે જોવાનો પ્રયત્ન તેણે કર્યો હતો, પણ તેમાં તે સફળ થયો નહિ. આથી કોઈ દેશાટન કરવું અને ત્યાં કાંઈ ઉદ્યોગ ધંધો મળે તો જોવું એવા હેતુથી તે કૅનિયા કૉલોનીમાંના નૈરોબીમાં મારો બીજો દીકરો શંકર હતો તેની પાસે ગયો. ત્યાં કેટલાક મહિના રહ્યા પછી પોતાના દરજ્જાને યોગ્ય એવું કામ ન મળી આવ્યાથી તે પાછો આવ્યો.

રઘુનાથ ફ્રાન્સમાં ગયો તે પહેલાં જ તેને ફ્રેન્ચ ભાષા આવડતી હતી. ત્યાં ગયા પછી તો સર્વ વ્યવહાર તેને ફ્રેન્ચ ભાષામાં કરવો પડતો હતો. આ

Gandhi Heritage Portal

વસ્તુનો તેને નોકરી મેળવવાના કામમાં ઘણો ઉપયોગ થયો. બૉમ્બે એહરિંગ કંપની નામની મોતી અને હીરાનો વેપાર કરનારી એક કંપની છે, તેની ઑફીસ ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના મકાનમાં છે. એ કંપનીના મેનેજર મિ. રોઝેંથાલ ફ્રેંચ ગૃહસ્થ છે. તેને ઇંગ્રેજી તથા ફ્રેંચ એ બેય ભાષા બરાબર જાણનારો એક પ્રાઇવેટ સેક્રેટરી કે પર્સનલ ઍસિસ્ટંટ જોઇતો હતો. આ કામ હાલ દોઢ વર્ષથી રઘુનાથને મળ્યું છે.

પોતાના વિચારોની પ્રસિદ્ધિને સારૂ એકાદ માસિક કાઢવું એવો તેનો વિચાર ઘણાક દિવસોથી હતો, પણ નિર્વાહની સગવડ થયા સિવાય બીજો કાંઇએ વિચાર મનુષ્યને સુઝતો નથી. તે એ પ્રમાણે ચિંતામાંથી છૂટયા પછી તેણે આ વિષય તરફ લક્ષ આપ્યું. “ સમાજ–સ્વાસ્થ્ય ” નામનું નાનકડું માસિક તેણે ગયા આઠ–નવ મહિનાથી શરૂ કર્યું છે. આ એકંદર સર્વ કામમાં તેણે ઠીક સ્વાર્થત્યાગ કર્યો છે. રઘુનાથના કેટલાક મતો મને માન્ય નથી અને તે વેળા કવેળાએ પ્રસિદ્ધ કરવાની રીત પણ મને પસંદ નથી; પણ જે વસ્તુનું જ્ઞાન ફેલાવાથી વ્યક્તિ અને સમાજનું હિત થાય એમ છે એવું એને વિચારપૂર્વક લાગે છે તે જ્ઞાન બીજા કોઇના મતની પરવા ન કરતાં તે નિર્ભયપણે પ્રસિદ્ધ કરે છે, અને એ માટે જે આવી પડે તે સહન કરે છે. એકંદરે તેના તેજસ્વી સ્વભાવ અને તે માટે સહન કરવાં પડતાં વિઘ્નો ભોગવવાની તેની તૈયારી માટે મારાથી તેને શાબાશી આપ્યા વિના રહેવાતું નથી.

રઘુનાથની પત્ની માલતીબાઈ ફર્ગ્યુસન કૉલેજમાંથી પ્રિવિયસ પાસ થયાં છે. તેણે ઘણાં વર્ષો સુધી જુદી જુદી કન્યાઓની હાઈસ્કુલમાં શિક્ષિકા તરીકે કામ કર્યું છે. હાલ તે મુંબાઈ મ્યુનિસિપાલિટીની મ્યુનિસિપલ ઉર્દુ કન્યાશાળામાં ડ્રીલ ટીચર (કવાયત શિક્ષક)નું કામ કરે છે. હાલના જમાનામાં દુર્લભ એવી એક વસ્તુને વળગી રહેવાની ટેવ તેનામાં છે. શાળામાંનું પોતાનું કામ કરવા ઉપરાંત મુંબાઇમાંની કેટલીક સ્ત્રીઓની સંસ્થામાં તે સારો ભાગ લે છે, તોપણ ઘરકામમાં બીલકુલ ઉણપ આવવા દેતાં નથી. પૈસાની દૃષ્ટિએ માલતીબાઈ રઘુનાથને સારી રીતે મદદ કદી શકે એવાં હોવાથી અને તેનાં કાર્યોમાં તેની સહાનુભૂતિ હોવાથી નોકરીમાંથી એ વખત રાજીનામું આપતાં રઘુનાથનું મન કચવાયું ન હતું.

મારો બીજો પુત્ર શંકર એમ. બી. બી. એસ. થઇ મહાયુદ્ધ વખતે લશ્કરી મેડીકલ ખાતામાં દાખલ થયો. તેને સરહદ પર, ઈરાન ને મેસોપોટેમિયાના લશ્કરમાં ડૉક્ટર તરીકે કામ કરવું પડયું હતું. ત્યાંથી ફારગ

Gandhi Heritage Portal

થયા પછી તેણે કૅનિયામાં નૈરોબી ખાતે ખાનગી પ્રૅક્ટીસ શરૂ કરી. તેમાં તેણે સારો યશ સંપાદન કર્યો. ત્યાં તેણે પોતાના દવાખાનાને લગતી હિંદીઓ માટે એક હૉસ્પિટલ શરૂ કરી ને બીજા ડૉકટરોને તેમાં તેમના દરદીઓ રાખવાની પરવાનગી આપી. આ રીતે તે ત્યાંના હિંદીઓને વિશેષ ઉપયોગી થઈ પડયો. કૅનિયામાં તેણે પોતાને માટે એક નાનું ઘર બાંધ્યું છે. હાલ તે હૉસ્પિટલ બંધ કરી, પોતાનું દવાખાનું ને ઘર ત્યાંના એક હિંદી ડાકટરને સ્વાધીન કરી, કુટુંબને અહિં મોકલાવી એફ. આર. સી. એસ. ના અભ્યાસ માટે એડિન્બરો ગયો છે.

તેનાં પત્ની રેવતીબાઈ મહિલા વિદ્યાપીઠનાં 'ગૃહિતાગમા'* છે. તે બે વરસ સુધી પુનાની નાથીબાઈ કન્યાશાળામાં શિક્ષિકા હતાં. તેમને એક પાંચ વર્ષનો ને એક ત્રણ વર્ષનો એમ બે પુત્ર છે. તેમની બાળલીલા જોવાનું ભાગ્ય છેલ્લા દોઢ વર્ષથી આનંદીબાઈને અને મને પ્રાપ્ત થયું છે.

મારો ત્રીજો પુત્ર દીનકર મુંબાઈ યુનિવર્સિટીની બી. એસ. સી. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પહેલો આવ્યો હતો. પછી તેને સ્કૉલરશિપ મળવાથી તે બેંગલોરની રિચર્ડ ઇન્સ્ટિટયુટમાં ગયો. ત્યાં તેણે અઢી વર્ષ અભ્યાસ કરી જે સંશોધનાત્મક કામ કર્યું તે બદલ તેને તે ઇન્સ્ટિટયુટનો એસોસિએટ કરવામાં આવ્યો. ત્યાં હતો એવામાં જ તેણે મુંબાઈ યુનિવર્સિટીની એમ. એસ. ની ડીગ્રી માટે એક નિબંધ તૈયાર કરી મોકલ્યો હતો. તે પ્રસંશનીય ઠરવાથી તેને એમ. એસ. ની ડીગ્રી ને મુસ મેડલ (પદક) મળ્યાં.

પછી તેને જર્મની જઈ આગળ અભ્યાસ કરવાનો વિચાર થયો. શંકર પાસેથી મદદ મળવાથી ને બાકીની લોન મળવાથી દિનકરની મુરાદ પાર પડી. જર્મનીમાં લિપ્ઝીગ યુનિવર્સિટીમાં અઢી વર્ષ અભ્યાસ કર્યા પછી તેણે પી. એચ. ડી. ની પદવી મેળવી. ત્યાંથી પાછા આવ્યા પછી તેને બેંગલોરના ઇન્સ્ટિટયુટમાં ફેલોશિપ મળી હતી. જર્મની ગયા પહેલાં જ ફર્ગ્યુસન કૉલેજના આજીવન સભ્યના મંડળે તેને તેમના મંડળના આજીવન સભ્ય થયા પછી જર્મની જવાનું સૂચવ્યું હતું. પરંતુ અભ્યાસ પૂરો કર્યા પછી જ બની શકે તો ફર્ગ્યુસન કૉલેજમાં જોડાવું એવો એણે નિશ્ચય કર્યો. તેને જર્મનીમાં થયેલા નવહજારથી વધારે ખર્ચમાંથી સાડા છ હજાર રૂપિયા ડેક્કન એજ્યુકેશન સોસાઇટીએ આપ્યા ને તે સોસાઈટીનો લાઈફ–મેમ્બર

* જી. એ. (સ્નાતક)

Gandhi Heritage Portal

થયો. હાલ એણે ડેક્કન જીમખાનાના વસાહતમાં પોતાને માટે નાનું ઘર ખરીદ્યું છે. તે માટે તેને લોન લેવી પડી હતી. મુંબાઇ યુનિવર્સિટીમાં પરીક્ષક થવાની તક મળવાથી ને માસિક આવકમાંથી થોડું બચાવીને અર્ધુંપર્ધું દેવું તેણે ભરી દીધું છે. મેં જે સંસ્થામાં કામ કર્યું હતું તે જ સંસ્થામાં કામ કરવાની મારા પુત્રને તક મળવાથી મને ઘણો આનંદ થયો.

એનાં પત્ની ઈરાવતીબાઈ ફર્ગ્યુસન કૉલેજમાં બી. એ. થયેલાં છે. કૉલેજના સર્વ વિદ્યાર્થીઓમાંથી પહેલાં આવવાથી તેમને ફર્ગ્યુસન કૉલેજમાં એક વર્ષ દક્ષિણા ( ફેલોશિપ ) મળી હતી. હાલ તેમણે "કોંકણસ્થ ચિત્પાવન બ્રાહ્મણોનું માનવશાસ્ત્રની દૃષ્ટિએ સંશોધન" એ વિષય પર નિબંધ તૈયાર કરી મોકલ્યો છે.

મારા ચોથા એટલે સૌથી નાના પુત્ર ભાસ્કરે મુંબાઇ યુનિવર્સિટીની બી. એસ. સી. ને બી. ટી. પદવીઓ મેળવી છે. શિક્ષણશાસ્ત્રમાં ઉચ્ચ પદવી ને ડિપ્લોમા મેળવવાના હેતુથી તે લીડઝ યુનિવર્સિટીમાં દાખલ થયો છે. ત્યાં તેને બે વર્ષ રહેવાનો ઈરાદો છે. દિનકર માટે ખરચેલી રકમમાંનો મોટો ભાગ ડેક્કન એજ્યુકેશન સોસાઈટી તરફથી પાછો મળ્યો તેથીજ આ સાહસ ખેડી શકાયું છે. એ રકમનો મોટો ભાગ જૂનું દેવું ફેડવામાં ખર્ચાઇ ગયો છે એ ખરૂં; પણ જે થોડું વધ્યું છે તે ને બીજી નવી લોન લઇને એ હેતુ જેમ તેમ કરી સિદ્ધ કરવા ઉમેદ છે. ત્યાંથી પાછા આવ્યા પછી સ્ત્રીઓની યુનિવર્સિટીમાં તેને કામ કરવાની ઇચ્છા છે. ભાવિ શું સિદ્ધ કરે છે તે જોઇએ.

હવે છેલ્લે બે શબ્દો મારા પોતા વિષે કહી આ પ્રકરણ પુરૂં કરૂં છું. શરીરના આરોગ્ય વિષે ફરિયાદ કરવાનું મારે બિલકુલ કારણ નથી. મારી બધી ઇંદ્રિયો બરાબર કામ કરે છે. બને ત્યાંસુધી હું સવાર તેમજ સાંજ ચાર ચાર માઇલ ચાલવાનો વ્યાયામ પડવા દેતો નથી. ચેરંડવણાના ખેતરમાં રહેતો હોઉં ત્યારે તો બની શકે તો બન્ને વખત ડુંગરમાંના વૈતાળના મંદિર સુધી જવાનો મેં ક્રમ રાખ્યો છે. ચોમાસામાં પાઉડના રસ્તાપર બે માઇલ જઇ પાછો આવું છું. મુસાફરીમાં કોઇ સ્થળે ગયો હોઉં ત્યારે પણ મારૂં પહેલું કામ ફરવા જવા માટે અનુકૂળ રસ્તો શોધવાનું હોય છે.

છોકરાઓને માત્ર બી. એ. સુધી ભણાવી પોતાના આપબળ પર છોડી દેવા ને મારા ધનનો રાષ્ટ્રના હિત અર્થે ઉપયોગ કરવો એવો ૧૨ વર્ષપર આત્મવૃત્તાંતની પહેલી આવૃત્તિમાં પદર્શિત કરેલો મારો ઇરાદો પાર પડયો નથી. પુત્રોની આગળ શીખવાની હોંશ રોકવી ન જોઇએ એમ

Gandhi Heritage Portal

લાગવાથી અને પાર્વતીબાઈ આઠવલેને અમેરિકા મોકલવામાં ઘણું ખર્ચ થવાથી મારી પૈસા સંબંધી સ્થિતિ સારી નથી એથી ડેક્કન એજ્યુકેશન સોસાઈટીમાંથી પેન્શન ઉપરાંત અનાથ બાલિકાશ્રમમાંના મારા બીજા સાથીઓ લે છે તેટલું માસિક વેતન મારે લેવું પડે છે. આમને આમ કેટલાંક વર્ષો જાય તો બધું થાળે પડી જશે, અને બીજાં વર્ષો સારાં જાય એવો સંભવ જણાય છે.

ચેરંડવણાના ખેતરમાં વિદ્યાપીઠના કંપાઉંડમાં મારા માટે વિદ્યાપીઠે એક કુટિર કહેવા કરતાં નાનકડું ઘર બાંધી આપ્યું છે. તેમાં એક બે મહેમાનો બે ચાર દિવસ રહી શકે એવી સગવડ કરી છે. અર્થાત્ આનો મારી હયાતી દરમ્યાન જ મારાથી ને મારા કુટુંબથી ઉપભોગ કરી શકાશે.

ઈશ્વરકૃપાથી એકંદરે મને બધા પ્રકારનું સુખ પ્રાપ્ત થયું છે.

---

## પ્રકરણ બીજું.

### અનાથ બાલિકાશ્રમનાં પહેલાં બાર વર્ષ.

મહિલા વિદ્યાપીઠની જવાબદારી આશ્રમે સ્વીકાર્યા પછી યોગ્ય અધ્યાપકો મેળવવાની ચિંતા શરૂ થઇ. આર્થિક દૃષ્ટિએ વિદ્યાપીઠને સ્વતંત્ર રાખવું ને તેની ઘટના તદ્દન ભિન્ન કરવી એવો આરંભથી જ ઈરાદો હતો. તોપણ વિદ્યાપીઠની શિક્ષણસંસ્થાઓ ચલાવવાની જવાબદારી આશ્રમના આજીવન સેવકો પર જ પડશે એમ સ્પષ્ટ જણાતું હતું.

(૧) સાહિત્યાચાર્ય હરિ રામચંદ્ર દિવેકર ૧૯૧૫ ના જુલાઇમાં જ આજન્મ સેવક થયા હતા. તેમણે સંસ્કૃતની જવાબદારી લીધી છે. ૧૯૧૫ની સાલના રીપોર્ટમાં તેમના સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ—

" આ વર્ષે સંસ્થાના ચાલક વર્ગમાં એક ઉત્સાહી વિદ્વાન ગૃહસ્થનો ઉમેરો થયો છે એ બીના જણાવતાં અમને અતિશય આનંદ થાય છે. રા. હરિ રામચંદ્ર દિવેકર, એમ. એ. અલ્હાબાદની મૂર સેંટ્રલ કૉલેજમાં સંસ્કૃતના મદદનીશ પ્રોફેસર હતા. એમને હિંદુસ્તાનની સરકારે પ્રાચીન શિલાલેખ –વાચનશાસ્ત્ર ( Epigraphy ) ને વર્ણોત્ક્રાન્તિ ( Palaeography )નો અભ્યાસ કરવા માટે યુરોપ જવા માટે વાર્ષિક દોઢસો પાઉંડની સ્કૉલરશિપ આપી હતી. પરંતુ યુદ્ધને લીધે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિમાં આ વિષયનો

Gandhi Heritage Portal

અભ્યાસ કરવાની સગવડ મળે એવું ન હોવાથી તેમણે હાલ તુરત એ વિચાર મુલતવી રાખ્યો છે. ઉચ્ચ દરજ્જાની સરકારી નોકરીમાં દાખલ થઇ ધન ને કીર્તિ સંપાદન કરવાના સંયોગો હોવા છતાં, એથી જુદા પ્રકારનો આયુષ-ક્રમ સ્વીકારવાથી પોતે માતૃભૂમિની વિશેષ સેવા કરી શકશે એવી ખાત્રી થવાથી, તેમણે આ સંસ્થાના ચાલકો સાથે વિશેષ પરિચય કર્યો; અને હાલ પોતાની નોકરીનું રાજીનામું આપી તે આ સંસ્થાના લાઇફ–મેમ્બર થયા છે."

દિવેકર યૂરોપ ન ગયા તેનું એક કારણ મહાયુદ્ધ હતું એ ખરૂં, પણ વધારે બળવાન કારણ તો અમારી મુશ્કેલી ને અમારો આગ્રહ એ હતું. વિદ્યાપીઠની નવીન જવાબદારી માથે લીધેલી હોવાથી તેમની મદદની અત્યંત જરૂર હતી. તે વખતે તેમને ન મળેલી તક તેમને સગવડે ભવિષ્યમાં આપવી એવો અમારો ઇરાદો હતો. તે સંધિ એમને હમણાં જ આપી શકાઇ છે. બની શકે એટલી સગવડ કરી આપી તેમને દોઢ વર્ષની રજા આપવા-માં આવી છે. તેનો લાભ લઈ તે પેરિસમાં પ્રો. લેવીની મદદથી સંશોધનનું કામ કરવા માટે ગયા જાન્યુઆરી મહિનામાં યૂરોપ ગયા છે. તે કીર્તિ મેળવી પાછા ફરી આ સંસ્થાનું મહત્વ વધારશે એવી આશા છે.

(૨) શ્રી નારાયણ મહાદેવ આઠવલે જો કે ઉઘાડી રીતે કામ કરવા માટે આવ્યા નહતા છતાં તેમણે તો આગળથી જ આશ્રમના કાર્યનો બોજો ઘસડવા માંડયો હતો. તે એમ. એ. નો અભ્યાસ કરતા હતા ને એમ. એ. થયા પછી તે કૉલેજમાં અધ્યાપક થશે એવું નક્કી કર્યું હતું. તે પ્રમાણે તે હાજર થયા. તેમણે પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર ને રસાયનશાસ્ત્ર એ વિષયો માથે લીધા.

(૩) શ્રી ગોપાળ મહાદેવ ઉર્ફે બાપુસાહેબ ચિપળુણકર એ મુંબઇ યુનિવર્સિટીના હોઇ તેમણે સરકારી સેકંડરી ટ્રેનિંગ કૉલેજમાં પરીક્ષા આપી હતી, ને પછી અમેરિકા જઇ મિનેસોટા યુનિવર્સિટીના એમ. એ. થઇ તે પાછા આવ્યા હતા. તેમણે અમને મદદ કરવા માટે સરકારી નોકરીનું રાજીનામું આપ્યું, અને તે આશ્રમના આજીવન સભ્ય બન્યા. તેમણે ઇતિહાસ અને માનસશાસ્ત્ર શીખવવાનું માથે લીધું.

(૪) અમારી પાસે કૉલેજમાં અંગ્રેજી શીખવવા માટે સારી લાય-કાતવાળા પ્રોફેસર ન હતા. અમારી આ મુશ્કેલી શ્રી સખારામ વામન જોશી, બી. એ., એલ. એલ. બી. વકીલ શિરપૂર એમણે દૂર કરી. વકીલાતમાં ઘણી કીર્તિ મેળવ્યા પછી તે ધંધો છોડી બીજું કંઇક કામ

Gandhi Heritage Portal

કરવાનો વિચાર કરતા હતા. તેમણે અમારી મુશ્કેલી દૂર કરવા માટે એક વરસ વગર પગારે અંગ્રેજીના પ્રોફેસરનું કામ કર્યું.

(૫) શ્રી ડૉ. એન. એલ. રાનડેએ પહેલે વર્ષે કૉલેજમાં શારીર-શાસ્ત્ર શીખવવાનું સ્વીકાર્યું, ને પછી ડૉ. ગ. સ. સહસ્રબુદ્ધેએ તે કામ ઉપાડી લીધું.

(૬) પ્રો. વાસુદેવ ગોવિંદ માયદેવ એ પણ આજીવન સભ્ય થવાના હેતુથી અમારી સાથે જોડાયા. આગળપર એમ. એ. થઇ તે અંગ્રેજી શીખવવા લાગ્યા. મહારાષ્ટ્રના વાઙમયમાં તે પોતાનું નામ કાઢશે એવી આશા છે. તેમનામાં કવિત્વનાં બીજ છે તે આગળ પર ઉગીને વૃક્ષ થાય એવો સંભવ છે. આશ્રમને દ્રવ્યની સહાય મેળવી આપવામાં તેમણે ઘણી સારી મદદ કરી છે.

(૭) શ્રી વિશ્વનાથ આબાજી મોડક, બી. એ. તે ૧૯૧૬માં દાખલ થયા, ને ૧૯૧૭માં આજન્મ સેવક થયા. તેમના જોડાવાથી મહિલાશ્રમ હાઇસ્કુલ ચલાવવામાં ઘણી મદદ મળી છે.

આ રીતે શરૂઆતની મુશ્કેલીઓ દૂર થઇ કૉલેજનું કામ વ્યવસ્થિત ચાલવા લાગ્યું. મહિલા વિદ્યાપીઠના આશ્રય નીચે અધ્યાપિકા શાળા માટે શિક્ષિકાઓ તૈયાર કરવાની કૉલેજ ૧૯૧૭ના જુનમાં શરૂ કરવામાં આવી. બાપૂસાહેબ ચિલુણકરને તેના પહેલા પ્રિન્સિપાલ નીમવામાં આવ્યા. કૉલેજમાંયે તેમનું કામ ચાલુ હતું જ.

(૮) શ્રી ગં. બા. ગરૂડે કૉલેજમાં અંગ્રેજી શિખવવામાં સારી રીતે મદદ કરી છે. તે આજન્મ સેવક હતા ને એક વરસ તેમણે આશ્રમના મંત્રી તરીકે પણ કામ કર્યું હતું. પછીથી તેમનાં પત્નીને હવા માફક ન આવ-વાથી તે એક વરસની રજા પર ગયા, ને પછી રાજીનામું આપ્યું. તે બે ત્રણ વરસ રહ્યા તે દરમ્યાન તેમણે સારી મદદ કરી હતી.

(૯) ૧૯૧૮ માં અમને શ્રી વામન મલ્હાર જોશીની મદદ મળી. તેમના વિષે આશ્રમના રિપોર્ટમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

"મહારાષ્ટ્ર ગદ્યલેખકોમાં ઘણાં વરસોથી રા. વામનરાવ જોષી ઘણું ઉંચું સ્થાન ભોગવે છે. એમની કાવ્યશાસ્ત્રવિનોદાત્મક નવલકથા 'રાગિણી'નું સ્થાન મરાઠી નવલકથાઓમાં ઘણું ઉંચું છે. તેમની 'નીતિશાસ્ત્ર પ્રવેશિકા' દ્વારા અનેક વિદ્યાર્થીઓએ નીતિશાસ્ત્ર જેવા અગમ્ય વિષયમાં

Gandhi Heritage Portal

સહજ પ્રવેશ કર્યો છે. મરાઠી ભાષાના આ પ્રસિદ્ધ લેખક રા. જોષી પહેલાં અહિંની કૉલેજમાં પ્રોફેસર તરીકે આવ્યા ને બે વરસ અનુભવ લીધા પછી પોતાનું બાકીનું આયુષ્ય આ જ કાર્યમાં ગાળવાનો નિશ્ચય કરીને આશ્રમના આજન્મ સેવક થયા. એમને લીધે આજન્મ સેવક મંડળની કાર્ય કરવાની શક્તિમાં કેટલો વધારો થયો છે તે જણાવવાનું કારણ નથી. તેમણે મરાઠી શીખવવાનું માથે લીધું ને શરૂઆતમાં અંગ્રેજી શીખવવામાં પણ મદદ કરી."

(૧૦) શ્રી પરશુરામ કૃષ્ણરામ ગોડે એમણે એક વરસ સારી મદદ કરી. પછી

(૧૧) પ્રો. રા. કૃ. લાગૂને કૉલેજમાં અંગ્રેજી શીખવવાનું મુખ્ય કામ આપવામાં આવ્યું. પ્રો. લાગૂ ન્યૂ પૂના કૉલેજમાં અંગ્રેજી શીખવે છે ને મુંબાઇ યુનિવર્સિટીના અંગ્રેજીના અભ્યાસ મંડળ (Board of studies) ના સભાસદ છે. આવી લાયકાતવાળા અધ્યાપકનો લાભ મળવાથી વિદ્યાપિઠને અંગ્રેજી સંબંધી મોટી અડચણ દૂર થઈ છે.

(૧૨) ૧૯૨૦માં પ્રો. રામચંદ્ર હરિ કેળકર આશ્રમમાં દાખલ થયા ને પાછળથી આજન્મ સેવક થયા. તેમણે છ મહિના સુધી વડોદરા કૉલેજમાં પ્રોફેસર તરીકે કામ કર્યું હતું. તે હાલ ઇતિહાસ ને રાજ્યવ્યવસ્થા શીખવે છે.

આ પ્રમાણે ઘણાખરા વિષયો શીખવવા માટે સારી સગવડ થઇ ગઇ છે.

શારીરશાસ્ત્ર, ઇંદ્રિયવિજ્ઞાનશસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર ને પ્રાણીશાસ્ત્ર શીખવવા માટે હંમેશાં ડૉકટરની મદદ લેવી પડે છે. એક વર્ષ ડૉ. કૃષ્ણાબાઇ વેંડે (હાલ સૌ. ખાડયે) એ તે કામ કર્યું હતું. હાલ ડૉ. આગાશે એ કામ કરે છે. હાલ કૉલેજમાં નીચેના અધ્યાપકો છેઃ-

૧ પ્રૉ. નારાયણ મહાદેવ આઠવલે-પ્રિન્સિપલ ને પદાર્થવિજ્ઞાન અને રસાયનશાસ્ત્રના અધ્યાપક.

૨. પ્રૉ. રામચંદ્ર કૃષ્ણ લાગૂ } અંગ્રેજીના અધ્યાપક.
૩. પ્રૉ. વાસુદેવ ગોવિંદ માયદેવ }

૪. પ્રૉ. હરિ રામચંદ્ર દિવેકર સંસ્કૃતના અધ્યાપક.
(એ હાલ રજાપર હોવાથી તેમની જગાએ શ્રી. દ. ગ. યેરવડેકરની નીમણૂંક કરવામાં આવી છે.)

Gandhi Heritage Portal

૫. પ્રૉ. વામન મલ્હાર જોષી. મરાઠી અને માનસશાસ્ત્રના અધ્યાપક.

| | |
|---|---|
| ૬. પ્રૉ. રા. હ. કેળકર.<br>૭. પ્રૉ. એસ. એસ. ભાગવત | ઇતિહાસ અને રાજ્યવ્યવસ્થાના અધ્યાપક. |
| ૮. ડૉ. વા. ગ. આગાશે. | શારીરશાસ્ત્ર, ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર ને પ્રાણીશાસ્ત્રના અધ્યાપક. |

પ્રૉ. માયદેવ અંગ્રેજી ઉપરાંત મરાઠી પણ શીખવે છે. શ્રી બાપુ સાહેબ ચિપળુણકરને કન્યાશાળાનું કામ સોંપવાની જરૂર પડી ત્યારે અધ્યાપિકાશાળાના પ્રિન્સિપાલ તરીકે એક આજન્મ સેવકની જરૂર પડી.

(૧૩) આ અમારી મુશ્કેલી વખતે શ્રી નારાયણ મહાદેવ પટવર્ધને અમને મદદ કરી. તે એમ. એ. એલ. ટી. હોઈ મધ્યપ્રાંતના સરકારી વિદ્યાખાતામાં નોકરી કરતા હતા. ત્યાંનો સારો પગાર ને વધારો છોડી દઈ તે અમારી સાથે જોડાયા. અધ્યાપિકાશાળા તેમને સોંપવામાં આવી.

મહિલા વિદ્યાપીઠનાં 'ગૃહીતાગમા' કુ. ગંગૂબાઇ ઓકનાં શ્રી પટવર્ધન સાથે લગ્ન થવાથી આ ઉત્સાહી જોડાંએ આશ્રમની કન્યાઓ માટે ગર્લ ગાઈડની પથક તૈયાર કરવામાં ઘણી મદદ કરી છે. તે થોડો વખત પથકનાં કૅપ્ટન હતાં. હાલ તે લંડનમાં શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરે છે.

વિદ્યાપીઠની કૉલેજમાં અધ્યાપક વર્ગની યોજના થઈ તે જ પ્રમાણે ઠેકઠેકાણે વિદ્યાપીઠની હાઇસ્કુલો ચલાવનારી સ્ત્રીઓની પસંદગી કરવાની જરૂર હતી. આમાંનાં ઘણાંખરાંની પસંદગી તો વિદ્યાપીઠનો ખ્યાલ પણ ન હતો ત્યારે નિષ્કામ-કર્મ-મઠમાં થઈ ચૂકી હતી. મઠની સેવિકાઓમાંથી હાલ ચૌદ છે. ત્રણે વિદ્યાપીઠનો અભ્યાસક્રમ પૂરો કરી 'ગૃહિતાગમા' થયા પછી કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે.

(૧) વિદ્યાપીઠનાં પહેલાં ગૃહિતાગમા શ્રીમતી વારૂબાઇ રોવડે આશ્રમના વસતિગૃહ પર દેખરેખ રાખવાનું, મહિલાશ્રમમાં થોડું શીખવવાનું અને આસિસ્ટંટ સુપરિન્ટેડેંટનું કામ કરે છે.

(૨) શ્રીમતી સીતાબાઇ અણ્ણિગેરી ને (૩) શ્રીમતી બનૂતાઈ આહોનો ઉલ્લેખ આગળ પર આવશે. તેમને મુંબાઈ ને બેળગાંવની હાઈસ્કુલો સોંપવામાં આવી છે. વારૂબાઇ અને સીતાબાઇ ગર્લ ગાઈડની હીલ-

Gandhi Heritage Portal

ચાલમાં ભાગ લેતાં રહે છે. તેમણે હિંગણે ને મુંબાઇની શાળામાં કન્યાઓનાં પથકો તૈયાર કર્યાં છે.

(૪) શ્રીમતી ગંગૂબાઇ તાંબોળેએ વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષા પાસ કર્યા પછી કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. તે હાલ વિદ્યાપીઠનો હિસાબ રાખવાનું ને કૅશીઅરનું કામ સારી રીતે કરે છે.

(૫) આ પછી આશ્રમમાં શ્રીમતી કમળાબાઇ દેશપાંડે સેવિકા તરીકે આવ્યાં હતાં. તેમણે પોતાનું સઘળું સામર્થ્ય આશ્રમની સેવામાં ખર્ચવાનો નિશ્ચય કર્યો છે. મુંબાઈ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા પછી તેમણે કઈ કૉલેજમાં જવું એ પ્રશ્ન ઉભો થયો. દેશપાંડે કુટુંબની ઇચ્છા તેમને ફર્ગ્યુસનમાં મોકલવાની હતી. પણ કમળાબાઇના પિતા શ્રી. નરસિંહ ચિંતામણ કેલકર મહિલા વિદ્યાલયની પ્રૉવિઝનલ કમિટિના સભાસદ હતા ને હાલ સેનેટના સભાસદ છે, તેમણે કમળાબાઇને મહિલા પાઠશાળામાં જવાની સલાહ આપી. કમળાબાઇને તે પસંદ પડી. તે મહિલા વિદ્યાપીઠના ' ગૃહીતાગમા ' થયાં ત્યાર પછી તેમણે થોડો વખત આશ્રમમાં કામ કર્યું. હાલ તે સતારાની કન્યાશાળાનાં મુખ્ય અધ્યાપિકા છે. તે વિષે આગળ પર ઉલ્લેખ આવશે.

આશ્રમનાં કેટલાંક આજન્મ સેવક ને સેવિકા જે આશ્રમ છોડી ગયાં તેમના વિષે અહીં ઉલ્લેખ કરવાની જરૂર છે. શ્રી વેણૂબાઈ નામજોશી ( હાલમાં સૌ. જાનકીબાઇ સાઠે), સિતાબાઇ જોશી ( હાલ સૌ. બનારસે ) ને યમુનાબાઇ સાને ( હાલ સૌ. ઈંદિરાબાઇ નિયોગી ) પાછાં સંસારમાં પડવાથી તેમને રાજીનામાં આપવાં પડયાં. પહેલાં બન્નેએ આશ્રમને મુશ્કેલીને વખતે મદદ કરી હતી. યમુનાબાઇ એમ. બી. બી. એસ. હતાં ને તેમણે બેંગલોરની સ્ત્રીઓની ઇસ્પિતાલમાં એક વર્ષનો અનુભવ લીધો હતો. તેથી તે કૉલેજમાં ઘણાં ઉપયોગી થઇ પડત; પરંતુ તેમની મનોવૃત્તિ જીવનની દિશા બદલવાની થવાથી તેમનાથી આશ્રમની સેવા થઇ શકી નહિ. એનો બદલો એ બીજી રીતે વાળશે એવી આશા છે.

આ પછીનો ભાગ ઘણાં દુઃખ સાથે લખવો પડે છે. શ્રી મ. કે. ગાડગીળ ને સૌ. પાર્વતીબાઇ ગાડગીળ તેમજ શ્રી બાળાજી વિનાયક કૌલગેકર ને સૌ. હરણાબાઈ કૌલગેકરને આશ્રમનો સંબંધ મન ઊંચા થવાથી

Gandhi Heritage Portal

તૂટયો એ દુર્ભાગ્ય જ ગણાય. ગાડગીળ ને કૌલગેકરના સંબંધે ૧૯૨૦ ના રિપોર્ટમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ–"શ્રી. ગાડગીળ ને શ્રી. કૌલગેકરે મહિલા-વિદ્યાલયનું બાલ્યાવસ્થાથી કાળજીપૂર્વક પોષણ કર્યું હતું ને આગળ જતાં તે સંસ્થા અનાથ બાલિકાશ્રમમાં સમાવિષ્ટ થઇ ગઇ ત્યારે પણ તેમણે આશ્રમની યથાશક્તિ સેવા કરી હતી. પણ આગળ જતાં જેમ જેમ નવા નવા સેવકો દાખલ થતા ગયા તેમ તેમ જુના અને નવા સેવકોનો મેળ થવો મુશ્કેલ થયો ને આશ્રમ ચલાવવામાં તકરાર થવા લાગી. બન્ને પક્ષના ધ્યાનમાં આ સ્થિતિ આવવાથી બધાંની સલાહથી બન્નેએ રાજીનામાં આપવાં એવું ઠર્યું. ત્યાર પછી પાર્વતીબાઈ ગાડગીળ ને હરણાબાઇ કૌલગેકરનો પણ આશ્રમ સાથેનો સંબંધ તૂટયો. તે બધાંએ આશ્રમની ઘણી સેવા કરી હતી તે લક્ષમાં લઇ તેમને પેન્શન આપવામાં આવ્યું છે."

મહિલા પાઠશાળા પર આશ્રમનું સ્વામિત્વ હતું. વિદ્યાપીઠ તરફથી તેને માત્ર દ્રવ્યની વાર્ષિક મદદ મળતી હતી. આવી સ્થિતિમાં થાણાના શ્રી વિનાયક લક્ષ્મણ ભાવેએ એક મુખ્ય શરતપર સેંકડે ચાર ટકા વ્યાજ-થી રૂ. પચાસ હજાર આશ્રમને આપવાની દરખાસ્ત કરી. આ શરત એ કે આશ્રમના હસ્તક ચાલતી મહિલા પાઠશાળાની સાથે શ્રી ભાવેની માતુ-શ્રીનું નામ જોડવું. આ દાનનો આશ્રમે આભારપૂર્વક સ્વીકાર કર્યો ને તે શ્રી ભાવેને જણાવ્યું. આ વાત વર્તમાનપત્રમાં પણ પ્રસિદ્ધ થઇ. પછી થોડાજ સમયમાં સર વિઠ્ઠલદાસ ઠાકરશીનો પંદર લાખનું દાન આપવાનો પત્ર આવ્યો. તેમાં એવી શરત હતી કે વિદ્યાપીઠની મુખ્ય કૉલેજની સાથે તેમનાં માતુશ્રીનું નામ જોડવું. વિદ્યાપીઠની મદદ સિવાય કૉલેજ ચલાવવાની આશ્રમની શક્તિ ન હતી. તેથી આશ્રમને એ વિદ્યાપીઠને સ્વાધીન કરવી પડી, ને તેને સર વિઠ્ઠલદાસની માતુશ્રીનું નામ આપવામાં આવ્યું. શ્રી ભાવે સાથે લેવા દેવાનો વ્યવહાર થયો ન હતો. મહિલાશ્રમ અથવા અધ્યાપિકાશાળાની સાથે આપની માતુશ્રીનું નામ જોડવા અમે તૈયાર છીએ એમ શ્રી ભાવેને જણાવવામાં આવ્યું; પણ તે તેમને પસંદ પડયું નહિ, તેથી તે વાત પડતી રહી. આ સંબંધી આશ્રમના પચ્ચીસમા રિપોર્ટમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ–

"બે ભિન્ન દાનશૂર ગૃહસ્થોએ બે ભિન્ન સંસ્થાને આપેલાં આ બે ભિન્ન દાનોની ખેંચાખેંચીમાં વિદ્યાપીઠ ને આશ્રમ એ બન્ને સંસ્થાને જોડ-નારી કૉલેજ સપડાઇ ! ને કૉલેજ ચલાવનાર આશ્રમના આજન્મ સેવકો આગળ વિકટ પ્રશ્ન ખડો થયો. ચાર માઇલની અંદર સ્ત્રીઓ માટે એક જ

Gandhi Heritage Portal

પ્રકારની બે કૉલેજો ચાલી શકે એટલી સ્ત્રીશિક્ષણની પ્રગતિ થઇ હોત તો સરસ્વતીબાઇ ભાવે કૉલેજ ને નાથીબાઇ ઠાકરશી કૉલેજ એવી બે કૉલેજો ચલાવી આ પ્રશ્નનો નિકાલ લાવી શકાત. પણ દુર્ભાગ્યે હાલની સ્ત્રીશિક્ષણની સ્થિતિમાં એક કૉલેજ માટે પણ પુરી વિદ્યાર્થીનીઓ મળે નહિ, એવી સ્થિતિમાં બે કૉલેજો ચલાવવી એ ચાલકોની શક્તિ ને લોકોના પૈસાનો અપવ્યય કરવા જેવું હતું. તેથીજ આશ્રમે સરસ્વતીબાઇ કૉલેજ ચલાવવી કે વિદ્યાપીઠને નાથીબાઇ ઠાકરશી કૉલેજ ચલાવવા દેવી એ પ્રશ્ન ઉભો થયો હતો. સ્વાર્થ ને સ્વાભિમાનની દૃષ્ટિએ અને આપેલું વચન પાળવું એ ભાવનાથી રા. ભાવેનું દાન સ્વીકારવાનું મન થતું હતું; પણ બીજી તરફ કાર્યની દૃષ્ટિએ પંદર લાખ રૂપીયાની મદદથી વિદ્યાપીઠ જે કાર્ય કરી શકે તેમાં યત્કિંચિત્ વિઘ્ન ન નાંખતાં બને તેટલી મદદ કરવી જોઇએ એમ લાગતું હતું. આ બીજા હેતુથી આશ્રમના મંડળે કૉલેજ વિદ્યાપીઠને સ્વાધીન કરવાનું ઠરાવ્યું ને ૧ લી જુલાઈ ૧૯૨૦ થી તે વિદ્યાપીઠને સોંપી. આશ્રમે રા. ભાવેનું દાન સ્વીકાર્યું નહિ તેનો આ ખુલાસો છે. એ ધ્યાનમાં લઇ આશ્રમના હિત અર્થે કરેલા આ કાર્યની યોગ્યાયોગ્યતા ઠરાવવામાં આવશે એવી આશા છે."

તા. ૧ લી જુલાઇ ૧૯૨૦ ના રોજ મહિલા પાઠશાળા વિદ્યાપીઠને સોંપવામાં આવી. ત્યારથી તેના ખર્ચની બધી જવાબદારી વિદ્યાપિઠે ઉપાડી. શ્રી ગાડગીળને આશ્રમની ગરીબ સ્થિતિની માહિતી હોવાથી તેમણે હિંગણેમાં કૉલેજ ચલાવવા માટે દરવર્ષે એક હજાર રૂપીયા આપવાનું કબુલ કર્યું હતું. આ મુસ્કેલી હતી ત્યાં સુધી તેમણે સાડાત્રણ વર્ષના સાડાત્રણ હજાર રૂપીયા આપ્યા ને પછીથી મુસ્કેલી દૂર થવાથી આપવા બંધ કર્યા. મુસ્કેલીના વખતમાં આ મદદ ઘણી સારી મળી.

આશ્રમપર વિદ્યાપીઠનો પૈસા સંબંધી બોજો તદ્દન નહિ જેવો થઇ ગયો એ ખરૂં; પણ વિદ્યાપીઠના કલ્યાણની સંભાળ આશ્રમના આજન્મ સેવકોને જ મુખ્યત્વે રાખવી પડે છે. વિદ્યાપીઠ માટે પૈસાની મદદ મેળવવી, તેની મૂળભૂત કલ્પનાનો ચારે તરફ ફેલાવો કરવો, નવી શાળાઓ ખોલવાના પ્રયાસ કરવા, કૉલેજમાં શીખવવાનું કામ કરવું, એ બધું આશ્રમના આજન્મ સેવકોને જ કરવું પડે છે. જ્યાં સુધી મહિલા-પાઠશાળા હિંગણેમાં હતી ત્યાં સુધી બધા સભ્યો સાથે જ હતા. ૧૯૨૩ ના નવેંબરમાં મહિલા-પાઠશાળાને યેરંડવણાના મકાનમાં લઇ ગયા પછી વિદ્યાપીઠ ને આશ્રમ એ

Gandhi Heritage Portal

એ જુદી સંસ્થા છે એમ વિશેષ જણાવા લાગ્યું. જો કે આરંભથી જ બન્ને સંસ્થા જુદી હતી તોપણ તે વખતની ભિન્નતા એટલી માલમ પડતી નહોતી, પછી તે સ્પષ્ટપણે જણાવા લાગી. કેટલાંક આજન્મ સેવકોને આશ્રમથી દૂર રહેવું પડ્યું, ને ધીરે ધીરે આશ્રમની આજન્મ સેવિકાઓને વિદ્યાપીઠનાં કાર્ય અર્થે જુદે જુદે ઠેકાણે જવું પડ્યું, તેથી સ્વાભાવિક રીતે જ કેટલાંક સેવકસેવિકાઓનું આશ્રમ પ્રત્યે લક્ષ્ય ઓછું રહેવા લાગ્યું.

આશ્રમને મદદરૂપ થશે એવી જેમને માટે ખાત્રી હતી, આશ્રમની બાલ્યાવસ્થામાં જ જે સૌથી પહેલાં મને મદદ કરવા આગળ આવ્યાં, અને આશ્રમ અને પોતાના પર આવેલાં સંકટોમાંથી પાર ઉતરી જે હજુ સુધી આશ્રમમાં ટકી રહ્યાં છે, એટલું જ નહિ, પણ જેમની મદદ સિવાય આશ્રમ લુલો થઇ જાય તે પાર્વતીબાઇની હિંમતની હકીકત આપ્યા વિના આ આત્મવૃત્ત અધુરૂં જ રહે. આ હકીકત મનોરંજક હોવા ઉપરાંત સાહસી માણસોને ઉત્સાહી કરે એવી છે. તેમના વિષે આશ્રમના ૧૯૨૦ની સાલના રિપોર્ટમાં મેં જાતે જ નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ—

“ અનાથ બાલિકાશ્રમના છેલ્લા ચાર પાંચ વાર્ષિક રિપોર્ટોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એનું કારણ એટલુંજ કે અમારા અવિચારી સાહસી પ્રયોગ પર છેલ્લો પડદો પડયા પછી જ એ વિષે જે લખવું ઘટે તે લખવાનો મારો ઇરાદો હતો. પરંતુ હાલ કેટલાંક કારણોથી લખવાની જરૂર પડી છે. પણ આજ સુધી ભજવાયેલા આ ગંભીર નાટકનાં કથાનકનો ટુંકામાં સારાંશ જણાવ્યા પહેલાં તે સમજાશે નહિ.

“ આશ્રમના જુના વર્ગણીદારોને ખબર છે જ કે પાર્વતીબાઇ પચ્ચીસ વર્ષનાં થયાં ત્યાં સુધી તેમને મરાઠી કક્કો પણ આવડતો ન હતો. ત્યારપછી અભ્યાસ કરી તેમણે સ્ત્રીઓની ટ્રેનિંગ કૉલેજમાંથી પહેલા વર્ગનું સર્ટિફિકેટ મેળવ્યું ને સ્વાર્થત્યાગ પૂર્વક એક તપ ( બાર વર્ષ ) આશ્રમની સેવા કરી. શરૂઆતથી જ તેમની સ્મરણશક્તિ જરા મંદ હતી ને તે વયના પ્રમાણમાં વિશેષ મંદ થઇ. આ ખબર હોવા છતાં તેમણે બેંતાળીસ કે તેંતાળીસમા વર્ષે અંગ્રેજી શીખવાનો પ્રારંભ કર્યો. એમ કરવાનો હેતુ એ હતો કે થોડું ઘણું અંગ્રેજી આવડે તો હિંદુસ્થાનમાં ફરી શકાય, ને આશ્રમ માટે મદદ મેળવી શકાય. તેથી ફાળો મેળવવાનું કામ ચાલુ રાખીને એમણે અંગ્રેજીની શરૂઆત કરી. પણ તેમાં પ્રગતિ બરાબર થતી નથી એમ જણાયું. જે લોકો પાર્વતીબાઇને ઓળખે છે તેમને

Gandhi Heritage Portal

તેમનામાં હજારે એકાદ કોઇમાં હોય એવા ગુણ માલમ પડે છે. મારૂં તો માનવું એવું છે જ. આથી મને લાગ્યું કે પાર્વતીબાઇને થોડું અંગ્રેજી આવડે તો તેમના કાર્યક્ષેત્રનો ઘણો વિકાસ થઇ શકે. તેથી મેં તેમને સૂચવ્યું કે તેમણે લાંબી મુદતની કપાતા પગારે રજા લેવી ને બધું ધ્યાન એમાં રોકવું. મેં એમને એમ પણ કહ્યું કે એમને આ સૂચના પસંદ હોય તો એમના ખર્ચની જવાબદારી લેવા હું તૈયાર છું. આ કામ લગભગ અશક્ય છે એવી અમારી બન્નેની ખાત્રી હતી ને મેં એવો ઉલ્લેખ પણ આત્મવૃત્તાંતમાં કર્યો હતો. પણ અત્યંત પ્રયત્ન કરી પૂરી ખાત્રી કરવી એ હેતુથી તેમણે એ પગલું ભર્યું. આમ કર્યા પહેલાં તેમણે એમ ઠરાવ્યું કે પોતાનું કામ બંધ પડે તે દરમ્યાન જે નુકશાન આશ્રમને થાય તેથી વધુ કસર તેને પડવા દેવી નહિ. આમ નિશ્ચય કરી તેમણે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે મુંબઈની અનેક શાળાઓમાં કેટલોક વખત રહી ઈષ્ટ હેતુ સાધવા માટે તનતોડ પ્રયત્ન કર્યો; પણ એમાં કંઇ વળ્યું નહિ. આટલો શ્રમ કર્યા પછી ને આટલો વખત બગાડયા પછી એ કામ છોડી દેતાં અમને બન્નેને ઘણું દુઃખ થતું હતું. આશા રાખવી વ્યર્થ છે એમ સાફ જણાતું હતું; પણ આશા ન હોવા છતાં તેની પાછળ દોડવાના મનુષ્યસ્વભાવના અમે અપવાદ ન હતાં. અમને લાગ્યું કે અત્યંત કઠણ એવો બાકી રહેલો એક જ ઉપાય—એટલે ઇંગ્લાંડ કે અમેરિકામાં છ બાર મહિના રહેવાનો—અજમાવી જોઇ આ ચક્રવ્યૂહને ભેદવો, અથવા તો આ નાટકને કરૂણાન્ત કરી એ પર પડદો પાડવો, એ બે જ માર્ગ હતા. આ છેવટના ઉપાયમાં આશાતતુ એ હતો કે રાત્રિદિવસ ભાષાના સહવાસથી એ ભાષા કદાચ આવડી જાય. લડાઈ પૂરી થયા પછી આ ઉપાય અમલમાં મૂકવો ને ત્યાં સુધી મૂળ ક્રમ ચાલુ રાખવો એમ ઠર્યું. એક વર્ષ વાટ જોયા પછી યુદ્ધનો વિરામ થવાનો સંભવ ન દેખાવાથી કંટાળીને ૧૯૧૮ના ઓગસ્ટમાં જાપાનના માર્ગે અમેરિકા જતી સ્ટીમરમાં પાર્વતીબાઈ બેઠાં ને તા. ૫મી ઓકટોબરે તે અમેરિકાના પશ્ચિમ કિનારે ઉતર્યાં."

"પૌર્વાત્ય વિચારસરણી પ્રમાણે પાર્વતીબાઈની આ લોકની યાત્રા ઘણીખરી પૂરી થઇ હતી. પ્રૌઢ વયમાં ભણવાનું શરૂ કરી જેમણે શિક્ષકનું ત્રીજા વર્ષનું પહેલા વર્ગનું સર્ટિફિકેટ મેળવ્યું હતું, બાર વર્ષની તેમની નિરપેક્ષ સેવાથી એક મોટી ઉપયોગી સંસ્થાની—અનાથ બાલિકાશ્રમની—ઉન્નતિને ઘણી મદદ થઇ. તેમનો એકનો એક પુત્ર એમ. એ. થઇ તેમના

Gandhi Heritage Portal

પ્રોત્સાહનથી આશ્રમમાં આજન્મ સેવક તરીકે જોડાયો હતો ને તેની સ્ત્રીઓની યુનિવર્સિટીની કૉલેજના પ્રિન્સિપાલ તરીકે નીમણુંક થઈ હતી. નાનકડા પૌત્રને રમાડવાનું સદ્‌ભાગ્ય પણ તેમને પ્રાપ્ત થયું હતું. તેથી પોતે સમાજ ને કુટુંબના ઋણમાંથી મુક્ત થયાં છે એમ તેમને લાગતું હતું. તેથી મૃગજળ માફક દૂર જતી આશા પાર પાડવાને જીવન ખર્ચી નાખવું પડે તોયે હરકત નથી એવી એમના મનની તૈયારી થઇ હતી. પોતે અંધારામાં ભુસ્કો મારે છે, પોતાનું વય ૪૬ વર્ષનું છે, પોતાને તદ્દન અપરિચિત દેશમાં જીવનનિર્વાહાર્થે કામ કરવું પડશે, ભાષાજ્ઞાનના અભાવે પોતાની સ્થિતિ મૂંગા જેવી થશે ને સંકટ આવે તો તેમાંથી છૂટવા જેટલા પૈસા પણ પાસે હશે નહિ એવી બધી ખબર હોવા છતાં, આશ્રમનો એક પૈસો પણ લીધા સિવાય જે કંઈ થાય તે કરવાનો નિશ્ચય કરી તેમણે સંકટ–સમુદ્રમાં પોતાનું જીવન-નાવ ઝૂકાવ્યું. જે સંકટ વ્હોરી લેવા હું જાતે તૈયાર ન થાત તે તેમને માથે નાખવામાં હું ઘણે અંશે કારણરૂપ બન્યો. ધીરે ધીરે મારા પ્રોત્સાહનથી જ તે તૈયાર થયાં હતાં. આ એક પ્રકારની નિર્દયતા જ હતી એમ હું કબુલ કરૂં છું. મારા અપરાધની તીવ્રતા ઓછી કરે એવી એક વાત છે. તે એ કે પાર્વતીબાઈમાં કેટલાક દુર્લભ ગુણો છે એવી મારી માન્યતા છે. આ ગુણોનો વિશેષ સંકટના પ્રસંગો સિવાય વિકાસ થતો નથી. તેથી તેમને અમેરિકા જવાને ટેકો આપવામાં તેમના વિશેષ ગુણોના વિકાસ માટે ક્ષેત્ર મળે એવો મારો હેતુ હતો. પણ એમને રસ્તામાં એટલી બધી મુશ્કેલીઓ હતી કે એમાં કદાચ જીવનું પણ જોખમ થાય એ હું સ્પષ્ટ જાણતો હતો. મારી પાસેથી મળવાની મદદ વિષે મેં એમના મનમાં ખોટી આશા ઉત્પન્ન કરી ન હતી. અમેરિકા જવા આવવાનું ભાડું ને તે ઉપરાંત થોડા રૂપિયા આપવાનું મેં કબુલ્યું હતું. આ માટે પણ મારી પાસે તો પૈસા નહોતા જ. પણ પહેલાં લોન લેવી ને હપ્તે હપ્તે પાછી આપવી એવો મારો ઇરાદો હતો. પરંતુ મારી એકસઠમી વર્ષગાંઠને દિવસે મુંબાઇ ને મહારાષ્ટ્રની સ્ત્રીઓએ મને રૂ. ૨૫૦૦ ની થેલી આપી હતી. તેમાં થોડા ઉમેરી મેં તેમને માટે ૨૭૦૦ રૂ. ખર્ચ્યા. સ્ત્રીઓ તરફથી મળેલી ભેટનો આવા મનોરાજ્ય માટે ઉપયોગ કરવો એ ઠીક નથી એનો મને બરાબર ખ્યાલ છે; ને મહેનત કરી એ રકમ વ્યાજ સહિત બીજા કામમાં વાપરીશ એવી મારી ઉમેદ છે.”

Gandhi Heritage Portal

પાર્વતીબાઇએ ઉઘાડી આંખે તર્કિત અને અતર્કિત સંકટો વહોરી લીધાં હતાં ને એના બોજા તળે એ કચરાઈ જાય એવો વખત પણ આવી લાગ્યો હતો. તેમાંનું પહેલું વર્ષ–સવાવર્ષ તો માંદગી ને પૈસાની તાણને લીધે ચિંતામાં ગયું. ત્યાર પછી તેમની સ્થિતિ સહી શકાય એવી થઈ છે અને દિવસનો કેટલોક વખત એમનો ઉપયોગી કામમાં જાય છે. હાલ એમની સ્થિતિ સમાધાનકારક છે એમ કહેવામાં હરકત નથી. ઓ'રાયલી અટકની એક માદીકરી સાથે તે હાલ રહે છે. તેમનું ઘર ન્યૂયૉર્ક પાસે બ્રૂકલિનમાં છે. આ કુટુંબની દ્રવ્ય સંબંધી સ્થિતિ તદ્દન સાધારણ છે, તો પણ તે લોકો પાર્વતીબાઈને સારી મદદ કરે છે. પાર્વતીબાઇને રહેવાની સારી સગવડ થઇ છે; પણ નિર્વાહ અર્થે તો તેમને કામ કરવું જ પડે છે. કુમારી ઓ'રાયલી ૫૦ વર્ષની લગભગ હોવા છતાં સાર્વજનિક કામમાં સારો રસ લે છે, ને ખાસ કરીને મજુર વર્ગના હિત માટે ઘણું કામ કરે છે. ગયા વર્ષે આખી દુનિયાની મજુર પરિષદ્ વૉશિંગ્ટનમાં મળી હતી, એ પરિષદમાં તે પાર્વતીબાઇને પોતાને ખર્ચે લઇ ગઇ હતી, અને તેમને ઘણી સંસ્થાઓ બતાવી હતી. ઓ'રાયલી કુટુંબ ઘણું પ્રેમાળ છે ને પાર્વતીબાઇને અનેક પ્રકારની મદદ કરે છે. પાર્વતીબાઈ પોતાની નવરાશના વખતમાં અમેરિકામાં રહેલાં હિંદી ને અમેરિકન સ્ત્રી પુરૂષોને મળી તેમની આશ્રમ તરફ સહાનુભૂતિ મેળવે છે. એમની પાસેથી એમણે ચારસો ડૉલર એકઠા કર્યા છે. પરંતુ મેં તેમને આવતી વખતે કામ લાગે એ માટે પોતાની પાસે રાખવાનું કહ્યું છે, ને તે બદલ ત્યારના ભાવે ચૌદસો રૂપિયા આશ્રમને ખાતે જમા કર્યા છે. અર્થાત્ તે રકમ પૂર્વે ખર્ચેલી રકમથી જુદી રાખવામાં આવી છે. આ ચૌદસો ને બીજા એકઠા થાય તે રૂપિયા અમેરિકન સ્કૉલરશિપફંડ તરીકે આશ્રમમાં અનામત રાખવા અને તેનો ઉપયોગ ગરીબ વિધવાઓના શિક્ષણ માટે કરવો એવી મારી ઈચ્છા છે. આ સ્કૉલરશિપ પાર્વતીબાઇનાં સાહસ અને અમેરિકન ઉદારતાના સ્મારક તરીકે રહેશે. ઓ'રાયલી માદીકરી ને પાર્વતીબાઇને મદદ કરનાર હિંદી અને અમેરિકન લોકોનો હું આ ઠેકાણે સંસ્થાવતી ને મારી તરફથી અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ પ્રકરણનો અંત એક કાળે ધારતા હતા તેટલો કરૂણ નહિ આવે એવી આશા રહે છે. આ સર્વ કથા અત્યંત મનોરંજક અને બોધદાયક થશે; અને સુરક્ષિતપણે હિંદુસ્થાનમાં પાછાં ફર્યાં પછી પાર્વતીબાઇ જાતે જ

Gandhi Heritage Portal

આ મનોવેધક કથા લખશે એમાં શંકા નથી. પણ કાળના ગર્ભમાં શું છુપાયું છે એ કોણ કહી શકે ?"

પાર્વતીબાઈના બાકીના દિવસ અમેરિકામાં વિશેષ કષ્ટ સિવાય પસાર થયા. પાછાં ફરતી વખતે તેમને લંડન, પૅરિસ વગેરે શહેરો જોવાની તક મળી. તેમણે એકંદરે ચાર હજાર રૂપિયાનું ફંડ એકઠું કર્યું છે. બે વર્ષ પહેલાં તેમણે દોઢેક હજાર રૂપિયા એકઠા કરી મોકલ્યા હતા, એ બધા અમેરિકન સ્કૉલરશિપફંડ તરીકે આશ્રમમાં અનામત છે. પાર્વતીબાઇનો અંગ્રેજી શીખવાનો ઇરાદો સફળ થયો નથી. તે પાછાં આવ્યાં ત્યારે તેમને ભાંગ્યુંતૂટયું અંગ્રેજી આવડતું હતું તે હાલ ભૂલી ગયાં છે. પણ પાશ્ચાત્ય લોકોના સહવાસની તેમના વિચાર પર અસર થઈ છે. પાર્વતીબાઇએ ફરી પાછું ફંડ એકઠું કરવાનું કામ શરૂ કર્યું છે. પાર્વતીબાઈનું ચરિત્ર એક નવલકથા જેવું છે. આ ચરિત્ર થોડા જ વખતમાં પ્રસિદ્ધ થવાનું છે, તેથી એ વિષે અહીં વિશેષ કાંઈ લખતો નથી.

(૧) આશ્રમમાં હાલ બધા પ્રકારની સગવડ છે. શરૂઆતમાં પીવા અને રાંધવા માટે નહેરનું પાણી વાપરવું પડતું હતું. ચોમાસામાં ગંદું પાણી આવતું હોવાથી ઘણો ત્રાસ પડતો હતો. તેને એક બે દિવસ નીતરવા દેવું પડતું હતું. હાલ ટયૂબવેલની વ્યવસ્થા કરી છે. એટલે યંત્રવડે જમીનમાં સાઠ ફુટ ઉંડો ખાડો પાડી તેમાં તળીયા સુધી નળ નાંખી પંપ વડે પાણી લેવાની સગવડ કરી છે. આ હાથપંપ સાત વર્ષની છોકરી પણ ચલાવી શકે એટલો હળવો છે. પીવા ને રાંધવા માટે હવે પુરતું પાણી મળે છે ને ચોમાસામાં ગંદું પાણી મળતું તે ત્રાસ દૂર થયો છે.

(૨) પહેલાં બજારમાંથી અનાજ લાવી, સાફ કરી, પાછું દળવા માટે શહેરમાં મોકલવું પડતું. હાલમાં આશ્રમમાં ઑઇલ એન્જીનથી ઘંટી ચાલે છે, તેમાં આજુબાજુના લોકો પણ અનાજ દળાવવા આવે છે.

(૩) પહેલાં જ્યાં ત્યાં ઘાસલેટના દીવા વાપરવા પડતા. ચીમની ફૂટવાની ફરિયાદ નિત્ય હોય જ. હાલમાં ઑઇલ એન્જીનની મદદથી ડાયનેમો ચલાવી વિજળીના દીવા કરવામાં આવે છે.

(૪) એન્જીન ચાલતું હોય ત્યારે ઊંચે રાખેલી ટાંકીમાં પાણી ચડાવવામાં આવે છે. પછીથી જરૂર પડે ત્યારે સ્નાનગૃહમાં નળવાટે એમાંના પાણીનો

Gandhi Heritage Portal

ઉપયોગ કરી શકાય છે. પાણી ગરમ કરવાના બંબામાં પણ નળવાટે પાણી પહોંચાડવામાં આવે છે.

(૫) આશ્રમની આસપાસની જગા સ્વચ્છ ને સપાટ કરવામાં આવી છે. શાળાના આંગણામાં ને વાંચનાલયની આગળ બાગ બનાવવામાં આવ્યો છે.

(૬) શાળા અને કૉલેજના ઉપયોગ માટે શાસ્ત્રીય સાધનો તૈયાર કરવાનું કારખાનું કાઢવામાં આવ્યું છે. તેને "જૂનિયર લૅબોરેટરી ઍપરેટસ વર્ક-શૉપ" એવું નામ આપવામાં આવ્યું છે. તેમાં તૈયાર થયેલાં સાધનો સરકારી વિદ્યાખાતું હાઇસ્કુલોના ઉપયોગ માટે ખરીદે છે. એ ઉપરાંત મુંબાઇની રૉયલ ઇન્સ્ટિટયૂટ, પૂનાની ફર્ગ્યુસન ને ન્યૂ પૂના કૉલેજ, ધારવાડની કર્ણાટક કૉલેજ, સુરતની કૉલેજ, અને અમદાવાદની ગુજરાત કૉલેજમાં મળી આશરે દશ હજાર રૂપિયાનાં આવાં સાધનો વેચવામાં આવ્યાં છે. તેમાં વિદ્યુત્ સંબંધી સાધનો મુખ્ય છે. હિંગણેની વસાહત ને યેરંડવણાની કૉલેજની વસાહતમાં યાંત્રિક દૃષ્ટિએ જે સગવડો થઇ છે તેનું માન પાર્વતીબાઇના પુત્ર શ્રીયુત્ નારાયણ મહાદેવ ઉર્ફે નાના આઠવલેને ઘટે છે. તે વિદ્યાર્થી હતા ત્યારે પ્રિન્સિપાલ કેશવરાવ કાનિટકરના પ્રોત્સાહનથી તેમની દેખરેખ નીચે ફર્ગ્યુસન કૉલેજની વર્કશૉપમાં તેમણે એક વર્ષ કામ કર્યું હતું. તે વખતે તેમનામાં શાસ્ત્રીય સાધનો બનાવવાની બાબતમાં એક પ્રકારની દૃષ્ટિ ઉત્પન્ન થઇ. તેનો પરિપોષ કરી, જાત–હિમ્મતથી તેને માટે ક્ષેત્ર તૈયાર કર્યું. મુંબાઇના રૉયલ ઇન્સ્ટિટયૂટ માટે એક પ્રકારનું સૂક્ષ્મદર્શક યંત્ર ( Travelling Microscope ) વિલાયતથી આવ્યું ત્યારે એમાં એક મહત્વનો ભાગ ભાંગી ગયો હતો તે ત્યાંના પદાર્થવિજ્ઞાનશાસ્ત્રના અધ્યાપક અને નાનાના સહાધ્યાયી પ્રૉફેસર પરાંજપેએ મુંબાઇમાં સમું નહિ થઈ શકવાથી આ કારખાનામાં મોકલ્યું. નાનાએ ખૂબ વખત ગાળીને તે દુરસ્ત કર્યું. તેમને આ વિષયનો ધ્યાસ લાગી રહ્યો છે.

કપડાં ને દરદાગીનાથી મનુષ્યદેહને શોભા મળે છે તે જ પ્રમાણે આશ્રમનું બાહ્યસ્વરૂપ શોભાયમાન બનેલું છે, પણ જે જડ દેહ પર વસ્ત્રાભૂષણો પહેરાવવાનાં તે થોડો ઘણો કૃશ થયો છે એ કબુલ કરવું જરૂરનું છે. આશ્રમના જડદેહનાં મુખ્ય અંગો બે--(૧) દ્રવ્યનું બળ અને (૨) વિદ્યાર્થીઓની સંખ્યા. આ બન્ને અંગો થોડાં દુબળાં પડયાં છે. આશ્રમના વધતા જતા ખર્ચ માટે આવક પુરતી થતી નથી. મહાયુદ્ધનાં છેલ્લાં વર્ષોમાં મોંઘવારી સખત

Gandhi Heritage Portal

થઈ ત્યારે વાડિયા ચૅરીટીઝમાંથી પાંચ વર્ષ સુધી ત્રણ ત્રણ હજાર રૂપિયા મળવાથી નિભાવ થઈ શક્યો. તે જ અરસામાં બાપુસાહેબ ચિપળૂણકરે 'આશ્રમ ભાઇબીજ' ફંડ શરૂ કર્યું. તેને શરૂઆતમાં સારી મદદ મળી ને કેટલાંક વર્ષ ચાલુ રહી. હાલમાં એ રીતે ઘણી ઓછી મદદ મળે છે. વિદ્યાપીઠ તરફથી આશ્રમને વાર્ષિક રૂ. પાંચહજારની મદદ મળે છે, ને આશ્રમનાં આજન્મસેવકો વિદ્યાપીઠમાંથી મળતા પેટપૂરતા પગારમાંથી પેટે પાટા બાંધી બચત કરી દર વર્ષે અઢી ત્રણ હજારની મદદ કરે છે. થોડું ભાઈબીજ ફંડ છે જ ને પાર્વતીબાઇ પોતાના લોહીનું પાણી કરી મદદ ઉઘરાવી લાવે છે, પણ પુરૂં થતું નથી. દિવસે દિવસે આશ્રમને મદદ કરનારા મધ્યમ વર્ગની સ્થિતિ ખરાબ થતી જાય છે. લોકોની ઉદારતા પર નભનારી અમારી જ બીજી સંસ્થાઓ તથા બીજાઓની એવી જ સંસ્થાઓ વધતી જાય છે. આ સર્વના નિર્વાહનો બોજો એક જ વર્ગ પર પડે છે. પણ એ સાથે એ પણ ખરૂં જ છે કે લોકોને રાષ્ટ્રીય દષ્ટિએ કર્તવ્યનું ભાન વિશેષ પ્રમાણમાં થવા લાગ્યું છે, ને રાષ્ટ્રીય સંસ્થાઓને મદદ કરવાની લોકોની ઇચ્છા વધતા પ્રમાણમાં જોવામાં આવે છે. વળી અમારા તરફથી થવા જોઇએ તેટલા પ્રયત્ન થતા નથી, તે કબુલ કર્યા વિના છૂટકો નથી. એક દષ્ટિએ જોતાં ગયાં બત્રીસ વર્ષમાં આશ્રમના આશય ઘણા ભાગે પૂરા પડયા છે. તેણે મહિલાવિદ્યાપીઠ ને તેના આનુષંગે ચાલતી અનેક હાઈસ્કુલોને જન્મ આપ્યો છે. સ્ત્રીઓ વિષે લોકમત બદલાયો છે તેનું અપ્રત્યક્ષ રીતે ઘણે અંશે આશ્રમ જ કારણ છે; તોપણ આશ્રમને હાથે હજુ ઘણી લોકસેવા થઈ શકે એમ છે ને તે થશે જ. આશ્રમનાં આજન્મ સેવક–સેવિકાઓઓએ આ કામ તરફ વિશેષ લક્ષ આપવું જોઇએ એમાં શંકા નથી.

આશ્રમમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ઓછી થવાનાં ઘણાં કારણો છે. મધ્યમ વર્ગના લોકોનું આર્થિક સામર્થ્ય ઘટતું ચાલ્યું છે, તેથી કન્યાઓને પૈસા ખર્ચી આવી સંસ્થામાં રાખી શિક્ષણ આપવું ઘણાને મુશ્કેલ થઈ પડે છે. વળી ઠેકઠેકાણે કન્યાઓ માટે શિક્ષણની સગવડ થઈ છે. ઉમરાવતી અને ઈંદોરમાં બે ઉત્તમ કન્યાવસતીગ્રહો સ્થપાયાં છે. એ ઉપરાંત પુત્રીને બીજે ઠેકાણે મોકલી વિશેષ ખર્ચ કરવા કરતાં પોતાના જ ગામમાં પોતાની નજર આગળ છોકરાઓની હાઈસ્કુલમાં ભણાવવાનું ઘણા લોકો અધિક પસંદ કરે છે. અમારા આશ્રમમાં મળતું શિક્ષણ મહિલા વિદ્યાપીઠના અભ્યાસ-

Gandhi Heritage Portal

ક્રમ મુજબનું હોવાથી તેને સરકારી માન્યતા નથી તેથી કેટલાક લોકો કોચવાય છે ને કદી કદી વચ્ચેથી જ કન્યાઓને ઉઠાડી લે છે. છેવટે આ-શ્રમની આર્થિક સ્થિતિ નબળી જ હોવાથી મફત રહેતી વિદ્યાર્થીનીઓની સંખ્યા વધારી શકાતી નથી. અને આવી ઘણી વિદ્યાર્થીનીઓ કેટલાંક વર્ષો રહી આશ્રમનો લાભ લઈ છેવટે રાજમાન્ય સંસ્થામાં જ જાય છે. આવાં કારણો હોવા છતાં વિદ્યાર્થીનીઓની સંખ્યા બહુ ઘટી નથી એ સંતોષની વાત છે. દિવસે દિવસે વિદ્યાપીઠની લોકપ્રિયતા વધતી જાય એવો સંભવ છે. અને રાજમાન્યતાની બાબતમાં પણ ધીરે ધીરે પ્રગતિ થવાનો સંભવ લાગે છે, તેથી વિદ્યાર્થીનીઓની સંખ્યાના સંબંધમાંયે નિરાશ થવાનું કારણ નથી. આશ્રમ પર લોકોને પહેલાંના જેવો જ વિશ્વાસ છે એ સંતોષની વાત છે. આગલા પાના ઉપર આપેલા પત્રક પરથી આશ્રમની હાલની સ્થિતિનો ખ્યાલ આવશે.

આ પત્રક સંબંધી થોડો ખુલાસો જરૂરનો છે. મારા જીવનચરિત્રના પૂર્વાર્ધમાં જે પત્રક આપ્યું છે, તેમાં ૧૯૧૪ ની આખરે બતાવેલી સીલક રૂ. ૪૫૨૩૬–૧૫–૮ આ પત્રકમાં રૂ. ૩૬૯૨૨–૧૫–૮ બતાવી છે. એનું કારણ ૧૯૧૫ ની શરૂઆતમાં અનાથ બાલિકાશ્રમ, મહિલા વિદ્યાલય અને નિષ્કામ–કર્મ–મઠ એ સંસ્થાઓનું એકીકરણ થયું ત્યારે વિદ્યાલયની સુમારે ૫૦ હજારની ઇમારતો વગેરે આશ્રમને મળી, ને સાથે વિદ્યાલયનું આશરે આઠ હજાર રૂપિયાનું દેવું પણ આશ્રમને માથે આવ્યું. આથી આ પત્રકમાં બતાવેલી છેવટની સીલક મોટા ભાગે સાડા ત્રણ ટકા વ્યાજની પ્રોમિસરી નોટના સ્વરૂપમાં છે, ને તે આશ્રમના ચાલુ ખર્ચ માટે કામ લાગે એવી નથી. વ્યાજમાંથી સ્કૉલરાશપ ને ઇનામ આપવા માટે મળેલાં દાનની તે બનેલી છે. આ ઉપરાંત પોતાની હયાતિમાં પોતાને વ્યાજ મળે ને મૃત્યુ પછી રકમ આશ્રમને મળે એવી કેટલીક રકમ છે, અને કેટલીક પાછી દેવાની થાપણ છે. તે સર્વ મળી હાલ આશ્રમની સીલક રૂ. ૧૧૦૬૩૩–૨–૦ છે; પત્રકમાં કેટલાંક વર્ષમાં ખર્ચની રકમ કરતાં આવકની રકમ ઘણી વધારે દેખાય છે. પણ તેમાંની ઘણીખરીના વ્યાજનો સ્કૉલરશિપના કામમાં ઉપયોગ કરી રકમને સ્થાયી ફંડમાં નાંખવામાં આવે છે. હાલ આવક ખર્ચનો મેળ મેળવવો એ ઘણું મુશ્કેલ થયું છે.

Gandhi Heritage Portal

## બાલિકાશ્રમની સ્થિતિદર્શક પત્રક.

| વર્ષ | વર્ષ આખરે વિદ્યાર્થીઓની સંખ્યા. | આવક. | | | ખર્ચ. | | | વર્ષ આખરે સીલક. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | આ | પૈ. | રૂ. | આ | પૈ. | રૂ. | અ | પ. |
| ૧૯૧૪ | ૨૦૦ | | | | | | | ૩૬૯૨૨ | ૧૫ | ૮ |
| ૧૯૧૫ | ૨૨૬ | ૨૦૯૪૫ | ૩ | ૨ | ૨૩૧૫૭ | ૧૪ | ૧૦ | ૩૩૭૧૦ | ૪ | ૦ |
| ૧૯૧૬ | ૨૧૬ | ૩૪૯૬૮ | ૧૨ | ૯ | ૧૭૩૯૩ | ૨ | ૦ | ૫૧૨૮૫ | ૧૪ | ૯ |
| ૧૯૧૭ | ૨૭૦ | ૩૭૦૯૪ | ૭ | ૬ | ૪૩૬૭૬ | ૪ | ૭ | ૪૪૭૦૪ | ૧ | ૮ |
| ૧૯૧૮ | ૨૬૫ | ૪૬૩૯૭ | ૪ | ૧૦ | ૪૧૧૪૧ | ૯ | ૩ | ૪૯૯૬૯ | ૧૩ | ૩ |
| ૧૯૧૯ | ૨૧૮ | ૩૩૮૭૩ | ૫ | ૧ | ૩૯૪૭૮ | ૧ | ૧૦ | ૪૪૩૬૫ | ૦ | ૬ |
| ૧૯૨૦ | ૧૯૮ | ૩૪૦૧૨ | ૧ | ૬ | ૪૦૨૨૪ | ૮ | ૮ | ૩૮૧૫૨ | ૯ | ૪ |
| ૧૯૨૧ | ૧૯૪ | ૪૦૫૬૪ | ૦ | ૯ | ૪૧૦૭૧ | ૦ | ૦ | ૩૭૬૪૫ | ૧૦ | ૧ |
| ૧૯૨૨ | ૨૧૬ | ૪૪૩૬૭ | ૧ | ૨ | ૨૮૨૯૮ | ૮ | ૦ | ૫૩૭૧૪ | ૩ | ૩ |
| ૧૯૨૩ | ૨૨૭ | ૩૮૮૪૮ | ૫ | ૧ | ૩૨૭૧૬ | ૦ | ૦ | ૫૯૮૪૬ | ૮ | ૪ |
| ૧૯૨૪ | ૨૧૦ | ૨૯૪૮૪ | ૧ | ૧ | ૩૧૧૪૧ | ૧૨ | ૨ | ૫૮૧૮૮ | ૧૩ | ૩ |
| ૧૯૨૫ | ૧૭૩ | ૨૩૩૮૨ | ૭ | ૧૦ | ૨૭૦૩૯ | ૫ | ૨ | ૫૪૫૩૧ | ૧૫ | ૧૧ |
| ૧૯૨૬ | ૧૭૦ | ૩૨૩૮૦ | ૧૧ | ૧૧ | ૨૭૧૯૮ | ૧ | ૫ | ૫૯૭૧૩ | ૧૦ | ૫ |
| ૧૯૨૭ | ૧૭૧ | ૩૫૧૭૨ | ૧૪ | ૭ | ૩૦૨૭૦ | ૧૦ | ૪ | ૬૪૬૧૫ | ૧૪ | ૮ |

આશ્રમના હિતઅહિત માટે જે જવાબદાર છે તે બધાં આજન્મ સેવક–સેવિકાઓનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે, પરંતુ સગવડ ખાતર બધાંની યાદી અહીં એકત્ર આપું છું.

(૧) પ્રૉ. ધોંડો કેશવ કર્વે, બી. એ.
(૨) શ્રી પાર્વતીબાઇ આઠવલે.
(૩) સાહિત્યાચાર્ય પ્રો. હરિ રામચંદ્ર દિવેકર, એમ. એ.
(૪) પ્રૉ. નારાયણ મહાદેવ આઠવલે, એમ. એ.
(૫) પ્રૉ. ગોપાળ મહાદેવ ચિપળૂણકર, એમ. એ.
(૬) પ્રૉ. વાસુદેવ ગોવિંદ માયદેવ, એમ. એ.
(૭) શ્રી વિશ્વનાથ આબાજી મોડક, બી. એ.

Gandhi Heritage Portal

(૮) શ્રી વીરૂબાઈ શેવડે, બી. એ.
(૯) પ્રૉ. વામન મલ્હાર જોષી, એમ. એ.
(૧૦) શ્રી બનુભાઇ આહો, બી. એ.
(૧૧) પ્રૉ. રામચંદ્ર હરિ કેળકર, એમ. એ.
(૧૨) શ્રી કમળાબાઇ દેશપાંડે, બી. એ.
(૧૩) શ્રી સીતાબાઇ અણિગેરી, બી. એ.
(૧૪) પ્રિ. નારાયણ મહાદેવ પટવર્ધન, એમ. એ., એલ. ટી.
(૧૫) શ્રી ગંગૂબાઈ તાંબોળે.

આમાંનાં ઘણાંખરાંનું સામર્થ્ય વિદ્યાપીઠના કાર્યમાં ખર્ચાય છે. વિદ્યાપીઠ એ આશ્રમનું અપ્રત્યક્ષ કાર્ય છે. તેને પ્રત્યક્ષ કાર્ય તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે. મેં વિદ્યાપીઠની મોટી જવાબદારી મારા માથે લીધેલી હોવાથી આશ્રમના કામ માટે હું નક્કામો થઇ પડયો છું. પણ વિદ્યાપીઠનું દેવું હવે પતી ગયેલું હોવાથી હવે પછી મારાથી આશ્રમ પ્રત્યે થોડુંઘણું ધ્યાન આપી શકાશે એમ લાગે છે.

## પ્રકરણ ત્રીજું.

### મહિલા-વિદ્યાપીઠની કલ્પના.

"હિંગણેની સંસ્થામાંથી મહારાષ્ટ્ર માટે સ્ત્રીઓની યુનિવર્સિટી ઉત્પન્ન થાય તો રંગ રહે" આ વાક્ય બાર વર્ષ પૂર્વે સ્ત્રીઓની યુનિવર્સિટીનો વિચાર મનમાં ઘોળાતો હતો ત્યારે આત્મવૃત્તના ઉપસંહારમાં લખેલું છે. આ અમૂર્ત સૃષ્ટિના વિચારોને મૂર્ત સ્વરૂપ મળ્યું છે ને માત્ર મહારાષ્ટ્ર માટે જ નહિ પણ જેનો લાભ બીજા પ્રાંતોને પણ મળે—થોડા પ્રમાણમાં હાલ એમ જ થાય છે—એવા પ્રકારની વિદ્યાપીઠ સ્થાપન થઇ છે અને તેનો ઇતિહાસ શરૂઆતથી લખવાનો સુયોગ આજે પ્રાપ્ત થયો છે. જે અતર્ક્ય શક્તિની સહાયથી તે હાલની સ્થિતિએ પહોંચી છે તેની તરફની કૃતજ્ઞતાથી મારૂં હૈયું ભરાઈ જાય છે.

કન્યાઓ માટેના અભ્યાસક્રમમાં સુધારણા થવી જોઈએ એવો વિચાર કોઈ કોઈ વખત મનમાં આવતો હતો. ૧૯૦૭માં મહિલા-વિદ્યાલયના શરૂઆતના વિનંતિપત્રમાં નીચે પ્રમાણે ઉદ્દેશ આપ્યો છે: "ગૃહિણીનાં કર્તવ્યો ને જવાબદારીઓ જેને લીધે બરાબર સમજાય ને જેના યોગે સમાજ-વિષયક કર્તવ્યનું બરાબર ભાન થાય એવું શિક્ષણ આપી સમાજમાં કેટલીક સુશિક્ષિત સ્ત્રીઓ તૈયાર કરવાને યત્ન કરવો." જેને ઉચ્ચ શિક્ષણ મેળવવું હોય તેને માટે મૅટ્રિક્યુલેશન અથવા વર્નાક્યુલર ફાઇનલની પરીક્ષા ધ્યેય તરીકે

Gandhi Heritage Portal

રાખી ચાલતું હતું. અને તદ્દન આકસ્મિક રીતે વિદ્યાપીઠની કલ્પના ઉભી થઈ ન હોત તો પહેલાંનો કાર્યક્રમ જ ચાલુ રહેત.

મારા જીવનમાં કોઇ કોઇ અકલ્પિત યોગ આવ્યા છે ને તેથી મારાં કાર્યને તદ્દન જુદી દિશા મળી છે. ૧૯૧૫ના ઑગસ્ટમાં એક દિવસ હું આશ્રમમાં કામ કરતો બેઠો હતો, એવામાં મારા હાથમાં ટપાલ આવી. તેમાં એક બુક-પોસ્ટ હતું. વીંટાળેલો કાગળ કાઢી નાખ્યા પછી અંદરથી 'જાપાન વીમેન્સ યુનિવર્સિટી' એટલે જાપાની સ્ત્રીઓની યુનિવર્સિટીની માહિતીનું નાનકડું પુસ્તક નીકળ્યું. તેનાં પાનાં ફેરવી ટેબલના ખાનામાં તે મૂકી દીધું ને હાથમાં લીધેલું કામ શરૂ કર્યું. તે પુસ્તક કોણે મોકલ્યું હતું એ તે વખતે જણાયું નહિ. સાથે પત્ર નહોતો. રેપર ઉપર મોકલનારનું નામ છે કે નહિ, અને પોસ્ટ ઓફિસની કયા ગામની છાપ છે એ જાણવાની મને એ વખતે જીજ્ઞાસા થઇ નહિ. એવાં ઘણાં ચોપાનીઆં આવતાં હતાં તેથી મેં એ પર ખાસ લક્ષ આપ્યું નહિ. પછી એકાદ મહિના પછી એક અણધાર્યો બનાવ બન્યો. ૧૯૧૫ની આખરે મુંબઇમાં કૉંગ્રેસ ભરાવાની હતી તેની સાથે જ રાષ્ટ્રીય સામાજીક પરિષદ ભરાવાની હતી. એ પરિષદના સેક્રેટરી ન્યાયમૂર્તિ ચંદાવરકરે તે પરિષદનું અધ્યક્ષસ્થાન સ્વીકરવા વિષે મને પત્ર લખ્યો. ખુણામાં પડી રહીને કામ કરતા મારા જેવા માણસ પર આવું જવાબદારીનું કામ આવશે એવો મને ખ્યાલ પણ ન હતો. એ કામ મારી શક્તિ ઉપરાંતનું લાગવાથી મેં તુરત જવાબ લખ્યો કે આપ કૃપા કરીને કોઈ વધારે લાયક માણસને શોધી કાઢો ને મને એ ભારથી મુક્ત કરો. મારા આ જવાબથી તેમને સંતોષ થયો નહિ. તેમણે મારા મિત્રો મારફતે મારા પર ખૂબ દબાણ કર્યું તેથી કચવાતા દિલે હું કબુલ થયો. ત્યાર પછી અધ્યક્ષ તરીકેના ભાષણમાં શું કહેવું તેના વિચાર ઘોળાવા લાગ્યા. મારી જીંદગીનાં લગભગ વીસ વર્ષ સ્ત્રીશિક્ષણના કામમાં ગયેલાં હોવાથી તે ભાષણનો મોટો ભાગ સ્ત્રીશિક્ષણની ચર્ચામાં ગાળવો એવું ઠરાવ્યું. એ પરથી જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટીની માહિતી આપતું પુસ્તક યાદ આવ્યું. હું તે આખું વાંચી રહ્યો ત્યારે મારા શરીરમાં ને મનમાં એક પ્રકારનો અવર્ણનીય પ્રવાહ વહેવા લાગ્યો. જાપાની બાંધવોએ જે માર્ગનો સ્વીકાર કર્યો તે જ માર્ગ સ્વીકારવાથી આપણી સ્ત્રીઓમાં માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણનો પ્રચાર ઘણી ઝડપથી થઈ શકશે એવો વિચાર આવ્યો.

જાપાની લોકોના મનમાં આ વિચાર શી રીતે ઉદ્ભવ્યો તે જોઈએ. ૬૫ થી ૭૦ વર્ષ પૂર્વે જાપાન ને હિંદુસ્થાન એ બન્ને દેશની સામાજીક

Gandhi Heritage Portal

અને શિક્ષણ સંબંધી સ્થિતિ એક સરખી જ હતી. તે અરસામાં વેપાર ને ધર્મપ્રચાર માટે જાપાનમાં ગયેલા પાશ્ચાત્ય લોકોનો સહવાસ વધવા લાગ્યો. ચાણાક્ષ ને દૂરદર્શી જાપાની લોકોએ જોયું કે જો આપણે આ લોકોનાં વિદ્યા, કલા, શાસ્ત્ર, ઉદ્યોગ ધંધા ને વાઙ્મય હસ્તગત કરીશું નહિ તો પચ્ચીસ ત્રીસ વર્ષમાં જાપાન કચડાઇ જશે. જાપાને તાબડતોબ દરવર્ષે ઘણા વિદ્યાર્થીઓને યુરોપ અમેરિકા મોકલવા માંડયા. આ વિદ્યાર્થીઓએ પરદેશથી પાછા ફરી પોતાના દેશના લોકોને પોતાના જ્ઞાનનો લાભ આપવા માંડયો. જાપાનમાં યુનિવર્સિટીઓ ઉઘડી ને પુરૂષોમાં શિક્ષણનો પ્રચાર ઝપાટાબંધ થવા લાગ્યો. દરવર્ષે હજારો પદવીધરો તૈયાર થવા લાગ્યા. પણ સ્ત્રીઓ પછાત રહેતી હોવાથી પુરૂષો ને સ્ત્રીઓના વિચાર વચ્ચે અંતર વધવા લાગ્યું. આ અંતર વધે એ રાષ્ટ્રને હાનિકારક છે એ વિચાર કેટલાક વિચારકોના મનમાં ઘોળાવા લાગ્યો, ને મિસ્ટર નરૂસે-તે આગળ જતાં સ્ત્રીઓની યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એટલે ચેન્સેલર થયા-એમને આ કાર્યની જબરી ધૂન લાગી. પાંચ વરસ સુધી સતત મહેનત કરી ઈ. સ. ૧૮૮૦ માં તેમણે આ યુનિવર્સિટીની સ્થાપના કરી.

જાપાની લોકોએ સ્ત્રીઓની યુનિવર્સિટી માટે કરેલા પ્રયત્નોમાંના જે મને વિશેષ ગમ્યા છે તે સંબંધી પેલા નાનકડા પુસ્તકમાંથી મેં નીચે ઉતારા આપ્યા છે. મારા સામાજીક પરિષદ્‌ના ભાષણમાં મેં આ જ ઉતારાનો ઉપયોગ કર્યો હતો. આ ઉતારામાંના વિચાર મને પૂરેપરા માન્ય થયા* અને તે પ્રમાણે પ્રયત્ન કરવાનો મેં નિશ્ચય કર્યો. આ ઉતારા નીચે મુજબ છેઃ—

"Our aim in establishing the Women's University is neither to copy the higher institutions for women in America and Europe nor to rival the men's

---

* અહિં મારે સ્પષ્ટ રીતે જણાવવું જોઇએ કે આગળ પર કેટલેક ઠેકાણે મેં મારા વ્યક્તિગત મત દર્શાવ્યા છે. પણ મારા મત અને સ્ત્રીઓની યુનિવર્સિટીનું ધોરણ હંમેશાં મળતું નથી. મારા સહકારીઓના મત મારાથી ભિન્ન હોઇ શકે. ઘણા લોકો મારો મત એજ સ્ત્રીઓની યુનિવર્સિટીનો મત એમ માને છે ને એવી ભૂલભરેલી માન્યતા ફેલાવે છે. સ્ત્રીઓની યુનિવર્સિટીની નીતિ સેનેટે ઠરાવેલી છે. આ સેનેટમાં શરૂઆતમાં ૬૦ વિદ્વાન ને અનુભવી સ્ત્રી પુરૂષો હતાં. ગયા વર્ષથી ૮૦ છે. સેનેટની સંમતિ વિના કોઈ પણ મહત્ત્વનું કામ કરવામાં આવતું નથી. યુનિવર્સિટીની નીતિ નક્કી કરવી, અભ્યાસક્રમ પસંદ કરવો ને નીતિ કે અભ્યાસક્રમમાં ફેરફાર કરવા એ સેનેટના અધિકારની વાત છે. તેમાં કોઇ એક વ્યક્તિનું ધાર્યું થતું નથી.

Gandhi Heritage Portal

University courses in this country. What we aim at is to frame our schedules of study so as to suit the mental and physical conditions of women at present, and to gradually raise the standard in accordance with general progress."

"સ્ત્રીઓ માટે સ્વતંત્ર વિદ્યાપીઠ સ્થાપવામાં અમારો હેતુ અમેરિકા કિંવા યૂરોપની સ્ત્રીઓ માટેની ઉચ્ચશિક્ષણની સંસ્થાઓની નકલ કરવાનો નથી કે અમારા દેશની પુરૂષો માટેની યુનિવર્સિટીઓએ ઘડેલા અભ્યાસક્રમની સ્પર્ધા કરવાનો નથી, પણ વર્તમાનકાલીન સ્ત્રીવર્ગની શારીરિક ને માનસિક સ્થિતિને અનુરૂપ થાય એવો અભ્યાસક્રમ તૈયાર કરવો ને સર્વસાધારણ પ્રગતિને અનુસરીને ધીરે ધીરે વિકસાવવો એ અમારૂં ધ્યેય છે."

"There is a widespread tendency to regard a woman merely as a tool or a machine destined solely for service at home or for the propagation of family line; and in opposition to such extreme tendencies, we feel the necessity of educating women as human beings, that we may be able to call forth their consciousness as personalities with infinite aspirations and longings."

"સ્ત્રી એ માત્ર ઘરકામ કરવાનું અને વંશવૃદ્ધિ માટે ઉપયોગી એવું એક સાધન અથવા યંત્ર જ છે, એવું માનવાની એક સર્વસામાન્ય પ્રવૃત્તિ છે. આવી અત્યંત એકાંગી ને એકપક્ષીય માન્યતાનો અમે નિષેધ કરીએ છીએ. અમને લાગે છે કે સ્ત્રીઓને માનવજાતિનું એક અંગ ગણી તે દૃષ્ટિએ તેમને શિક્ષણ આપવાની જરૂર છે. એમ કરવાનો હેતુ એ છે કે તેને લીધે સ્ત્રીઓના મનમાં તેમની આશા ને આકાંક્ષાનું ક્ષેત્ર અમર્યાદ ને ખુલ્લું છે એવી ભાવના ઉત્પન્ન થશે."

"We cannot support another movement which aims at the so-called emancipation of women. In opposition to this tendency, we lay emphasis on home life as the chief sphere of women's activities. Here

Gandhi Heritage Portal

her proper place is found as wife and mother, not indeed as a tool or ornament, but as an active partaker in the humanitarian and national spirit, which should animate a home...Our aim is to educate women that they shall come to realise their own special mission in life as free personal agents and as members of the Empire of Japan and that, as such they shall be able to perform their services as wives and mothers in a large sense and more efficient manner than hitherto."

"**સ્ત્રી–દાસ્ય–વિમોચનના** નામથી ઓળખાતી હીલચાલ અમને માન્ય નથી. એથી ઉલટું, સ્ત્રીનું મુખ્ય કાર્યક્ષેત્ર જે તેનું ગૃહ છે એ મુદ્દા ઉપર અમે વિશેષ ભાર આપીએ છીએ. આ કાર્યક્ષેત્રમાં પત્ની ને માતા તરીકે તેનું જે સ્વભાવોચિત સ્થાન છે તે માત્ર ગૃહકાર્યમાં ઉપયોગિતાનું કે શોભાના સાધનનું નથી; પણ કુટુંબમાં રાષ્ટ્રીયતાની ને વિશ્વબંધુત્વની જે ભાવના હોવી જોઈએ તે ભાવનાનું ઉત્સાહથી પોષણ કરનાર તરીકે છે...અમારો હેતુ એ છે કે સ્ત્રીઓને જે શિક્ષણ આપવાનું છે તે અમે જાપાની સામ્રાજ્યના અવયવ તરીકે ગમે તે કાર્ય કરવા સ્વતંત્ર છીએ એવું સ્ત્રીઓને ભાન કરાવે અને તેને લીધે તેમનાં કર્તવ્યનું તેમને જ્ઞાન આપે અને પત્ની ને માતા તરીકે કરવાની સેવાનો પહેલાંના કરતાં અધિક વ્યાપક અર્થ સમજાવે."

"But at the sametime we must remember there will always be women who, owing to various reasons, do not marry. To these we must give room for realising their mission in life and utilising their own peculiar personal abilities. We must recognize their spheres of activity as legitimate, and not as existing of sufference, and their lives as having important missions for the Nation and the community at large."

"કાંઈ પણ કારણોને લીધે લગ્ન ન કરનારી સ્ત્રીઓ દરેક સમાજમાંથી નીકળવાની જ, એ વાત પણ આપણે ભૂલવી ન જોઈએ. આવી સ્ત્રીઓને પોતાના જીવનનું ધ્યેય સાધ્ય કરવાની અને તેમનામાં રહેલી ખાસ શક્તિઓને

Gandhi Heritage Portal

યથોચિત રીતે વાપરવાની સંધિ આપવાની જરૂર છે. એમ કરવામાં તેમના પર સમાજ ઉપકાર કરતી નથી; કારણ કે એ તેમનો ન્યાયપૂર્વક હક્ક છે, ને તેમના જીવનદ્વારા પણ સમાજ અને રાષ્ટ્રનાં મહત્વનાં કાર્યો થવાનાં છે, એમ આપણે સમજવું જોઈએ. ”

“ Thus the principles, which shall govern us in educating women, are first, to educate them as human beings, personalities; secondly to educate them as women in order to fit them to become good wives and wise mothers; and thirdly to educate them as members of the nation so that they may always remember that their lives at home are related in an important manner, however hidden, to the prosperity or decay of the nation. ”

એકંદરે સ્ત્રીઓના શિક્ષણની બાબતમાં આપણે નીચેનાં તત્વોને અનુસરીને ચાલવું જોઇએઃ—

(૧) સ્ત્રીઓ માનવજાતિનું ઘટક ને **સ્વત્વવિશિષ્ટ વ્યક્ત** છે એમ સમજી તેમને શિક્ષણ આપવું.

(૨) સુપત્ની અને સુમાતા થવાની પાત્રતા તેમનામાં આવે એવું શિક્ષણ તેમને આપવું.

(૩) આપણાં સાંસારિક જીવનને રાષ્ટ્રની ઉન્નતિ–અવનતિ સાથે નિકટ સંબંધ છે ( ભલે તે કદાચ અસ્ફુટ હોય ) તે હંમેશાં તેમના ધ્યાનમાં રહે એવું શિક્ષણ તેમને આપવું.

સ્ત્રીઓના શિક્ષણનું ધોરણ કેવું હોવું જોઇએ એ સંબંધી આ પ્રકારના જ વિચાર પાશ્ચાત્ય દેશોમાં પણ હાલ શરૂ થયા છે. તેનો અહિં ઉલ્લેખ કરવો જોઇએ. કોઈ પણ વાતમાં પહેલાં ખૂબ વધી પાછળથી પાછા હઠવું એના કરતાં આગળથી જ ચેતવું વધારે સારૂં છે એમ મને લાગે છે. પુરૂષોની સર્વ વિદ્યા, કલા અને શાસ્ત્રો ને પુરૂષોના બધા ધંધા હસ્તગત કરવાની ખટપટ કિંવા સર્વતોપરી પુરૂષ બનવાની પ્રવૃત્તિનો જે અતિરેક થયો છે તેની વિરૂદ્ધ ચળવળ પાશ્ચાત્ય દેશોમાંથી શરૂ થઇ છે. નાઇન્ટીન્થ સેંચરી ઍંડ આફ્ટર ( Nineteenth century and after ) નામના મોભાદાર માસિકના ૧૯૨૭ ના ઑગસ્ટના અંકમાં ડૉ. મેરિક બૂથે (Dr. Meyrick Booth ) એક લેખ લખ્યો છે. તેમાં દર્શાવેલા વિચાર જાણવા જેવા છે.

Gandhi Heritage Portal

હાલના લોકમતનું દિગ્દર્શન કરતાં એ લખે છે કેઃ—

"To maintain that the sexes are almost, if not quite, identical in mental and moral attributes, and that they should enjoy identical education and pursue identical careers, is to be 'progressive'. On the other hand, those who see a profound meaning in the eternal polarity of the sexes, and maintain that civilisation will be enriched and vitalised through a full cultivation of this fruitful diversity, are without further ado stamped as 'reactionaries.'"

"માનસિક અને નૈતિક ગુણોની બાબતમાં સ્ત્રી પુરૂષો પૂર્ણપણે ન હોય તોપણ ઘણીખરી રીતે એકરૂપ છે, અને તેથી તેમના શિક્ષણનું સ્વરૂપ પણ એક જ હોવું જોઇએ ને તેમનો વ્યવસાય પણ એક જ હોવો જોઇએ, એવું પ્રતિપાદન કરવું એ 'પ્રાગતિક'પણાનું* લક્ષણ મનાય છે. એથી ઉલટું જે લોકોને સ્ત્રી ને પુરૂષ એ હંમેશાં ભિન્ન હોઈ નિત્યઅભિમુખ રહેતી ધ્રુવકોટિ+ પ્રમાણે છે એ વાતમાં જેમને વિશેષ અર્થ ભાસે છે અને સ્ત્રીપુરૂષ વચ્ચેના આ સુફલદાયી ભિન્નત્વનો પૂર્ણ વિકાસ કરવાથી જ સંસ્કૃતિ અને ચેતના મળીને તે અધિક સંપન્ન થશે એમ લાગે છે, તેમને વગર વિચારે 'પરાગતિક'× કહેવામાં આવે છે."

હાલની સ્થિતિનું વર્ણન તેણે આ પ્રમાણે કર્યું છે—

"The refusal of feminists to accept sex distinction as a basic social principle has made it impossible for them to develop any positive aims or ideals of their own, since these could only arise through a recognition of man's specific character. As a result, the superior positivity of the male has triumphed. The progress of modern feminism has come to mean little

* આગળ વધનારા.

+ જેમ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ એક બીજાથી વિરુદ્ધ દિશામાં છતાં એક બીજાની પૂરક શક્તિઓ છે તેમ.

× પાછળ લઈ જનારા.

Gandhi Heritage Portal

more in practice than the penetration of women into a man-made social and industrial system. Today it is the woman with her inborn pliability of character, who is busy adapting herself to all sorts of masculine careers. The girl of today has been hypnotised by male influence. Devoid of any philosophy of life of her own, she is content to follow where men have gone before."

"સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો ભેદ એ સમાજઘટનાનું એક મૂલભૂત તત્ત્વ છે એ વાત સ્ત્રીપક્ષપાતીઓ નાકબૂલ કરે છે; અને તેથી તેઓ પોતાનું જ એવું કોઈ ધ્યેય નક્કી કરી શકતા નથી. કારણ કે આ ભેદ માન્ય કરવામાં આવે તો જ સ્ત્રીઓનું જુદું સ્વતંત્ર ધ્યેય નક્કી કરી શકાય. આનું પરિણામ એવું આવ્યું છે કે પુરૂષોના અભિનિવેશનું પ્રાબલ્ય થયું છે અને પુરૂષવર્ગે પ્રસ્થાપિત કરેલી સામાજીક અને ઔદ્યોગિક સંસ્થાઓમાં સ્ત્રીઓને પુરૂષોની બરોબરીનું સ્થાન મળે એ જ સ્ત્રીપક્ષપાતી વર્ગનું ધ્યેય થઈ પડયું છે. આજકાલ એવી સ્થિતિ થઈ છે કે પરિસ્થિતિને અનુકૂળ થવાના સ્ત્રીઓના નૈસર્ગિક સ્વભાવને લીધે સ્ત્રીઓ સર્વ પ્રકારના પુરૂષોના વ્યવસાય માટેની પાત્રતા પોતાનામાં આણવા મથી રહી છે. હાલની યુવતીઓને પુરૂષના ધંધાઓની મોહિની લાગી છે. પોતાના જીવનનું અન્તિમ સાધ્ય નક્કી કરેલું ન હોવાથી સ્ત્રીઓ પુરૂષોએ પાડેલા ચીલામાં જ ચાલવામાં પોતાના જીવનની સાર્થકતા માને છે."

સ્ત્રી પુરૂષ વચ્ચેનો ભેદ તે આ પ્રમાણે બતાવે છેઃ—

"In a recent lecture to the Ethnological Society, Dr. Bernard Hollander gave a very clear explanation of some of the main characteristics of the typical woman, and related these to the specific structure of the body, brain and nervous system. Owing to greater relative importance of the sympathetic nervous system in women, and its greater fineness, women are more capable than men of experiencing and expressing feelings, such as joy, fear, grief, hope and are more

Gandhi Heritage Portal

instinctive and subjective in all their reactions. Men will never equal women in intuition, quick receptivity, adaptability and 'emotionality.' On the other hand, the greater stability of the male nervous system is the result of a different constitution. Nature knows her own job, and if women were in nervous constitution like men they would be unfitted for their racial functions."

"થોડા વખત પહેલાં માનવવંશશાસ્ત્રસંસ્થા ( Ethnological Society ) સમક્ષ આપેલા પોતાના વ્યાખ્યાનમાં ડો. બર્નાર્ડ હોલૅંડરે સર્વમાન્ય સ્ત્રીમાં જણાતા મહત્વના ગુણધર્મો માંહેના કેટલાકનું અતિશય સ્પષ્ટ વિવેચન કર્યું હતું. તેમાં તેણે જણાવ્યું હતું કે સ્ત્રીની શરીરરચના, મગજ અને જ્ઞાનતંતુજાળ ( nervous system) સાથે આ ગુણધર્મોનો નિકટ સંબંધ છે. સ્ત્રીઓની આનુકંપિત તંતુજાળ ( sympathetic nervous system ) પ્રમાણમાં વિશેષ મહત્વની ને અધિક કોમળ હોવાથી આનંદ, ભીતિ, દુઃખ, આશા વગેરે મનોવૃત્તિઓ અનુભવવાની અને વ્યકત કરવાની તેમનામાં વિશેષ પાત્રતા હોય છે, ને તેજ કારણથી આ મનોવૃત્તિઓની સ્ત્રી પર થતી પ્રતિક્રિયા અધિક અન્તઃસ્ફૂર્ત ને આત્માભિમુખ હોય છે. પુરૂષ ગમે તેટલા પ્રયત્ન કરે તોપણ અંતઃપ્રજ્ઞા, શીઘ્રસંસ્કારક્ષમત્વ, સંજોગોને અનુકૂળ થવાની શક્તિ અને ભાવનાવશતાની બાબતમાં સ્ત્રીની બરોબરી કરી શકે નહિ. એથી ઉલટું, પુરૂષની શરીરઘટના જ જુદા પ્રકારની હોવાથી તેની જ્ઞાનતંતુજાળમાં અધિક સ્થિરતા હોય છે. કુદરત પોતાનું કાર્ય બરાબર સમજે છે, અને સ્ત્રીઓની જ્ઞાનતંતુઘટના પુરૂષના જેવી જ હોત તો સ્ત્રીઓના વંશવિસ્તાર સંબંધનાં કાર્યો તેમનાથી પાર પાડી શકાતજ નહિ."

મરદ જેવી સ્ત્રીઓ અને બૈરાં જેવા પુરૂષો માટે તે નીચે પ્રમાણે કહે છેઃ—

"Dr. Arabella Kenealy, in her thought-provoking work "Feminism and Sex Extinction," lays weight upon the basic significance for our civilization of sex difference. She makes it clear that masculinity in girls or women is as much a symptom of degenration

Gandhi Heritage Portal

as would be femininity in men, and carries with it dangers no less serious for the welfare of society... Dr. Kenealy explains that while each parent transmits something of his or her sex type to the child, in the normal girl the feminine characteristics are dominant and the masculine recessive. Each sex contains potentialities of the other. The best men are those with a dash of the women. But should the opposite sex-characteristics be over-developed, we get degeneracy. The forcing of girls along masculine lines may result in serious and lasting injury to health."

"ડૉ. આઈ ઍરાએલા કેનીલીએ પોતાના "સ્ત્રીપક્ષપાતિત્વ અને લિંગ-વિશિષ્ટ ગુણોનો નાશ" (Feminism and Sex Extinction) નામના વિચારોદ્‌બોધક ગ્રંથમાં માનવજાતિની સુધારણાની ઇમારત સ્ત્રીપુરૂષભેદના પાયા પર જ ઉભી કરેલી છે એ મુદ્દા પર વિશેષ ભાર મૂકયો છે. તેણે બહુ જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે પુરૂષ બૈરી જેવો હોય એ જેટલું અવનતિનું લક્ષણ છે તેટલું જ કોઈ સ્ત્રી મરદ જેવી હોય એ પણ અવનતિનું લક્ષણ છે. એ ઉપરાંત એથી સમાજહિતને પણ ઘણું નુકસાન થાય છે. આ વિષે વિવેચન કરતાં તે કહે છે કે માબાપ પોતપોતાના વિશિષ્ટ ગુણધર્મ પોતાનાં છોકરાંમાં સંક્રમિત કરે છે, એ સાચું છે, છતાં સામાન્ય છોકરીમાં માતાના ગુણધર્મ પ્રબલ હોય છે અને પિતાના ગુણધર્મ ગુપ્ત હોય છે. પુરૂષ કે સ્ત્રી–ગમે તે જાતિમાં બીજી જાતિના ગુણધર્મ ગુપ્ત હોય છે જ. ઉત્તમ પુરૂષોમાં હંમેશાં સ્ત્રીગુણધર્મની થોડીઘણી ઝાંખી હોય છે. પરંતુ વિરૂદ્ધ જાતના ગુણધર્મોનું પ્રમાણ જોઇએ તે કરતાં વધારે હોય તો તે અધોગતિનું ચિન્હ છે. છોકરીને છોકરાની માફક ફરજીયાત ઉછેરવામાં આવે તો તેના આરોગ્યને નુકસાન થાય."

સ્ત્રીપુરૂષનો ભેદ નષ્ટ થાય તો શું પરિણામ આવે તે સંબંધે તેણે નીચે પ્રમાણેનો ઉતારો આપ્યો છેઃ—

"If woman's nature were really the same as that of man it would be a superfluity, a mere tautology. If women acquire the view that sex difference is only



Gandhi Heritage Portal

physical, and that mentaly and spiritually they are of the same nature as men, and if they act on this assumption (thus giving life a one-sidedly masculined form) then our civilisation will sooner or later sink into utter confusion and chaos." [ From an article in 'Die Frau.' ]

"સ્ત્રી કુદરતી રીતે જ પુરૂષના જેવી જ હોત તો તેનું અસ્તિત્વ નિરર્થક અને પુનરૂક્તિભૂત જ ગણાત. સ્ત્રીપુરૂષનો ભેદ માત્ર શારીરિક જ છે, અને આધ્યાત્મિક તેમજ માનસિક દ્રષ્ટિએ જોતાં સ્ત્રી પુરૂષના જેવી જ છે એવું માની સ્ત્રીઓ એવી જાતનું વર્તન રાખવા માંડે, અને એ રીતે તેના જીવનને એકાંગી પુરૂષી વલણ પ્રાપ્ત થાય તો આપણી સંસ્કૃતિનો મોડો વહેલો નાશ થઈ અંધાધુંધી પ્રસરે." ( Die Frau (સ્ત્રી) નામના જર્મન માસિકમાંહેના એક લેખ પરથી. )

સ્ત્રીઓના અભ્યાસક્રમનો વિચાર કરતી વખતે સ્ત્રીપુરૂષ વચ્ચેનો નિશ્ચિત ભેદ ધ્યાનમાં રાખવો જોઇએ એ વિષે તે નીચે પ્રમાણે કહે છેઃ—

"I Do not, of course, maintain that the foregoing brief review of some of the results of the sex psychology gives us a clear-cut scheme. There is no such scheme. But if we should err in attempting too sharp a differentiation of the sexes, those err far more who believe, with the feminists, that sex distinction can safely be ignored in education and occupation. Red may fade imperceptibly into yellow. Nevertheless, there is such a thing as red and such a thing as yellow. And, however vague may be the border-land of mental and emotional sex distinctions, there is a masculine psychology and there is a feminine psychology, and these possess certain fairly well-defined qualities which I have sketched above."

"માનસશાસ્ત્રના સ્ત્રીપુરૂષવિષયક સિદ્ધાન્તોમાંના કેટલાકનું અત્યાર સુધીમાં જે ટુંકામાં સિંહાવલોકન કરવામાં આવ્યું છે તેને આધારે અભ્યાસ-

Gandhi Heritage Portal

ક્રમની એકાદ પૂર્ણ સુનિશ્ચિત યોજના તૈયાર કરી શકાય, એવો મારા કહેવાનો અર્થ નથી: એવી કોઇ યોજના છે જ નહિ. પરંતુ સ્ત્રી અને પુરૂષ વચ્ચે અત્યંત સુનિશ્ચિત ભેદ છે એમ માનવામાં આપણી ભૂલ થતી હોય તોપણ એટલું તો ખરૂં છે કે શિક્ષણ અને વ્યવસાયની બાબતમાં વિચાર કરતી વખતે આ ભેદ લક્ષમાં લેવાનું બિલકુલ કારણ નથી, એવું માનનારા સ્ત્રી-પક્ષપાતીઓ વધારે ગંભીર ભૂલ કરે છે. લાલ રંગ ધીરે ધીરે ઝાંખો થઈને ખબર ન પડે એમ પીળચટ્ટો થઇ છેવટે પીળાની સાથે ભળી જાય છે એ ખરૂં; પણ એ તો ચોખ્ખું છે કે લાલ ને પીળો એ બે ભિન્ન ને સ્વતંત્ર રંગ છે. તે જ પ્રમાણે મનોરચના અને ભાવનાની બાબતમાં સ્ત્રી ને પુરૂષ વચ્ચેની સીમા ગમે તેટલી ઝાંખી હોય પણ પ્રત્યેકમાં અત્યંત સ્પષ્ટ રીતે દેખાઇ આવતા કેટલાક વિશિષ્ઠ ગુણધર્મો રહેલા છે એ મેં ઉપર દર્શાવ્યું છે."

ખરી સામાજીક પ્રગતિ સંબંધે તેનો આ પ્રમાણે મત છે:—

"The line of social progress consists in duly recognising the broad distinction of sex and so moulding the educational system that it shall bring to full fruition all the potentialities of human bipolarity. It is my charge against the existing system that it tends to obliterate the life-giving difference of sex, that it trains girls to imitate and compete with men, rather than of fulfil their own natural gifts and to rejoice in all their feminine potentialities, welcoming even such limitations as they may impose."

"સ્ત્રી અને પુરૂષ વચ્ચે નિઃસંદેહ ભેદ છે એ બરાબર સમજી, માનવજાતિની વિમુખ ઘટનામાં ( human–bipolarity ) અન્તર્હિત રહેલા સર્વ ગુણોનો પૂર્ણ વિકાસ થાય એવી શિક્ષણપદ્ધતિ નિર્માણ કરવી એ સુધારણાની ખરી દિશા છે. હાલની શિક્ષણપદ્ધતિ પર મારો એવો આક્ષેપ છે કે એ શિક્ષણને પરિણામે સમગ્ર જીવનના પ્રાણ સમો સ્ત્રીપુરૂષ વચ્ચેનો ભેદ ધીરે ધીરે નષ્ટ થતો જાય છે; અને તેથી કન્યાઓ પોતાના સ્ત્રીત્વમાં ગર્ભિત રહેલી શકિતઓથી આનંદિત થતી નથી, એટલું જ નહિ, પણ સ્ત્રીત્વની સાથે સંકળાયેલી વિવિધ પ્રકારની મુશ્કેલીઓ આનંદથી સ્વીકારી

Gandhi Heritage Portal

પોતાના કુદરતી ગુણોનો વિકાસ કરવો જોઇએ તે કરતી નથી; પણ માત્ર પુરૂષની નકલ કરવાનું ને પુરૂષની સ્પર્ધા કરવાનું જ તે શીખે છે.”

તેનું કહેવું એમ છે કે સ્ત્રી શ્રેષ્ઠ કે પુરૂષ શ્રેષ્ઠ એ પ્રશ્ન ઉદ્દભવતો જ નથી:—

“We must endeavour to cleanse our schools and colleges of those false modes of thought which cause every attempt to make a wise distinction between the sexes to be regarded with suspicion as a probable attempt to assert male superiority. There is here no question at all of superiority or inferiority. In the light of male standards the female sex will certainly seem inferior. In the light of female standards the males would seem inferior. But if we adopt the comprehensive view-point of biology the sexes are seen to be equal in value while differing in function.”

“સ્ત્રીપુરૂષ વચ્ચે વિવેકપૂર્વક ભેદ પાડવાના દરેક પ્રયત્ન પ્રત્યે ‘આ પુરૂષનું શ્રેષ્ઠત્વ સ્થાપિત કરવાનો પ્રયત્ન તો નહિ હોય?’ એવા સંશયથી જોવાની પ્રવૃત્તિ જે વિચારસરણીને લીધે થાય છે તે વિચારસરણીને આપણી નિશાળો ને કૉલેજોમાંથી હાંકી કાઢવી જોઇએ. આમાં ઉચ્ચ નીચત્વનો પ્રશ્ન જ ઉભો થતો નથી. પુરૂષને કસવાની કસોટીથી સ્ત્રીને તપાસીએ તો તે ઉતરતી જ લાગવાની, તેમજ સ્ત્રીને કસવાની કસોટીથી કસતાં પુરૂષ પણ ઉતરતા માલમ પડવાના. પરંતુ આ પ્રશ્નને જો આપણે જીવનશાસ્ત્રની વ્યાપક દૃષ્ટિથી જોઇએ તો આપણને જણાશે કે સ્ત્રીપુરૂષોનાં કાર્યક્ષેત્ર જુદાં હોય તો-પણ બન્નેની યોગ્યતા તો સરખી જ છે.”

તો પછી સ્ત્રીશિક્ષણની યોજના શી રીતે કરવી?

“Dr. J. W. Harms, who has made a special study of the problem of adolescence in its relation to the internal secretions (the ductless glands) comes to the conclusion (in which he is supported by other students in the same field) that the conditions of growth for boys and girls are so widely different that we should

Gandhi Heritage Portal

remodel the educational system in order to bring it into line with our psychological knowledge. Girls should certainly not be prepared for the same examinations as boys, since this involves a forcing of the female nervous system at the wrong time. It is monstrous that girls should be thrust into the masculine educational scheme...; There are deep-going mental differences.

We must not forget, he says, that the existing system of higher education, with all its examinations etc. was evolved in order to suit boyish needs and periods of growth, and is totally unsuited to girls. In the interests of national health and the happiness and well-being of the female half of the population, he considers it urgently necessary to set up a system of girls' education (including special universities for women only) adapted to the specific psychology of woman."

"ડૉ. જે. ડબ્લ્યુ. હાર્મ્સે અસ્ફુટ યૌવનાવસ્થા અને શરીરના અંતર્રસ વિષે (ખાસ કરીને વાહિનીરહિત ગ્રંથીઓ)નો ઉંડો અભ્યાસ કરી આ નિષ્કર્ષ કાઢ્યો છે (અને આ વિષયોના બીજા અભ્યાસીઓ પણ તેને ટેકો આપે છે) કે છોકરા ને છોકરીના વિકાસના નિયમો તદ્દન ભિન્ન છે. તેથી આપણે આપણી શિક્ષણપદ્ધતિ બદલી માનસશાસ્ત્રના સિદ્ધાંત મુજબ ફરી ઘડવી જોઇએ. પુરૂષોના માટે જ ઘડાયેલી પરીક્ષાની પદ્ધતિ સ્ત્રીઓને લાગુ પાડવી એ ઘણું ગેરવાજબી છે. કારણ કે એમ કરવાથી નાની ઉમ્મરમાં કન્યાના જ્ઞાનતંતુજાળ પર ઘણો વધારે બોજો પડે છે. પુરૂષ માટેની શિક્ષણપદ્ધતિ સ્ત્રીને માથે લાદવી એ ઘણું ક્રૂર કામ છે, કારણ કે બન્ને વચ્ચે મૂલભૂત માનસિક ભેદ છે...

તે કહે છે કે ઉચ્ચ શિક્ષણની પ્રચલિત પદ્ધતિ ને તેમાંની પરીક્ષાઓ વગેરેની યોજના પુરૂષની જરૂરીઆત અને પુરૂષના વિકાસના વિશિષ્ટ કાળને અનુરૂપ થાય તેવી રીતે તૈયાર કરેલી હોવાથી, સ્ત્રીઓને માટે સર્વાંશે તે પ્રતિકૂળ છે. અને તેથી રાષ્ટ્રીય આરોગ્ય અને વસ્તીનો અર્ધો ભાગ જે સ્ત્રીઓ તેમનાં

Gandhi Heritage Portal

સુખ ને કલ્યાણને ધ્યાનમાં રાખી કન્યાઓ માટે સ્વતંત્ર અને તેમની વિશિષ્ટ મનોરચનાને અનુરૂપ થાય એવી શિક્ષણપદ્ધતિની યોજના ( આ યોજનામાં માત્ર સ્ત્રીઓ માટે કાઢેલાં વિશ્વવિદ્યાલયોનો સમાવેશ થાય છે ) તૈયાર કરવાની અત્યંત જરૂર છે. ”

આ પ્રતિક્રિયાનું પૂર જે પાશ્ચાત્ય દેશોમાંથી ફેલાય છે, તેને શાસ્ત્રજ્ઞોનો કેટલો આધાર છે અને તે માત્ર તદ્દન ધાર્મિક વિચારવાળા કે જૂની રહેણી-કરણીવાળા લોકોને વિચારવાનું પ્રતિગામી [ પાછળ પાડનાર ] પ્રતિબિંબ નથી, પણ તેનો ઉદ્‌ભવ પુરોગામી વિચારવાળા લોકોમાંથી થયો છે એ વાત આ આખો લેખ ને આ સંબંધી વિચાર જે પુસ્તકોમાં પ્રસિદ્ધ થયા છે તે પુસ્તકો ( દાખલા તરીકે Sex Psychology (sixth volume) by Havelock Ellis; Adolesence by Stanley Hall, two volumes;Ethics of Feminism by Wadia; and Feminism and Sex Extinction by Arabella Cenealy) વાંચ્યા સિવાય બરાબર સમજાશે નહિ.

આટલા ઉહાપોહનો સાર નીચે આપેલાં ચાર પ્રમેયોમાં દર્શાવ્યો છે. આ ચાર પ્રમેયોએ જ મને આ પ્રવૃત્તિ કરવા પ્રેર્યો હતો.

(૧) પોતે જવાબદાર માનવ વ્યક્તિ છીએ એવી ભાવના ને પોતાના સામર્થ્ય વિષે આત્મવિશ્વાસ ઉત્પન્ન કરી શકે એવું પુરૂષસામાન્ય શિક્ષણ સ્ત્રીઓને આપવું.

(૨) જે પ્રમાણે આપણા શરીરના ઘટક માંસપેશી છે તે જ પ્રમાણે સમાજ અથવા રાષ્ટ્રરૂપ દેહના ઘટક જે કુટુંબો છે, તેને બળવાન ને મનોહર બનાવવાનું કામ મુખ્યત્વે કરીને કુટુંબના સૂત્રધાર સ્ત્રીઓ પર આધાર રાખે છે. કુટુંબની સંસ્થાને ડોલાવે એવી કોઇ પ્રવૃત્તિ સ્ત્રીવર્ગમાં ઉત્પન્ન થવા દેવી એ રાષ્ટ્રને હાનિકર્તા છે. તેથી અંગ્રેજીમાં 'Home' શબ્દમાં કિંવા **गृहिणी गृहमुच्यते** એ સંસ્કૃત વાક્યમાં જે ગર્ભિત અર્થ સમાયેલો છે તેવી બનાવવાનું સામર્થ્ય જે શિક્ષણને લીધે સ્ત્રીઓમાં ઉત્પન્ન થાય તેવું શિક્ષણ સ્ત્રીઓને આપવું.

(૩) પોતે રાષ્ટ્રનું અંગ છે એવી ભાવના ઉત્પન્ન કરે એવું શિક્ષણ સ્ત્રીઓને આપવું. તે જ પ્રમાણે બાળકોનાં કુમળાં અંતઃકરણમાં રાષ્ટ્રીય ભાવનાનાં બીજ રોપવાનું, રાષ્ટ્રના સાધુ સંતો પ્રત્યે પૂજ્યબુદ્ધિ અને પરાક્રમી પુરૂષો ( માત્ર યુદ્ધમાં પરાક્રમ દર્શાવ્યું હોય એવા જ નહિ ) અને તેજસ્વિની

Gandhi Heritage Portal

સ્ત્રીઓ પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરવાનું અત્યંત પ્રવિત્ર કાર્ય રાષ્ટ્રની માતાઓનું છે. આ કર્તવ્યનું પાલન ઉત્કૃષ્ટ રીતે કરી શકવાનું સામર્થ્ય આપે એવું શિક્ષણ સ્ત્રીઓને આપવું.

(૪) કોઇ કારણથી પોતાને સંસારમાં પડવાનું મન ન હોય અનેજેણે પોતાનું ધ્યેય ઠરાવ્યું હોય એવી સ્ત્રીઓએ પોતાનું ધ્યેય સાધ્ય કરવામાં મદદ કરે એવું શિક્ષણ લેવું, અને પોતાના કર્તવ્યની દિશા નક્કી કરવી. આવી સ્ત્રીઓ થોડી સંખ્યામાં હોય તોપણ તે રાષ્ટ્રનાં સ્થૈર્ય ને પ્રગતિ માટે આવશ્યક છે. સ્ત્રીઓએ અમુક વસ્તુઓ કરવી જ જોઇએ કે ન કરવી જોઇએ એવા કાયદા કે સમાજનાં બંધનો નિર્મૂળ કરવાં જોઇએ. આ સંબંધમાં સ્ત્રીઓ ને પુરૂષોના હક્ક સરખા જ હોવા જોઇએ. કોઇ સ્ત્રીને અમુક વિદ્યા મેળવવાનું મન થાય તો તેને તેમ કરવા દેવામાં કાયદાનાં કે સમાજનાં કોઇ બંધન નડવાં જોઇએ નહિ. તોપણ સમાજની સ્થિરતા માટે અને સ્ત્રીઓની શારીરિક ને માનસિક ઘટનાને ધ્યાનમાં લઈ સાધારણ રીતે સ્ત્રીઓએ કેવું શિક્ષણ લેવું અને કયા ધંધાઓમાં પડવું એ વિષયનો વિચાર કરવો અત્યંત જરૂરનો છે. સર્વ પ્રકારના વિચારોને અવકાશ મળવો જોઇએ, અને તે વિચારોને કાર્યમાં મૂકનાર માણસોની ખાસ જરૂર છે; કારણ કે વિચાર ને આચારનો ભેદ એ ઉત્ક્રાંતિનું મૂળ છે.

જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી વિષે માહિતી આપનારા ન્હાનકડા પુસ્તકમાંના ઉતારા ઉપરથી જણાઈ આવતા ધોરણ મુજબ નરૂસેએ ૧૯૦૦ માં કામ શરૂ કર્યું, અને તેમાં તેને સારી સફળતા પણ મળી. તે પુસ્તકમાં ૧૯૧૨ સુધીની હકીકત આપેલી છે. એટલા વખતમાં તે યુનિવર્સિટીમાંથી ૧૨૪૩ સ્ત્રીઓએ પદવી લીધી હતી. ૧૯૦૦ પહેલાં જાપાનમાં સ્ત્રીઓની હાઇસ્કુલની સંખ્યા ૧૨ની હતી ને ૧૯૧૨ માં વધીને તે ૧૮૨ થઈ. ઘણા થોડા કાળમાં આટલી મોટી પ્રગતિ થયેલી જોઇ મારે પણ એ માર્ગે ચાલવું એમ મને લાગ્યું. જાપાનની આ યુનિવર્સિટીને સરકારી મદદ કે સરકારી નિયંત્રણ નથી. રાજકુલ અને સરકારી અધિકારીઓ એને મદદ કરતા હતા, પણ સરકારની મદદ તેણે સ્વીકારી ન હતી. આપણા દેશમાં આવાં કામ કરનારના માર્ગમાં અનેક અડચણો છે એનો મને બરાબર ખ્યાલ હતો. મૂળે તો ઉચ્ચ શિક્ષણ લેનારી સ્ત્રીઓ જ ઓછી હોય છે. તેમાંથી જેને સરકારી માન્યતા ન હોય એવી પદવી કે સર્ટિફિકેટ લેવા તૈયાર થાય એવી સ્ત્રીઓ તો મળવી જ અત્યંત દુર્લભ. એ ઉપરાંત મારી પાસે પૈસા ન મળે. સાધનોમાં તો માત્ર એક નાની હાઈસ્કુલ ને સ્વાર્થત્યાગથી કામ કરનારાં થોડાં લાયક માણસો. સારા

Gandhi Heritage Portal

ભાગ્યે સરકારી મદદ મેળવી વિશેષ પગાર લેવાનો ચસ્કો અમારા આજન્મ સેવકોને લાગ્યો ન હતો. થોડા પગારથી તેઓ સંતુષ્ટ હતા, અને આવા કામમાં તે આગળ ધપાવશે એવી મારી ખાત્રી હતી. સ્ત્રીઓની જે સંસ્થા માટે મેં વીસ વર્ષો ગાળ્યાં હતાં તેને જુદું વલણ આપવાનો મારો મનોભાવ થયો ને જ્યારે તે દિનપ્રતિદિન પ્રબળ થતો ગયો, ત્યારે મેં આશ્રમના આજન્મ સેવકો પાસે એ વિષે ચર્ચા શરૂ કરી. તેમની સહાનુભૂતિ મને મળી કે તરત જ આશ્રમની વ્યવસ્થાપક મંડળીને કેવી રીતે વાળવી એના વિચાર શરૂ થયા. એટલામાં મારા મિત્ર ને આશ્રમના આજન્મ સેવક શ્રી મહાદેવ કેશવ ગાડગીળ બી. એ. એ અત્યંત ઉદાર દાન આપવાનું વચન આપ્યું. તેમણે મને લખેલો પત્ર હું આ નીચે અક્ષરશઃ ઉતારૂં છું.

" રા. રા. ધોંડો કેશવ કર્વેની સેવામાં, સાષ્ટાંગ નમસ્કાર. વિનંતિ વિશેષ ઘણા મહિનાથી મારા મનમાં દ્રવ્યસંન્યાસનો વિચાર ઘોળાય છે. દ્રવ્યનો લોભ અત્યંત બંધનકારક છે. ઉન્નતિના માર્ગમાં વિઘ્નરૂપ છે. તેથી વડિલોપાર્જીત ધનમાંથી પત્ની ને પુત્રીના નિભાવ પુરતું દ્રવ્ય તેમના નામે મૂકી દશહજાર રૂપિયા કોઇ સારા કામમાં આપી દેવા અને મારો પોતાનો નિભાવ કરકસરથી કરી ખર્ચપુરતું મેળવવા જાતમહેનત કરવી એવો વિચાર થયો છે. આ દશહજાર રૂપિયા હાલ તુરતજ હાથમાં આવે એમ નથી. તોપણ વાચાદત્ત થઇ જાય તો સારૂં એમ માની આપને આ પત્ર લખ્યો છે. દર વર્ષે એક એક હજાર લેખે દસ વરસમાં હું દશ હજાર રૂ. આપીશ. આમાં મારાં પત્ની ને પુત્રીની સંમતિ છે એ આનંદની વાત છે.

આ રકમનો ઉપયોગ આપની 'મહારાષ્ટ્ર વીમેન્સ યુનિવર્સિટી'ની પહેલી કૉલેજ હિંગણેમાં સ્થાપન કરવા માટે કરવો.

આ પત્રનો ઉપયોગ આપની મરજી મુજબ કરશો. હેતપ્રીતિમાં વધારો કરશો. એ જ વિનંતિ.

આપનો

**મહાદેવ કેશવ ગાડગીળ.**

મહિલાશ્રમ, ૨૧-૧૨-૧૫.

અમારી આમાં પૂર્ણ સંમતિ છે.

પાર્વતીબાઇ ગાડગીળ.

યેસૂબાઇ ગાડગીળ.

Gandhi Heritage Portal

આ પત્ર મળ્યા પછી હું તેના કામે લાગ્યો. પહેલાં શ્રી ગાડગીળ ને હરિ રામચંદ્ર દિવેકરની સલાહ લઇ એક પરિપત્ર તૈયાર કર્યું. પછી હું અને દિવેકર શ્રી શિવરામ વિનાયક શેવડેને મળવા દાભાડેના તળેગામ ગયા. તેમની અનુમતિ મળતાં અમે ત્રણે ડૉ. ભંડારકર પાસે ગયા. તેમણે પણ અમને ઉત્તેજન આપ્યું ને અનુમતિ દર્શક સહી આપી. પછી પ્રૉ. ભાટે, ડૉ. હ. શ્રી. દેવ, શ્રીમતી રમાબાઇ રાનડે, પ્રૉ. દ. લ. સહસ્રબુદ્ધે ને ડૉ. પાં. દા. ગુણે એ વ્યવસ્થાપક મંડળીના સભાસદોની સંમતિ મળી ને સર્વાનુમતે આ સૂચના મંજુર થઇ. પરિપત્ર (સરક્યુલર) આ પ્રમાણે હતું:—

રા. રા. વ્યવસ્થાપક મંડળીના સભાસદ,

છેલ્લા બે ત્રણ મહિનાથી મને લાગે છે કે, જાપાનની 'જાપાન વિમેન્સ યુનિવાસટી'ના નમુના પર હિંદુસ્તાનમાં દેશી ભાષામાં શિક્ષણ આપનારી સ્ત્રીઓની યુનિવાસટી સ્થાપન થયા વિના સ્ત્રીશિક્ષણનો પાયો મક્કમ થવાનો નથી; અને માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણનો પ્રસાર પણ ઝપાટાબંધ થવાનો નથી. હાલ સ્ત્રીઓનું શિક્ષણ સર્વ રીતે પુરૂષોના શિક્ષણ જેવું જ અપાય છે તે ઠીક નથી. તે કેટલીક બાબતમાં તો પુરૂષથી જુદું હોવું જ જોઇએ એવો કેટલાક સમર્થ વિદ્વાનોનો મત છે, એ લક્ષમાં લઇ એ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવાનો વખત આવી લાગ્યો છે. આવા વિચારથી નીચેની સૂચના સર્વે સભાસદો આગળ મૂકી છે, તે પર વિચાર કરી આપનો મત પ્રદર્શિત કરવાની મહેરબાની કરશો.

આ દરખાસ્ત આટલી ઉતાવળે આપની આગળ રજુ કરી છે તેનું કારણ એ છે કે મારા સહકારી શ્રી ગાડગીળે મને સુંદર ને ઉદાર દાન આપી (એ વિષેનો તેમનો કાગળ આ સાથે જોડયો છે) મારા વિચારોને ઘણું બળ આપ્યું છે. એ ઉપરાંત મારે આવતી સામાજીક પરિષદમાં અધ્યક્ષ તરીકે ભાષણ આપવાનું છે. તે વખતે આ યોજના પ્રકટ કરી આપણા રાષ્ટ્રના વિચારકોની સહાનુભૂતિ મેળવાય તો ઘણું સારૂં થાય એ વિચાર રહેલો છે. મારી દરખાસ્ત નીચે પ્રમાણે છે.

**દરખાસ્તઃ**—મહારાષ્ટ્ર માટે મરાઠી ભાષામાં શિક્ષણ આપનારી ને જેમાં અંગ્રેજી ભાષા આવશ્યક વિષય તરીકે શીખવાતી સ્ત્રીઓની એક યુનિવર્સિટી સ્થાપન કરવાનો પ્રયત્ન અનાથ બાલિકાશ્રમના કાર્યકર્તાઓએ કરવો, ને તે યુનિવર્સિટીની પહેલી કૉલેજ તરીકે મહિલાશ્રમને જોડી બને એટલી

Gandhi Heritage Portal

ઝડપથી શરૂ કરવી. આ વસ્તુનો સાંગોપાંગ વિચાર જાન્યુઆરી મહિનામાં વ્યવસ્થાપક મંડળીની સભામાં કરવો.

પુના, તા. ૨૩ મી ડિસેંબર ૧૯૧૫.

ધોંડો કેશવ કર્વે.

એવામાં એક બીજો આનંદદાયક બનાવ બન્યો. કુ. કૃષ્ણબાઇ ઠાકૂરેં તા. ૨૪ મીએ પત્ર લખીને જણાવ્યું કે " પ. વા. બળવંત ગોવિંદ ગોડબોલેના સ્મરણાર્થે મેં થોડી રકમ એકઠી કરી છે, તેથી તેમના નામે લાયબ્રેરી બનાવવા માટે ૪૦૦૦ રૂ. દેવાની મારી ઇચ્છા છે. " ( આ રકમમાંથી આગળ જતાં ૧૯૮૦ રૂ. મળ્યા. )

એવામાં ડિસેંબરની ૨૫ મી તારીખ આવી. પ્રૅા. વાસુદેવરાવ પટવર્ધનની મદદથી મેં મારૂં ભાષણ આગળથી જ તૈયાર કર્યું હતું. તે ઇંડિયન સોશીઅલ રિફૅાર્મરના સંપાદક મિ. કે. નટરાજનને બતાવ્યું. તેમના પ્રત્યે મને ઘણાં વર્ષોથી આદરભાવ હતો ને હજુ છે. મારૂં ભાષણ સુધારવા મેં તેમને વિનંતિ કરી ને તેમણે તે કબુલ રાખી. સ્ત્રીશિક્ષણ વિશેના મારા વિચાર ને સ્ત્રીઓની યુનિવર્સિટીની યોજના તેમને બિલકુલ પસંદ પડી નહિ. તેમણે તેમની નાપસંદગી સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી. તેમના તરફથી મને ઉત્તેજન મળશે એમ હું માનતો હતો, પણ એમાં મને નિરાશા મળી. તેમનો પ્રમાણિક મત તેમણે ઈંડિયન સોશીઅલ રિફૅાર્મરમાં વ્યકત કર્યો. આશ્રમની વ્યવસ્થાપક મંડળીએ મારી આ યોજના પસંદ કરી છે અને આ પ્રકારની યુનિવર્સિટી કાઢવાનો પ્રયત્ન થાય છે એમ મેં મારા ભાષણમાં જણાવ્યું હતું. મારૂં આ ભાષણ પ્રસિદ્ધ થયા પછી લગભગ એ મહિને મિસ માર્ગારેટ ઇ. રૅાબર્ટસ, હેડ મિસ્ટ્રેસ ગર્લ્સ ગ્રામર સ્કૂલ બૅડફર્ડનો મારા પર એક પત્ર આવ્યો હતો. તેનો ભાવાર્થ એવો હતો કે " અમારી ટીચર્સ એસોશિએશનના સભાસદોને અમારે તમારા ભાષણની નકલો વહેંચવી છે, માટે એની નકલો આપની પાસે હોય તો દોઢસો નકલ મોકલાવજો ને કિંમત જણાવજો. પહેલી આવૃત્તિ ખલાસ થઇ ગઈ હોય તો બીજી આવૃત્તિનું ખર્ચ અમે આપીશું. " નકલો શીલકમાં ન હોવાથી બીજી આવૃત્તિ આર્યભૂષણ છાપખાનામાં છપાવી ને દોઢસો નકલો તેમને મોકલાવી. વચન પ્રમાણે એનું ખર્ચ એમણે આપ્યું. હાલ મારી પાસે આ ભાષણની એક જ પ્રત છે.

જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી વિષે માહિતી આપનારૂં ન્હાનું પુસ્તક મને કોણે મોકલ્યું હતું તે જાણવાની વાચકને જીજ્ઞાસા થઇ હશે, તે તુંત

Gandhi Heritage Portal

કરવી જોઇએ. બનારસના જમીનદાર સુપ્રસિદ્ધ દાનશૂર બાબુ શિવપ્રસાદ ગુપ્તે ચાર વર્ષ પછી પત્ર લખી મને જણાવ્યું કે એ પુસ્તક એમણે ને એમના મિત્ર વિનયકુમાર સરકારે મોકલ્યું હતું, ને તે પત્રમાં એમનાં નામ ન જણાવવા માટે લખ્યું હતું. પાછળથી તે બેલગામની કૉંગ્રેસમાંથી પાછા વળતાં પુના ઉતર્યા હતા. તે વખતે મારી વિનંતિ ઉપરથી તેમણે તેમનાં નામ પ્રસિદ્ધ કરવાનો પ્રતિબંધ દૂર કર્યો.

---

## પ્રકરણ ચોથું.

## મહિલા-વિદ્યાપીઠની ગર્ભાવસ્થા.

સામાજિક પરિષદમાં ભાષણ આપ્યા પછી હું સ્ત્રીઓની વિદ્યાપીઠની ઘટના કરવામાં રોકાયો. ફર્ગ્યુસન કૉલેજમાં આ વિષે ચર્ચા કરવા માટે ચૌદ પંદર માણસોને ભેગા કર્યા. તેમાંથી લગભગ એક તૃતીયાંશ આ વિચાર-ને પ્રતિકૂળ હતા. વિરોધીઓમાં ડૉ. પરાંજપે ને હરિભાઉ આપટે મુખ્ય હતા એમ યાદ આવે છે. ડૉ. પરાંજપેએ તેમનો વિરોધ આગળથી જાહેર કર્યો હતો જ. તેમણે મારૂં એક નાનું જીવનચરિત્ર ઇંગ્રેજીમાં લખ્યું હતું. તે પરિષદ પહેલાં બે ત્રણ દિવસ ઉપર પ્રસિદ્ધ થયું હતું. પરિષદમાં સ્ત્રીઓ માટેની વિદ્યાપીઠના પક્ષમાં હું બોલતો હતો એ જ વખતે પરિષદના મંડપમાં અને બહાર એ પુસ્તક વેચાતું હતું. એ પુસ્તકમાં (Hasten slowly) એવું એક લેટિન વચન હતું ને તેનું અંગ્રેજી ભાષાંતર Hasten slowly ( ઉતાવળ ન કરો ) એમ આપ્યું હતું. તેમની સલાહ એવી હતી કે હજુ આશ્રમની સ્થિતિ ઠરીઠામ થઈ નથી. તેમ થાય ત્યાર પછી જ બીજું કોઇ પણ કામ શરૂ કરવું એ ઠીક છે. એ સભામાંના બીજા તૃતીયાંશમાંથી કેટલાકનો અભિ-પ્રાય અનુકૂળ ને કેટલાકનો પ્રતિકૂળ હતો. એક તૃતીયાંશ અનુકૂળ ભાગ પ્રયત્ન કરી જોવામાં હરકત નથી એવા વિચારનો હતો. પ્રૉ. કેશવરાવ કાનિકટર ને પ્રૉ. હરિ ભાઉ લિમયેની પૂર્ણ સહાનુભૂતિ હતી. આ કાર્યમાં દ્રવ્યની પહેલી મદદ પણ પ્રૉ. કાનિટકર તરફથી જ મળી. સભા પુરી થયા પછી તે મને એમના ઘેર લઇ ગયા ને ત્રણસો રૂ. ની નોટો મારા હાથમાં મૂકી. આ સભા વિદ્યાપીઠ સંબંધી અનેક મુદ્દાઓની ચર્ચા કરવા જ માત્ર બોલાવી હતી, તેમાં ઠરાવ કરવાના કે કંઈ નિશ્ચિત યોજના ઘડવાની ન હતી. મેં જાતે તો નિશ્ચય કર્યો હતો કે લોકમત ગમે તેમ હો પણ આ કામ શરૂ કરવું

Gandhi Heritage Portal

તો ખરું. આ સભામાં વિદ્યાપીઠ મહારાષ્ટ્રની બનાવવી, દર સાલ દસ રૂ. લવાજમ આપનાર અથવા ત્રણસો રૂ. નું દાન આપનાર પદવીધરોનો એક મતદાર સંઘ બનાવવો; ને પાંચ રૂ. વાર્ષિક લવાજમ અથવા દોઢસો રૂ. નું દાન દેનારનો બીજો મતદાર સંઘ રચવો; વગેરે કેટલાક મુદ્દા ઘણાખરાને પસંદ પડયા.

આ બધી બીના આશ્રમની વ્યવસ્થાપક મંડળીને માન્ય હતી; પણ આશ્રમની અસાધારણ સભા પાસેથી મંજુરી મેળવવાની હતી. તે માટે ૧૯૧૬ ની જાન્યુઆરીની ૧૯ મી તારીખે ફર્ગ્યુસન કૉલેજમાં વ્યવસ્થાપક મંડળીની સભા મેળવી. તે વખતે ચાર પાંચ બહારનાંને પણ આમંત્રણ કર્યું હતું. અને કુ. કૃષ્ણાબાઇ ઠાકુર, પ્રો. કે. રા. કાનિકટર, પ્રૉ. હ. ગો. લિમયે અને પ્રૉ. વિજાપૂરકર પણ હાજર હતા. આ સભામાં નવીન નીકળનારી સંસ્થાને " મહારાષ્ટ્ર શારદાપીઠ " એવું નામ આપવાની સૂચના થઈ, તથા ઉદ્દેશ અને સેનેટના સભાસદ ચુંટવા માટેના નિયમ તૈયાર કરવામાં આવ્યા. પ્રૉ. કર્વે, પ્રૉ. ભાટે, પ્રૉ. કાનિટકર, પ્રૉ. લિમયે, શ્રી. ન. ચિં. કેલકર ને શ્રી. મ. કે. ગાડગીલ એ છ ગૃહસ્થોની સ્ત્રીઓની યુનિવર્સિટી માટે જરૂર પડે તે કામ કરવા માટે એક કામચલાઉ સમિતિ નીમવાની ભલામણ આશ્રમના સભાસદોની અસાધારણ સભાને કરવાના ને એ અસાધારણ સભા ૧૯૧૬ ની ૧૩ મી ફેબ્રુઆરીએ ભરવાના ઠરાવો થયા.

વચ્ચે કેટલાક મહત્વના બનાવ બન્યા હતા. તે વખતે હિંદુસ્થાનની કાંઉસિલમાં સર શંકરન નાયરના હાથમાં વિદ્યાખાતું હતું. તેથી તેમનો આ કલ્પના વિષે શો મત છે તે જાણવા માટે તેમની પાસે ડેપ્યુટેશન લઇને જવાનું અમે ઠરાવ્યું ને તેમને એ વિશે પત્ર લખ્યો. તેમણે જણાવ્યું કે " હિંદુ યુનિવર્સિટીનો પાયો નાખવા માટે મારે બનારસ જવાનું છે, માટે તમે ત્યાં આવી મને મળો. " મારે તો આ ભાવતું જ થયું. કારણ કે કલકત્તા સુધી જવાને બદલે બનારસ જવાથી જ પત્યું ને એ સમારંભ જોવાની તક મળી. હું, હરિભાઉ દિવેકર ને કૃષ્ણાબાઈ ઠાકૂર ડેપ્યુટેશન તરીકે બનારસ ગયાં ને સર શંકરન નાયરને મળ્યાં. તેમને આ યોજના ઠીક લાગી ને તમારૂં કામ અમુક ચોક્કસ સ્વરૂપ પકડે ત્યાર પછી જોઈશું, એવો જવાબ આપ્યો.

પ્રૉ. પં. કા. તેલંગ મને ડૉ. બિસેંટ પાસે લઈ ગયા. તેમને યોજના બહુ પસંદ પડી ને " આ યુનિવર્સિટી ફકત મહારાષ્ટ્ર માટે ન કાઢતાં તેને વ્યાપક સ્વરૂપ આપો " એવી સલાહ પ્રૉ. તેલંગે ને તેમણે મને આપી.

Gandhi Heritage Portal

ડૉ. બિસાંટે મને તેજ વખતે દોઢસો રૂ. નો ચેક આપ્યો. બીજા કેટલાક ગૃહસ્થો સાથે પણ વાત થઇ. ઘણાખરા લોકોને આ વિચાર પસંદ પડયો. ત્યાંથી પાછા આવતાં હું અલ્લાહાબાદ આવ્યો ને કાયસ્થ પાઠશાળાના પ્રિન્સિપાલ બી. સંજીવરાવને ઘેર ઉતર્યો. ત્યાં એક સભા થઇ; તેમાં મેં સ્ત્રીઓની વિદ્યાપીઠ ને સ્ત્રીઓના શિક્ષણ વિષે ભાષણો આપ્યાં.

પૂર્વે નક્કી કર્યા મુજબ આશ્રમની વ્યવસ્થાપક મંડળીની અસાધારણ સભા ૧૯૧૬ ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખે ભરવામાં આવી. તેમાં "ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠ" અથવા "ઇંડિયન વીમેન્સ યુનિવર્સિટી" એ નામ સૂચવવામાં આવ્યું, ને વ્યવસ્થાપક મંડળીએ નીમેલી કામચલાઉ સમિતિને કાયમ કરવામાં આવી. શ્રી ગાડગીળને તે સમિતિના સેક્રેટરી નીમવામાં આવ્યા. સેનેટ ને સીંડીકેટ નીમાય અને તેને ચાર્જ સોંપાય ત્યાં સુધી તેમનું કામ કરવાની આ સમિતિને સત્તા આપવામાં આવી. મતદારોની યોજના પણ આ સભામાં મંજૂર થઇ.

આ સમિતિએ લોકો આગળ મૂકવા જેવી વિદ્યાપીઠની ઘટના સંબંધી તત્પુરતી યોજના તૈયાર કરી અને લોકોને મળી તેમની સહાનુભૂતિ ને મદદ મેળવવાનું કામ જોરથી શરૂ કરવાનો વખત આવી લાગ્યો. એક તરફ સ્ત્રીઓને પુરૂષના જેવું જ શિક્ષણ આપવું જોઇએ ને તે અંગ્રેજીમાં જ આપવું જોઇએ, એવું કહેનારા પાશ્ચાત્ય શિક્ષણ લીધેલા ઘણઃ લોકો હતા ને હજુ છે. બીજી બાજુએ જૂના મતના લોક રહ્યા. તેમને સ્ત્રીઓ હાઇસ્કુલ કે કૉલેજમાં ભણે એ બિલકુલ પસંદ નહતું. સુશિક્ષિત લોકોમાં પણ ઘણા એવા વિચારવાળા લોકો છે. અમારે આ બે વિરૂદ્ધ વિચારવાળા લોકોની વચ્ચે થઇને માર્ગ કાઢવાનો હતો. ખરૂં જોતાં હિંદુસ્થાનમાં પુરૂષોને અપાતા શિક્ષણનો અભ્યાસક્રમ પુરૂષોને માટે પણ યોગ્ય ન હતો ને નથી. પાશ્ચાત્ય યુનિવર્સિટીઓની પદ્ધતિએ, અંગ્રેજી ભાષાને વધારે પડતું મહત્વ આપી એ અભ્યાસક્રમ ઠરાવેલો છે. તે સઘળો સ્ત્રીઓ પર લાદવો એ અત્યંત અનિષ્ટ છે. પણ કેટલાક લોકોનું કહેવું એવું હતું કે "પુરૂષોનો અભ્યાસક્રમ જ સારી રીતે સુધારવાનો પ્રયત્ન કરવો, અને ત્યાં સુધી પુરૂષનું જ શિક્ષણ સ્ત્રીઓને મળવા દેવું." આવા મતવાળા ઘણા લોકોએ માત્ર મારૂં અત્યારસુધીનું કામ ને આ નવા કામ માટેનો મારો ઉત્સાહ જોઈ, આ કાર્યમાં મદદ કરી છે. અમારી સેનેટમાં પણ એવા વિચારવાળા કેટલાક લોકો છે એમ લાગે છે. જેને મનનું વલણ, સમય, ને દ્રવ્યની અનુકૂળતા હોય તેવી સ્ત્રીને પુરુષનું શિક્ષણ લેવામાં હરકત નથી.

Gandhi Heritage Portal

આ વિષે મારા સામાજીક પરિષદમાંના ભાષણમાંનો નીચેનો ફકરો મારો મત સ્પષ્ટ રીતે દર્શાવશેઃ—

"Those women who have the time, money and inclination and can afford to go high enough on this ladder are welcome to follow these courses of study and our society will be better for them."

"જે સ્ત્રીઓને કાળ, દ્રવ્ય ને મનઃપ્રવૃત્તિની અનુકૂળતા હોય અને આ રસ્તે દૂર સુધી પહોંચવાનું જેનામાં સામર્થ્ય હોય તેમણે ખુશીથી આ માર્ગ અંગીકાર કરવો. તેથી આપણા સમાજનું હિત જ થશે."

"I do not mean that the way should be rigorously barred against those whose ambition would be to beat men on their own ground and compete with them for prizes and honours in the existing Universities. Those who would be in a position by intellectual, physical and financial equipments to do so would certainly be glorious ornaments to their kind and also to the whole community in the present conditions."

"પુરૂષોના જ ક્ષેત્રમાં તેમને હરાવવા અને વિશ્વવિદ્યાલયનાં પારિતોષિક મેળવી માન સંપાદન કરવામાં પુરૂષોની સાથે સ્પર્ધા કરવાની જેમની મહત્વાકાંક્ષા હોય તેમને માટે માર્ગ બંધ હોવો જોઇએ એવું મારૂં કહેવું નથી. આ શિક્ષણ લેવાની જેની બૌધિક, શારીરિક ને સાંપત્તિક પાત્રતા હોય એવી સ્ત્રીઓ હાલની સ્થિતિમાં કેવળ સ્ત્રીજાતિનું જ નહિ પણ સકળ સમાજનું ઉજ્જવળ ભૂષણ છે."

આ પરથી કોઇએ એમ સમજવાનું નથી કે, બુદ્ધિમાન સ્ત્રીઓએ પુરૂષોનું જ શિક્ષણ લેવું એવો મારો મત છે. એથી ઉલટું, બુદ્ધિમાન સ્ત્રીઓ અમારી વિદ્યાપીઠમાં ભણી, પોતાનું જ્ઞાન મરજી પડે ત્યાં સુધી વધારી શકે ને સમાજોપયોગી કામ કરી શકે એવો મારો મત છે. તોપણ પડેલા ચીલે ચાલવાની ને રાજમાન્ય પદવી માટે શિક્ષણ લેવાની પ્રવૃત્તિ લોકોમાં સામાન્ય રીતે હોય છે, તેથી આવી પ્રવૃત્તિની કેટલીક બુદ્ધિમાન સ્ત્રીઓ સરકારી યુનિવર્સિટીમાં ભણે તો એ બહુ ખોટું નથી. પણ સામાન્ય બુદ્ધિની

Gandhi Heritage Portal

સ્ત્રીએ પુરૂષો માટેનું શિક્ષણ લેવું એ મને આત્મઘાતક લાગે છે એમ કહ્યા વિના રહેવાતું નથી.

વર્તમાનપત્ર કે માસિકમાં લેખ લખવા, સભામાં ભાષણ કરવાં, પોતાને માથે જવાબદારી લઈ જાહેર કામો ચલાવવાં વગેરે બાબતમાં મહિલા વિદ્યાપીઠની પદવીધર સ્ત્રીઓ બીજી વિદ્યાપીઠની પદવીધર સ્ત્રીઓ કરતાં જરા પણ ઉતરશે નહિ. એટલું જ નહિ પણ આ કામ માટે ઉપયોગી બધા વિષયો વિદ્યાપીઠમાં માતૃ ભાષામાં જ શીખેલ હોવાથી અમારાં પદવી-ધરોમાં વધારે લાયકાત આવશે. અંગ્રેજીમાં પુરૂષોને જ યોગ્ય એવું શિક્ષણ લઇને બહાર પડેલી મુંબાઈ યુનિવર્સિટીની હિંદુ પદવીધર સ્ત્રીઓએ અંગ્રેજી ભાષણો કર્યાં હોય કે લેખ લખ્યા હોય એવું બહુ જણાતું નથી. મન પર પડતા સંસ્કાર અને ઉપયોગિતાની દૃષ્ટિથી મહિલા વિદ્યાપીઠનું શિક્ષણ જ વધારે સારૂં પરિણામ લાવશે એવો મારો દૃઢ મત છે.

યુનિવર્સિટી કાઢવાનું નક્કી થઇને કામચલાઉ સમિતિ કાયમ થયા પછી હિંદુસ્થાન તથા ઇંગ્લાંડના કેટલાક જાણીતા લોકોની સહાનુભૂતિ મેળવી લેવાનો વિચાર થયો. ને કેટલાક ગહસ્થોને મારા ભાષણની એક નકલ, કામચલાઉ સમિતિએ છાપીને કાઢેલા વિનંતિપત્રની એક નકલ ને જાતે લખેલો કાગળ એટલું રવાના કરવામાં આવ્યું. તેમાંથી ત્રણ ગૃહસ્થોએ ખાસ ઉત્તેજનના પત્રો લખ્યા. તેમાંથી થોડા ઉતારા નીચે આપ્યા છે. ડૉ. રવીન્દ્રનાથ ટાગોર ૧૯૧૬ ના માર્ચની ૨૫ મી ફેબ્રુઆરીએ લખે છે કેઃ—

"I am greatly interested in your proposal for a Women's University where education should be given through the Vernaculars. I agree with the arguments given in your printed circular both for the necessity of such an institution and also the urgency of starting it without passing through the elaborate process or delay in order to secure the Government recognition. It is far better that you should win it at the end, than pray for it in the beginning.

I am afraid I cannot sign the paper you enclose under any of its heads. All my available income must be given to my own school at Shantiniketan. At the

Gandhi Heritage Portal

same time I would wish to give you any moral support I can in your endeavours which have my heartiest sympathy."

"માતૃભાષાને કેળવણીનું વાહન રાખી આપે સ્ત્રીઓ માટે એક વિશ્વવિદ્યાલયની જે યોજના કરી છે તેમાં મને ઘણે રસ પડયો છે. આવા પ્રકારની સંસ્થાની આવશ્યકતા વિષે અને સરકારી માન્યતા માટે યાચના કરતા બેસી રહેવાને બદલે તે અંતે હક્કથી પ્રાપ્ત કરવી એ અધિક શ્રેયસ્કર છે.

આપે મોકલેલી પત્રિકામાં દર્શાવેલા કોઈ વર્ગમાં મારાથી મારૂં નામ આપી શકાશે નહિ એમ મને લાગે છે. મારી સઘળી આવક મારી શાંતિનીકેતનમાંની શાળાને આપવી પડે છે. પણ આપના પ્રયત્ન તરફ મારી ઉંડી સહાનુભૂતિ છે ને આપને મારાથી બની શકે તેટલો નૈતિક ટેકો આપવાની મારી ઇચ્છા છે."

શેફીલ્ડ યુનિવર્સિટીના વાઈસ ચૅન્સેલર ડૉ. એચ. એસ. એલ. ફિશર જ્યારે પબ્લિક સર્વિસ કમીશનના મેંબર હતા ત્યારે સર મહાદેવ ચૌબળ સાથે મહિલાઆશ્રમની મુલાકાતે આવ્યા હતા. તે તેમના ૧૯૧૬ ના મેની ૮ મીના પત્રમાં લખે છે કેઃ—

"I am very greatly interested in the outline scheme for an Indian Women's University which you have been kind enough to send me. The establishment of a university for women would put the crown upon the noble work which you are doing in India for female education and from the bottom of my heart I wish you every success. Doubtless you will meet with odstacles, but these your moral courage will assuredly overcome. May every success attend your efforts."

"સ્ત્રીઓના વિશ્વવિદ્યાલય સંબંધી યોજનાની જે રૂપરેષા આપે મને મોકલી તેમાં મને ખૂબ રસ પડયો છે. આપે હિંદુસ્થાનમાં સ્ત્રીશિક્ષણનું જે અભિજાત કામ શરૂ કર્યું છે તે પરથી આ વિશ્વવિદ્યાલયની સ્થાપનાથી કળશ ચઢશે. આપનો સંપૂર્ણ વિજય થાઓ એવું ખરા અંતઃકરણ પૂર્વક હું ઇચ્છું છું. આપના માર્ગમાં મુસ્કેલીઓ તો ઉભી થશે જ; પણ તે સઘળી

Gandhi Heritage Portal

આપના નૈતિક બળના સામર્થ્યથી દૂર થશે એવો મારો વિશ્વાસ છે. આપને આપના પ્રયત્નમાં સંપૂર્ણ યશ મળો."

ડૉ. ફિશરે સર મહાદેવ ચૌબળની વિનંતિથી ૧૯૨૫ માં મહિલા વિદ્યાપીઠના પદવીદાનસમારંભ વખતનું ભાષણ લખી મોકલ્યું હતું.

મિ. સી. એફ. એંડ્રુઝ પોતાના તા. ૬-૬-૧૬ ના પત્રમાં લખે છે કે,—

"I have been very deeply interested in the papers you have sent me about the women's University and I do indeed congratulate you on the wonderful start you have made and the splendid lines you have laid down. I wish so much I had many thousands of rupees that I could give to it, but I am now without money of my own."

"સ્ત્રીઓના વિશ્વવિદ્યાલય વિષે આપે જે પત્રિકાઓ મને મોકલી છે તે મને બહુ ગમી છે. આપે કરેલા સુંદર પ્રારંભ બદલ હું આપને મુબારકબાદી આપું છું. આપે કાર્યની કરેલી રૂપરેખા વખાણવા લાયક છે. આપના કાર્યને મદદ કરવા માટે મારી પાસે હજારો રૂપિયા હોત તો ઘણું સારૂં થાત એમ મને લાગે છે. પણ હાલ હું તદ્દન નિષ્કિંચન છું."

કેટલાક લોકોએ આ યોજનાની વિરૂદ્ધ મત દર્શાવ્યો હતો. આશ્રમ અને મહિલા વિદ્યાલયને ખૂબ મદદ કરનાર શ્રી સીતારામ નારાયણ પંડિતે અને તે જ પ્રમાણે આશ્રમને ૨૦૦૦ રૂ. સ્કૉલરશિપ માટે આપનાર શ્રી નારાયણ ગણેશ દેશપાંડેએ આવી વિદ્યાપીઠની જરૂર નથી એવો અભિપ્રાય આપ્યો હતો.

આ કામમાં લોકમાન્ય તિલકની સહાનુભૂતિ મેળવવાનો મેં પ્રયાસ કરી જોયો, પણ તેમાં મને યશ મળ્યો નહિ. તેમનો મત એવો હતો કે હાલના શિક્ષણથી પુરૂષો સંશયવાદી ( saptics ) બન્યા છે તેવી જ સ્ત્રીઓ પણ થશે ને ગૃહસૌખ્યનો નાશ પામશે.

સરકારી કેળવણીખાતાના એક મોટા યુરોપીયન હોદ્દેદારે પોતાનો કડક વિરોધ આ શબ્દોમાં દર્શાવ્યો હતોઃ

"Starting such a University would mean prostituting the high ideals which go with the idea of a University."

"આવું વિશ્વવિદ્યાલય સ્થાપવું એટલે 'વિશ્વવિદ્યાલય' શબ્દથી સૂચિત થતા ઉચ્ચ ધ્યેયોને બરબાદ કરવા બરાબર છે."

Gandhi Heritage Portal

સ્ત્રીઓની યુનિવર્સિટીના વિચારનો વિરોધ કરનારા પૈકી થોડાક ગૃહસ્થોએ પોતાનો વિરોધ વર્તમાનપત્રો ને માસિકોમાં દર્શાવ્યો હતો, તેમાં ઇંડિય સોસ્યલ રિફૉર્મરના તંત્રી મુખ્ય હતા. તે પોતે વિરૂદ્ધ અભિપ્રાય દર્શાવતા હતા એટલું જ નહિ પણ બીજે ઠેકાણે આવેલા વિરોધી લખાણોમાંથી પોતાના પત્રમાં ઉતારા પણ આપવામાં આવતા હતા.

૧૯૧૬ ની ૨૭ મી ફેબ્રુઆરીના અંકમાં તે પત્રના સંપાદકે આ પ્રમાણે લખ્યું હતું:—

"The immense personal devotion and sacrifice which enabled him (Prof. Karve) to make the Hindu Widows' Home at Poona what it is to-day, are bound to make any project which he conceives, if not a success, at least a serious distraction hampering progress, along established lines. We do not think that the scheme will succeed; it certainly does not deserve to succeed. What it may do is to lead to divided counsels and to further postponement of progress along established lines. We can only hope that the diversion created by Prof. Karve's scheme will be over by the time the war comes to an end, when Government may be expected to be something."

"પોતાની પૂર્ણ નિષ્ઠા ને પ્રખર સ્વાર્થત્યાગના બળથી તેમણે ( પ્રૉ. કર્વેએ ) પુનાની અનાથ બાલિકાશ્રમ નામની સંસ્થાને હાલની સારી સ્થિતિએ પહોંચાડી છે, ને એમણે માથે લીધેલી કોઇ યોજના—તે યશસ્વી ન થાય તો —ચાલુ પ્રગતિના પંથમાં મહાવિઘ્ન સમી બનાવી મુકે છે. આ યોજના સફળ થાય એવું અમને લાગતું નથી ને તે સફળતા મળવાને લાયક પણ નથી. એટલું જ નહિ પણ એને લીધે મતફેર થઇ ઝગડો થશે ને અત્યારે થતા કામનો વેગ ધીમો પડશે એવી ધાસ્તી રહે છે. અમને આશા છે કે યુદ્ધ પૂરૂં થાય એટલામાં પ્રૉ. કર્વેએ મચાવેલી ધમાલ શાંત થઇ ગઈ હશે. એ વખતે સરકાર પોતે કંઇ પણ કરશે એમ માનવામાં હરકત નથી."

૧૯૧૬ ની ૧૨ મી માર્ચના અંકમાં નીચે પ્રમાણે લખાણ હતું:—

"It is because we are sure that notwithstanding

Gandhi Heritage Portal

Professor Karve's excellent intentions the new project will act as a stumbling block in the way of women's education, that we have felt ourselves constrained to express our disbelief in it in unmistakable terms."

"પ્રૉ. કર્વેનો હેતુ ગમે તેટલો ઉત્તમ હોય પણ તેમની નવી યોજના સ્ત્રીઓના શિક્ષણના માર્ગમાં ઘણું મોટું વિઘ્ન નાખે છે એવી અમારી ખાત્રી હોવાથી જ અમારો અવિશ્વાસ તદ્દન ખુલ્લા ને અસંદિગ્ધ શબ્દોમાં વ્યક્ત કરવાની અમને ફરજ પડે છે."

કોઈ પણ નવી યોજના પ્રકટ થાય ત્યારે તેને અનુકૂળ અને પ્રાતકૂળ વિચારો દર્શાવાય છે જ. વિરોધી વિચાર પ્રદર્શિત કરવાનું ને તેમનો પ્રચાર કરવાનું કામ માત્ર સદ્બુદ્ધિથી જ થતું હતું, તેમાં વ્યકિતગત દ્વેષ ન હતો. આ પ્રયત્ન સમાજહિત ને સ્ત્રીઓની ઉન્નતિ માટે અનિષ્ટ છે એવી તેમની ખાત્રી હતી, એ સ્પષ્ટ જણાતું હતું. તેથી અનુકૂળ અભિપ્રાયો-થી ફૂલાયા વિના ને પ્રતિકૂળ અભિપ્રાયોથી હતાશ થયા વિના બને તેટલી સમતોલ વૃત્તિ રાખવાનો હું યત્ન કરતો હતો.

કોઇ પણ નવો વિચાર સમાજને હિતકર છે કે અહિતકર છે તે ઘણા વર્ષના અનુભવથી જ નક્કી કરી શકાય છે. તેથી દરેક જણે પોતાની સમજ પ્રમાણે રાષ્ટ્રની સેવા કર્યા કરવી એ જ ઉત્તમ માર્ગ છે.

આશ્રમની ખાસ સભાની મંજુરી મેળવી કામ ચલાઉ સમિતિ સ્થાપ્યા પછી ખરૂં કામ કરવાનો વખત આવ્યો. મેં પૂના અને મુંબાઇમાં ઘણા લોકોને મળી તેમને મતદાર સંઘમાં દાખલ કર્યા; ને પછી મહાત્મા ગાંધી પૂના આવ્યા ત્યારે એમને મળ્યો. તે વખતે તેમને નવરાશ ન હોવાથી તેમણે મને મુંબાઇ બોલાવ્યો. તેમને સર્વન્ટ ઑાફ ઇંડિયા સોસાઇટીમાંના સેવક શ્રી ચિતળીઆ સાથે ગામદેવીમાં રહેતા તેમના મિત્રના ઘેર રાત્રે સાડાઆઠના શુમારે મળ્યો. ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષામાં આપવું, ગણિત ઐચ્છિક કરવું, માત્ર અંકગણિત ફરજીયાત રાખવું, કુટુંબશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્ર ફરજીયાત રાખવાં, અભ્યાસક્રમ સ્ત્રીઓને અનુકૂળ રાખવો વગેરે મુદ્દા તેમને પસંદ પડયા; પણ અમે અંગ્રેજી ફરજીયાત રાખ્યું હતું તે તેમને પસંદ પડયું નહિ. ઉચ્ચ શિક્ષણમાં પણ અંગ્રેજી ઐચ્છિક રાખવું એવો એમનો મત હતો તે મારે ગળે ઉતર્યો નહિ, તેથી આપને એનો આગ્રહ હોય તો મારે આપની સહાનુભૂતિ સિવાય કામ કરવું પડશે, એમ મેં જણાવ્યું. મહાત્મા ગાંધી કોઇ પણ વિષય પર એકદમ છેલ્લો મત ન આપતાં પૂર્ણ

Gandhi Heritage Portal

વિચાર કરીને જ તે નક્કી કરે છે. તે મુજબ થોડો વખત વિચાર કર્યા પછી તેમણે કહ્યું, "કર્વે, તમારી ખાતર હું મારો આગ્રહ મૂકી દઉં છું. મારો મત તો પહેલાંના જેવો જ છે, પણ તમારો ઉદ્યોગ ઇષ્ટ છે ને તેમાં મારી મદદ કરવાની ઇચ્છા છે." તરત જ દસ રૂપિયા આપીને તે મતદાર થવા તૈયાર થયા. તેમની પાસેથી મારે દ્રવ્ય જોઇતું ન હતું પણ નૈતિક ટેકો જોઇતો હતો. પણ તેમણે લવાજમ ભરવાનો આગ્રહ કર્યો અને "દર સાલ રિપોર્ટ મોકલો ત્યારે દર વર્ષનું લવાજમ વસુલ કરજો" એમ કહ્યું. તે મુજબ તે કેદમાં ગયા ત્યાં સુધી મેં એમ કર્યું હતું. ત્યાર પછી મેં એમને ફાળા માટે ત્રાસ આપ્યો નથી. એમનો ફાળો જમા લઇ એમનું નામ વર્ગણીદારોમાં મૂકીએ છીએ. પછી હું તેમની સાથે જ અમદાવાદ ગયો. ત્યાં મહાત્માજીના પ્રમુખપણા નીચે મેં સ્ત્રીઓની વિદ્યાપીઠ વિષે ભાષણ આપ્યું. તેમાં ખાસ બનાવ એ બન્યો કે ત્યાંની ફીમેલ ટ્રેનિંગ કૉલેજનાં પ્રિન્સીપાલ મિસ ચબને આ યોજના બહુ પસંદ પડવાથી તે સામટા દોઢસો રૂ. આપી મતદાર સંઘનાં કાયમનાં સભ્ય થયાં. મહાત્માજીના ટેકાને લીધે અમદાવાદમાંથી ઘણું લવાજમ એકઠું થયું. આ રીતે આ સંસ્થાની ગર્ભાવસ્થામાં મહાત્મા ગાંધીની ઘણી મદદ મળી.

આ ઠેકાણે અમે અંગ્રેજી કેમ ફરજીયાત રાખ્યું એ વિષે થોડું લખવું જોઇએ. તે વખતે માધ્યમિક શિક્ષણમાં કોઇ પણ વિષય શીખવામાં અંગ્રેજીની જરૂર પડતી. પછી માધ્યમિક શિક્ષણમાં કેળવણીના વાહન તરીકે એનો ઉપયોગ ઐચ્છિક થયો. ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છતી વિદ્યાર્થીનીઓ માટે વિદ્યાપ્રાપ્તિના દરવાજા ખુલ્લા હોવા જોઇએ તે અત્યારે તો અંગ્રેજી કે યૂરોપની બીજી કોઇ ભાષા જાણ્યા વિના બની શકે એમ નથી. ઇંગ્રેજી આજે અર્ધા જગતની ભાષા બનેલી છે. કોઈ વિષય કે બનાવ વિષે વિશેષ માહિતી મેળવવી હોય તો અંગ્રેજી મારફત જ મળી શકે એમ છે. વધારે તો શું પણ આપણા જ દેશના નેતાઓનાં ભાષણો સાંભળવાં હોય કે તેમની સાથે વાતચીત કરવી હોય તો એ અંગ્રેજીના જ્ઞાન વિના બની શકે એમ નથી. જાપાનની સ્ત્રીઓની વિદ્યાપીઠમાં પણ ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજી એ ફરજીયાત વિષય રાખેલો છે. જાપાનમાં અંગ્રેજોનું રાજ્ય નથી, તોપણ ત્યાં સ્ત્રીઓના શિક્ષણમાં અંગ્રેજીની આવશ્યકતા સમજાઈ છે. આપણામાં તો અંગ્રેજીના જ્ઞાનની ઘણી વિશેષ જરૂર છે એ વાત ધ્યાનમાં લઇ કૉલેજમાં અંગ્રેજી ફરજીયાત રાખ્યું છે ને હાઇસ્કુલમાં પણ ઘણી કન્યાઓ એ વિષય પસંદ કરે છે.

Gandhi Heritage Portal

અમદાવાદથી આવીને હું મદ્રાસ ગયો. ત્યાં ધી રાઈટ ઑનરેબલ શ્રીનિવાસ શાસ્ત્રીને ઘેર ઉતર્યો. આ ગાંડો માણસ આવું અસાધારણ કાર્ય માથે લઈ સહાનુભૂતિ ને મદદ મેળવવા માટે મદ્રાસ આવેલો જોઈ તેમને ઘણી નવાઇ લાગી હોય એવું જણાયું. પણ મેમાનગતીમાં કંઇ ખામી નહતી. "આપને મારી ખાતર કંઇ તસ્દી લેવાની જરૂર નથી, પણ આપની સાથે કામ કરતા કોઇ માણસને મારી સાથે મોકલો તો હું એમને સાથે લઈ કેટલાક લોકોને મળીશ," એવું મેં એમને કહ્યું. પહેલ વહેલો હું 'હિંદુ' પત્રના સંપાદક શ્રી કસ્તુરીરંગ આયંગારને મળ્યો. તેમને આ યોજના પસંદ પડી ને તેમણે પદવીધરોના સંઘમાં પોતાનું નામ નોંધાવ્યું. આવી રીતે એ દિવસે પાંચ છ નામ પદવીધરના સંઘમાં ને એટલાં જ બીજા સામાન્ય સંઘમાં દાખલ કરીને સાંજે ઘેર આવ્યો ત્યારે નામદાર શાસ્ત્રીએ મને 'કેમ થયું?' એમ પૂછ્યું. મેં તેમની આગળ જે નોટબુકમાં આ નામ નોંધ્યાં હતાં તે મૂકી. તેમણે પણ તેમાં પોતાનું નામ પદવીધરોના સંઘમાં લખી દીધું. શુમારે એક અઠવાડીઉં ત્યાં રહી મેં કેટલાંક ભાષણો આપ્યાં અને ઘણા લોકોની સહાનુભૂતિ ને મદદ મેળવવાનો પ્રયત્ન કર્યો. તેમાં મને ઠીક સફળતા મળી. પછી ના. શાસ્ત્રીએ મદુરા, ત્રિચિનાપલ્લી, સેલમ્, બેંગલોર, તંજાવર, કુંભકોણમ્, વિજાગાપટ્ટણ, રાજમહેંદ્રી, બ્હામપૂર વગેરે ઠેકાણે પોતાના મિત્રોને પત્રો લખી મારે ઉતરવાની, સભા ભરવાની વગેરે સગવડો કરી આપી. દરેક ઠેકાણે મને કોઇ ને કોઇ લેવા આવતું અને પાછા વળતી વખતે સ્ટેશન પર મૂકવા આવતું. આવી સારી વ્યવસ્થા હોવાથી મને કંઈ અગવડ પડી નહિ. પછી હું કલકત્તા ગયો. ત્યાંના વેપારી શ્રી મડગાંવકર સ્ટેશન પર મને લેવા આવ્યા હતા. મારો વિચાર પણ તેમને ત્યાં ઉતરવાનો હતો; પણ ડો. નીલરત્ન સરકારે આગ્રહ કરવાથી એમને ઘેર ઉતર્યો. કલકત્તામાં મારી સારી ફજેતી થઇ. ત્યાં ભરેલી સભામાં મારૂં ભાષણ પૂરૂં થયા પછી અધ્યક્ષે તે પર ચર્ચા શરૂ કરવાની રજા આપી. એક પછી એક બીજા વકતાઓ સ્ત્રીઓની યુનિવર્સિટી સ્થાપવાની અશકયતા સિદ્ધ કરવા લાગ્યા. એક જાણીતા સુશિક્ષિત ગૃહસ્થે તો એટલે સુધી કહ્યું કે સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપવું એ તેમને ઊંચી એડીના બૂટ પહેરી, લોકોનું ધ્યાન ખેંચાય એવાં કપડાં પહેરી પોતાનો ભપકો બતાવવાને ઉત્તેજન આપવા સમાન છે. Flirting (નખરાબાજી) એ શબ્દનો પણ ઉપયોગ એમણે કર્યો હતો. આવા પ્રસંગે સામા થઇ સચોટ જવાબ આપવા માટે હું નિરૂપયોગી માણસ છું. મારે કહેવાનું પણ શું હતું? મુખ્ય મુદ્દા તો મેં

Gandhi Heritage Portal

મારા વ્યાખ્યાનમાં દર્શાવ્યા હતા. સેનેટ નક્કી કરે તે અભ્યાસક્રમ અમલમાં મૂકવાનો હતો. આજે કશું જ નિશ્ચિત થયેલું નહોતું. મેં સ્વસ્થપણે બધી ટીકા સાંભળી ને ઉત્તર આપ્યો નહિ. અધ્યક્ષે પણ મારી ઘેલછાને અનુલક્ષીને જ ભાષણ કર્યું. આશાનું માત્ર એક કિરણ એક દિશામાંથી મળ્યું. સભા પછી લોકો વિખરાતા હતા ત્યારે સેંટ પૉલ્સ ક્રિશ્ચન મિશન કૉલેજના પ્રો. એસ. પી. વસવાણી નામના ગૃહસ્થ મારી પાસે આવ્યા અને મારી યોજના પ્રત્યે પોતાની પસંદગી દેખાડી પોતાનું નામ પદવીધરોના સંઘમાં દાખલ કરાવ્યું. મદ્રાસ ઇલાકામાં બેંગલોર ને બીજા છ સાત ઠેકાણેથી સારી મદદ મળી હતી તેવી કલકત્તામાંથી મળી નહિ. પરંતુ કલકત્તામાં બીજા બે દિવસ રહી, કેટલાક લોકોને મળી અને પદવીધર સંઘમાં આઠ ને સામાન્ય સંઘમાં ચાર નામો દાખલ કરી હું ફરી અલ્લાહાબાદ પાછો આવ્યો. ત્યાં ઠીક કામ થયું. પછી દિલ્હી, લાહોર ને જલંદર જઇ હું પૂના પાછો ફર્યો. લાહોર ને જલંદરમાં સહાનુભૂતિ ને મદદ સારી મળી. મતદાર મેળવવાના કામમાં શ્રીમતી વેણુબાઇ નામજોશી (હાલ સૌ. જાનકીબાઈ સાઠે), કુ. કૃષ્ણાબાઇ ઠાકુર (હાલ સૌ. સરલાબાઈ નાઈક) ને શ્રીમતી પાર્વતીબાઇ આઠવલેએ સારી મદદ કરી. વેણુબાઇએ નાગપૂર તરફના મધ્યપ્રાંતના ભાગમાં ને વરાડમાં કામ કર્યું. પાર્વતીબાઇએ કર્ણાટકમાં અને બેલગામ, ધારવાડ, હુબળી, ગદગ, બલ્લારી ને વિજાપૂર જીલ્લામાં કામ કર્યું, અને કૃષ્ણાબાઇએ મધ્ય હિંદુસ્થાનમાં ઇંદોર, દેવાસ વગેરે ઠેકાણે, અને મધ્ય પ્રાંતમાંના ખંડવા, બુર્હાનપુર વગેરે સ્થળે તેમ જ મુંબાઈ ને ગોંડળમાં કામ કર્યું. એપ્રિલની શરૂઆતમાં આ કામ પૂરૂં થયું. આશરે બારસો મતદાર મળ્યા. જેને ગ્રૅજ્યુએટ થયો દશ વર્ષ થયાં હોય અથવા એમ. એ. પી. એચ. ડી. વગેરે ઉચ્ચ પદવી મેળવી હોય એવાં સ્ત્રીપુરૂષ મતદારો જ સેનેટના સભાસદ થઇ શકે એવી શરત હતી. આવી લાયકાતવાળા ૨૬૪ સ્ત્રીપુરૂષોએ સેનેટ માટે ઉમેદવાર થવાનું કબુલ કર્યું. તેમની યાદી મતદાર આગળ મોકલવામાં આવી. આશ્રમના વર્ગણીદારોએ ત્રીસ ને યુનિવર્સિટીના પદવીધર મતદારોએ ત્રીસ સભાસદો ચૂંટવા એવું ઠરાવ્યું હતું. આ ત્રીસ માંહેના ચોવીસ પદવીધર મતદારોએ અને છ સામાન્ય સંઘના મતદારોએ ચૂંટવાના હતા. આખરે ઉમેદવારોની યાદી બધા મતદારોને મોકલાવવામાં આવી. જેનું લવાજમ એપ્રીલની આખર સુધીમાં આવી ગયું હોય તેનો જ મત ગણાશે એવી સૂચના મતદારોને આપવામાં આવી હતી. આ પ્રમાણે આશરે ૬૦૦ મતદારોને મત આપવાનો હક્ક હતો.

Gandhi Heritage Portal

આશ્રમના ૪૫૦ વર્ગણીદારોમાંથી ૮૮ જણાંએ મત મોકલ્યા હતા; ૩૫૯ પદવીધર મતદારોમાંથી ૨૪૧ એ ને ૧૭૫ સામાન્ય સંઘના મતદારોમાંથી ૯૭ મતદારોએ મત મોકલ્યા હતા. મતાધિક્ય પ્રમાણે મે મહિનાની શરૂઆતમાં સેનેટના સાઠ સભાસદોની ચુંટણી કરવામાં આવી.તેમાં પાંચ સ્ત્રીઓ હતી. સભાસદોની પ્રાંતવાર સંખ્યા નીચે પ્રમાણે હતી:–પૂના ૨૭, મુંબાઈ ૮, ગુજરાત ૫, મધ્ય હિંદુસ્થાન ૩, પંજાબ ૧, યુનાઈટેડ પ્રૉવિન્સીઝ ૨, બંગાળા ૧, મધ્યપ્રાંત ૧, દક્ષિણ મહારાષ્ટ્ર ૩, કર્ણાટક ૧, મ્હૈસૂર ૨ અને મદ્રાસ ૬. પ્રોવિઝનલ કમિટીએ સેનેટ આગળ મૂકવા માટે નિયમાવલિ તૈયાર કરી અને પ્રવેશક પરીક્ષાનો અને કૉલેજના પહેલા વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કર્યો; અને સેનેટના સભાસદોને પહેલી સભાના કામનું ટિપ્પણ ને તે સંબંધી બધાં કાગળીઆં મોકલવામાં આવ્યા.

હવે એ મોટા મુશ્કેલ પ્રશ્નનો નિકાલ આણવાનો હતો. ચૅન્સેલર ( કુલપતિ ) અને વાઈસ-ચૅન્સેલર (કુલનાયક) ના કામ માટે લાયક માણસો શોધી કાઢી તેમની પાસે તે કામ કરાવવાનું કબુલ કરાવવું એ બહુ મુશ્કેલ કામ હતું. મતદાર મેળવવામાં ને દ્રવ્યની મદદ મેળવવાના કામમાં ધાર્યા કરતાં વિશેષ સફળતા મળી હતી; પણ આ કામમાં નિષ્ફળતા મળવાનો સંભવ છે એમ ઘણાને લાગતું હતું, ને અમને પણ એમ જ લાગતું હતું. એવી સ્થિતિમાં આ કામ માટે યોગ્ય માણસો મેળવવા એ સહેલું ન હતું. મે મહિનામાં ડૉ. ભાંડારકર લોણાવલા હવાફેર માટે ગયા હતા. હું ને હરિભાઉ દિવેકર તેમની પાસે ગયા ને તેમને ચૅન્સેલર થવા વિનંતિ કરી. તેમણે થોડી આનાકાની કર્યા પછી અમારી વિનંતિ માન્ય કરી અમને આનંદિત કર્યા. હવે કુલનાયકનો પ્રશ્ન રહ્યો. સર્વન્ટ્સ ઑફ ઇંડિયાની વાર્ષિક સભા માટે ના. શ્રીનિવાસ શાસ્ત્રી પૂના આવ્યા હતા તેમની પાસે વિનંતિ કરવા માટે અમે ગયા. તેમણે યુક્તિથી ડૉ. પરાંજપે પાસેથી આ કામ માટે કબુલાત મેળવી. ડૉ. પરાંજપેને મોઢામોઢ પૂછવાની અમારી હિમ્મત ચાલતી ન હતી. તેમનો આ કાર્ય વિશે પ્રથમથી જ વિરોધ હતો તેથી મતદારસંઘમાંયે તેમનું નામ દાખલ કરાવવા માટે હું તેમની પાસે ગયો ન હતો. સર્વન્ટસ્ ઑફ ઇંડિયા સોસાયટીના શ્રી વઝેને વિનંતિ કરવા માટે હું સર્વન્ટસ ઑફ ઇંડિયા સોસાઈટીમાં ગયો હતો. ત્યાં બેઠો હતો તેવામાં ડૉ. પરાંજપે આવ્યા ને મારી પાસે મતદારોનાં નામની યાદી પડી હતી તે લઈ વાંચવા લાગ્યા. તેમાં મુંબાઈ, પૂના ને બીજા સ્થળોનાં મળી ૯૫ નામો હતાં. તેમણે તરત જ તેમાં

Gandhi Heritage Portal

પોતાનું નામ ઉમેર્યું ને નામ સામે ૫૦૦ રૂ. દાન તરીકે લખ્યા. એક તરફથી કાર્ય માટે સહાનુભૂતિ બહુ ઓછી પણ બીજી તરફથી મારા તરફ પ્રેમ વિશેષ એ બે વચ્ચે એમને સંકડામણ થઈ હતી. આગળ જતાં ઠેક ઠેકાણેથી આ કામને સારી મદદ ને સહાનુભૂતિ મળી તે જોઇ તે ખુશ થયા હતા. છતાં પણ તે કુલનાયકનું કામ સ્વીકારશે એમ મને લાગતું ન હતું. ના. શ્રીનિવાસ શાસ્ત્રીએ તેમનું મન વાળ્યું એટલે ડૉ. ભાડાંરકરે હા પાડી હતી ત્યારે થયેલા આનંદ કરતાં પણ અધિક આનંદ અમને થયો.

૧૯૧૬ જુનની ૩જી અને ૪થી તારીખે ફર્ગ્યુસન કૉલેજમાં સેનેટની પહેલી સભા મળી. ૬૦ માંથી ૪૩ સભાસદો હાજર થયા હતા. હાજર રહેલા સભાસદોમાં મદ્રાસમાંથી મિસિસ કઝિન્સ ને ના. શ્રીનિવાસ શાસ્ત્રી; નાગપૂરના રા. બ. વામનરાવ કોલ્હટકર; અલ્લાહબાદમાંથી પ્રિન્સિપલ બી. સંજીવરાવ; વડોદરેથી એન. કે. દીક્ષિત ને ગોવિંદરાવ સરદેસાઈ; બનારસના પં. કા. તેલંગ; અહમદનગરના રા. બ. ગ. કૃ. ચિતળે; સતારાના શ્રી સી. ગ. દેવધર; નાશિકમાંથી શ્રી રા. ગ. પ્રધાન; ને પુનામાંથી સર રામકૃષ્ણ ભાંડારકર, ડૉ. પરાંજપે, નામદાર બા. સી. કામત, શ્રી ન. ચિં. કેલકર વગેરે પૂનાના ઘણાખરા સભાસદો હાજર હતા. સેનેટનું કામ બે દિવસ ચાલ્યું હતું. પ્રથમ પ્રૉવિઝનલ કમિટિના અધ્યક્ષ તરીકે મેં કામની શરૂઆત કરી. પછી ડૉ. ભાંડારકર અને ડૉ. પરાંજપેને કુલપતિ અને કુલનાયક નીમવામાં આવ્યા, ને ડૉ. ભાંડારકરના પ્રમુખપણા નીચે કામ શરૂ થયું. એકંદરે ત્રણ બેઠકો પછી કામ પૂરૂં થયું. બીજી ને ત્રીજી બેઠકમાં ડો. ભાડાંરકર હાજર ન હોવાથી ડૉ. પરાંજપેના પ્રમુખપણા નીચે બધું કામ ચાલ્યું હતું. અગિઆર સભાસદોની સિંડિકેટ (કાર્યકારી સમિતિ) કાયમ કરવામાં આવી ને રજી-સ્ટ્રાર (મહામાત્ર)નું કામ મને સોંપવામાં આવ્યું. આ રીતે ૧૯૧૬ ના જુનની ત્રીજી તારીખે ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠને જુદું અસ્તિત્વ પ્રાપ્ત થયું. પ્રૉવિઝનલ કમિટિના સેક્રેટરી શ્રી ગાડગીળે મને ચાર્જ સોંપી દીધો, અને યુનિવર્સિટી સ્વતંત્ર સંસ્થા તરીકે આશ્રમથી છૂટી પડી. શ્રી ગાડગીળે પ્રૉવિઝનલ કમિટિના સેક્રેટરીનું કામ ઘણી સારી રીતે કરેલું હોવાથી મહિલા વિદ્યાપીઠને વ્યવસ્થિત સ્વરૂપ જલદી આપી શકાયું. વિદ્યાપીઠની નિયમાવલિ તૈયાર કરવાના કામમાં ને અભ્યાસક્રમ ઠરાવવાના કામમાં પ્રૉ. કેશવરાવ કાનિટકર ને હરિભાઉ લિમયેએ બહુ મદદ કરી હતી.

મહિલાવિદ્યાપીઠની કલ્પના મનમાં આવ્યા પછી ત્રણ ચાર મહિનામાં

Gandhi Heritage Portal

જ તે સામાજિક પરિષદમાં ૧૯૧૫ ના ડિસેંબરની ત્રીસમી તારીખે લોકો આગળ રજૂ કરવામાં આવી અને પાંચ મહિના ને ચાર દિવસ જેટલા ઓછા વખતમાં તેને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું. સ્વાવલંબન અને સ્વાભિમાનને વળગી રહી કામ કરવાથી આ કામ આટલી ઝડપથી થઇ શક્યું. સરકારની માન્યતા મેળવવાનો લોભ રાખ્યો હોત તો આ કામની શરૂઆત કદાચિત થાત જ નહિ. પૂનાની યુનિવર્સિટીનો પ્રશ્ન હાલ પણ કેવો હવા ખાય છે તે જુઓ ! દશ લાખ પ્રાથમિક ખર્ચ માટે ને ત્રણ લાખ વાર્ષિક ખર્ચ માટે એટલાની તૈયારી કરો ને પછી જ કામ શરૂ કરો એવી સલાહ આ કામ કરનારને મળી છે. હાલ તો આ યુનિવર્સિટી સંબંધી વાતચીતમાં કે લેખમાં એક શબ્દ પણ સંભળાતો નથી. ગમે એવી ઢીલી હોય તોપણ અમારી યુનિવર્સિટી અગિઆર વર્ષથી ચાલે છે ને સ્ત્રીઓનાં શિક્ષણનું થોડુંઘણું પણ કાર્ય કરે છે. જમવું તો જમણ જ, નહિ તો ભૂખે મરવું એવી સ્થિતિ સરકારી અને સરકારી માન્યતાનો લોભ રાખનારની થાય છે !

---

## પ્રકરણ ૫ મું.

### મહિલા–વિદ્યાપીઠનાં પહેલાં ચાર વર્ષ.

મહિલા–વિદ્યાપીઠનો તા. ૩ જી જુન ૧૯૧૬ ના રોજે જન્મ થયો અને તે જ દિવસે એનું યથાવિધિ નામસંસ્કરણ પણ થયું. હાઇસ્કુલ અને કોલેજ સ્વતંત્રપણે ચલાવવાનું સામર્થ્ય વિદ્યાપીઠમાં ન હોવાથી આશ્રમના આશ્રયે ચાલતું મહિલાશ્રમ અને તેના જ આશ્રય નીચે નીકળનારી કોલેજ એ સંસ્થાઓને સેનેટની પહેલી સભામાં જ યુનિવર્સિટી સાથે જોડી દેવાનો ઠરાવ થયો હતો. હવે આ કોલેજ એટલે ‘મહિલા પાઠશાળા’ શરૂ કરવી એ પહેલું કામ હતું. શરૂઆતમાં પાઠશાળાના પ્રિન્સિપાલનું કામ મને સોંપવામાં આવ્યું. તા. ૯ મી જુન ૧૯૧૬ ના દિવસે મેં મારી પોતાની સહીથી વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરી કે જેમણે કોઇ પણ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી હોય તેમને પાઠશાળામાં દાખલ કરવામાં આવશે. એ જાહેરાતમાં વિદ્યાપીઠની પહેલી મેટ્રિક્યુલેશન એટલે પ્રવેશક પરીક્ષા તા. ૨૬ મી જુન ૧૯૧૬ ના દિવસે મહિલાશ્રમમાં લેવામાં આવશે અને જેમણે કોઇ પણ હાઇસ્કુલમાં મેટ્રિક્યુલેશનના વર્ગમાં એક વર્ષ અભ્યાસ કર્યો હોય એજ વિદ્યાર્થીનીઓથી આ પરીક્ષામાં બેસી શકાશે એ બાબત પણ જણાવી હતી. મહિલાશ્રમમાંથી ચાર સ્ત્રીવિદ્યાર્થીનીઓ આ

Gandhi Heritage Portal

પરીક્ષામાં બેઠી અને તે ચારે પાસ પણ થઇ. વળી મુંબઇ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં પાસ થયેલી એક બ્હેન રેવતીબાઇ કેતકર (હાલ રેવતીબાઇ કર્વે) પાઠશાળામાં દાખલ થઈ. કુલ પાંચ વિદ્યાર્થિનીઓનો પહેલા વર્ષનો વર્ગ તા. ૫ મી જુલાઇ ૧૯૧૬ ના દિવસે શરૂ કરવામાં આવ્યો: એ મુજબ વિદ્યાપીઠના ખરા કામનો આરંભ થયો.

" **सर्वारंभास्तंडुलप्रस्थमूलाः**" । દ્રવ્ય મેળવ્યા વગર વિદ્યાપીઠની પ્રગતિ થવી અશકય છે એ સ્પષ્ટ દેખાતું હતું. આ કામ ખાસ કરીને મારા પર જ પડયું. આથી પ્રિન્સિપાલનું કામ શ્રી પાર્વતીબાઈ આઠવલેના ચિરંજીવી શ્રી નારાયણ મહાદેવ આઠવલેને અને રજીસ્ટ્રારનું કામ શ્રી હરિ રામચંદ્ર દિવેકરને સોંપી હું લોકમત તૈયાર કરવા અને દ્રવ્યની સહાય મેળવવાના કાર્ય માટે છૂટો થયો. મને વિદ્યાપીઠનો ઓર્ગેનાઇઝર (જમાવનાર) નીમવામાં આવ્યો. ત્યારથી આજ સુધી હું એ જ કામ કરી રહ્યો છું.

પહેલાં ચાર વર્ષોમાં વિદ્યાપીઠનું કાર્ય કહેવા જેવું આગળ ધપ્યું નહિ. પ્રાથમિક શાળાઓનાં સ્ત્રીશિક્ષકો તૈયાર કરવા માટે ૧૯૧૭ ના જુન માસમાં આશ્રમની મંડળીના આશ્રય હેઠળ અધ્યાપિકાશાળા ઉઘાડવામાં આવી અને તે વિદ્યાપીઠ સાથે જોડવામાં આવી. એ રીતે મહિલાશ્રમ, અધ્યાપિકાશાળા અને મહિલા પાઠશાળા એ ત્રણ સંસ્થાઓ એટલે જ વિદ્યાપીઠ એવી સ્થિતિ હતી. તોપણ આ ચાર વર્ષમાં વિદ્યાપીઠમાંથી ચાર પદવીધર સ્ત્રીઓ બહાર પડી. નીચેના પત્રક પરથી વિદ્યાપીઠની ચાર વર્ષની પ્રગતિની કલ્પના થશે.

| વર્ષ | મહિલા પાઠશાળા અને અધ્યાપિકાશાળાની સ્ત્રી વિદ્યાર્થીઓની સંખ્યા. | | વિદ્યાપીઠ તરફથી આશ્રમને મળેલી મદદ. | ખર્ચ બાદ કરતાં વર્ષની આખરે રહેલી એકંદર સીલક. |
|---|---|---|---|---|
| ૧૯૧૬ | મ૦ ૫ | અ૦ ૦ | ૦ | રૂ. ૩૧૭૭૩–૧૦–૧૧ |
| ૧૯૧૭ | ,, ૧૩ | ,, ૧૮ | રૂ. ૪૦૦૦ | રૂ. ૭૩૩૯૪–૧૧–૫ |
| ૧૯૧૮ | ,, ૧૬ | ,, ૧૮ | રૂ. ૬૦૦૦ | રૂ. ૧૧૬૩૮૭–૧૧–૨ |
| ૧૯૧૯ | ,, ૧૭ | ,, ૩૮ | રૂ. ૭૦૦૦ | રૂ. ૧૮૯૮૩૧–૫–૨ |
| ૧૯૨૦ | ,, ૧૭ | ,, ૩૮ | રૂ. ૮૩૪૩–૬–૨ | રૂ. ૨૧૬૦૪૧–૧૦–૫ |
| જુન અ. | | | | |

Gandhi Heritage Portal

દર વર્ષે બતાવેલી શિલકમાં ૩।। ટકાની પ્રોમિસરી નોટોની દર્શની કિંમત ( Eace value ) નો આંકડો ઘણો જ મોટો છે.

આ ચાર વર્ષમાં દ્રવ્યની સારી જ મદદ મળી એ ઉપરના પત્રક પરથી ધ્યાનમાં આવશે. એમાં બે ત્રણ ભેટોનો ઉલ્લેખ ખાસ કરવો જરૂરનો છે. એ મોટી હોવાની ખાતર નહિં, પરંતુ ખાસ સહાનુભૂતિ પૂર્વક થયેલી હોવાથી એની કિંમત બીજી કસોટી વડે કરવી જોઇએ.

બાબુ શિવપ્રસાદ ગુપ્તે શરૂઆતમાં ઘણી સારી મદદ કરી. સ્ત્રીઓ માટે યુનિવર્સિટી નીકળ્યાનું વર્તમાનપત્રમાં વાંચતાની સાથે એમણે પાંચસો રૂપીઆનો ચેક મોકલ્યો. એ પછી એમના તરફથી દરવર્ષે જાન્યુઆરીની પહેલી, બીજી તારીખે પાંચસો રૂપીઆનો ચેક આવતો. એ ચેક જે શહેરમાં રાષ્ટ્રીય સભાની બેઠક હોય ત્યાંથી આવતો અને તે હિંદી ભાષામાં લખાયલો હોઇ તેની નીચે એમની સહી પણ હિંદીમાં જ થયેલી હોવાની. એ રીતે એમની તરફથી એકંદરે ત્રણ હજાર રૂપીઆ આવ્યા છે. પછીથી એમના તરફથી મદદ બંધ થઇ એનું કારણ એ કે તેમણે પોતાની લગભગ દશ લાખની મીલકત ‘ કાશી વિદ્યાપીઠ ’ નામની એક રાષ્ટ્રીય વિદ્યાપીઠ બનારસમાં સ્થાપન કરવા આપી દીધી. ગયા ડિસેંબર માસમાં એ વિદ્યાપીઠ જોવાની મને તક મળી. બનારસથી નીકળતાં મને ખાલી હાથે પાછો જવા દેવો એ ઠીક નહિ એમ જાણી તેમણે પોતાની પત્ની પાસેથી ૧૫૧ રૂપીઆની ભેટ અપાવરાવી અને બીજા લોકો પાસેથી પણ થોડીક મદદ મેળવી આપી. આ વાત ઉપરથી બાબુ શિવપ્રસાદની મનોભૂમિકાની કલ્પના થશે.

સર વીલીઅમ વેડરબર્ન સાથે પત્રવ્યવહાર કરવાને એક અણધાર્યું કારણ બન્યું. હિમાલયના સૌથી ઊંચા શિખર માઉંટ એવરેસ્ટને જે ગ્રહસ્થના નામ પરથી એ નામ પ્રાપ્ત થયું તેની કન્યા મિસ એથેલ એવરેસ્ટે પોતાની મિલકતનું મૃત્યુપત્ર તૈયાર કર્યું હતું. એમાં કેટલીક વિશિષ્ટ સખાવતો માટે રકમો આપવી ઠરાવી બાકીના દ્રવ્યનો ઉપયોગ હાલમાં અસ્તિત્વમાં ન હોય એવી હિંદુસ્થાનમાં હિંદી લોકોથી ચાલતી એકાદી સ્વતંત્ર શિક્ષણસંસ્થાને મદદ કરવા સારૂ કરવો, અગર મૃત્યુપત્રની વ્યવસ્થા કરનારા લોકોને એવી સંસ્થા ન દેખાય તો બીજી સંસ્થા કઢાવવી એવો ઉલ્લેખ હતો. આ મૃત્યુપત્ર ૧૯૧૨ ની સાલમાં થયું અને પછી તે મરણ પામી. સદરહુ મૃત્યુપત્રમાંનો આ ભાગ હિંદુસ્થાનનાં કેટલાંક વર્તમાનપત્રોમાં ૧૯૧૬ ના જુન માસ લગભગમાં છપાયો હતો અને તે તરફ કોઈએ મારી નજર ખેંચી.

Gandhi Heritage Portal

અમારી પાંચ છોકરીઓની કૉલેજ તરત જ શરૂ થવાની હતી અને ઉપલી શરત અમારી સંસ્થાને લાગુ પડતી હતી. ત્યારે આપણે યત્ન કરી જોવો એવું મારા મનમાં આવ્યું. સર વીલીઅમનો હિંદુસ્થાન પર વિશેષ પ્રેમ છે એવી મને ખબર હતી. પણ એમની પ્રત્યક્ષ કે પત્રદ્વારા પણ ઓળખાણ નહોતી. સર્વન્ટ્સ ઑફ ઇંડિયા સોસાઈટીમાંથી એમનું ઠેકાણું મેળવી મેં તેમને એક પત્ર લખ્યો અને અનાથ બાલિકાશ્રમ ( wedows Home )નો રિપોર્ટ અને વિદ્યાપીઠ સંબંધી કાઢેલાં વિનંતીપત્રો વગેરે કાગળો પણ એમને મોકલ્યા, અને એ મૃત્યુપત્રના વ્યવસ્થાપકોની ખબર કઢાવી અમારી અરજી તેમની આગળ મૂકવા માટે વિનંતી કરી. ખબર મળ્યા બાદ તેમણે જણાવ્યું કે લડાઇને લીધે બધા સરકારી અને ખાનગી શેરો, નોટોના ભાવ ઘણા જ ઘટી ગયા છે; અને તેથી મીસ એવરેસ્ટે જે વિશિષ્ટ ભેટની રકમો આપવા બદલ પોતાના મૃત્યુપત્રમાં લખ્યું છે તે પુરા થવા પુરતા પૈસા પણ તેમની મીલકતમાંથી નીકળતા નથી ત્યારે બાકી રહેવાની તો વાત જ શી ? જો આગળની સ્થિતિ કાયમ રહી હોત તો દોઢથી બે લાખ રૂપીઆ હિંદુસ્થાનના ભાગે આવત. રોઈટરે હિંદુસ્થાન મોકલેલા તારમાં ૧૪૦૦૦ પૌંડ હિંદુસ્થાનમાં એવી કૉલેજ માટે રાખ્યા છે એવો ઉલ્લેખ કર્યો હતો. સદરહુ તાર " ઇંડિયા " પત્રમાં છપાયલો હતો; પરંતુ સર વીલીયમે " મૃત્યુપત્રમાં રકમ લખેલી નહોતી, પણ બાકી વધેલા પૈસાનો વિનિયોગ તેમ કરવા માટે લખેલું છે " એવી હકીકત " ઇંડિયા " પત્રમાં પ્રસિદ્ધ કરી. એજ વખતે ફર્ગ્યુસન કૉલેજે અને મહિલા વિદ્યાપીઠે પોતાની તરફથી ખબર કઢાવી વિગેરે બાબતોનો ઉલ્લેખ થયો છે. એ પત્ર તા. ૨૮–૭–૧૬ ના " ઇંડિઆ " માં છપાયેલો છે.

વિનંતિ કર્યા પ્રમાણે એ કામ તો એમણે કર્યું જ. પણ એટલાથી તેઓ અટક્યા નહિ. તેમના મનમાં અમારા કાર્ય માટે ખાસ પ્રેમ ઉત્પન્ન થયો. બધા રિપોર્ટો વગેરે વાંચી, આશ્રમ તરફની સ્ત્રિઓની યુનિવર્સિટીનો આરંભ કેમ થયો એ પર તેમણે બે લેખો લખ્યા. એક તે વખતે લંડનમાં પ્રસિદ્ધ થતા " ઇંડિયા " નામના ચાલુ અઠવાડિક વર્તમાનપત્રમાં અને બીજો Jus suffraji નામના સફ્રેજીસ્ટોના વર્તમાનપત્રમાં. પોતાનું કામ પણ મનુષ્ય જેટલી કાળજીથી ન કરે તેટલી કાળજીથી થયેલું આ કામ જોઈ એમને માટે મારા અંતઃકરણમાં વિશેષ આદર ઉત્પન્ન થયો. તેમના પત્રમાંથી કેટલાક ઉતારા અહિં આપવા વ્યાજબી લાગે છેઃ—

Gandhi Heritage Portal

"I have read with the greatest interest and sympathy the printed papers you have sent me and you may rest assured that I will do all I can to help your valuable undertaking.

(19th July 1916)."

"આપે મોકલાવેલ સર્વે કાગળો હું ઘણા જ રસ અને સહાનુભૂતિ પૂર્વક વાંચી ગયો છું. આપ ખાત્રી રાખજો કે આપે અંગીકાર કરેલા આ અણમૂલા કાર્યમાં મારાથી જે જે મદદ આપી શકાશે તે હું આપીશ, એ માટે ખાત્રી રાખશો. (તા. ૧૯ મી જુલાઇ ૧૯૧૬)"

"Since writing to you I have a letter from Mr. Pickering in reply to my letter to the Trustees under Miss Everest's will. It is disappointing. He says that owing to the war the value of investments has depreciated, and he fears that there will be little or no residue for the Indian benefaction, at any rate for sometime to come.

"Please see this week's India to which I have addressed a letter explaining the situation. I have taken the opportunity to give British sympathisers a brief account of your several activities on behalf of Indian women.

"As I should like to be associated with the incepton of the independent Poona movement for the higher education of Indian women, please accept enclosed cheque for Rs. 300– to be applied in such way as you may consider most useful. (25th July,1916)"

"મેં આપને છેલ્લો પત્ર લખ્યા બાદ મી. પીકરીંગ તરફથી મને એક પત્ર મળ્યો છે. તે પત્ર મેં મીસ એવરેસ્ટના મૃત્યુપત્રના ટ્રસ્ટીઓને લખેલા પત્રનો જવાબ છે અને તે ઘણો જ નિરાશાજનક છે. એમાં તે લખે છે કે યુદ્ધના કારણસર નોટોના ભાવ ઉતરી ગયા છે અને તેથી

Gandhi Heritage Portal

હિંદુસ્તાનને આપવાની રકમો માટે, અમુક વખત પર્યંત તો, કંઇએ બાકી રહેવાનું નથી અને રહેશે તોપણ તે ઘણું જ થોડું હશે.

" 'ઈંડિયા' પત્રનો આ અઠવાડીઆનો અંક આપ મહેરબાની કરી જોઇ લેવો. મેં એમાં પત્ર લખ્યો છે અને તેમાં એકંદર પરિસ્થિતિ સ્પષ્ટ કરી બતાવી છે. અને આ પ્રસંગે જ આપ હિંદી સ્ત્રીઓની ઉન્નતિ માટે જે જે ચળવળો કરી રહ્યા છો એની ટુંક હકીકત ઇંગ્લંડમાં રહેતા હિંતચિંતકો માટે આપી છે.

" હિંદી સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ સારૂ જે ચળવળની પુનામાં સ્વતંત્રપણે શરૂઆત થઇ છે તેની સાથે મારો સંબંધ હોય એમ લાગવાથી હું આ સાથે ત્રણસો રૂપીઆનો ચેક મોકલું છું. એનો અવશ્ય સ્વીકાર કરી તમને યોગ્ય લાગે તે માર્ગે એનો વિનિયોગ કરશો. ( તા. ૨૫ જુલાઇ ૧૯૧૬)"

" I was also particularly interested to receive the little illustrated pamphlet containing the history of the Widow's Home. I have been reading it aloud to Lady Wedderburn who much appreciates your work. (13th September 1916)."

" અનાથ બાલિકાશ્રામના ઇતિહાસનું એક નાનકડું પુસ્તક મળ્યું, તે હું રસપૂર્વક જોઇ ગયો છું. લેડી વેડરબર્નને હું તે વાંચી બતાવું છું. આપનું કાર્ય એમને બહુ પસંદ પડયું છે. ( ૧૩ મી સપ્ટેમ્બર ૧૯૧૬ )."

" I hope that you duly received copy of 'Jus Suffraji' in which I wrote an article on Indian Women's University. It was written at the request of Mrs. Henry Fawcett, and marked copies were sent to a number of influential people here and in India, including Lords Morley, Bryce, and Reay the Viceroy and Governors of Bengal, Madras and Bombay. ( 13th September, 1916 )"

" 'જસ સફ્રેજી' પત્રનો અંક આપને મળ્યો હશે. મીસીસ હેન્રી ફોસેટની વિનંતિથી એમાં મેં ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠ પર એક લેખ લખ્યો છે. એ અંકના તે લેખ પર નિશાની કરી અહીં અને હિંદુસ્થાનમાં

Gandhi Heritage Portal

સારાસારા વજનદાર ગૃહસ્થો તરફ તે રવાના કરવામાં આવ્યો છે. આ ગૃહસ્થોમાં લૉર્ડ મોર્લી, લૉર્ડ બ્રાઈસ, લૉર્ડ રે, તેમજ હિંદુસ્થાનના વાઈસરોય અને મુંબઈ, મદ્રાસ, ને બંગાળા ઇલાકાના ગવર્નરો પણ છે. ( ૧૩ સપ્ટેમ્બર ૧૯૧૬ )."

મારા એક મિત્રને સ્ત્રીયુનિવર્સિટીની મારી કલ્પના ગમી નહિં. યુનિવર્સિટી ખુલ્લી મુકાવાના અરસામાં જ સરકારે સ્ત્રીશિક્ષણ સંબંધી આગેવાન ગૃહસ્થોનો અભિપ્રાય મંગાવ્યા હતા. એ સંબંધી મારા એ મિત્રે તા. ૨૫ જુન ૧૯૧૬ ના દિવસે એટલે યુનિવર્સિટી ખુલ્લી મુકાયા પછી ત્રણ અઠવાડીઆં બાદ, સરકાર પર પત્ર લખી પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. મજકુર પત્રની નકલ એમને સર વીલીઅમ સાથે પત્રવ્યવહાર હોવાથી તેમના તરફ મોકલી આપી. એનો ઉત્તર તેમણે મારા મિત્રને લખ્યો. અને એમનો એ ઉત્તર મારા મિત્રે અવલોકનાર્થે મારા તરફ મોકલ્યો. એમાંનો કેટલોક ભાગ અહીં આપું છું.

"I confess that my sympathies are with Professor Karve's gallant attempt to found a Women's University. It may be a forlorn hope, but no great stronghold is taken without such an attack, and as the attempt is being made, I would gladly see it supported by all enlightened friends of Women's Higher Education. ( 24th September, 1916 )."

"પ્રો. કર્વેએ સ્ત્રીઓ માટે વિશ્વવિદ્યાલય કાઢવાનો જે હિમ્મતભર્યો પ્રયત્ન શરૂ કર્યો છે તેને મારી પૂર્ણ સહાનુભૂતિ છે એવું કબુલ કરૂં છું. એમની આશાને ખાસ આધાર ન હોય પરંતુ કોઇ પણ મજબુત કિલ્લો એવા હલ્લા વગર તાબે કરી શકાતો નથી. અને જે આશયથી આવા પ્રયત્નની શરૂઆત થાય છે તે ખાતર સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણમાં આસ્થા ધરાવનારા બધા સુસંસ્કૃત લોકો તેમને સહાય કરશે તો મને આનંદ થશે.

સર વીલીઅમ વેડરબર્ને 'ઇંડિઆ બેનીફીટ ફંડ' કાઢયું હતું. તેમના પછી તેમના મિત્ર મી. એચ. એસ. એલ. પોલાક એ ફંડની વ્યવસ્થા કરતા. તે વખતે તેમાંથી આશ્રમને દોઢસો પાઉંડ અને મહિલા વિદ્યાપીઠને ૧૦૦ પાઉંડ આપવામાં આવ્યા.

Gandhi Heritage Portal

ડૉ. લાંડેની ભેટ એમને ભૂષણાસ્પદ અને મારા જેવા કામ કરનારાને અત્યંત ઉત્તેજનકારક છે. મેટ્રિક્યુલેશનની પરીક્ષા માટેનો અભ્યાસ પૂરો કરવા માટે પણ પાસે પૈસા ન હોવાથી તેમને સાતમા ધોરણમાંથીજ હોસ્પિટલ-એસિસ્ટંટના વર્ગમાં જવું પડયું. પાછળથી સરકારી નોકરીમાં દાખલ થયા બાદ તક મળતાં જ તેમણે આફ્રિકા પોતાની બદલી કરાવી લીધી. છેવટે તેઓ યુગાંડા પ્રાંતના જીંજા શહેરમાં હતા. આશ્રમમાં તેમણે પોતાની વિધવા ભાણેજને ભણવા રાખી હતી, અને તેઓ એક વેળા આશ્રમ જોઇ ગયા હતા. જુન ૧૯૧૬ માં વિદ્યાપીઠ શરૂ થયું અને માર્ચ ૧૯૧૭ માં તેઓ પરલોકવાસી થયા. આ વખતે યુનિવર્સિટીનું મનને સંતોષ થાય એવું બીલકુલ કામ થયું નહોતું. ડૉ. લાંડેએ વર્તમાનપત્ર અને માસિકોદ્વારા આ વિદ્યાપીઠ માટે થોડું વાંચ્યું હતું એટલું જ. તા. ૨૫ મી માર્ચ ૧૯૧૭ ના રોજ મૃત્યુ-પત્ર કર્યા પછી તા. ૩૦ મી માર્ચ ૧૯૧૭ ના દિવસે તેઓ ગુજરી ગયા. મૃત્યુપત્રમાં

"Trustees of Karve Female University (or whatever be the name of the Institution at Poona, India) will be my trustees in India."

"'કર્વે ફીમેલ યુનિવર્સિટી' (કે હિંદુસ્થાનમાં પુના શહેરની આ સંસ્થાનું જે નામ હોય તે નામની સંસ્થા) ના ટ્રસ્ટીઓ એ મારા હિંદુસ્તાન-માંના ટ્રસ્ટીઓ છે" એવો ઉલ્લેખ હતો.

આ મૃત્યુપત્ર મુજબ પૈસા કબજામાં આવવામાં અનેક અડચણો પડે એવું હતુ. યુગાંડામાં વારસા સંબંધી કાયદાની ૧૦૫ મી કલમ નીચે પ્રમાણે છેઃ—

Clause 105 of the Uganda Succession Ordinance is: "No man having a nephew or niece or any nearer relative shall have power to bequeath any property to religious or charitable uses, except by will executed not less than 12 months before his death and deposited within six months from its execution in some place provided by law for the Safe Custody of the wills of living persons."

"પોતાની પાછળ માલમત્તાનો ઉપયોગ ધર્મ અગર પરોપકારના કાર્યમાં થાય એવું કોઇને લાગતું હોય અને તેનો ભત્રીજો કે ભત્રીજી કે

Gandhi Heritage Portal

ભાણેજ કે ભાણેજી અથવા એવું કોઈ પાસેનું સગું હયાત હોય તો તેણે મૃત્યુ પહેલાં કમીમાં કમી ૧૨ માસ ઉપર એ સંબંધીનું મૃત્યુપત્ર કરી, તે કર્યા બાદ ૭ મહિનાની અંદર કાયદામાં જણાવ્યા મુજબ યોગ્ય અધિકારીને તે સ્વાધીન કરાયું હોવું જોઇએ."

યુગાંડાની હાઇકોર્ટે ત્યાંના ટ્રસ્ટીઓને પ્રોબેટ આપતી વખતે જ નીચલી શરત દાખલ કરી હતી:—

"Leave to send the money to the trustees in India is given on Mr. Home (ત્યાંના ટ્રસ્ટીના વકીલ) undertaking to inform the trustees, the wives and nephew that payment of the legacies to charitable institutions in this case is contrary to Section 105 of the Uganda Succession Ordinance 1905."

"મૃત્યુપત્રમાં નોંધેલી રકમો ધર્માદા સંસ્થાઓને આપવી એ યુગાંડામાં વારસા સંબંધી ૧૯૦૫ માં થયેલા કાયદાની ૧૦૫ મી કલમ મુજબ કાયદેસર રીતે બંધનકર્તા નથી એ હકીકત ડૉ. લાંડેના મૃત્યુપત્રના ટ્રસ્ટી, તેમની પત્નીઓ અને ભાણેજને જણાવવાનું મી. હોમે સ્વીકારવાથી હિંદુસ્થાનમાંના ટ્રસ્ટીઓને પૈસા મોકલવાની પરવાનગી આપવામાં આવે છે."

આફ્રીકાથી ટ્રસ્ટીઓએ ૪૦૦૦૦ રૂપીઆ અમને મોકલ્યા. એની ડૉ. લાંડેના મૃત્યુપત્ર પ્રમાણે વ્યવસ્થા કરવાની હતી. ડૉ. લાંડેની મા, તેમની બન્ને સ્ત્રીઓ કે ભાણેજે જો વાંધો લીધો હોત તો વિદ્યાપીઠ કે બીજી સંસ્થાઓને કંઇ પણ ફાયદો ન થયો હોત. તેમની મા અને બન્ને સ્ત્રીઓને મળવા માટે હું નાગપુર, વર્ધા અને અહમદનગર ગયો અને તે દરેકને મળ્યો. બહુ આનંદપૂર્વક તેમણે પોતાના સર્વ હક્ક છોડી દેવાનું કબુલ કર્યું અને તે મુજબ સ્ટેમ્પ પર ફારગતીની ચીઠ્ઠી લખી આપી. એ ઠેકઠેકાણે સબરજીસ્ટ્રારો પાસે નોંધાવવામાં આવી અને એ ફારગતીની ચીઠ્ઠી મુંબઇની હાઇકોર્ટમાં દાખલ થયા બાદ ટ્રસ્ટીઓને પ્રોબેટ મળ્યું, અને અહીંની બધી મીલ્કતની પણ વ્યવસ્થા કરી મૃત્યુપત્ર પ્રમાણે વહેંચણી થઇ. તેમના મૃત્યુપત્ર પ્રમાણે રૂ. ૨૦૦૦ પૈસા ફંડને, રૂ. ૨૦૦૦ ડિપ્રેસ્ડ કલાસ મિશનને, રૂ. ૩૦૦૦ નેટિવ ઇન્સ્ટિટયુશનને અને રૂ. ૫૦૦ નડિયાદના અનાથ આશ્રમને આપવામાં આવ્યા. વળી રૂ. ૩૦૦૦ તેમની માતુશ્રીને, રૂ. ૨૦૦૦ મોટી પત્નીને અને રૂ. ૫૦૦ તેમની


Gandhi Heritage Portal

બહેનને આપવામાં આવ્યા અને નાની પત્નીને તે ત્રીસ વર્ષની થાય ત્યારે રૂ. ૨૦૦૦ આપવાના છે. એ સિવાય દર મહિને રૂ. ૨૫ તેમની માતુશ્રીને અને ૩૦ તેમની દરેક પત્નીને તેમની હયાતી દરમ્યાન આપવાના છે. અત્યાર સુધી ડૉ. લાંડેની મીલકતમાંથી રૂ. ૨૬૭૪૯–૨–૩ ની રકમ પૂના શહેરમાં નાથીબાઈ કન્યાશાળા માટે જે 'વિઠ્ઠલ રાઘોબા લાંડે' મકાન ઉભું થયું છે તેના ખર્ચ માટે આપવાને મળેલી છે. અને એ ટ્રસ્ટમાંથી રૂ. ૧૫૮૧૪–૯–૧૦ ની રકમ પ્રોમીસરી નોટો વગેરે સ્વરૂપમાં જુદી મુકવામાં આવી છે.

વિદ્યાપીઠની બાલ્યાવસ્થામાં જ આ અકલ્પિત રકમ અનેક અડચણો પછી પણ મળ્યાથી મને ઘણો જ આનંદ થયો. જેમની પાસે અગાધ સંપત્તિ હોય તેઓ મોટી મોટી રકમો આપે તેમાં ખાસ વિશેષતા જેવું નથી, પણ મધ્યમ સ્થિતિના માણસે પોતાના કષ્ટથી મેળવેલી ઘણી જ મોટી મીલકતનો સુમારે ચાર પંચમાંશ ભાગ લોકોપયોગી સંસ્થાઓને વહેંચી આપવો એ ખરેખર મોટી અભિમાન લેવા જેવી બાબત છે.

વિદ્યાપીઠનું કાર્યક્ષેત્ર બને તો વિસ્તૃત કરવું, એવા ઉદ્દેશથી અમદાવાદમાં ચાલતા મહિલા વિદ્યાલયને વિદ્યાપીઠ સાથે જોડવાનો પ્રયત્ન કરવા માટે હું ત્યાં ગયો. એ વિદ્યાલયની વ્યવસ્થાપક મંડળીના સભાસદોને વ્યકિતગત તેમજ એકજ ઠેકાણે મળ્યો અને આ સંબંધી ચર્ચા કરી. ત્યાંના લોકોને એમની શાળા આ વિદ્યાપીઠ સાથે જોડવાનું ગમ્યું નહીં. તેમણે પણ સરકારી અભ્યાસક્રમ ઠરાવ્યો હતો.

મેટ્રિકયુલેશનની બરોબરીની શાળાની અંદરની પરીક્ષા લેવાનું તેમણે નક્કી કર્યું અને પોતાનું કામ સ્વતંત્રપણે ચલાવવાનું ઠરાવ્યું. અમદાવાદમાં યશ મળ્યો હોત તો સુરત જઇ ત્યાંના મહિલા વિદ્યાલયના ચાલકોને એવી જ વિનંતી કરી હોત. પરંતુ ત્યાં નિષ્ફળ થવાથી સુરત જવાનો વિચાર મેં માંડી વાળ્યો.

જાલંધર કન્યા મહાવિદ્યાલય માટે પણ પ્રયત્ન કરી જોવો એમ મને લાગ્યું. ૧૯૧૮ માં પ્રચારકાર્ય અને દ્રવ્ય માટે પંજાબમાં ફરતાં ત્યાંના કન્યા મહાવિદ્યાલયના ઉત્પાદક અને પ્રવર્તક લાલા દેવરાજને ત્યાં જ હું ઉતર્યો હતો. તે વખતે એ સંસ્થાનો ઉત્સવ હોવાથી સૌ. સરોજીની નાયડુ પણ આવ્યાં હતાં. તેમના પ્રમુખપદ હેઠળ મારું વ્યાખ્યાન થયું અને 'તમે પંજાબમાં સ્ત્રીઓ માટે જુદી યુનિવર્સિટી કાઢો, નહીં તો કન્યા મહાવિદ્યાલયને

Gandhi Heritage Portal

અમારી યુનિવર્સિટી સાથે જોડી દ્યો ' એવો વિચાર મેં પ્રદર્શિત કર્યો. તે મિસીસ નાયડુને પણ ગમ્યો. પરંતુ એમ બની શક્યું નહિ.

વર્ષમાં ઓછામાં ઓછા સાત આઠ મહિના આ નવીન કલ્પનાના પ્રચાર માટે અને દ્રવ્યની મદદ માટે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં હું ફરતો રહેતો. ૫ મી જાન્યુઆરીનું ૧૯૨૦નું વિદ્યાપીઠની હકીકતનું વિનંતીપત્ર છાપેલું છે, એમાં હું જે જે ઠેકાણે દ્રવ્ય માટે ગયો તેની યાદી આપવામાં આવી છે, જે એમને એમજ નીચે આપું છું તે પરથી મારા પ્રવાસનો ખ્યાલ આવશે.

## સ્થળોની યાદીઃ—

**મહારાષ્ટ્રઃ**—સોલાપુર, સતારા, વાઇ, નાશિક, સિન્નર, માલેગાંવ, પિંપળગાંવ, બસવંત, જળગાંવ, ભુસાવળ, યાવળ, અહમદનગર, યેવલે, ચાળિસગાંવ, ધુળીઆ, અમલનેર, સાસવડ, ભોર, ભાટગર, શિરવળ, જુન્નર અને ખેડ.

**કોંકણઃ**—કલ્યાણ, ભીવંડી, થાણા, વસઇ, પનવેલ, ઉરણ, અલિબાગ, મહાડ, દાપોલી, ચિપલુણ, ગુહાગર, રત્નાગિરી, રાજાપુર, દેવગઢ, માલવણ, વેંગુર્લે અને શિરોળ.

**કર્ણાટકઃ**—બેલગામ, ધારવાડ, હુબલી, કુંદગોળ, ગદગ, બાગલકોટ, મુદ્દેલિહાળ, વિજાપુર અને કારવાર.

**વરાડઃ**—ઉમરાવતી, અકોલા, યવતમાળ, એલિચપુર, મૂર્તિજાપુર, કારંજા, શેગાંવ, ખામગાંવ, મલકાપુર, બુલડાણા અને વણી.

**મધ્ય પ્રાંતઃ**—નાગપૂર, વર્ધા, બરહાનપુર, ખંડવા, આર્વી, હિંગણઘાટ, વરોરા, ચાંદા, ભંડારા, હોસંગાબાદ, ઇટારસી, સોહાગપુર, ગાદરવાડી, નરસિંગપુર, જબલપુર, સિહોરા, કટણી, દમોહ, સાગર, ખુરઇ, હર્દા અને ટેંભુર્ણી.

**વડોદરા સંસ્થાનઃ**—વડોદરા, પેટલાદ, મહેસાણા, વિસનગર, વડનગર, પાટણ અને અમરેલી.

**ઉત્તર ગુજરાતમાંનાં સંસ્થાનોઃ**—પાલણપુર અને સીદ્ધપુર.+

**ગુજરાતઃ**—વલસાડ, સુરત, ભરૂચ, આણંદ, નડિઆદ, ખેડા, અમદાવાદ, ગોધરા અને દાહોદ.

+ આ સ્ખલન છે. સીધપુર વડોદરા રાજ્યમાં ગણાવું જોઈએ.

Gandhi Heritage Portal

**કાઠિયાવાડઃ**—લિંબડી, ભાવનગર, વડિઆ, જેતપુર, જૂનાગઢ, ગોંડળ, રાજકોટ, જામનગર, વાંકાનેર અને ધ્રાંગધ્રા.

**મધ્ય હિંદુસ્થાનઃ**—મહુ, ધાર, દેવાસ, રતલામ, ઉજ્જન, ભોપાળ, સિહોર, નરસિંહગઢ, બીયાવર અને રાજગઢ.

**ઇંદોર સંસ્થાનઃ**—ઇંદોર, બઢવાઇ, મંડલેશ્વર, મહેશ્વર, સનાવદ, ખરગોણુ, મહિદપુર, ગરોઠ, રામપુરા, કન્નોદ અને ખાતેગાંવ.

**રાજપુતાનાઃ**—ઝાલરાપટ્ટણ.

**માઇસોર સંસ્થાનઃ**—નંજનગુડ, માઇસોર, શ્રીરંગપટ્ટણ, ફ્રેંચ રોકસ, ચેન્નાપટ્ટણ, બેંગલોર, તુમકુર, મદ્દિગેરી, હાસન હોલે–નરસીપુર, ચિકમગલુર, શિમોગા, સાગર અને તીર્થહ્લી.

**મદ્રાસ ઇલાકોઃ**—મદ્રાસ, તંજાવર. કુંભકોનમ, મદુરા, ત્રિચીનાપલ્લી, સેલમ, વિજાગાપટ્ટણ, રાજમહેંદ્રી અને બરહામપુર.

**બંગાળા**—કલકત્તા.

**સંયુક્ત પ્રાંતઃ**—બનારસ, અલ્લાહાબાદ અને આગ્રા.

**પંજાબઃ**—પેશાવર, રાવળપિંડી, જેલમ, ગુજરાત, સિઆલકોટ, ગુજરાનવાલા, લાહોર, અમૃતસર, ફીરોઝપુર, જલંદર, હોશિઆરપુર, અંબાલા અને દિલ્લી.

**સિંધઃ**—કરાંચી, હૈદ્રાબાદ, સક્કર, રોહરી, શિકારપુર અને લારખાના.

**પોર્ટુગીઝ પ્રાંતઃ**—પણજી, મ્હાપસેં અને પેડણેં.

**હિંદુસ્થાનમાંનાં નાનાં સંસ્થાનોઃ**—ઇચલકરંજી, મુરૂડ, (જંજીરા) સાવંતવાડી, કુડાળ અને ભોર.

પહેલાં ચાર વર્ષમાં વિદ્યાપીઠના કાર્યને ધાર્યા કરતાં વિશેષ યશ મળ્યો. એટલી દ્રવ્યની સહાય મળશે એવું મને સ્વપ્ને પણ લાગ્યું નહોતું. અમારી પરીક્ષાઓને સરકારની માન્યતા નથી એથી મહિલાશ્રમમાંની કેટલીક સ્ત્રીવિદ્યાર્થીનીઓ સરકારી વિદ્યાલયોમાં ગઇ. એવી સ્થિતિમાં પણ કોલેજને એટલી પણ સ્ત્રીવિદ્યાર્થીનીઓ મળી, એ બાબત સંતોષકારક જ હતી.

Gandhi Heritage Portal

# પ્રકરણ છઠ્ઠું.

## સર વિઠ્ઠલદાસ ઠાકરસીની અણધારી ઉદાર બક્ષિસ.

સર વિઠ્ઠલદાસ ઠાકરસીને અમારી યુનિવર્સિટી માટે ખાસ પ્રેમ ઉત્પન્ન થવાનું જે કારણ બન્યું તે અણધાર્યું જ કહેવાય. પોતાની માતુશ્રીના નામે સ્કોલરશિપો આપવા માટે દરસાલ એક હજાર રૂપીઆ આશ્રમને આપવાનો સર વિઠ્ઠલદાસે ક્રમ શરૂ કર્યો હતો. તેને બે વર્ષ થયાં હતાં. તે વેળા સ્ત્રી યુનિવર્સિટી માટે મદદ માગવા હું તેમને ત્યાં ગયેલો અને તેમણે એક હજાર રૂપીઆ આપ્યા હતા. પાછળથી સર વિઠ્ઠલદાસ, સર વિશ્વેશ્વર અપ્પા, શેઠ મુળરાજ ખટાઉ અને બીજા બે ત્રણ ગ્રહસ્થોની એક મંડળી પૃથ્વી-પ્રદક્ષિણા માટે નીકળી ત્યારે લેડી વિઠ્ઠલદાસ અને તેમની સાથે બીજી બે સ્ત્રીઓ હતી. 'તમારી કોલેજમાંની કોઇ હોંશિયાર બાઇ સારૂં અંગ્રેજી જાણતી હોય અને અમારી સાથે આવવા તૈયાર હોય તો તેને લેડી વિઠ્ઠલદાસની સહચરી તરીકે અમારી સાથે લઈ જઇએ' એવું સર વિઠ્ઠલદાસે મને જણાવ્યું. શ્રીમતી સીતાબાઇ અણિગેરી તે વખતે કોલેજમાં શીખતાં હતાં, તે જવાને તૈયાર થયાં, અને તેમને લઈ હું સર વિઠ્ઠલદાસ પાસે ગયો. થોડીક વાતચીત થયા બાદ તેમણે તેમને બે દિવસ ઘેર રહેવા માટે બોલાવ્યાં અને કામ આવશે એમ જોઇ સાથે લીધાં. આખી મંડળી ચીન થઇને જાપાન ગઇ અને ત્યાંના ટોકિયો શહેરમાંની સ્ત્રીઓની યુનિવર્સિટીની મુલાકાત લીધી. આ વાત ૧૯૧૯ માં બની. ત્યાં સત્તરસો સ્ત્રીવિદ્યાર્થીઓ એ યુનિવર્સિટીની શાળાઓ અને કોલેજોમાં શીખતી હતી અને સાતસો સ્ત્રીવિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી સાથેના વસતિગૃહમાં રહી શિક્ષણનો લાભ લેતી હતી. આપણે ત્યાંનું શિક્ષણ બહુધા પુસ્તકીજ્ઞાનના સ્વરૂપનું હોય છે. પણ ત્યાં તો બાગબગીચા બનાવવા, શાસ્ત્રીય પદ્ધતિથી કપડાં ધોવાં, રસોઇ કરવી, ઓરડાઓની વ્યવસ્થા રાખવી વગેરે વિષયો સ્ત્રીવિદ્યાર્થી પાસેથી પ્રત્યક્ષ કામ કરાવી શીખવવામાં આવતા હતા. ત્યાંની બધી વ્યવસ્થા જોઇ સર વિઠ્ઠલદાસના મન પર ઘણી જ અસર થઈ. એવા પ્રકારની યુનિવર્સિટી હિંદુસ્થાનમાં સ્થપાય એ વિચાર ત્યારથી તેમના મનમાં ઘોળાવા લાગ્યો. જાપાનથી અમેરિકા જતાં રસ્તામાં આગબોટ પર વાતોચીતો માટે પુષ્કળ વખત મળતો. તુતકપર બધાં ભેગાં બેસી કોઇ કોઇ વખત કલાકોના કલાકો વિવિધ સંભાષણમાં પસાર કરતાં. ઘણી વખત સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીયુનિવર્સિટીનો પ્રશ્ન ઉભો થાય, ત્યારે સીતાબાઇને અનેક પ્રશ્નો પુછાતા. સ્વાર્થત્યાગપૂર્વક પોતાનુંજ ગણીને કામ કરનારૂં બાલિકાશ્રમમાં કોણ

Gandhi Heritage Portal

કોણ છે ? સમાજની કયા કયા દરજ્જાની સ્ત્રીવિદ્યાર્થીઓ ત્યાં આવે છે ? સવારથી સાંજ સુધીનો શો કાર્યક્રમ હોય છે ? વગેરે અનેક પ્રશ્નોના ઉત્તર સીતાબાઇને આપવા પડતા. એની અસર પણ સર વિઠ્ઠલદાસના મન પર ઘણી થઈ. સીતાબાઇ તેમની સાથે બરાબર નવ મહિના રહ્યાં હતાં અને તેમના વર્તનથી સર વિઠ્ઠલદાસ ખુશ થઇ ગયા. ક્યારેક ક્યારેક રસોયો માંદો પડતો ત્યારે સીતાબાઇ આગળ પડી કામ કરી લઇ મુસ્કેલી જણાવા દેતાં નહિ. ક્યારેક ક્યારેક સ્થાનિક આગેવાન માણસોને જમાડવાનો પ્રસંગ આવતો ત્યારે સીતાબાઇ પોતે પકવાનો તૈયાર કરતાં અને પરદેશી માણસોને આપણા દેશની રીતભાતો બતાવી પ્રસંગ ઉત્તમ રીતે જળવાય એવું કરતાં. જાપાનની સ્ત્રીયુનિવર્સિટી જેવી સંસ્થા આપણા દેશમાં સ્થપાય એ વિચાર સર વિઠ્ઠલદાસના મનમાં વિશેષ દૃઢ થતો ગયો અને સીતાબાઇની કર્તવ્યપરાયણતાએ તેને પુષ્ટિ આપી. સીતાબાઈ અણ્ણિગેરી અનાથબાલિકાશ્રમની મંડળીની આજન્મ સેવિકા છે. સર વિઠ્ઠલદાસે તેમને કપડાંલત્તાં વિગેરેનો સર્વ ખર્ચ આપ્યો અને પાછા આવ્યા બાદ પાંચસો રૂપીઆનો ચેક આપ્યો. શરૂઆતમાં તેમની સાથેં કોઈ પણ જાતનો કરાર કરેલો નહોતો. તેમણે પાછા આવ્યા બાદ કોલેજનો પોતાનો અભ્યાસ પુરો કરી જી. એ. ની પદવી મેળવી અને તેઓ અત્યારે મુંબઇની નાથીબાઈ કન્યાશાળાની મુખ્ય અધ્યાપિકાની જગ્યાએ છે.

સર વિઠ્ઠલદાસ મુસાફરીએથી પાછા ફર્યા ત્યારે તેમને અને સીતાબાઇને મળવા માટે હું મુંબઇ ગયો હતો, અને આગબોટમાંથી ઉતરતાં જ તેમને બંદર ઉપર મળ્યો. ત્યારે તેમણે કહ્યું કે ત્રીજા પહોરે મને મળ્યા વગર પૂના પાછા જશો નહીં. ત્રીજે પહોરે તેમના બંગલામાં તેમને મળવા આવેલા લોકોની ભીડ હતી. તે વેળા તેમણે મને એટલું જ કહ્યું કે તમારી યુનિવર્સિટી સંબંધી મારે ઘણી વાતચીત કરવાની છે; મને વખત મળતાં તમને જણાવીશ. પછી પ્રિન્સિપાલ કેશવરાવ કાનિટકર અને ડો. પરાંજપેની સાથે હું તેમની પાસે બે ત્રણ વખત મહાબળેશ્વર ગયો અને એ સંબંધી ચર્ચા કરી. આખરે તેમણે પોતાની સૂચનાઓ યુનિવર્સિટી આગળ મોકલી. એ થોડા ફેરફાર સાથે મંજુર થઈ. આખરે જે શરતો નક્કી થઇ તેમાંની મૂખ્ય નીચે પ્રમાણે છેઃ—

૧ સર વિઠ્ઠલદાસ ઠાકરસી અને તેમના વારસ તથા મૃત્યુપત્રના વ્યવસ્થાપકોએ વિદ્યાપીઠને દરસાલ સાડા બાવન હજાર રૂપીઆ હંમેશ આપ્યા કરવા.

Gandhi Heritage Portal

૨ તેમની આ બક્ષીસ બદલ વિદ્યાપીઠે નીચલી બાબતો અમલમાં મુકવી.

(અ) વિદ્યાપીઠે પોતાનું નામ બદલી 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી ઇંડિયન વીમેન્સ યુનિવર્સિટી' અથવા 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી ભારતવર્ષીય મહિલા-વિદ્યાપીઠ' રાખવું.

(બ) વિદ્યાપીઠે તરત જ પુનામાં એક હાઇસ્કુલ કાઢવી.

(ક) વિદ્યાપીઠે હિંગણેની કોલેજ એકદમ પોતાના તાબામાં લેવી અને તરત જ તેને શહેરની પાસે લઈ જઈ ત્યાં વસતિગૃહની સગવડ કરવી.

(ડ) વિદ્યાપીઠે મુંબઇમાં બનતી ત્વરાએ એક હાઇસ્કુલ કાઢવી ને એમાં મરાઠી અને ગુજરાતી બન્ને શાખાઓ રાખવી. અને હાઇસ્કુલનો વિકાસ થઇ આગળ ઉપર કોલેજ કાઢી શકાય એવું તેનું ધોરણ રાખવું.

(ઇ) પૂર્ણ કોલેજ થયા બાદ અને જરૂરી મકાનો બંધાઇ રહ્યા પછી વિદ્યાપીઠનું થાણું પુનાથી મુંબઇ લાવવું. એમ થાય ત્યાં સુધી ૧૯૨૧ ના જુનથી સેનેટની સભાઓ મુંબઈમાં ભર્યા જવી અને ત્યારથી સિંડિકેટની સભા પણ મુંબઇ કે પુના પૈકી કોઇ પણ સગવડવાળી જગ્યાએ ભરવી.

(ફ) પૂનાની હાઇસ્કુલ અને કોલેજને અનુક્રમે શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી કન્યાશાળા અને શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા પાઠશાળા એ નામો આપવાં. વળી જે શિક્ષણ આપનારી સંસ્થાઓનું બધું ખર્ચ વિદ્યાપીઠ તરફથી જ મળતું હોય તે સર્વેને શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસીનું જ નામ આપવું.

(ગ) મારી હયાતીમાં અને ત્યારબાદ દામોદર ઠાકરસીના પુરૂષ વારસે સેનેટમાં પાંચ સભાસદો નીમવા. તેમાંના ત્રણને સેનેટના પ્રતિનિધિ થવા માટે જે જે શરતો લાગુ પડતી હોય તે લાગુ પાડવી જોઇએ; પણ બાકીના બન્નેને સેનેટમાં ચાલતા કામમાં યોગ્ય ભાગ લઇ શકાય એટલી શરત બસ છે.

૩ વિદ્યાપીઠે કાં તો સરકારી માન્યતા મેળવવી અગર મારી રકમ જેટલું બીજું ફંડ એકઠું કરવું. એ પ્રમાણે થયા બાદ જે પ્રોમિસરી નોટોનું વ્યાજ રૂપીઆ ૫૨૫૦૦ આવે એટલી નોટો વિદ્યાપીઠને સ્વાધીન કરવામાં આવે. તે પછી દર સાલ સાડા બાવન હજાર રૂપીઆ આપવાની જવાબદારી રહેશે નહીં.

આ શરતો મંજુર થઇ અને રકમનો સ્વીકાર થયા બાદ હિંગણેની કોલેજની એટલે મહિલા પાઠશાળાની વ્યવસ્થા વિદ્યાપીઠના હવાલે સોંપવામાં આવી અને પુનાની કન્યાશાળા પણ વિદ્યાપીઠના હવાલે સોંપાઇ અને એ

Gandhi Heritage Portal

બન્નેને શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા પાઠશાળા અને શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી કન્યાશાળા એ નામો આપવામાં આવ્યાં. એવી શાળાનો સમાવેશ થઈ શકે એવું ખરીદી લઇ શકાય એવું મકાન, કે એકાદી છુટી જગ્યા મળી શકે છે કે કેમ એ જોવા માટે સર વિઠ્ઠલદાસ, પ્રો. કાનિટકર અને મેં એ ત્રણ વેળા તપાસ કરી; પરંતુ મનપસંદ જગ્યા ન મળી. કૉલેજ માટે હાલની જગ્યા સર વિઠ્ઠલદાસને બહુ ગમી અને તે તરત જ એકરના ચૌદસો રૂપીઆ પ્રમાણે ૨૪ એકર ખરીદ કરી. ઇમારત, પ્લાન અને એસ્ટિમેંટ સર વિઠ્ઠલદાસે પોતે પોતાની દેખરેખ હેઠળ કરાવ્યાં અને કૉલેજની ઈમારત બંધાવવાનું કામ બંડ ગાર્ડન પાસેની ટેકરી પર આવેલો એમનો બંગલો જેમણે બાંધેલો તેને એટલે શ્રીયુત નારાયણ વિષ્ણુ આઠવલેને સોંપવામાં આવ્યું. કૉલેજ માટે મનપસંદ ઇમારત તૈયાર કરાવવી એવું સર વિઠ્ઠલદાસના મનમાં હતું અને તેથી પ્લાન તૈયાર કરાવતાં તેમણે તેમાં વારંવાર ફેરફાર કરાવેલા. એમનો આગ્રહ ન હોત તો મકાન પર એટલા પૈસા અમે તો ન જ ખરચત. તે વેળા અમારી પાસે રોકડ ન હોવાથી તેમણે એક લાખ છાસી હજાર રૂપીઆ વિદ્યાપીઠને વગર વ્યાજે ઉછીના આપ્યા અને તે અમારે હપતે હપતે પાછા આપવા એવું ઠરાવ્યું. એ રકમનો છેવટનો પચીસ હજારનો હપતો ગયા ડિસેંબરમાં આપવામાં આવ્યો. દુર્ભાગ્યની વાત એટલીજ છે કે, કૉલેજ માટે મકાન પુરૂં થયેલું જોવા સર વિઠ્ઠલદાસ જીવ્યા નહિ. તેઓ આજે હૈયાત હોત તો વિદ્યાપીઠને આગળ ધપવાના કામમાં તેમના તરફથી સારી મદદ મળી હોત.

## પ્રકરણ સાતમું.

### વિદ્યાપીઠના ધોરણે ચાલતી શાળાઓ ઉઘાડવાનો પ્રયત્ન.

સર વિઠ્ઠલદાસ પાસેથી મદદ મળી તે પહેલાં પુના શહેરમાં વિદ્યાપીઠના ધોરણે ચાલતી શાળાઓ ઉઘાડવાનો પ્રયત્ન મારી સાથે કામ કરતા મારા મિત્ર શ્રીયુત ગો. મ. ચિપલુણકરે કર્યો હતો. શ્રીયુત ચિપલુણકર અને શ્રીયુત ત્રિ. રા. ગદ્રેએ ૧૯૧૭ના ઓગસ્ટમાં પુનામાં ‘કન્યાશાળા’ સ્થાપવા માટે એક નાનું સરખું મંડળ સ્થાપન કર્યું અને મુંબઇ તથા પુના જઈ તેમણે થોડું ફંડ એકઠું કર્યું અને ૩ સ્ત્રીવિદ્યાર્થીઓ સહિત તે શાળા ૧૯૧૮ના એપ્રિલમાં શરૂ કરી. આશ્રમના આજન્મ સેવકોની આ પ્રયત્ન પ્રત્યે જો કે સહાનુભૂતિ હતી,

Gandhi Heritage Portal

પરંતુ પૈસા સંબંધીની જવાબદારી આશ્રમે લીધી નહીં. વિદ્યાપીઠથી પણ આ શાળાને મદદ કરવાનું શક્ય નહોતું. મદદ મેળવવાની બધી જવાબદારી અમારા બાપુ સાહેબને ( ગો. મ. ચિપલુણકરને અમે બધા બાપુ સાહેબ કહીએ છીએ ) લેવી પડી. એ વર્ષની આખરે શાળામાં ૫૭ છોકરીઓ હતી અને ૧૮૨૦માં તે સંખ્યા ૮૩ પર ગઈ. શાળા પૈસાની મુશ્કેલીમાં તો હતી જ એટલામાં સર વિઠ્ઠલદાસની રકમ મળવાથી તેને વિદ્યાપીઠને સ્વાધીન કરવામાં આવી. બાપુસાહેબનો આ શાળા પરનો સંતાન સરખો પ્રેમ લક્ષમાં લઇ તેનું ઉપરીપણું વિદ્યાપીઠે હજુ પણ તેમને સોંપેલું છે, અને તેમના ઉપરીપણા હેઠળ આ શાળાની ચઢતી કળા પણ થતી જાય છે.

બીજી શાળા ઉઘાડવાનો પ્રયત્ન મુંબઈમાં કરવામાં આવ્યો. આમાં મુંબઇના શ્રીયુત લક્ષ્મણરાવ નાયકે ઘણી મદદ કરી. તે વેળા મુંબઇમાં ચાલુ હોય એવી એકાદી હાઇસ્કુલ જો મહિલા–વિદ્યાપીઠના ધોરણે કામ કરવાને તૈયાર થાય અને મરાઠી તથા ગુજરાતી એમ બન્ને શાખાઓ ચલાવે તો પ્રયત્ન કરી જોવો, અને તે શકય ન હોય તો જુદી હાઈસ્કુલ ઉઘાડવી એવી ઇચ્છા સર વિઠ્ઠલદાસની હતી. એ મુજબ બે ઠેકાણે પ્રયત્ન કરવામાં આવ્યો. ચંદા રામજી ગર્લ્સ હાઇસ્કૂલ આ કામ સ્વીકારે તો જોઇએ, એવા વિચારથી ત્યાંની કમિટિના ઘણાખરા ગુજરાતી સભાસદો પાસે હું અને લક્ષ્મણરાવ ગયા. એ હાઈસ્કુલ એના ટ્રસ્ટના પૈસાથી ચાલતી હોવાથી હાઈકોર્ટની પરવાનગી વગર કમિટીથી એ શાળા ખાનગી યુનિવર્સિટીના ધોરણે ચાલતી કરી શકાય એમ નહોતું. પણ કમિટીની ઇચ્છા હોત તો હાઈકોર્ટની પરવાનગી મેળવવાનું અઘરૂં નહોતું. પરંતુ મુંબઈ યુનિવર્સિટીનું ધોરણ છોડવાનું આ લોકોને ગમ્યું નહીં. પછી શ્રીયુત ગજાનન ભાસ્કર વૈદ્યે શરૂ કરેલી સ્ટુડંટ્સ લિટરરી સોસાયટીની હાઈસ્કુલ સંબંધી પ્રયત્ન કર્યો; પરંતુ તે પણ સફળ થયો નહિ, તેથી મુંબઈમાં જુદી હાઇસ્કુલ ઉઘાડવાની અમને ફરજ પડી. પ્રથમ સર વિઠ્ઠલદાસની સલાહ મુજબ મુંબઇના શ્રીયુત ગોકળદાસ કહાનદાસ પારેખના ચોપાટી પરના મકાનમાં કેટલાક આગેવાન ગૃહસ્થોની સભા ભરી. તેમાં સર વિઠ્ઠલદાસ પણ હાજર હતા. સારા મોટા પાયા પર શાળા ખોલવા સંબંધી ત્યાં ચર્ચા થઇ. શાળા માટે સગવડવાળી જગ્યા મેળવવા માટે હું અને લક્ષ્મણરાવ ઘણું ફર્યા. આખરે ઠાકોરદ્વાર પાસે નવરોજી સ્ટ્રીટમાં નવી બાંધેલી પારસીઓની ચાલના ઉપરના માળની જગ્યા અમે તે માટે પસંદ કરી.

Gandhi Heritage Portal

શાળામાં મરાઠી અને ગુજરાતી એમ બે શાખાઓ રાખવાનું ઠરાવ્યું. શ્રી લક્ષ્મણરાવ નાયક મુંબાઇની સ્મૉલકૉઝ કોર્ટમાં ટ્રાન્સલેટર હતા તેથી તેમને હિંદી ને ગુજરાતી ભાષા સારી આવડતી હતી. તે વખતે તેમણે ફર્લો રજા લીધી હતી. લક્ષ્મણરાવે જ શાળાના સુપ્રિન્ટેન્ડેટ તરીકે કામ કરવું એવી મેં તેમને વિનંતિ કરી ને તેમણે ખુશીથી તે કબુલ કરી, અને રજા પૂરી થતાં જ પેન્શન લઇ છુટા થયા. પૈસાની તાણને લીધે તેમની લાયકાતના પ્રમાણમાં અમારાથી પગાર આપી શકાય એમ ન હતું. શાળાનું ખર્ચ ઘણું આવતું. ભાડા માટે જ કોઈ વાર મુંઝવણ થતી. તેથી શ્રી લક્ષ્મણરાવ ( તે મલબાર હિલ પર રહેતા હોવાથી ) માત્ર ગાડીભાડાનું ખર્ચ લઈ કામ કરવા તૈયાર થયા.

કન્યાશાળામાં કન્યાઓની દેખરેખ રાખે ને શાળામાં જ રહે એવી એક પુખ્ત ઉમ્મરની બાઇ હોય તો ઠીક એમ લાગવાથી તે કામ શ્રીમતી પાર્વતીબાઇ આઠવલેને સોંપ્યું. આગળ પર શાળામાં ગુજરાતીની જરૂર રહી નહિ ને શ્રીમતી સીતાબાઈ અણિગેરીની મુખ્ય અધ્યાપિકા તરીકે નીમણુંક થઇ તેથી પાર્વતીબાઇ ત્યાંથી છુટાં થયાં.

મુંબાઇની શાળા માટે વખત જતાં વિશેષ ખર્ચ કરવું પડશે એ ધ્યાનમાં લઈ સર વિઠ્ઠલદાસની મદદ મળ્યા પછી દર વર્ષના અંદાજપત્રકમાં મુંબાઈની શાળા માટે અમુક રકમ જુદી કાઢવામાં આવતી. આ રીતે થોડી રકમ ચાલુ વર્ષના અંદાજપત્રકમાંથી ને થોડી પહેલાંની શિલ્લકમાંથી લઈ મુંબાઈની શાળાનું ખર્ચ કાઢવાનું ઠરાવ્યું. આ શાળા ૧૯૨૪ ના ફેબ્રુઆરીની ૧ લી તારીખે ઉઘાડવામાં આવી. મુંબાઇમાં શાળા ચલાવવામાં પડતી મુશ્કેલીની હકીકત ૧૯૨૪ના જુન મહિનામાં મળેલી સેનેટ પાસે વાંચવામાં આવેલા રિપોર્ટમાં નીચે પ્રમાણે આપેલી છેઃ—

" The university has also made a further advance by opening a school in Bombay. But it was faced with two difficulties in carrying out the idea. First, the claims of vernaculars as media of instruction are not so keenly recognised by the cosmopolitan citizens of Bombay, as by the inhabitants of other places. Secondly, a school in Bombay necessarily means the outlay of a large amount of money. But the universi-

Gandhi Heritage Portal

ty was bound to take steps in this direction owing to the conditions laid down by the late Sir Vithaldas Thackersey. The first humble step was therefore taken and a small school with Marathi & Gujarati sides was opened in February last. On account of the difficulties mentioned above, it is apprehended that the school may take a long time to flourish, but as stated above, we were bound to try the experiment and the promotors are determined to persevere in the matter and try their utmost to make it a success."

"યુનિવર્સિટીએ મુંબાઇમાં એક શાળા કાઢી પોતાના કાર્યની પ્રગતિ કરી છે. પણ આ વિચારને અમલમાં મૂકવામાં બે મુશ્કેલીઓ નડી હતી. એક તો એ કે મુંબાઈની સર્વજાતીય સમિશ્રવસ્તીને દેશી ભાષાનો શિક્ષણની ભાષા તરીકે ઉપયોગ કરવાની જરૂરીયાત બીજા સ્થળના લોકોને ભાસે એટલી ભાસતી નથી, ને બીજી એ કે મુંબાઇમાં શાળા ચલાવવામાં ઘણું ખર્ચ આવે છે. એમ છતાં પરલોકવાસી સર વિઠ્ઠલદાસે કરેલી શરત મુજબ યુનિવર્સિટીની આવી શાળા કાઢવાની ફરજ છે, તેથી જ નાના પાયા પર એક પ્રયોગ તરીકે ગયા ફેબ્રુઆરીમાં મરાઠી અને ગુજરાતી શાખા સાથે એક શાળા મુંબઇમાં ઉઘાડવામાં આવી હતી. ઉપર જણાવેલી મુશ્કેલીઓને લીધે શાળાની ઉન્નતિ થતાં ઘણો સમય જશે એવી ધાસ્તી રહે છે; પરંતુ ઉપર દર્શાવ્યા મુજબ આ પ્રયત્ન કરી જોવો એ અમારૂં કર્તવ્ય હતું. અને આ બાબતમાં ચીવટ રાખી આ પ્રયત્નને સંપૂર્ણ રીતે સફળ કરવા માટે તનતોડ પ્રયાસ કરવાનો ચાલકોનો નિશ્ચય છે."

ગુજરાતી વર્ગ કાઢવાના હેતુથી દર મહિને ૬૦ રૂ. ના પગારથી એક ગુજરાતી શિક્ષકની યોજના કરી હતી. પણ છ મહિનામાં માત્ર બે ગુજરાતી કન્યાઓ દાખલ થઇ. તેમાંથી એક તો થોડા જ વખતમાં ઉઠી ગઈ. બીજી પણ ટકે એવાં ચિન્હ જણાતાં ન હતાં. તેથી આઠ મહિના પછી ગુજરાતી શિક્ષકને રજા આપી, માત્ર મરાઠી શાખા ચાલુ રાખી. આ શાળાને સર વિઠ્ઠલદાસની શરત પ્રમાણે "શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી કન્યાશાળા, મુંબાઈ" એવું નામ શરૂઆતથી જ આપવામાં આવ્યું છે.

આ શાળાની પ્રગતિ સારી રીતે થાય છે. એના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે સર વિઠ્ઠલદાસની સાથે પૃથ્વીપ્રદક્ષિણા કરી આવનાર શ્રીમતી સીતાબાઈ અણ્ણિ-

Gandhi Heritage Portal

ગેરી કામ કરે છે. હાલ આમાં ૮૨ વિદ્યાર્થીનીઓ ને ૭ ધોરણ છે. આવતા જુનમાં એ હાઇસ્કુલ થશે.

ગુજરાતી શાખા કાઢવાનું કામ તો રહ્યું, પરંતુ મુંબઇના વનિતાવિશ્રામને ગુજરાતી કન્યાઓની હાઇસ્કુલ બનાવવાનો વિચાર કર્યો ને તેને બીજી શાળાને ગ્રાંટ આપવા માટે નાખવામાં આવતી શરતો લાગુ કર્યા વિના ગ્રાંટ આપવાનું સિંડિકેટે કબૂલ્યું. એથી આ વિદ્યાપીઠના ધોરણે ચાલતી ગુજરાતી કન્યાઓની હાઇસ્કુલ વનિતાવિશ્રામના આશ્રય નીચે થોડાજ વખતમાં પૂર્ણતાએ પહોંચશે એવી આશા છે. તેમાં ચાર ધોરણ છે ને તેની મુખ્ય અધ્યાપિકા તરીકે સર ચિમનલાલ સેતલવાડનાં પુત્રી સૌ. શારદા દિવાન એમ. એ. કામ કરે છે. તેમનાં નેતૃત્વ નીચે આ શાળાની પ્રગતિ સારી રીતે થાય છે.

સતારામાં કન્યાઓ માટે અંગ્રેજી શિક્ષણની બિલકુલ સગવડ ન હતી. ન્યુ ઇંગ્લીશ સ્કુલમાં ઘણીખરી કન્યાઓ જતી ને હજુ પણ જાય છે. પણ છોકરાઓની નિશાળમાં કન્યાઓને મોકલવાનું ઘણાંખરાં માબાપોને પસંદ પડતું નહિ તેથી આવી કન્યાઓને શાળાનો લાભ મળી શકત નહિ. શ્રીયુત્ વાગ્ભટ નારાયણ દેશપાંડે, શ્રીયુત્ પંઢરીનાથ વામન ઘાણેકર ને ડૉ. આગાશેને વિચાર થયો કે સતારામાં અમારી યુનિવર્સિટીના ધોરણે એક શાળા સ્થાપવી. તે સંબંધી ચર્ચા કરવા માટે તેમણે શ્રીમતી કમલાબાઇ દેશપાંડેને અને મને બોલાવ્યો. અમે ૧૯૨૨ના ઑક્ટોબરમાં આ વિષયની ચર્ચા કરવા માટે ત્યાં ગયા. શાળા આટલી ઝડપથી નીકળશે એવો કોઇને ખ્યાલ ન હતો. કમલાબાઇએ એમના પિતાને પૂછ્યું ન હતું, ને આશ્રમના આજન્મ સેવકોની સંમતિ પણ લીધી ન હતી. વાત ચાલતી હતી તેવામાં જ મને લાગ્યું કે '**शुभस्य शीघ्रम.**' કમલાબાઇએ શાળાની જવાબદારી લેવી ને ભાઇબીજથી શાળા શરૂ કરવી એવો નિશ્ચય કર્યો. વડીલોની પરવાનગી લીધેલી ન હોવાથી કમલાબાઇનું મન જરા અચકાતું હતું. આશ્રમના આજન્મ સેવક મંડળની પરવાનગી મેળવી લેવાની મેં જવાબદારી લીધી. પછી કમળાબાઈએ હા પાડી. અમે બધાં તરત જ શ્રીયુત દાદાસાહેબ કરંદીકર ને રાવબહાદુર કાળે પાસે ગયા અને તેમની સંમતિ મેળવવામાં આવી ને ભાઇબીજે સવારે દાદાસાહેબ કરંદીકરના ઘર પાસેના તેમના જ બીજા એક ઘરમાં શાળાની શરૂઆત કરવામાં આવી. તે જ દિવસે સંધ્યાકાળે પાઠક હૉલમાં સ્ત્રીપુરૂષોની મોટી સભા ભરવામાં આવી. તેમાં શાળા ઉઘાડવામાં આવી છે એવું જાહેર કરવામાં આવ્યું ને મદદ માટે વિનંતિ કરવામાં આવી. પાંચ છ આગેવાનોએ

Gandhi Heritage Portal

સો સો રૂ. આપ્યા ને ફંડ માટે થાળ ફેરવવામાં આવ્યો તેમાં સારી જેવી રકમ મળી. આ રીતે શાળાની શરૂઆત કરવામાં આવી. જાણીતા લોકો પાસે જઇ ફંડ એકઠું કરવાનું કામ અમે લાગલાગટ બે દિવસ કર્યું. હાલ આ શાળા સંપૂર્ણ હાઇસ્કુલ થઇ ગઇ છે. શાળામાં લગભગ ૯૦ કન્યાઓ છે. આ શાળાને મળેલી સર્વ સફળતા કમળાબાઇને લીધે છે. તેમણે પહેલાં બે વર્ષો કંઈ પણ પગાર લીધા વિના કામ કર્યું ને ત્યાર પછી પણ માત્ર નિર્વાહ પુરતો જ પગાર લઇ કામ કરે છે. તેમની આગેવાની નીચે આ શાળાની હજુ પણ ઉન્નતિ થશે એવી આશા છે.

ફંડ ઉઘરાવવા માટે હું બેલગામ ગયો ત્યારે મને માલુમ પડયું કે ત્યાં કન્યાઓ માટે ઇંગ્રેજી શિક્ષણની સગવડ ન હોવાથી થોડી છોકરીઓ મિશન હાઇસ્કુલમાં જતી હતી. આ સ્થળે પ્રયત્ન કરીએ તો વિદ્યાપીઠના ધોરણે કન્યાઓની શાળા ચાલી શકે એવું મને લાગ્યું. અમારી વિદ્યાપીઠનાં ગૃહીતાગમા શ્રી. બનૂબાઈ આહોને આશ્રમનાં આજન્મ સેવકમંડળે અહિં મોકલવાનું ઠરાવ્યું ને તેમણે ઘણા ઓછા પગારથી કામ કરવાનું કબુલ કર્યું. તે પ્રમાણે હું અને બનૂબાઈ બેલગામ ગયાં ને શ્રી મણેરીકરને સાથે લઇ લોકો પાસે જઇ તેમની પાસેથી વાર્ષિક મદદનાં વચન મેળવ્યાં. આ કામ માટે મારે બેલગામમાં વીસ દિવસ રહેવું પડયું. આ શાળાને શરૂઆતમાં શ્રી બેલવી, શ્રી મુજુમદાર, શ્રી મણેરીકર, શ્રી બોંદ્રે, શ્રી ચિકોડી ને શ્રી ખોતની મારફત ઘણી સારી મદદ મળી છે. શ્રી મણેરીકર અને શ્રી ખોત વૃદ્ધ હોવા છતાં પોતાનો કિંમતી વખત ખર્ચી શાળામાં કન્યાઓને અંગ્રેજી શીખવે છે. આ શાળામાં હાલ ૬૦ વિદ્યાર્થીનીઓ છે. આ શાળાને મળેલો યશ મુખ્યત્વે શ્રી બનૂબાઇના નિરપેક્ષ શ્રમનું જ ફળ છે.

હું સાંગલી ગયો હતો ત્યારે મને માલમ પડયું કે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી પણ કન્યાઓ માટે વર્ગ ન હોવાથી વિદ્યાર્થીનીઓને છોકરાઓની હાઇસ્કુલમાં જવું પડતું હતું. છોકરાની હાઇસ્કુલમાં પોતાની પુત્રીઓને ભણવા મોકલવાનું ન ગમવાથી ઘણાં માબાપો છોકરીઓને ઘેર જ રાખત. પછી અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી શીખવવાની સગવડ સંસ્થાનની કન્યાશાળામાં કરવામાં આવી. પણ એથી આગળનો વર્ગ ચલાવવાની ત્યાંના અધિકારીઓ કે ચીફ સાહેબની તૈયારી હોય એમ જણાતું ન હતું. " સંસ્થાનમાં કન્યાઓ માટે આથી વધારે શિક્ષણની સગવડ થઇ શકે એમ નથી " એમ મને અધિકારી વર્ગમાંથી ખાત્રીપૂર્વક ખબર મળ્યા પછી મેં શ્રી ગંગૂબાઇ ગોગટેની મદદથી ૧૯૨૫ના

Gandhi Heritage Portal

જુનમાં કન્યાઓનો અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો વર્ગ કાઢયો. પછી ૧૯૨૬ ના જુનમાં પાંચમું ને ૧૯૨૭ ના જુનમાં છઠ્ઠું ધોરણ નીકળ્યું. સંસ્થાન તરફથી આ શાળાને થોડી ગ્રાંટ મળે છે. આ શાળા સંબંધી મારે ઘણી તજવીજ કરવી પડી હતી ને હજુ પણ કરવી પડે છે. સતારા, બેલગામ, સાંગલી, વાઈ, સોલાપુર વગેરે સ્થળની શાળા તરફ હું વિશેષ ધ્યાન આપું છું, કેમકે તેના સ્થાયીપણા માટે મને વિશેષ ચિંતા રહે છે. આ બધે ઠેકાણે હું કોઇ કોઈ વાર જાઉં છું ને શાળા માટે બની શકે એટલું કરૂં છું ને કરાવું છું.

સ્ત્રીવિદ્યાપીઠની કલ્પના પુષ્કળ લોકોને પસંદ પડી છે ને એ ધોરણે ચાલતી શાળાઓ ઠેકઠેકાણે હોવી જોઇએ એવો ઘણાનો મત થયો છે. પણ આવી શાળા માટે જબરો સ્વાર્થત્યાગ કરનારાં કે તેની પાછળ મંડયા રહી તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે મરી ફીટનારાં માણસો ઘણાં જ ઓછાં હોય છે. એકાદ પ્રાંતિક સરકાર કે કોઈ સંસ્થાન આ કાર્ય હાથમાં લે તો પુષ્કળ કામ થઇ શકે, પણ એ બને શી રીતે ?

## પ્રકરણ આઠમું.

### મહિલા-વિદ્યાપીઠનો વિસ્તાર

અથવા

### વિદ્યાપીઠે આજ સુધીમાં શું કર્યું ?

મહારાષ્ટ્ર માટે યુનિવર્સિટી કાઢવાની સંકુચિત કલ્પનાને વ્યાપક સ્વરૂપ આપી ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠ એવું નામ આપ્યું; પરંતુ તે થોડે અંશે પણ શી રીતે સાર્થક કરી શકાશે એના ઉંડા વિચારમાં હું હતો. તે સંબંધે પહેલાં કેવા પ્રયત્નો કર્યા, ને તે શી રીતે નિષ્ફળ ગયા, એ પાછળ-ના એક પ્રકરણમાં જણાવ્યું છે. સદ્ભાગ્યે ૧૯૨૦ ના જુન મહિનામાં સર વિઠ્ઠલદાસનો આધાર મળવાથી આ કામ સુલભ થયું. અમદાવાદ અને સુરતમાં મુંબાઇ યુનિવર્સિટીના ધોરણથી જુદું શિક્ષણ આપવાનો ઉપક્રમ થયો હતો તે હાલ ઉપયોગી થઇ પડયો. મુંબાઇ યુનિવર્સિટીની મૅટ્રીકયુલેશન કરતાં જુદો અભ્યાસક્રમ ઠરાવી 'ગુજરાત સ્ત્રીકેળવણી ( શિક્ષણ ) મંડળે' શાલાન્ત પરીક્ષા લેવાનું ઠરાવ્યું, અને એની પહેલી પરીક્ષા ૧૯૨૦ ના જુનમાં લેવામાં આવી હતી. આ પરીક્ષામાં અમદાવાદની 'જીવકોર-વનિતા વિશ્રામ' સ્કુલમાંથી ત્રણ કન્યાઓ બેઠી હતી અને તે ત્રણે પાસ થઇ. આ શાલાન્ત

Gandhi Heritage Portal

પરીક્ષા તે વર્ષ પુરતી અમારી વિદ્યાપીઠે માન્ય કરી ને તે ત્રણ જ કન્યાઓથી ગુજરાત મહિલાપાઠશાળા એ નામથી સ્ત્રીકેળવણી મંડળે અમદાવાદમાં કૉલેજ શરૂ કરી ને તેને અમારી વિદ્યાપીઠ સાથે જોડી.

અમદાવાદની જીવકોર વનિતા વિશ્રામ હાઇસ્કુલે પણ આ વિદ્યાપીઠના ધોરણે કામ ચલાવવાનું ઠરાવ્યું ને તે ૧૯૨૦ ના ઑક્ટોબર મહિનામાં વિદ્યાપીઠ સાથે જોડવામાં આવી.

સ્ત્રીઓને યોગ્ય પ્રકારનું શિક્ષણ દેવા માટે ૧૯૧૬ ના જુન મહિનામાં સુરતમાં એક ‘ મહિલા વિદ્યાલય ’ શરૂ થયું હતું. તે ૧૯૨૦ ના ડિસેંબરમાં વિદ્યાપીઠ સાથે જોડવામાં આવ્યું. આ રીતે સર વિઠ્ઠલદાસની મદદ મળ્યા પછી ૭ મહિનાની અંદર જ ત્રણ ગુજરાતી સંસ્થાઓ વિદ્યાપીઠ સાથે જોડાઇ ને તેને દર સાલ વિદ્યાપીઠ તરફથી દ્રવ્યની મદદ મળવા લાગી. ૧૯૧૪ના જુનમાં માલવણમાં ત્યાંના ઉત્સાહી ગૃહસ્થ શ્રી કે. એસ. દેસાઇએ એક કન્યાશાળા શરૂ કરી. ૧૯૧૮ ની સાલમાં ફીમેલ એજ્યુકેશન સોસાઇટી, માલવણ એ નામની સંસ્થા સ્થાપન થઇ ને તેણે શાળા ચલાવવાની જવાબદારી પોતાના માથે લીધી. આ સંસ્થાના મુખ્ય ચાલક શ્રી દેસાઈ જ છે. આ શાળા ૧૯૨૨ના ફેબ્રુઆરી મહિનામાં વિદ્યાપીઠ સાથે જોડવામાં આવી અને તેને વિદ્યાપીઠ તરફથી વાર્ષિક દ્રવ્યની સહાયતા મળવા લાગી.

વડોદરાની મહારાણી ગર્લ્સ હાઇસ્કુલ મુંબાઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. તેમાં અમારી વિદ્યાપીઠનો અભ્યાસક્રમ શરૂ કરાવવા માટે ૧૯૨૨માં હું ત્યાં ગયો ને ત્યાં લગભગ બે મહિના રહ્યો. પહેલાં ત્યાંના પ્રસિદ્ધ લોકોની સભા ભરી આ પ્રશ્ન વિષે ચર્ચા કરી. તેમાં એક અરજી તૈયાર કરી તે પર સુ-શિક્ષિત લોકોની સહીઓ લઇ તે મહારાજા સાહેબને મોકલવી એમ નક્કી થયું. આ કામમાં ડૉ. સુમંત મહેતા, શ્રી સૌ. શારદાગૌરી મહેતા, વિદ્યાખાતાના ડાયરેક્ટર શ્રી એન. કે. દીક્ષિત, પ. વા. કૃષ્ણરાવ સારંગપાણી અને ગર્લ્સ હાઇસ્કુલનાં પ્રીન્સીપાલ મિસ એમ. એ. નીડહામ એ બધાંએ સહાનુભૂતિ પૂર્વક મદદ કરી. એ સઘળાંની મદદથી ને પસંદગીથી અરજીનો નમુનો તૈયાર કરી તે પર જાણીતા લોકોની સહી કરાવવા હું ફરવા લાગ્યો ને સુમારે ૩૦૦ સહીઓ મેળવી. આ અરજી મંજૂર થઇ અને મહારાણી ગર્લ્સ હાઇસ્કુલમાંનો પ્રવેશક પરીક્ષાનો વર્ગ ૧૯૨૨ ની સાલમાં વિદ્યાપીઠ સાથે જોડવામાં આવ્યો. અને ૧૯૨૩ થી મરાઠી અને ગુજરાતી ભાષામાં અભ્યાસ કરી વિદ્યાર્થીનીઓ મહિલા વિદ્યાપીઠની પરીક્ષામાં બેસવા લાગી.

Gandhi Heritage Portal

ભાવનગરમાં ત્યાંના ઉત્સાહી સ્ત્રીકેલવણી મંડળે આ વિદ્યાપીઠના ધોરણે ૧૯૨૫ માં મહિલા વિદ્યાલય સ્થાપ્યું. ૧૯૨૬ માં વિદ્યાપીઠના ઇન્સ્પેક્ટરે આ શાળા તપાસી. ૧૯૨૭ માં તે વિદ્યાપીઠ સાથે જોડવામાં આવી અને તેને થોડી ગ્રાંટ આપવામાં આવી. તે હાલ પૂર્ણ હાઇસ્કુલ થઇ છે.

આ ઉપરાંત સતારા, બેલગામ ને સાંગલીની શાળાની હકીકત પાછળના પ્રકરણમાં આવી છે. સતારા ને બેલગામની શાળા પૂર્ણ હાઈસ્કુલના સ્વરૂપમાં છે. સાંગલીની શાળા પૂર્ણ હાઇસ્કુલ થશે. આ બધી શાળાઓ વિદ્યાપીઠ સાથે જોડાયેલી છે.

આ વિદ્યાપીઠને ધોરણે ચાલતી કેટલીક મિડલ સ્કુલો પણ છે. અકોલાની ટિળક કન્યાશાળા સૌ. ઇંદિરાબઇ કટ્ટીના નેતૃત્વ નીચે ચાલે છે. આ શાળા શરૂ થયાને ઘણાં વર્ષો થયાં છે. શીતાપૂરમાં સરસ્વતી મંદિરના આશ્રય નીચે ચાલતી શાળાનાં લેડી સુપ્રિન્ટેડેંટ કુ. બનુબાઇ દેશપાંડે જી. એ. છે. શ્રી વિ. આ. મોડક તે અનાથ બાલિકાશ્રમના એક આજન્મ સેવકે આ શાળા માટે ઘણી મહેનત લીધી છે. વાઇમાં શ્રી. બાપુ સાહેબ કાથવટે ને શ્રી. બાપુ સાહેબ દાતાર એ બન્ને પેન્શનરોના શ્રમથી કન્યાશાળા શરૂ થઇ છે. એ શાળા પર જી. એ. સુધી ભણેલાં એક બાઈ દેખરેખ રાખે છે. રત્નાગિરીની શાળા વિદ્યાપીઠનાં જી. એ. સૌ આનંદીબાઇ જોશીના નેતૃત્વ નીચે ચાલે છે. આ શાળા માટે તેમણે ખૂબ મહેનત લીધી છે ને આજ ત્રણ વર્ષથી તેમનો શ્રમ ચાલુ છે.

જે જે પ્રાંતમાં જુદી જુદી ભાષા વપરાય છે તે દરેક પ્રાંત માટે સ્વતંત્ર સ્ત્રીઓની યુનિવર્સિટી હોવી જોઇએ એ અન્તિમ ધ્યેય છે. પરંતુ એવી સ્થિતિ ઉત્પન્ન થાય ત્યાં સુધી બીજા પ્રાંતોને મધ્યવર્તી વિદ્યાપીઠનો લાભ લીધા વિના છૂટકો નથી. કોઇ પણ પ્રાંતની શાળા કિંવા કૉલેજ આ વિદ્યાપીઠ સાથે જોડવામાં આવે તો તેને યથાશક્તિ દ્રવ્યની સહાય આપવાનું ને તેમાંની વિદ્યાર્થીનીઓની પરીક્ષા લેવાનું કામ અમારાથી થઈ શકશે. આ સગવડનો લાભ બીજા પ્રાંતોએ જરૂર લેવા જેવો છે.

શિક્ષણના માર્ગમાંની અડચણો દૂર કરી સ્ત્રીઓ માટે વિદ્યાપ્રાપ્તિ સુલભ કરવાનું કામ આ વિદ્યાપીઠના હાથે થોડું ઘણું થાય છે. શાળા કિંવા કૉલેજમાં ન જતાં ઘેર અભ્યાસ કરી વિદ્યાપીઠની પરીક્ષામાં બેસવાની સગવડ છે. વિદ્યાર્થીનીઓને પરીક્ષા માટે લાંબો પ્રવાસ કરવાની

Gandhi Heritage Portal

**જરૂર પડતી નથી. જે શહેરમાં વિદ્યાર્થીનીઓનો અભ્યાસક્રમ ચાલતો હોય તેમાં એકાદી શાળાની સુપરિંટેંડંટ બાઈની દેખરેખ નીચે પરીક્ષા લેવાની યોજના કરવામાં આવે છે. આ રીતે અલાહબાદ, ગ્વાલીઅર, કાનપૂર વગેરે ઠેકાણે આ વિદ્યાપીઠનાં પરીક્ષાનાં સેંટર કોઈ કોઈ વાર કરવામાં આવ્યાં હતાં.**

વિદ્યાપીઠને લગતી મરાઠી ને ગુજરાતી ભાષામાં શિક્ષણ આપતી શાળાઓ ને કૉલેજો છે. આ સિવાય હિંદી, બંગાળી ને ઉર્દુ ભાષામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ કોઇ કોઇ વાર આ વિદ્યાપીઠની પરીક્ષામાં બેસે છે. આ રીતે બધો અભ્યાસ ઘેર કરી ગ્વાલીઅરમાં એક વિદ્યાર્થીની હિંદી ભાષામાં બધી પરીક્ષા આપી **ગૃહીતાગમા** થયેલી છે. ગ્વાલીઅરમાં મિસ હિલ નામની એક અમેરિકન બાઇ છોકરા છોકરીને અંગ્રેજી શીખવવાની શાળા ચલાવે છે. આ બાઇને અમારો અભ્યાસક્રમ પસંદ પડયો છે ને તે પોતાની શાળાની વિદ્યાર્થીનીઓને અમારી પરીક્ષા માટે તૈયાર કરે છે. મિસ હિલ અમારી સેનેટનાં સભાસદ પણ છે. તે હાલ અમેરિકા ગયાં છે, પણ તેમની જગાએ આવેલાં બાઇ પણ તેમનું અનુકરણ કરે છે. કોઇ પણ પ્રાંતમાં એકજ વિદ્યાર્થીની પોતાની પ્રાંતની ભાષામાં અભ્યાસ કરી પરીક્ષામાં બેસવાની ઇચ્છા દર્શાવે તો તે ભાષા માટે પુસ્તક મુકરર કરનારૂં મંડળ (Board of studies) નીમવામાં આવે છે ને તે વિષયનાં ક્યાં ક્યાં પુસ્તક વાંચવાં તે પણ તેને જણાવવામાં આવે છે.

બીજી એક રીતે મહિલા–વિદ્યાપીઠનું કાર્યક્ષેત્ર વધારવાનો પ્રયત્ન સુમારે પાંચ વર્ષ પહેલાં નાશિકમાં કરી જોયો, પણ તેમાં સફળતા મળી નહિ. નાશિકમાં સરકાર જે મિડલ સ્કુલ ચલાવે છે તેનું વાર્ષિક સાત આઠ હજાર રૂપિયા ખર્ચ આવે છે. તેમાં ચાર ધોરણ સુધી અંગ્રેજી શીખવાય છે. આ સ્કુલ સરકારે મહિલા–વિદ્યાપીઠને સ્વાધીન કરવી, ચાર ધોરણ સુધીનો તેનો જે અભ્યાસક્રમ છે તે તેમ જ રાખવો ને પછી અમારાં ધોરણ પ્રમાણે ઉપરનાં ધોરણ ઉઘાડી વિદ્યાપીઠે તેને પૂર્ણ હાઇસ્કુલ કરવી ને સરકારે તે ખર્ચની રકમ વિદ્યાપીઠને આપવી, એવા આશયની નાશિકના લોકો પાસે સરકારને અરજી કરાવવી એવો મારો બેત હતો. એમ કરવાથી જેને મુંબાઇ યુનિવર્સિટીનો અભ્યાસ કરવો હોય તેને પહેલાં પ્રમાણે આગળ છોકરાની હાઇસ્કુલમાં જઈ શકાય; ને બીજાંથી મહિલાવિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષામાં બેસી શકાય. હાલ શિક્ષણની ભાષા તરીકે માતૃ ભાષાનો સરકારી હાઈસ્કુલમાં

Gandhi Heritage Portal

વપરાશ ઘણો વધેલો હોવાથી મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રીકયુલેશન ને વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષામાં વિશેષ ભેદ રહ્યો નથી. માટે હું નાશિકના આગેવાનોને મળ્યો, ને એ વખત આગેવાનોની સભામાં આ સંબંધી પુષ્કળ ચર્ચા થઇ. આ કામ માટે હું નાશિકમાં આઠ દિવસ રહ્યો હતો. સરકાર પાસે એ રીતની અરજી એકમતે થઈ શકે એમ ન જણાયાથી મારે અન્તે એ કામ પડતું મૂકવું પડયું.

હાલમાં સ્ત્રીઓ માટે માધ્યમિક શિક્ષણમાં અધિક પૈસા ખરચવાનું સરકારને મન નથી. સરકારે અંગ્રેજી ચાર ધોરણ સુધી શીખવતી પાંચ મીડલ સ્કુલો મહારાષ્ટ્ર ને કર્ણાટક—થાણા, અહમદનગર, નાશિક, વિજાપુર ને ધારવાડ—માં કાઢી છે. આમાંની કેટલીકે ‘ અમને વાર્ષિક છસો રૂ. આપો તો અમે પાંચમું ધોરણ કાઢીએ,’ એવા પ્રકારની માગણી ઘણી વખત સરકાર પાસે કરી હતી; પણ તે નામંજુર થઇ હતી. આ શાળા પહેલાંથી જ ચાલતી હતી તેથી તેમને બંધ કરવામાં આવી ન હતી, પણ આ પ્રશ્ન જો વધતા જતા ખર્ચના આ વખતમાં ઉભો થયો હોત તો આ શાળાઓ નીકળત જ નહિ. સરકાર પાસે અધિક ખર્ચ કરવાના પૈસા નથી તેથી તેટલા જ ખર્ચમાં પૂર્ણ હાઇસ્કુલનું શિક્ષણ દઈ શકાવાનો સંભવ હોય તો તેનો લાભ લોકોને મળવાની યોજના કરવી જોઇએ. એ વિચારથી સરકારે પોતાની એક મડલ સ્કુલ વિદ્યાપીઠને સોંપવી ને તે સ્કુલ માટે કરવામાં આવતા ખર્ચ જેટલી રકમ વિદ્યાપીઠને સ્વાધીન કરવી. તે સ્કુલમાં કાયમ ન થયેલા શિક્ષકોને યોગ્ય નોટીસ આપી રજા આપવી ને કાયમી શિક્ષકોની ધીરે ધીરે બીજી શાળામાં સગવડ કરવી. આ વ્યવસ્થા ત્રણ વર્ષ પૂરતી મંજુર કરવી ને તેટલા જ ખર્ચમાં પૂર્ણ હાઈસ્કુલનો લાભ મળે છે કે કેમ તે જોવું. આ પ્રયોગ યશસ્વી થાય તો બીજી શાળા વિદ્યાપીઠને સોંપવી, ને સફળ ન થાય તો સરકારે પાછી લઈ લેવી. મહિલાવિદ્યાપીઠની સંસ્થા હાલ એટલો વિશ્વાસ મૂકવાની યોગ્યતાવાળી થઇ છે.

ખાનગી સંસ્થા ઓછા ખર્ચમાં સરકારી સંસ્થાની બરોબરીનું કામ કરી શકે છે એ અનુભવ છોકરાઓ માટેની શિક્ષણ સંસ્થાઓમાં મળ્યો છે. આ વિદ્યાપીઠને જોડેલી કેટલીક કન્યાશાળાઓ સારૂં કામ કરે છે તે સરકારી ઇન્સ્પેક્ટર તે શાળાની પરીક્ષા લે છે ને તેને ગ્રાંટ મળે છે તે પરથી જણાય છે. સરકારના મનમાં આવે તો તે કરી શકે છે. વિદ્યાખાતાના અધિકારીના મનમાં આવો પ્રયોગ કરી જોવાનું મન થાય તો તે કરી શકે

Gandhi Heritage Portal

છે. મુંબાઇ કાંઉસિલમાંના સભાસદોએ સરકારને આવો પ્રયોગ કરી જોવાની સલાહ આપવી જોઇએ. અમારી કેટલીક શાળાઓનું કામ જોઇએ તેટલું સંતોષકારક નથી, તેનું કારણ એ છે કે પૈસાની તાણને લીધે અધિક પગાર આપી હોંશિઆર શિક્ષક નીમી શકાતા નથી. સરકાર તરફથી સારી મદદ મળેથી આ શાળાઓ સારૂં કામ કરી બતાવશે.

આ પહેલાં અને આ પ્રકરણમાં આપેલી હકીકત પરથી વિદ્યાપીઠે સ્ત્રીઓની માધ્યમિક ને ઉચ્ચ કેળવણી માટે કેવા કેવા પ્રયત્ન કર્યા હતા તે ધ્યાનમાં આવશે. મુંબાઇ સરકારે સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણ માટે ખાસ જુદા પ્રયત્ન કર્યા નથી. પુરૂષો માટે કાઢેલી કૉલેજોનો લાભ સ્ત્રીઓ લઈ શકે છે એટલું જ. આ રીતે મુંબાઇની યુનિવર્સિટીમાંથી આજ સુધીમાં સુમારે સવાસો હિંદુ સ્ત્રીઓ બી. એ. થઇ છે. અમારી વિદ્યાપીઠમાંથી ૪૭ ગૃહીતાગમા બહાર પડી છે. સિંધ પ્રાંત બાદ કરતાં બાકીના મુંબાઈ ઇલાકાની કૉલેજોમાં ઉચ્ચ શિક્ષણ લેનારી આશરે ૧૬૦ સ્ત્રીઓ છે. મહિલાવિદ્યાપીઠમાં આ શિક્ષણ લેનારી ૩૫ સ્ત્રીઓ છે. આટલા આંકડા ઉચ્ચ શિક્ષણની સરખામણી સંબંધી પુરતા છે.

હવે માધ્યમિક શિક્ષણની બાબતમાં ગુજરાત ને મહારાષ્ટ્રમાં સરકાર ને વિદ્યાપીઠ તરફથી હિંદુ સ્ત્રીઓ માટે થયેલા કામની તુલના કરીએ. પુના અને અમદાવાદમાં એકેક એમ મળી બે સ્ત્રીઓની હાઈસ્કુલ સરકાર ચલાવે છે. સરકારી મદદ લઈ ખાનગી પ્રયત્નોથી ચાલતી હિંદુ કન્યાઓ માટેની હાઈસ્કુલ એટલે ચંદા રામજી ગર્લ્સ હાઇસ્કુલ, સ્ટુડન્ટસ લિટરરી ઍંડ સાયંટિફિક સોસાયટીની ગર્લ્સ હાઇસ્કુલ અને કદચિત બીજી એક બે હશે. મહિલા વિદ્યાપીઠની મદદ લઇ માત્ર ખાનગી પ્રયત્નથી ચાલતી ચાર હાઇસ્કુલો છે. હિંગણેનો મહિલાશ્રમ, પૂનાની નાથીબાઇ દામોદરદાસ કન્યાશાળા, અમદાવાદનું જીવકોર વનિતાવિશ્રમ ને સતારાની તથા માલવણની કન્યાશાળા, બેલગામનું મહિલા વિદ્યાલય ને સુરતનું મહિલા વિદ્યાલય એ માધ્યમિક શાળાઓને સરકાર અને મહિલાવિદ્યાપીઠ તરફથી મદદ મળે છે. અંગ્રેજી ચોથા ધોરણ સુધી શીખવતી સરકારી માત્ર ત્રણ શાળાઓ મહારાષ્ટ્રમાં–થાણા, નાશિક અને અહમદનગરમાં–છે. વિદ્યાપીઠની મદદ લઇને કેટલીક માત્ર વિદ્યાપીઠના પ્રોત્સાહનથી ચાલતી એવી રત્નાગિરીની કન્યાશાળા, સોલાપુરના સરસ્વતી મંદિરમાં ચાલતી કન્યાશાળા, મુંબાઇના વનિતા વિશ્રામની મિડલ સ્કુલ ને મુંબાઇની નાથીબાઇ દામોદરદાસ કન્યાશાળા એ છે.

Gandhi Heritage Portal

સરકારની મદદથી અગર મદદ સિવાય છોકરાઓની શાળા ચલાવવાનું કામ બહુ અઘરૂં નથી. કારણ કે છોકરાને ભણાવ્યા વગર છૂટકો નથી એમ લોકોને લાગતું હોવાથી છોકરાના શિક્ષણ માટે વધારે ફી આપવા પણ માબાપ તૈયાર હોય છે. પણ કન્યાઓ માટેની હાઇસ્કુલ કે મિડલ સ્કુલની સ્થિતિ એથી છેક ઉલટી છે. મૂળે તો એ શિક્ષણ લેવાની ઇચ્છા ધરાવનાર કન્યાઓ જ ઓછી હોય છે. તેમાં પણ ફી ભારે હોય તો ભણે જ નહિ. આવી સ્થિતિમાં સ્ત્રીઓમાં માધ્યમિક શિક્ષણનો પ્રસાર શી રીતે કરવો એ વિકટ પ્રશ્ન છે. આ પ્રશ્નનો થોડે ઘણે અંશે પણ નિકાલ લાવવાનો પ્રયત્ન વિદ્યાપીઠના હાથે થયો છે. સરકારના પ્રયત્નોથી સ્ત્રીઓના ઉચ્ચ અને માધ્યમિક શિક્ષણના પ્રસારનું જે કામ હાલ ચાલી રહ્યું છે તેમાં વધારો કરવાનું કામ વિદ્યાપીઠે કર્યું છે તે ઉપર આપેલી માહિતી પરથી જણાશે. માધ્યમિક શિક્ષણનું જે કાર્ય વિદ્યાપીઠે કર્યું છે તેની સ્પષ્ટ કલ્પના આ નીચે આપેલા પત્રક ઉપરથી આવશે.

પ્રાથમિક શિક્ષણ માટે પણ–ભલે સમુદ્રમાં ટીપા જેટલું–વિદ્યાપીઠ થોડું ઘણું કાર્ય કરે છે. કન્યાઓની પ્રાથમિક શાળા માટે શિક્ષિકાઓ તૈયાર કરવા માટે હિંગણેની અધ્યાપિકા શાળા યત્ન કરે છે. તે શાળાને વિદ્યાપીઠ તરફથી જ મદદ મળે છે ને વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું કામ પણ વિદ્યાપીઠ જ કરે છે. આ પરીક્ષા માટે સરકારી માન્યતા મેળવવાનો પ્રયત્ન ચાલે છે, ને તે સફળ થશે એમ લાગે છે. સરકારી અધિકારી અને વિદ્યાપીઠના પ્રતિનિધિઓ એ બન્નેએ મળી નક્કી કરેલી શરતોને આવતા જુનમાં વિદ્યાપીઠની સેનેટ તરફથી મંજુરી મળે કે તરત જ અધ્યાપિકા શાળામાંથી બહાર પડેલી શિક્ષિકાઓની અડચણ દૂર થશે. હાલ સુધીમાં આ શાળામાંથી પાસ થઇ નીકળેલી ૪૪ શિક્ષિકાઓ છે ને તે કોઇ ને કોઈ પ્રાથમિક શાળામાં કામ કરે છે.

અંગ્રેજી ભાષાનો અત્યંત ભારે પથ્થર ઉપાડીને મૅટ્રિક્યુલેશન અને બી. એ. નું ધ્યેય રાખી આપવામાં આવતા માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણનો પ્રસાર થવો જોઈએ એટલા વેગથી થશે નહિ. દાસ્યવૃત્તિમાં સબડતા આપણા લોકોમાં સરકારના ટેકા ને મદદ વિના સ્ત્રીઓમાં ઉચ્ચ અને માધ્યમિક શિક્ષણનો પ્રસાર મોટા પ્રમાણમાં થવાની આશા નથી. હિંદુસ્થાનમાં ભણતી સ્ત્રીઓમાંથી સેંકડે ૯૦ ટકા સ્ત્રીઓનું શિક્ષણ આર્થિક સ્વાતંત્ર્ય–નોકરી માટે નહિ પણ માત્ર જ્ઞાનાર્જન માટે અપાય છે. ઘેર બેસી કરી શકાય એવા ધંધાનું

Gandhi Heritage Portal

| અનુક્રમ નંબર | શાળાનું નામ. | અંગ્રેજી કેટલાં ધોરણ સુધી શીખવાય છે. | વિદ્યાર્થીઓની સંખ્યા. | શાળા ચલાવનાર વ્યક્તિ અગર મંડળીનું નામ. |
|---|---|---|---|---|
| ૧ | મહિલાશ્રમ, હિંગણે. | ૭ | ૧૦૨ | અનાથ બાલિકાશ્રમનું મંડળ. |
| ૨ | શ્રી ના. દા. ઠાકરસી કન્યા, પુના. | ૭ | ૩૫૦ | શ્રી ના. દા. ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠ. |
| ૩ | જીવંકોર વનિતાશ્રમ, અમદાવાદ. | ૭ | ૧૫૪ | ગુજરાત સ્ત્રીકેળવણી મંડળ |
| ૪ | મહિલા વિદ્યાલય, સુરત. | ૭ | ૧૧૧ | મહિલા વિદ્યાલય મંડળ, સુરત. |
| ૫ | કન્યાશાળા, માલવણ. | ૭ | ૪૪ | ફીમલ એજ્યુકેશન સોસાઇટી, માલવણ. |
| ૬ | કન્યાશાળા, સતારા. | ૭ | ૯ | કન્યાશાળા મંડળ, સતારા. |
| ૭ | મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ, વડોદરા. | ૬,૭ | ૩૨ | વડોદરા સંસ્થાનું વિદ્યાખાતું. |
| ૮ | શ્રી ના. દા. ઠાકરસી ક. શા. મુંબાઇ. | ૬ | ૮૨ | શ્રી ના. દા. ઠાકરસી મહિલાવિદ્યાલય. |
| ૯ | મહિલા વિદ્યાલય, બેલગામ. | ૬ | ૬૦ | મહિલા–વિદ્યાલય મંડળ, બેલગામ. |
| ૧૦ | ટિલક કન્શાશાળા, અકોલા. | ૪ | ૨૫ | શ્રીયુત કટ્ટી ને સૌ. ઇંદિરાબાઇ કટ્ટી. |
| ૧૧ | કન્યાશાળા, સાંગલી. | ૪,૫,૬ | ૧૫ | કન્યાશાળા મંડળ, સાંગલી. |
| ૧૨ | કન્યાશાળા, વાઇ. | ૩ | ૩૫ | કન્યાશાળા મંડળ, વાઇ. |
| ૧૩ | મહિલા વિદ્યાલય, રત્નાગિરિ. | ૩ | ૧૩ | શ્રી જ. વા. જોશી ને સૌ. આનંદીબાઇ જોશી. |
| ૧૪ | મહિલા વિદ્યાલય, ભાવનગર. | ૭ | ૬૩ | કેટલાક ઉત્સાહી સદ્ગૃહસ્થો. |
| ૧૫ | કન્યાશાળા, સોલાપુર. | ૪ | ૫૫ | સરસ્વતી–મંદિર સંસ્થા. |
| ૧૬ | વનિતા વિશ્રામ ઇં. કન્યાશાળા, મુંબાઈ. | ૪ | ૪૮ | વનિતા વિશ્રામ સંસ્થા. |
| | | એકંદર. | ૧૩૫૯ | |

Gandhi Heritage Portal

શિક્ષણ સ્ત્રીઓને મળવું જોઇએ. પણ એ વાત પર દુર્લક્ષ કરી પુરૂષની માફક બી. એ. એમ. એ. થવા માટે કેટલીક સ્ત્રીઓ ધમપછાડા કરે છે ને તે જ શિક્ષણને સરકાર, સરકારી અમલદાર અને ધનિકો તરફથી મદદ મળે છે. પણ ઘણાંને ઉપયોગી થઈ પડે એવા, ને ઓછા શ્રમે મળતા વિશેષ જરૂરના શિક્ષણ તરફ કોઈનું ધ્યાન દોરાતું નથી. તેથી અંગ્રેજી ભાષા ને સરકારમાન્ય પરીક્ષાની ભુરકીથી જે ઘેલા થયા નથી એવા લોકોએ યોગ્ય વિચાર કરી સ્ત્રીઓને માટે યોગ્ય શિક્ષણના પ્રચારના કાર્યને સરકારનો ટેકો ને મદદ મેળવવા માટે જુદી જુદી કાઉંસિલમાં પ્રયાસ કરવા જોઇએ. તો જ સ્ત્રીશિક્ષણના પ્રચારનું કામ ઝડપથી આગળ વધશે. તેમ નહિ થાય તો હાલ પ્રમાણે કીડીની ચાલે જ ચાલવું પડશે.

## પ્રકરણ નવમું.

### મહિલા-વિદ્યાપીઠ વિષે લોકમત.

આની અનેક પ્રકારે કસોટી કરવી જોઇએ. પહેલાં વિરોધી મતોનો વિચાર કરીએ. “ न स्त्री स्वातंत्र्यमर्हति ” આ વચનને મહત્વ આપનારા જુના વિચારના લોકોને સ્ત્રીઓનું શિક્ષણ બિલકુલ પસંદ નથી. સુશિક્ષિત લોકોમાં પણ એક વર્ગ એવો છે કે જેને ‘ સ્ત્રીઓને પ્રાથમિક શિક્ષણ કરતાં વિશેષ શિક્ષણની જરૂર નથી ’ એમ લાગે છે. આ બેઉ વર્ગને વિશેષ મહત્વ આપવાનું કારણ નથી. આ ઉપરાંત બીજા બે ન્હાના પણ વજનદાર પક્ષ વિદ્યાપીઠનો વિરોધ કરે છે. તેમનું મુખપત્ર ‘ ઇંડિયન સોશ્યલ રિફોર્મર ’ છે ને શ્રીયુત્ કે. નટરાજન તેના સંપાદક છે. બીજો અતિશિક્ષિત લોકોનો એક વર્ગ છે. તેમનું કોઇ ખાસ મુખપત્ર નથી. આ બે પક્ષના મતનો પહેલાં ઉલ્લેખ કરીએ. આ લોકોને વિદ્યાપીઠમાં અપાતા શિક્ષણથી સંતોષ થતો નથી. આમાંના કેટલાકોએ આ ચળવળને દ્રવ્યદ્વારા મદદ કરી છે અને કેટલાક વિદ્યાપીઠની સેનેટના સભાસદો હતા ને હજી પણ છે. એક ગૃહસ્થે “ My heart goes with you but my head is with the Indian Social Reformer ”-“ મારૂં હૃદય તમારી તરફ ઢળે છે; પણ બુદ્ધિ તો ઇંડિયન સોશ્યલ રિફોર્મરને માને છે. ” એવા ઉદ્ગાર કાઢ્યા હતા. ઇંડિયન સૉશ્યલ રિફોર્મરમાંના કેટલાક ઉતારા શરૂઆતના એક પ્રકરણમાં આપેલા છે. બીજા કેટલાક ઉતારા આ નીચે આપ્યા છે. તે પરથી એ પક્ષનો મત સમજી શકાશે.

Gandhi Heritage Portal

રજીસ્ટ્રારે વિદ્યાપીઠની પ્રગતિ વિષેનો એક ન્હાનકડો રીપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો તેમાં નીચેનાં વાક્યો હતાં:—

"The desirability of a separate University for women is not now an open question and strenuous efforts are being made to make it a success."

"સ્ત્રીઓ માટે સ્વતંત્ર યુનિવર્સિટી જોઇએ કે નહિ એ પ્રશ્ન હવે વાદગ્રસ્ત રહ્યો નથી. તેને યશસ્વી બનાવવા માટે તનતોડ પ્રયાસ ચાલે છે."

આ રિપોર્ટ પર ટીકા રૂપે ૧૯૧૭ ની ૮ મી એપ્રિલના રિફૉર્મરમાં નીચેનાં વાક્યો છે:—

"It is, in the least, inopportune to say that 'the desirability.........open question." It appears rather that the enthusiasm for the moment is distinctly on the wane."

"'સ્ત્રીઓ માટે સ્વતંત્ર યુનિવર્સિટી જોઇએ કે નહિ એ પ્રશ્ન હવે વાદગ્રસ્ત રહ્યો નથી,' અમ કહેવું એ કંઇ નહિ તો અપ્રાસંગિક તો છે જ. ખરી સ્થિતિ તો એવી છે કે આ હિલચાલ માટેના ઉત્સાહની હવે ઓટ થવા લાગી છે."

૧૯૧૭ ના ૮ મી જુલાઇના અંક પછી રિફૉર્મરના લખાણોનો ઝોક થોડો બદલાયો. તે પહેલાં થોડા જ વખત પર મુંબાઇ ઇલાકાના શિક્ષકોની પરિષદ મુંબાઇમાં ભરાઇ હતી તેમાં આ વિદ્યાપીઠને અભિનંદન આપવાનો ઠરાવ પસાર થયો હતો. તેને અનુલક્ષી ૮ મી જુલાઇના અંકમાં નીચેનાં વાક્યો હતાં:–

"We are glad to join in the welcome accorded to Prof. Karve's Women's University and in the hope that, that experiment will prove a success. The need for facilities for women's education is so vast and pressing that it is foolish to pin our faith in any one plan and method. Numerous and repeated experiments are necessary to determine what the best and most suitable scheme is in the conditions of the country."

"પ્રૉ. કર્વેની સ્ત્રીઓની યુનિવર્સિટીને અભિનંદન આપવાનો ને તે યશસ્વી થાય એવી ઇચ્છા પ્રદર્શિત કરવાનો ઠરાવ થયો છે તેને અમે આનંદથી

Gandhi Heritage Portal

ટેકો આપીએ છીએ. સ્ત્રીઓના શિક્ષણ માટે સગવડ આપવાનું કાર્ય એટલું જરૂરનું અને વ્યાપક છે કે કોઇ ખાસ પદ્ધતિ કે યોજના જ સારી છે એવો આગ્રહ રાખવો એ મૂર્ખાઇભર્યું ગણાય. ચાલુ પરિસ્થિતિમાં શિક્ષણની કઇ યોજના સૌથી સારી ને ઉપયોગી થઇ પડે એ નક્કી કરવા માટે ભિન્ન ભિન્ન અને વારંવાર થતા પ્રયોગોની જરૂર છે."

"we are opposed, and have been so all along, to the idea of a separate University for Women. The sole object of a University is the promotion and advancement of learning. There is no sex in knowledge. A separate Women's University has always seemed to us to be reminiscent of the mediæval Hindu prohibition of sacred learning to women and Sudras—a prohibition based on a conception that has degraded the position of women in Hindu Society."

(*The Indian Social Refomer*, 20th July, 1920)

"સ્ત્રીઓ માટે સ્વતંત્ર વિશ્વવિદ્યાલય હોવું જોઇએ એ કલ્પના સામે અમારો મૂળથી જ વિરોધ હતો ને હાલ પણ છે. કોઇ પણ વિશ્વવિદ્યાલયનો હેતુ જ્ઞાનની પ્રગતિ ને અભિવૃદ્ધિ એ જ હોઇ શકે. જ્ઞાનમાં સ્ત્રી અને પુરૂષનાં ભેદ હોઇ શકે નહિ. સ્ત્રીઓ માટેની સ્વતંત્ર વિદ્યાપીઠ અમને મધ્યયુગમાં સ્ત્રીઓ અને શૂદ્ર માટે વેદાધ્યયનની બંધી હતી તેની યાદ આપે છે. આ બંધીની પછવાડે જે ભાવના હતી તેને લીધે જ હિંદુ સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ખરાબ થતો ગયો છે." (ઇંડિયન સોશ્યલ રિફોર્મર, ૨૦ મી જુલાઇ, ૧૯૨૦)

"Sir Hormasji Wadya, presiding at the last annual meeting (Opening Ceremony) of the Poona Women's University, laid his finger on the weak spot of the Institution when he advised the College Authorities to give due and proper attention to the study of the English language and literature which must, he said, remain the *lingua franca* of the Indian nation for a long time to come, and which, therefore, deserved to be studied more carefully than merely as

Gandhi Heritage Portal

a second language. Professor Karve, in thanking Sir Hormusji, is reported to have regretted very much 'the lack of appreciation and moral courage on the part of the people,' who, he said, were still unwilling to take advantage of the facilities provided by the Indian Women's University for women's education. Experiments must continue to be made in education and Prof. Karve's experiment was well worth making if only to show that, in modern India, the idea of having a separate system of education for women, has no chance of acceptance. Those who are really earnest about giving the best education to their daughters naturally prefer to send them to institutions affiliated to the recognized Universities. Prof. Karve's claim that he was providing a national system has been supersided by the *Charka* school of educationists. It has also since become known that the majority of women students in Japan attend the same Universities as men+ and that the Japanese Women's University

* Taking this to be the correct estimate, it must not be forgotten that Japanese language is the medium of instruction in men's Universities in Japan. The Women's University of Tokyo also is still prospering. Its Silver Jubilee or the twentyfifth anniversary is going to be celebrated in this month (April 1928) and in this connection an Exhibition is going to be held to show the work of modern women in all countries of the world in its various phases–literature, art, science, politics, economics, education, music, religion, social service &c. An Indian Section of this exhibition is being organised and madam Yuki Hirota is in charge of this section. All this is being done by the Japan Women's University.

+ Sir Hormasji's suggestion is simply to pay more attention to the study of English than what is given to a second language and that is being done.

Gandhi Heritage Portal

is no more typical of Japanese, than Prof. Karve's of Indian, Women's aspirations. Instead of chiding the public for their 'lack of moral courage'—where does moral courage come in, we wonder—Prof. Karve would do well to adopt Sir Hormusji's suggestion* which has all along been also ours, and convert his University into a women's of college affiliated to the Bombay University. A good college is better than a doubtful University.

*(The Indian Social Reformer, 30th June, 1923)*

" પૂનાની સ્ત્રીઓની યુનિવર્સિટીની ગઈ વાર્ષિક સભાના (કૉલેજની ઈમારતના પ્રવેશ સમારંભના) અધ્યક્ષ હોરમસજી વાડીઆએ કહ્યું હતું કે ભવિષ્યમાં ઘણા વખત સુધી હિંદુસ્થાનમાં વિચારવિનિમયની સર્વસામાન્ય ભાષા અંગ્રેજી જ રહેવાની, તેથી માત્ર સેકન્ડ લેંગ્વેજ તરીકે ધ્યાન અપાય તેથી વિશેષ ધ્યાન એના પર અપાવું જોઈએ. આમ કરવામાં તેમણે સંસ્થાના દોષસ્થળનું સચોટ દિગ્દર્શન કર્યું છે. સર હોરમસજી વાડિયાનો આભાર માનતાં પ્રૉ. કર્વેએ "સ્ત્રીઓના શિક્ષણ માટે ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠે જે સગવડો કરી આપી છે તેનો લાભ લેવા લોકો રાજી હોતા નથી અને તેમનામાં નૈતિક ધૈર્ય ને ગુણગ્રાહકતાનો અભાવ છે તે બદલ મને શોક થાય છે" એવાં વચન કહ્યાં હતાં એવું પ્રસિદ્ધ થયું છે. શિક્ષણમાં પ્રયોગો થવા જ જોઈએ, ને સ્ત્રીઓ માટે સ્વતંત્ર અભ્યાસક્રમની જરૂર છે એ કલ્પના આધુનિક હિંદુસ્થાનને ગ્રાહ્ય થાય એવી નથી એ દર્શાવવા માટે પણ પ્રૉ. કર્વેએ કરેલો પ્રયોગ થવાની જરૂર હતી. પોતાની પુત્રીને બને તેટલું ઉત્તમ શિક્ષણ આપવું એવું જેને ઉત્કટ રીતે લાગે છે તે સહજ જ પોતાની પુત્રીને સરકારી માન્યતાવાળી વિશ્વવિદ્યાલયને જોડેલી શિક્ષણસંસ્થામાં મોકલે છે. "અમારૂં શિક્ષણ એટલે રાષ્ટ્રીય શિક્ષણ" એવું કહેવાનો પ્રૉ. કર્વેનો અધિકાર હાલમાં ચરખાપંથી શિક્ષણશાસ્ત્રજ્ઞોએ ખુંચવી લીધો છે. હાલ સઘળા લોકોને ખબર છે કે જાપાનની વિદ્યાર્થીનીઓ માંહેની ઘણીખરી પુરૂષો માટેના વિશ્વવિદ્યાલયમાં જાય છે,* અને હિંદી સ્ત્રીઓની આકાંક્ષાનું જેટલે અંશે પ્રૉ. કર્વેનું વિશ્વ-

* આ વાત ખરી માનીએ તોપણ જાપાનમાં પુરૂષોની યુનિવર્સિટીમાં પણ જાપાની ભાષા એ જ બોધભાષા છે એ ભૂલવું જોઇએ નહિ. એ ઉપરાંત ત્યાંની સ્ત્રીઓની યુનિવર્સિટીનું કામ પણ ઘણું સારૂં ચાલે છે. આ જ મહિનામાં (એપ્રિલ ૧૯૨૮ ) તે યુનિવર્સિટીનો રૌપ્ય જુબિલીનો એટલે પચ્ચીસમો વાર્ષિક સમારંભ

Gandhi Heritage Portal

વિદ્યાલય એ મૂર્ત સ્વરૂપ છે, તેટલું જ જાપાનની સ્ત્રીઓની આકાંક્ષાનું જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી છે. નૈતિક ધૈર્યના ( અહિં નૈતિક ધૈર્યનો પ્રશ્ન શી રીતે ઉભો થાય છે એ કોને ખબર ! ) અભાવ માટે લોકોને દોષ દેવાને બદલે પ્રૉ. કર્વે સર હોરમસજી વાડીઆએ કરેલી સૂચના+ (અમે આજ સુધી એજ સૂચના કરતા આવ્યા છીએ ) માન્ય કરી પોતાની યુનિવર્સિટીનું સ્ત્રીઓની કૉલેજ તરીકે રૂપાંતર કરી તેને મુંબાઇની યુનિવર્સિટી સાથે જોડી દે તો ઘણું સારૂં. નામની વિદ્યાપીઠ કરતાં સુવ્યવસ્થિત રીતે ચાલતી કૉલેજ ઘણી સારી. ( ઈંડિયન સોશ્યલ રિફૉર્મર, ૩૦ જુન ૧૯૨૩. )

" From the first, we have made no secret of our opinion that the Women's University represented a retrograde step in the movement for the elevation of the status of women in this country to something like equality with men. The education proposed to be given in it was planned to suit the prejudices, of the average Indian... This concession to popular prejudice, however, has not helped to popularise the University, which after so many years and so much propaganda, has on its rolls fewer women than are to be found in the Fergusson and New Poona College. The fact is that those who think of the education of women at all seriously prefer the established Universities where at any rate the idea of the intellectual disparity between men and women is not emphasised as in the Women's University.*

---

થવાનો છે તે નિમિત્તે આખા જગતની સ્ત્રીઓના કામનું પ્રદર્શન ભરાવાનું છે. આ કામ વાઙ્મય, કલાકૌશલ્ય, ભૌતિક અગર આધિભૌતિક શાસ્ત્રો, રાજનીતિ, અર્થશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, ગાયનવાદન, ધર્મ, સમાજસેવા વગેરે વિષયના સંબંધનું હોવું જોઇએ એવું ઠરાવ્યું છે. આ પ્રદર્શનમાં હિંદુસ્થાન માટે એક ખાસ વિભાગ રાખ્યો છે, ને તે વિભાગની વ્યવસ્થા મૅડમ યુકી હિરોટા કરે છે. આ બધી હીલચાલ જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી કરે છે.

+ સર હોરમસજીની સૂચના અંગ્રેજી પ્રત્યે વિશેષ ધ્યાન આપવાની છે તે પ્રમાણે કરવામાં આવ્યું છે.

* The Women's University does *not* emphasise the idea.

Gandhi Heritage Portal

The only other argument used to justify a separate Women's University in this Presidency...was that the Vernaculars could be used as the media of Instrucation...In the initial stage, the Vernaculars are the media of instruction in all secondary schools almost up to the Matriculation standard, and as for higher education of the Indian people, Mr. Fisher agrees with Dr. R. P. Paranjpye and Sir M. B. Chaubal that "English must always hold an important place+ as being the one language common to the whole Indian Continent, but also as being a modern world language capable of expressing all the latest ideas in Pure and Applied Sciencs." Speaking of Dr. Paranjpye, it is a curious paradox that the Vice—Chancellor of the Women's University is a strong opponent for separate colleges for women in affiliation with the Bombay University...In our opinion, whatever justification there might have been for the Women's University ten years ago, there is none at all at present when the Bombay University is making its courses of study more varied and elastic. The Women's University in Poona can best become a college affiliated to the proposed Poona University. It is hardly worth while to maintain a separate University for the sake of 20 or 25 girls. The large sum of money at present spent on the University can better be utilised by making special provision in the Poona University for facilities for women students."

(*The Indian Social Reformer*, 4th July 1925)

+ There is no difference of opinion among the promoters of the Indian Women's University. Keeping modern Indian languages as media of instruction they have given an important place to the study of English.

Gandhi Heritage Portal

"સ્ત્રીઓનો દરજ્જો વધારી આખરે પુરૂષની સમાન કરવા માટે આ દેશમાં જે હિલચાલ ચાલે છે તેની દૃષ્ટિએ સ્ત્રીઓની યુનિવર્સિટી એ પાછળ પગલાં ભરનારી સંસ્થા છે એમ અમને લાગે છે, ને તે પ્રમાણે અમે પહેલેથી જ કહેતા આવ્યા છીએ. તેમાં અપાતા શિક્ષણની યોજના સામાન્ય હિંદી પુરૂષના પૂર્વગ્રહને પ્રિય થાય એવી કરવામાં આવી છે. પરંતુ આવા લોકછંદાનુવર્તનથી પણ યુનિવર્સિટી ખાસ લોકપ્રિય થઇ શકી નથી. આટલા વખત પછી ને આ કલ્પના લોકપ્રિય કરવાના આટલા પ્રયાસ પછી પણ ફર્ગ્યુસન કૉલેજ અને ન્યૂ પૂના કૉલજમાં ભણતી વિદ્યાર્થીનીઓના જેટલી સંખ્યા પણ તે વિદ્યાપીઠમાં થઇ નથી. ખરી વાત એ છે કે જે કોઇ થોડી ઘણી ગંભીરતાથી પણ સ્ત્રીશિક્ષણ સંબંધી વિચાર કરે છે તે પોતાની પુત્રીને સર્વસામાન્ય યુનિવર્સિટીમાં મોકલવાનું જ પસંદ કરે છે; કારણ કે એમાં બીજું કંઇ ન હોય તોપણ ઇંડિયન વીમેન્સ યુનિવર્સિટીમાં સ્ત્રીપુરૂષમાં બૌધિક દૃષ્ટિએ ભેદ છે એ કલ્પના પર જેટલો ભાર મૂકવામાં આવે છે× તેટલો તેમાં મૂકવામાં આવતો નથી.

આ ઇલાકામાં સ્ત્રીઓ માટે જુદી વિદ્યાપીઠની જરૂર છે એ સિદ્ધ કરવા માટે એક બીજું એક કારણ આપવામાં આવે છે; તે એ કે આ યુનિવર્સિટીમાં માતૃભાષા બોધભાષા તરીકે વપરાશે. શરૂઆતમાં બધી માધ્યમિક શાળાઓમાં લગભગ મૅટ્રિક્યુલેશન સુધી માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. હિંદી લોકોના ઉચ્ચ શિક્ષણ વિષે જોઇએ તો મિ. ફિશર, ડૉ. પરાંજપે ને સર મહાદેવ ચૌબલ એ બધાનો એવો મત છે કે "અંગ્રેજી એ આખા હિંદી રાષ્ટ્રની સર્વસામાન્ય ભાષા છે, એટલું જ નહિ, પણ તે સર્વ તાત્વિક જે વ્યાવહારિક શાસ્ત્રોની નવી નવી કલ્પના વ્યક્ત કરવાના સામર્થ્યવાળી સર્વ આધુનિક જગતની ભાષા છે એ દૃષ્ટિએ તેને મહત્વનું સ્થાન આપવું જોઈએ. ડૉ. પરાંજપેના નામ પરથી સહજ યાદ આવે છે કે મુંબાઈ યુનિવર્સિટીને લગતી જ પણ માત્ર સ્ત્રીઓ માટે જુદી કૉલેજ કાઢવાની કલ્પનાનો વિરોધ કરનાર ગૃહસ્થ આ યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર છે એ વિલક્ષણ વિસંગતિ છે.

× આ વાત ખરી નથી.

* આ વિષે મહિલા વિદ્યાપીઠના ચાલકોમાં મતભેદ નથી. માતૃભાષાને બોધભાષા તરીકે રાખી અંગ્રેજીને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

અમારા મત પ્રમાણે દશ વર્ષ પૂર્વે કદાચ સ્ત્રીઓની યુનિવર્સિટી કાઢવાનું સમર્થનીય હશે, પરંતુ હાલ તો મુંબાઇ યુનિવર્સિટીએ પોતાનો અભ્યાસક્રમ વિવિધ ને સ્થિતિસ્થાપક કરેલો હોવાથી સ્ત્રીઓની યુનિવર્સિટી ચાલુ રાખવાનું કંઇ જ કારણ નથી. પૂનાની સ્ત્રીઓની યુનિવર્સિટી ભાવિ પૂના વિશ્વવિદ્યાલયને લગતી એક કૉલજ થઇ જાય તો ઘણું સારૂં થાય. વીસ પચ્ચીસ કન્યાઓ માટે ખાસ એક યુનિવર્સિટી ચલાવવામાં કંઈ ફાયદો નથી. હાલ આ યુનિવર્સિટી પાછળ મોટી રકમ ખર્ચવામાં આવે છે તેનો વિનિયોગ પૂના વિશ્વવિદ્યાલયમાં સ્ત્રીઓ માટે ખાસ સગવડો રાખવામાં આવે તો ઘણું ઉત્તમ થાય. (ઇંડિયન સોસ્યલ રિફૉર્મર, તા. ૪ જુલાઇ, ૧૯૨૫.)

"Sir Moropant Joshi's address at the annual function held last Sunday to confer degrees on about half a dozen women students of the Poona Women's University, was in the nature of a special pleading for that institution. His position demanded Sir Moropant to speak up for the University, but his encomium was not warranted by the figures which he himself quoted. If after strenuous propaganda work carried on all over India, in season and out of season, to enlist students for it, ÷ the institution can only show 40 students on its roll after nearly a decade of its existence, it can be valued only as a failure. Either the ideal of the Indian Women's University in which the 'fictitious importance' attached to English in the other Universities has been transferred to wifehood and motherhood, does not appeal to the generality of women or they are averse to being shunted off from the common track of education. Sir Moropant thinks

÷ Propaganda is for rousing people to think of the desirability of a departure from the established routine and to collect subscriptions and not for enlisting students.

Gandhi Heritage Portal

that Indian Women's education should accomodate itself to the fact that every Indian woman gets a chance to marry. It should be rather considered a healthy and welcome sign if our women do not look upon marriage as an economic necessity. It is not intelligible why some people are anxious to show that the Indian Women's University is the last word in Indian Women's education. As a matter of fact many a member who holds high and responsible position in the Senate of that University takes care to send his daughter or ward to the recognized University. The Indian public may not condemn an institution outright, but they are too wise to mistake the chaff for the grain.§ Our contention is, let us not set a limit to the women's progress× and let us not say to her thus far shalt thou go and no further in the domain of education. We have no quarrel with the Women's University, but we take serious exeption to the attempt made to exalt it beyond its actual merits."

(*The Indian Social Reformer*: 3rd July, 1926.)

" પૂનાની સ્ત્રીઓ માટેની યુનિવર્સિટીની સુમારે અર્ધો ડઝન વિદ્યાર્થીનીઓને પદ્વી આપવા માટે ગયા રવિવારે સમારંભ થયો તે પ્રસંગે સર મોરોપંત જોશીના ભાષણમાં જેમ તેમ કરી આ સંસ્થાનું સમર્થન કરવામાં આવ્યું હતું. તેમનું સ્થાન જ એવું હતું કે તેમને યુનિવર્સિટીને અનુકૂળ ભાષણ જ કરવું પડે. પરંતુ તેમણે આ સંસ્થાનાં વખાણ કર્યાં છે તેને તેમણે

§ I am very doubtful whether the public can be credited with such discriminating powers. Even educated people show a lamentable want of this power. It is rather the tendency to go along the trodden path that keeps away people from new experiments.

× No responsible promoter of the Women's University is for putting such a limit.

Gandhi Heritage Portal

જ આપેલા આંકડાનો આધાર નથી. વિદ્યાર્થીનીઓ× મેળવવા માટે આખા હિંદુસ્થાનમાં વેળા કવેળા પ્રચારકાર્ય કરવા છતાં દશ વર્ષ પછી પણ આ યુનિવર્સિટીમાંથી ૪૦ ગ્રેજ્યુએટથી વિશેષ વિદ્યાથીનીઓ જી. એ. થઇ નીકળી નથી, એ પરથી આ પ્રયત્ન નિષ્ફળ થયો છે એમ કહેવામાં હરકત નથી. બે વસ્તુમાંથી એક તો ખરી હોવી જોઈએ-કાં તો બીજી યુનિવર્સિટીઓમાં ઇંગ્લીશ ભાષાને કૃત્રિમ મહત્વ દેવામાં આવે છે તે કાઢી નાખી તેની જગાએ પત્નીત્વ ને માતૃત્વને મહત્વ આપવાનું ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠનું ધ્યેય સામાન્ય સ્ત્રીને પસંદ નથી કે શિક્ષણનો સર્વમાન્ય માર્ગ તજી બાજુએ ચડી જવાનું એને પસંદ નથી. સર મોરોપંતનો મત એવો જણાય છે કે દરેક સ્ત્રીને લગ્ન કરવાની તક મળે છે માટે એને અનુરૂપ સ્ત્રીઓનું શિક્ષણ હોવું જોઈએ. આર્થિક દૃષ્ટિએ લગ્નની જરૂર છે એ વાત આપણી સ્ત્રીઓ ન માનતી થાય એ એમના મનની સબળતાનું ચિન્હ ગણાશે. હિંદી સ્ત્રીઓના શિક્ષણની બાબતમાં ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠે જે કંઇ કર્યું છે તેથી વિશેષ કંઇ કરવાનું હવે રહ્યું નથી એવું બતાવવાનો કેટલાક લોકો શા માટે પ્રયત્ન કરે છે તે અમે સમજી શકતા નથી. ખરૂં જોઇએ તો આ યુનિવર્સિટીની સેનેટમાં ઉચ્ચ ને જવાબદાર સ્થાન ભોગવતા ઘણાખરા સભાસદો પોતાની પુત્રીઓને સરકારી માન્યતાવાળી યુનિવર્સિટીમાં ભણવા મોકલે છે. હિંદી જનતા કોઇ સંસ્થાને તદ્દન ત્યાજ્ય ગણે નહિ, પણ દાણા ને ભુંસા વચ્ચેનો ભેદ પારખવા જેટલું ડહાપણ તો તેનામાં છે જ.* અમારૂં કહેવું એ છે કે આપણે સ્ત્રીઓની પ્રગતિ પર મર્યાદા મૂકવાનું ને શિક્ષણની બાબતમાં "તમારે અહિં સુધી જ જવાનું છે, આગળ નહિ," એમ કહેવાનું છોડી દેવું જોઇએ.+ ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠ વિષે અમારા

× પ્રચારકાર્ય પ્રચલિત શિક્ષણપદ્ધતિથી જુદા પ્રકારની પદ્ધતિના અભ્યાસક્રમની આવશ્યકતા છે એ વિષે લોકોને વિચાર કરાવવા ને ફંડ ઉધરાવવા માટે હતું, ને નહિ કે વિદ્યાર્થીનીઓ મેળવવા માટે. વિદ્યાર્થીનીઓ મેળવવાનું કામ સહેલું નથી. તે તો ધીરે ધીરે જ થઈ શકે ને થાય છે.

* જનતાની વિવેકશકિત આવા સર્ટિફિકેટને લાયક છે કે નહિ તે વિષે મને શંકા છે. સુશિક્ષિતોમાં પણ વિવેકશક્તિનો અભાવ નજરે પડે છે. પડેલા ચીલે જ ચાલવાની પ્રવૃત્તિ ઘણાંને નવીન પ્રયોગથી દૂર રાખે છે.

+ આ વાત મહિલાવિદ્યાપીઠના ચાલકોને બધી રીતે માન્ય છે. વિદ્ય પીઠના ચાલકોમાંથી કોઇનો મત આવી મર્યાદા મૂકવાના પક્ષમાં નથી.

Gandhi Heritage Portal

મનમાં વૈષમ્ય નથી; પણ તેની વાસ્તવિક યોગ્યતા કરતાં તેને ઘણું વધારે મહત્વ આપવામાં આવે છે તેનો વિરોધ કરવાની અમને જરૂર લાગે છે. (ઇંડિયન સોસ્યલ રિફૅાર્મર, ૩જી જુલાઈ ૧૯૨૬.)

ગયા ડિસેંબરની આખરમાં મદ્રાસમાં ભરાયેલી રાષ્ટ્રીય સામાજીક પરિષદના મિ. કે. નટરાજન પ્રમુખ હતા. તે વખતના તેમના ભાષણમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ—

"I must not omit to refer here to the Women's University at Hingne Budruk which owes its existence almost entirely to the self-sacrificing Zeal of Prof. Karve, whose services to women's cause in India will always be gratefully remembered by social reformers all over the country. Personally, I hold that, in the present circumstances of our country, when a sort of tradition of women's intellectual inferiority has held sway for many centuries, it is necessary, at least till that tradition is wholly destroyed, to make no distinction in the courses of study especially in the higher education open to men and women. I have therefore been all along rather sceptical in my appreciation of the idea of a separate University with an altogether different curriculum of studies for women. But I have always acknowledged that every method and every system which promises to bring the benefits of education of some kind to girls and women who would otherwise go without them, is to be welcomed; and from that point of view the Women's University is a very valuable and interesting experiment."

"પ્રો. કર્વેના સ્વાર્થત્યાગ પૂર્વક પ્રયત્નોને લીધે જ અસ્તિત્વમાં આવેલી હિંગણે બદ્રુકની સ્ત્રીઓની યુનિવર્સિટીનો ઉલ્લેખ કરવાનું મારે ભૂલવું જોઈએ નહિ. હિંદુસ્થાનમાં સ્ત્રીઓની ઉન્નતિ માટે પ્રો. કર્વેએ કરેલી સેવાનું સ્મરણ દેશભરના સમાજસુધારકો હંમેશાં કૃતજ્ઞતા પૂર્વક કરે છે. પરંતુ



Gandhi Heritage Portal

આપણા દેશની હાલની સ્થિતિમાં સ્ત્રીઓ બૌધિક દૃષ્ટિએ પુરૂષો કરતાં ઉતરતી છે એવું માનવાના એક પ્રકારના પ્રઘાતનું સેંકડો વર્ષથી સમાજમાં પ્રાબલ્ય હોવાથી તે પ્રઘાત પૂર્ણપણે નષ્ટ થાય નહિ ત્યાં સુધી સ્ત્રીપુરૂષો માટે નક્કી 'કરેલા અભ્યાસક્રમની બાબતમાં-ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમની બાબતમાં-કંઇ પણ ફેરફાર ન કરવો એ આવશ્યક છે એવો મારો મત છે, અને તેથી જ આજ સુધી સ્ત્રીઓ માટે સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાની અને તેને માટે જુદો અભ્યાસક્રમ ઘડવાની કલ્પનાની કિંમત કરવાની બાબતમાં હું સંશયવૃત્તિ દર્શાવતો આવ્યો છું. પરંતુ હું હંમેશ કહેતો આવ્યો છું કે યોજના કે પદ્ધતિ ગમે તેવાં હોય, પણ એના સિવાય કન્યાઓ ને સ્ત્રીઓને શિક્ષણનો ફાયદો મળે એવું ન હોય તો તેનો આપણે ખુશીથી સ્વીકાર કરવો જોઇએ. આ જ દૃષ્ટિથી સ્ત્રીઓની યુનિવર્સિટીને અત્યંત ઉપયોગી ને ચિત્તાકર્ષક પ્રયોગ માની શકાય એમાં શંકા નથી."

આશ્રમ પુરતી પુનર્વિવાહ સંબંધી તટસ્થ વૃત્તિ સ્વીકારી હું મારૂં સઘળું બળ વિધવા-શિક્ષણના કાર્યમાં વાપરવા લાગ્યો ત્યારે કેટલાક સુધારકોએ મારા પર ગુસ્સે થઇ " હવે એ પુનર્વિવાહનો વિરોધ કરે છે ને એમની સંસ્થાના લોકો વિધવાઓનાં મન પુનર્વિવાહની વિરૂદ્ધ વાળે છે, " એવા આરોપ મૂકી અમે પુનર્વિવાહના કાર્યને નુકસાન કરીએ છીએ એવું લોકોને સમજાવતા હતા. હું જ્યારે માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ લેતી સ્ત્રીઓમાંથી સેંકડે પોણોસોને મારી સમજ પ્રમાણે અધિક ઉપયોગી થઈ પડે એવા અભ્યાસક્રમની યોજના કરી તે માટે ઉત્સાહપૂર્વક કામ કરવા લાગ્યો ત્યારે પણ સ્ત્રીપક્ષપાતી વર્ગમાંના કેટલાકને તેમ જ લાગવા માંડ્યું. 'એમણે પ્રતિગામી ધોરણ રાખ્યું છે, એને લીધે સ્ત્રીશિક્ષણ પાછળ પગલાં માંડશે, સ્ત્રીઓનો દરજ્જો ઉતરશે, સ્ત્રીઓમાં ઉતરતા પ્રકારની બુદ્ધિ છે એવું માની એમણે સહેલો અભ્યાભક્રમ યોજ્યો છે,' વગેરે આક્ષેપો તે લોકો મારી ઉપર મૂકવા લાગ્યા. જે પ્રમાણે પુનર્વિવાહ સંબંધીના મારા વિચારમાં બિલકુલ પાછો હઠયા સિવાય હું વિધવાશિક્ષણનું કાર્ય કરવા લાગ્યો હતો તે જ પ્રમાણે સ્ત્રીઓની ઉન્નતિ વિષેના મારા વિચારમાં બિલકુલ ફેર પાડયા વિના મેં આ કાર્ય શરૂ કર્યું છે. અને સ્ત્રીઓના હકક કે દરજ્જાનો પ્રશ્ન ઉદ્‌ભવતો હોય તો હું કોઇથી પાછળ પડું એમ મને લાગતું નથી. સ્ત્રીઓની બુદ્ધિ ઉતરતા પ્રકારની છે એવો મારો બિલકુલ મત નથી તેમજ વિદ્યાપીઠના બીજા ચાલકોનો પણ નથી. હાલ સેંકડે એંશી તરૂણોને નિરૂપયોગી શિક્ષણ મળે છે તે જ પ્રમાણે સેંકડે એંશી

Gandhi Heritage Portal

સ્ત્રીઓને પણ નકામું શિક્ષણ મળે છે. પુરૂષોના શિક્ષણમાં ફેરફાર કરવાનું જેટલું મુશ્કેલ છે તેટલું સ્ત્રીઓ માટે ફેરફાર કરવાનું કામ મુશ્કેલ નથી. આથી હું એ માટે તનતોડ પ્રયત્ન કરૂં છું. પુનર્લગ્નના કાર્ય માટે અનેક લોકોએ પુષ્કળ પ્રયત્ન કર્યા છતાં જનતા તે માન્ય કરતી નથી તેથી તે કાર્ય જ અયોગ્ય કે અનિષ્ટ છે એમ કહેવું અને વેળા કવેળા આ યોજનાનો આખા દેશમાં પ્રચાર થવા છતાં જનતા તેનો લાભ લેતી નથી માટે તે યોજના જ અયોગ્ય છે એવું અનુમાન કાઢવું, આ બન્ને વાત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ સરખી જ યોગ્યતાની ઠરે છે.* સમાજ જે વસ્તુ સ્વીકારે નહિ તે ત્યાજ્ય હોવી જોઇએ એવું ઠરાવવામાં આવે તો કોઈ પ્રકારનો સુધારો થઇ શકે જ નહિ. દશ બાર વર્ષ સુધી મહેનત થયા પછી પણ ભણતી વિદ્યાર્થીનીઓ આ યોજના તરફ વળતી નથી એથી આ યોજનાની અયોગ્યતા સિદ્ધ થતી નથી. લોકો સાધારણ રીતે ગતાનુગતિક–પડેલે ચીલે ચાલનારા–હોય છે. નવીન માર્ગ રાજમાર્ગ થયો છે એવી ખાત્રી થયા વિના તે એ નવીન માર્ગે ચાલતા નથી. નવીન માર્ગને રાજમાર્ગ થતાં લાંબો વખત લાગે છે. જો સરકાર આવતી કાલે જી. એ. ની યોગ્યતા નોકરીની દૃષ્ટિએ બી. એ. ની બરાબર ઠરાવે તો મુંબાઇ યુનિવર્સિટિમાં કેટલી વિદ્યાર્થીનીઓ રહે તેનું અનુમાન કરવા માટે મોટા તર્કશાસ્ત્રજ્ઞની જરૂર નથી. વિદ્યાર્થીનીઓનું વલણ આ યુનિવર્સિટી તરફ વળતું નથી એનું કારણ શોધવા માટે બહુ ઉંડા ઉતરવાની પણ જરૂર નથી. તે તદ્દન ખુલ્લું છે. સરકારી માન્યતા મળે તો વિદ્યાપીઠનો માર્ગ બહુ સરળ થાય, પણ તે ન મળે તો તદ્દન નિરાશ થવાનું કારણ નથી. કાળ જતાં આ વિદ્યાપીઠમાં ભણતી વિદ્યાર્થીનીઓની સંખ્યા વધશે એવી મારી ખાત્રી છે, એટલું જ નહિ પણ સ્ત્રીઓના માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનો ઘણોખરો ભાગ આ વિદ્યાપીઠ ને તેના જેવી બીજી વિદ્યાપીઠોના હાથમાં જ જશે એવી મારી ઉમેદ છે. એથી ઉલટો જ અનુભવ થશે અને વિદ્યાપીઠથી કંઈ કાર્ય થતું નથી એવું લાગશે ત્યારે મિત્રોની સલાહ પ્રમાણે આ સંસ્થાને

* જનતા તો શું પણ સુશિક્ષિત લોકો પણ રૂઢીને–પછી ભલે સામાજીક બાબતમાં હો કે નીતિની બાબતમાં–ઓળંગી ગ્રાહ્યાગ્રાહ્યતાનો વિચાર કરી કેટલે અંશે વર્તે છે એ મોટી શંકાશીલ વાત છે. જ્ઞાન માટે જે ભણે છે તેનો તો પ્રશ્ન જ નથી પણ દેવું કરીને પણ બધા બી. એ. ને એલએલ. બી. થવાનાં ફાંફાં મારે છે તે શું સૂચવે છે? ચાળીસ પચાસ રૂ. પગારની જગા ખાલી પડે તે માટે સેંકડો બી. એ. અરજી કરે તે શું બતાવે છે. ઇંદોર સંસ્થાનમાં ગયા સપ્ટેંબર મહિનામાં ન્યાયખાતામાં જગા ખાલી હતી તે માટે એલએલ.બી.અને બેરિસ્ટરોની અગિઆરસો અરજીઓ આવી હતી એ શું બતાવે છે?

Gandhi Heritage Portal

મુંબઈ યુનિવર્સિટીની કૉલેજ બનાવવા માટે પણ હું તૈયાર થઈશ. પણ તેમ કરવા પૂર્વે તદ્દન નાઇલાજ થઉં ત્યાં સુધી તો હું એને ફતેહમંદ બનાવવા તનતોડ પ્રયત્ન કર્યા વિના રહેવાનો નથી.

હવે એક બીજો ન્હાનો પણ અતિશિક્ષિત અને વજનદાર લોકોનો પક્ષ આ સંબંધમાં શું કહે છે તે જોઇએ. આ પક્ષનો મત જાણવા માટે એક સારૂં સાધન છે. ૧૯૨૪ માં મુંબાઇ યુનિવર્સિટીની સુધારણાનો વિચાર કરી સૂચના કરવા માટે મુંબાઇ સરકારે નીચેના ચૌદ ગૃહસ્થોની એક કમિટી નીમી હતીઃ—૧ સર ચિમનલાલ સેતલવાડ (ચેરમેન), ૨ ડૉ. આર. પી. પરાંજપે, ૩ મિ. એ. એલ. કૉવર્ન્ટન (સેક્રેટરી), ૪ રે. ઈ. બ્લૅટર, ૫ મિ. એમ. આર. જયકર, ૬ મિ. એચ. પી. મોદી, ૭ મિ. નટરાજન્, ૮ ડૅ. ઇ. વી. સાસૂન, ૯ પ્રૅા. કે. ટી. શાહ, ૧૦ મિ. મિર્ઝાઅલી મહમદખાન, ૧૧ સર પુરૂષોત્તદાસ ઠાકોરદાસ નાઇટ, સી. આ. ઇ., એમ. બી. ઈ. ૧૨ સર ફાજલભાઇ કરીમભાઇ નાઈટ, ૧૩ મિ. એ. બી. લઠ્ઠે અને ૧૪ મિ. જે. બી. પિટીટ. આ કમિટિનો મત તે જ બીજા પક્ષનો મત એમ કહેવામાં હરકત નથી. આ કમિટીએ સ્ત્રીઓની યુનિવર્સિટીના પ્રશ્નનો વિચાર કરી નીચે પ્રમાણે મત દર્શાવ્યો હતોઃ—

We have had the aims and objects of Mr. Karve's Indian University for Women at Hingne Budruk explained to us by its supporters and we have read the reports of its progress. But a majority of the witnesses on this subject hold that a separate University for women is wasteful of money and effort and is likely to lower the standard of higher education for women. They think that co-education is a sounder principle at the University stage. Even those who are inclined to support the existing Women's University admit that, if the use of the Vernacular as a medium is in some degree admitted in the colleges of the University of Bombay and if provision of special options for women is made, a separate University is totally unnecessary. We are agreed that a separate

Gandhi Heritage Portal

Women's University is wasteful of effort and money, and that a Women's University with the vernacular as its medium is not in the interests of higher education of women in this Presidency, for reasons which appear from what we have already said about the Vernacular in Universities. Moreover, there is no evidence of any real demand for such a form of education."

"હિંગણે બદ્રુકના પ્રો. કર્વેના ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠનું ધ્યેય અને ઉદ્દેશનું વિવરણ તે વિશ્વવિદ્યાલયના કર્તાઓએ કર્યું છે તે અમારી પાસે છે ને અમે તેની પ્રગતિનો હેવાલ વાંચ્યો છે. પરંતુ આ વિષય પર જે ગૃહસ્થોએ જુબાની આપી છે તેમાંના ઘણાખરાનો મત એવો છે કે, સ્ત્રીઓ માટે સ્વતંત્ર યુનિવર્સિટી કાઢવી એ પૈસા ને શ્રમનો અપવ્યય છે. તેને લીધે સ્ત્રીઓના શિક્ષણનો દરજ્જો ઉતરતો ગણાય એવો સંભવ છે. વિશ્વવિદ્યાલયીન શિક્ષણાવસ્થામાં (સ્ત્રી–પુરૂષનું) સહશિક્ષણ તત્વતઃ વધારે નિર્દોષ છે એવો તેમનો મત છે. આ વિદ્યાપીઠના પક્ષકારો પણ કબુલ કરે છે કે મુંબાઈ યુનિવર્સિટીમાં માતૃભાષાનો બોધભાષા તરીકે કેટલાક અંશે ઉપયોગ કરવાનું માન્ય થાય અને સ્ત્રીઓ માટે અધિક ઐચ્છિક વિષયોની વ્યવસ્થા કરવામાં આવે તો સ્ત્રીઓ માટે જુદું જ વિશ્વવિદ્યાલય હોવાની જરૂર નથી. અમારા બધાનો એવો મત છે કે સ્ત્રીઓ માટે સ્વતંત્ર યુનિવર્સિટી કાઢવી, એ શ્રમ ને પૈસા બગાડવા જેવું છે, અને જેમાં માતૃભાષા બોધભાષા છે એવી સ્ત્રીઓની સ્વતંત્ર યુનિવર્સિટી કાઢવી એ આ ઇલાકાના સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણને પોષક નથી. વિશ્વવિદ્યાલયમાં માતૃભાષાના ઉપયોગ માટે અમે જે કંઈ કહ્યું છે તે પરથી અમારો ઉપર પ્રમાણેનો મત થવાનાં કારણો માલમ પડશે. એ ઉપરાંત આવા પ્રકારના શિક્ષણ માટેની ખરી માગણી હોવાનો પુરાવો નથી."

સમાજસુધારાની બાબતમાં અત્યંત પ્રગમનશીલ પક્ષ અને બીજો આ અતિશિક્ષિત લોકોનો પક્ષ એ બન્ને પર અંગ્રેજી ભાષાએ એટલી મોહિની નાખી છે કે બધા જ વિદ્યાર્થીઓ ઉપર આ પારકી ભાષાનો ભારે બોજો નાખવાથી શારીરિક ને માનસિક શક્તિનો અપવ્યય થાય છે તે પર તેમનું ધ્યાન દોરાતું જ નથી. તેમને એમ લાગે છે કે જે યોજનામાં અંગ્રેજીને

પુસ્તકાલય.

Gandhi Heritage Portal

પ્રાધાન્ય ન હોય તે યોજના નકામી જ હોવી જોઇએ. ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજી ભાષા બિલકુલ નહિ કિંવા બહુ તો ઐચ્છિક હોવી જોઇએ એવું કહેનારા પણ લોકો છે. મારો વિચાર વચ્ચેનો માર્ગ કાઢવાનો છે.

પદવીદાન સમારંભ વખતના અનેક ભાષણમાં અંગ્રેજી ભાષાના અભ્યાસ તરફ વિશેષ લક્ષ આપવાના ઇસારા કરવામાં આવે છે તે ઠીક છે. અંગ્રેજી ભાષાના અભ્યાસને યોગ્ય મહત્વ આપવું જોઇએ એવો વિદ્યાપીઠના ચાલકો-માંના દરેકનો મત છે. હાલ તે આખા જગતની ભાષા છે. ખુદ આપણા દેશના જુદા જુદા ભાગમાં પ્રવાસ કરવા માટે આ ભાષાની જરૂર પડે છે અને ઘણાં વર્ષો સુધી તે જરૂર રહેશે. હાલ હિંદુસ્થાન એક રાષ્ટ્ર થયું છે તે અંગ્રેજી ભાષાને લીધે છે. તેથી અંગ્રેજી ભાષાનો સારો અભ્યાસ સ્ત્રીઓએ પણ કરવો જોઇએ એમાં મતભેદ નથી. પણ અંગ્રેજીનાં વધારે પડતાં વખાણ કરનારા અને અંગ્રેજી એ જ બોધભાષા હોવી જોઇએ એવો આગ્રહ ધરા-વનારા લોકો સાથે મારો મતભેદ છે. જેની માતૃભાષા અંગ્રેજી ન હોય એવા પૃથ્વીના પડ પર કેટલાયે લોકો મળી આવે છે કે જેને પોતાના ધંધા, સંશોધન કે અભ્યાસ માટે અંગ્રેજીનો ઉપયોગ સામાન્ય ગ્રૅજ્યુએટના કરતાં વિશેષ કરવો પડે છે; પણ જેમને ઉચ્ચાર, સ્પેલિંગ કે વાક્યરચનામાં મૅટ્રિકના પરીક્ષકો નાપાસ કરે. ગમે તેટલી મહેનત કર્યા છતાં હિંદની ભાષાઓથી અત્યંત ભિન્ન એવી અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ સેંકડે એકાદથી જ સંપાદન થઇ શકે. બધો અભ્યાસ અંગ્રેજીમાં કરી અગીઆર વર્ષો જેના અભ્યાસમાં ગાળ્યાં હોય છે તે ભાષા કેવી આવડે છે તેનાં ઘણાં તાજાં ઉદાહરણો જડી શકે એમ છે. મુંબાઇ યુનિવર્સિટીમાં અંગ્રેજી નિબંધલેખનનો પેપર જુદો રાખી તેમાં બી. એ. ના દરેક ઉમેદવારે પાસ થવું જોઇએ એવો નિયમ થયો છે. એક વર્ષે બી. એ. ના ૧૧૫૦ ઉમેદવારોમાંથી ૫૪૦ અંગ્રેજી નિબંધલેખનમાં નાપાસ થયા. આ વાત છેલ્લાં ત્રણ ચાર વર્ષની છે. અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન થયું હોય તો વખત પડે તેનો સારો ઉપયોગ કરતાં શીખાય છે. અંગ્રેજી ભાષાનું મહત્વ સમજી બીજી યુનિવર્સિટીમાં સેકન્ડ લૅંગ્વેજ એટલે બીજી ભાષા પ્રત્યે જેટલું લક્ષ આપવામાં આવે છે તેથી અધિક લક્ષ મહિલાવિદ્યાપીઠમાં અંગ્રેજી પ્રત્યે આપવામાં આવે છે. અને કેટલીક શાળામાં તે તરફ લક્ષ અપાતું ન હોય તો અપાવું જોઇએ. હાઇસ્કુલની શરૂઆતથી તે કૉલેજની આખર સુધી અંગ્રેજી એ મહત્વનો આવશ્યક વિષય હોય તો અંગ્રેજીનું જરૂર જેટલું જ્ઞાન સહજ મળે છે.

Gandhi Heritage Portal

આ બે વિરોધી પક્ષના બે મતો વચ્ચે જે If એટલે 'જો' 'તો' છે તે ઘણું મહત્વનું છે. જો માતૃભાષાનો પ્રવેશ સરકારી યુનિવર્સિટીમાં થાય ને વ્યવહારશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, વગેરે વિષયો સ્ત્રીઓ માટે ઐચ્છિક કરવામાં આવે તો સ્ત્રીઓની જુદી યુનિવર્સિટીની આવશ્યકતા શી રહે ? જ્યાં સુધી સામાન્ય પદવીનું ( ordinary degree ) શિક્ષણ માતૃભાષા મારફતે અપાય નહિ ત્યાં સુધી સ્ત્રીઓની સ્વતંત્ર યુનિવર્સિટીની આવશ્યકતા રહેવાની જ. આપણી મંદગતિનો વિચાર કરીએ તો એમ થતાં કેટલાં વર્ષો લાગશે તે કહી શકાય એમ નથી.

હવે અંશતઃ કિંવા સર્વસ્વી અનુકૂળ મતોનો વિચાર કરીએ. આવા કેટલાક મત આ પહેલાના પ્રકરણમાં આપ્યા છે. સામાન્યતઃ સ્ત્રીઓને અપાતા ઉચ્ચ શિક્ષણમાં પણ ભેદ કરવો જોઇએ એવો વિચાર પાશ્ચાત્ય દેશોમાં પણ પ્રચલિત થવા લાગ્યો છે. એ 'નાઈન્ટીન્થ સેંચરી ઍન્ડ આફ્ટર' માસિકમાંના ઉતારા આપ્યા છે તે પરથી ધ્યાનમાં આવશે. વિદ્વાન ને વજનદાર લોકોનો આ હિલચાલને ટેકો ન હોત તો સ્ત્રીઓની યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી શકત જ નહિ. આજ સુધી જેમણે ચાન્સેલર ને વાઇસ ચાન્સેલરનું કામ કર્યું હતું ને હાલ કરે છે, તે જ પ્રમાણે સિંડિકેટના અને સેનેટના સભાસદોનું કામ જેમણે કર્યું હતું ને કરે છે, તેમની વિદ્વતા ને તેમનો દરજ્જો નીચેની યાદી પરથી જણાશે.

મહિલાવિદ્યાપીઠના આજ સુધીના ચાન્સેલર, વાઇસ ચાન્સેલર ને સિંડિકેટના સભાસદો નીચે પ્રમાણે થયા છેઃ—

### ચાન્સેલર.

ડૉ. સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, એમ. એ., પી. એચ. ડી.

સર મહાદેવ ભાસ્કર ચૌબળ, બી. એ., એલએલ. બી., કે. સી. આઈ. ઈ., સી. એસ. આઇ.

### વાઇસ-ચાન્સેલર.

ડૉ. રઘુનાથ પુરૂષોત્તમ પરાંજપે, એમ. એ., બી. એસસી., ડી. એસ. સી.

૫. વા. ન્યાયમૂર્તિ સર લલ્લુભાઈ આશારામ શાહ, એમ. એ., એલએલ. બી.

### સિંડિકેટના સભાસદ.

પ્રિન્સિપાલ કેશવ રામચંદ્ર કાનિટકર, એમ. એ., બી. એસસી.

પ્રિન્સિપાલ વિનાયક ગણેશ આપટે, બી. એ.

ડૉ. સુમંત બી. મહેતા, એમ. બી.

Gandhi Heritage Portal

સૌ. શારદાગૌરી મહેતા, બી. એ.
શ્રીયુત કેશવપ્રસાદ સી. દેસાઈ, બી. એ., એલએલ. બી.

### ૧૯૨૮ ની શરૂઆતમાં સિંડિકેટના સભાસદ.

ધી ઑનરેબલ સર ચુનીલાલ વ્રજભૂખણદાસ મહેતા, એમ. એ., એલએલ. બી. (ચાન્સેલર.)
શ્રીયુત બાલકરામ, એમ. એ., આઈ. સી. એસ (વાઈસ ચાન્સેલર)
ડૉ. વાય. જી. નાડગીર, એમ. એસ., ઍફ. સી. પી. એસ., ડીન ગ્રૅંટ મેડીકલ કૉલેજ.
પ્રિન્સિપાલ એન. એમ. શાહ, એમ. એ.
લેડી વિઠ્ઠલદાસ ઠાકરસી.
કુમારી કૃષ્ણાબાઇ તુળસકર, એમ. એ.
પ્રો. વિષ્ણુ બળવંત નાઇક, એમ. એ.
સાહિત્યાચાર્ય પ્રો. હરિ રામચંદ્ર દિવેકર, એમ. એ.
પ્રિન્સિપાલ નારાયણ મહાદેવ આઠવલે, એમ. એ.
કુમારી ઇન્દિરાબાઈ ભાગવત, બી. એ. પ્રિન્સિપાલ, મહિલાપાઠશાળા, અમદાવાદ.
પ્રો. ધોંડો કેશવ કર્વે, બી. એ.

### આ સભાસદો ઉપરાંતના સેનેટના બીજા સભાસદો.

રા. બા. ડૉ. પી. વી. શિખરે, એલ. એમ. ઍંડ એસ.
પ્રિન્સિપાલ એન. એમ. પટવર્ધન, એમ. એ., એલ. ટી.
શ્રીયુત્ બાલકૃષ્ણ સી. કામત, બી. એ.
રા. બ. પ્રો. દત્તાત્રય લક્ષ્મણ સહસ્રબુદ્ધે, એમ. એસસી., એમ. એજી.
પ્રો. રામચંદ્ર કાશિનાથ ભીડે, બી. એ.
પ્રો. કેશવ નારાયણ બેહેરે, એમ. એ., એલ. ટી.
ડૉ. સુમંત બી. મહેતા, બી. એ.
શ્રીયુત બી. પી. ઠાકોર, બી. એ.
શ્રીયુત કેશવપ્રસાદ સી. દેસાઇ, બી. એ., એલએલ. બી.
શ્રીયુત એમ. યુ. અલમૌલા, બી. એ., બી. એસસી.
પ્રો. વામન મલ્હાર જોશી, એમ. એ.
શ્રીયુત વાગ્ભટ નારાયણ દેશપાંડે, બી. એ., એલએલ. બી.
ડૉ. એમ. એન. આગાશે, એમ. બી., બી. એસ.

Gandhi Heritage Portal

પ્રૉ. વાસુદેવ ગોવિંદ માયદેવ, એમ. એ.
શ્રીયુત્ ગોવિંદ કાશીનાથ ગાડગીળ, બી. એ., બૅરિસ્ટર-ઍટ-લૉ.
શ્રીયુત્ એચ. ડી. નાણાવટી, બી. એ., એલએલ. બી.
પ્રૉ. શ્રીકૃષ્ણ નીલકંઠ ચાફેકર, એમ. એ., એલએલ. બી.
શ્રીયુત્ વી. સી. જાધવ, બી. એ.
સૌ. તારાબાઇ પ્રધાન, બી. એ.
શ્રીયુત્ જી. એન. કાજી, બી. એ.
શ્રીયુત્ આર. જી. ઠાકોર, બી. એ., એલએલ. બી.
શ્રીયુત્ કે. એન. દેસાઇ, એમ. એ., એલએલ. બી.
શ્રીયુત્ પી. એ. ધોંડ, એમ. એ.
રા. બ. રાવજી રામચંદ્ર કાળે, બી. એ., એલએલ. બી.;
એમ. એલ. સી.
પ્રિન્સિપાલ કેશવ રામચંદ્ર કાનિટકર, એમ. એ., બી. એસસી.
સર મહાદેવ ભાસ્કર ચૌબલ, બી. એ. એલએલ. બી., કે. સી. આઇ. ઇ., સી. એસ. આઇ.
ડા. કે. કે. જોશી, એમ. એ., પી. એચ. ડી.
પ્રૉ. રઘુનાથ ધોંડો કર્વે, એમ. એ.
ધી રાઇટ ઓનરેબલ મી. વી. શ્રીનિવાસ શાસ્ત્રી, એમ. એ. એલ.
પ્રિ. વિનાયક ગણેશ આપ્ટે, બી. એ.
શ્રીયુત્ મુકુંદ આર. જયકર, એમ. એ. એલએલ. બી.; બૅરિસ્ટર-ઍટ-લૉ., એમ. એલ. એ.
ડૉ. દિનકર ધોંડો કર્વે, એમ. એસસી. પી. એચ. ડી.
પ્રૉ. પંઢરિનાથ તેલંગ, એમ. એ., એલએલ. બી.
શ્રીયુત નરસિંહ ચિંતામણ કેલકર, બી. એ., એલ.એલ.બી.એમ.એલ.એ.
સૌ. સરલાબાઇ નાયક, એમ. એ.
પ્રિન્સિપાલ ગોવિંદ ચિમણાજી ભાટે, એમ. એ.
પ્રૉ. મહાદેવ રામચંદ્ર પરાંજપે, એમ. એ., બી. એસસી.
કુમારી મેબલ એ. નીડહૅમ, બી. એ.
કુમારી ઍગ્નિસ જી. હીલ, બી. એ., બી. લિટ્.
સૌ. શારદાગૌરી મહેતા, બી. એ.
પ્રો. ગોપાળ મહાદેવ ચિપળૂણકર, એમ. એ.

Gandhi Heritage Portal

સૌ. માર્ગરેટ ઇ. કઝીન્સ, બી. મ્યુઝિક.
ડૉ. કાશીબાઇ નવરંગે, બી. એ., એલ. એમ. એન્ડ ઍસ.
ડૉ. કૃષ્ણાબાઇ કેલવકર, એલ. એમ. ઍંડ ઍસ.
શ્રીયુત ગોપાલ આર. દવે, બી. એ., બી. એલ.
પ્રો. દત્તો વામન પોતદાર, બી. એ.
શ્રીયુત ગંગાધર બાલકૃષ્ણ ગરૂડ, બી. એ.
શ્રીયુત ગણેશ સદાશિવ મરાઠે, એમ. એ., એ. આઇ. ઇ.
ડૉ. સુંદરાબાઈ કીર્તને, એલ. એમ. એન્ડ ઍસ.
ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવલકર, એમ. એ., પી. એચ. ડી.
પ્રો. ગણેશ હરિ કેળકર, એમ. એ.
પ્રો. ગોપાળ બાળકૃષ્ણ કોલહટકર, એમ. એ.
પ્રો. રામચંદ્ર કૃષ્ણ લાગૂ, એમ. એ.
પ્રો. વાય. ડી. જોશી, એમ. એ.
શ્રી. યશવંત રામકૃષ્ણ દાતે, બી. એ., એલએલ. બી.
શ્રી એન. કે. દીક્ષિત, બી. એમ. સી. પી.
ડૉ. ટી. સી. ખાંડવાળા, એલ. એમ. એન્ડ એસ.
ન્યાયમૂર્તિ ગોવિંદ દિનાનાથ મડગાંવકર, બી. એ., આઇ. સી. એસ.
શ્રીયુત જ્વ્હેરમલ અમરસિંહ, બી. એ.
સૌ. સ્નેહલતાબાઈ પગાર, બી. એસસી., એ. એમ.
ડૉ. શાન્તાબાઇ કશાળકર, બી. એ.
ડૉ. ગોપાળ રામચંદ્ર તાંબે, એમ. એ.બી.એસ.સી.એલ.એમ.ઍંડ એસ.
પ્રો. ડી. ડી. કાપડીઆ, એમ. એ.
શ્રીયુત ગોકળદાસ એમ. શાહ, બી. એ.
શ્રીયુત માધવજી દામોદર ઠાકરસી.
સર રમણભાઇ મહિપતરામ નીલકંઠ, બી. એ., એલએલ. બી.+
પ્રિન્સિપાલ જીવરાજ એન. મ્હેતા, એમ. ડી.
શ્રીયુત વિનાયક ત્રિંબક આગાશે, એલ. સી. ઈ.
પ્રિન્સિપાલ જગન્નાથ રઘુનાથ ધારપુરે, એમ. એ., એલએલ. બી.

સામટી ત્રણ સભામાં ગેરહાજર રહે તે સેનેટ અગર સિંડિકેટના સભાસદનું નામ કમી કરવાનો નિયમ છે. આ નિયમ પાળી આટલા લોકો

+ તે થોડા દિવસ પહેલાં જ પરલોકવાસી થયા છે.

Gandhi Heritage Portal

પોતાનો શ્રમ, સમય ને પૈસા ખરચી આ વિદ્યાપીઠને મદદ કરે છે એ ઉપરથી આમાંના કેટલાકોનો મત વિદ્યાપીઠના ધોરણને બધી રીતે કદાચ અનુકૂળ નહિ હોય તોપણ તેનાથી કંઇ પણ ઇષ્ટ કાર્ય થાય છે એવું તો તેમને લાગતું હોવું જોઇએ.

સેનેટના સભાસદો ચુંટનારા મતદારોની સંખ્યા દશ વર્ષની સરાસરી ૨૫૦૦ લગભગ છે. આમાં કોઈ નહિ ને કોઈ યુનિવર્સિટીના પદવીધરોની સંખ્યા સાતસો કે આઠસો છે. તેમને દર સાલ દશ રૂપિઆ વ્યાજ ઉત્પન્ન થાય એટલી રકમ અથવા દર સાલ દશ રૂપિયા લવાજમ આપવું પડે છે. બીજા મતદારોને દર સાલ પાંચ રૂપિયા વ્યાજ ઉત્પન્ન થાય એટલી રકમ અથવા પાંચ રૂપિયા લવાજમ આપવું પડે છે. લવાજમ આવે નહિ તો મતદારોની યાદીમાંથી નામ કમી કરવામાં આવે છે. આ બીજા મતદારોમાં પણ પદવીધરો, વકીલો વગેરે સુશિક્ષિત લોકો પણ છે. દર વર્ષે બસેં ત્રણસેં મતદારો કમી થાય છે એ ખરૂં, પણ એટલા જ લગભગ નવા થાય છે. આટલા આટલા સુશિક્ષિત લોકોની સહાનુભૂતિ વર્ષાનુવર્ષ કાયમ રહે છે તે ઉપરથી શું અનુમાન નીકળે છે તે જુઓ. જુદા જુદા સંઘના મતદારોની સંખ્યા આ પછીના પાના ઉપર આપેલા પત્રક ઉપરથી જણાશે.

આ પત્રક સંબંધી થોડું સ્પષ્ટીકરણ કરીશું તો ઠીક થશે. શરૂઆતની ચુંટણી ૧૯૧૬ માં થઈ. સાઠ સભાસદોની સેનેટ થઇ તે ત્રણ વર્ષ સુધી એટલે ૧૯૧૯ ના જુન સુધી કાયમ રહી. ત્યાં સુધી મતદારોને મત આપવાનું કારણ ન હોવાથી જુદા જુદા સંઘના મતદારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી ન હતી. ત્યાર પછી દરવર્ષે સેનેટમાં કેટલીક જગ્યાઓ ખાલી પાડવી ને તે ચુંટણીથી ભરવી એવો ક્રમ ચાલે છે. સામાન્યતઃ એક વખત ચુંટાયા પછી તે પાંચ વર્ષ સુધી સભાસદ રહે છે. પછી તે કમી થાય છે એવો નિયમ છે. આ રીતે કમી થયેલા સભાસદોને ફરીથી ચુંટી શકાય છે. પહેલાં ચાર વર્ષની મતદારોની યાદીમાં કાયમના મતદાર ને વાર્ષિક લવાજમ આપનાર મતદાર એવો ભેદ કરવામાં આવ્યો નહોતો.

સર વિઠ્ઠલદાસ ઠાકરસી પાસેથી દર સાલ મળતા સાડીબાવન હજાર પ્રમાણે વ્યાજના રૂપિયા બાદ જતાં આજ સુધીમાં આ વિદ્યાપીઠને આશરે પાંચ લાખ રૂપિયા મળ્યા છે. તેમાંથી સુમારે પોણા બે લાખ રૂપીઆ, એક હજાર ને તેથી વિશેષ દાન આપનાર સાઠ પાંસઠ લોકો પાસેથી મળેલા છે, પણ

Gandhi Heritage Portal

## જુદા જુદા સંઘના મતદારોની સંખ્યા દર્શાવતું પત્રક.

| વર્ષ | આશ્રયદાતાના સંઘના મતદાર | પદવીધરના સંઘના મતદારોની સંખ્યા | | | સામાન્ય સંઘના મતદારોની સંખ્યા | | | સુશિક્ષિત સ્ત્રીઓના સંઘના મતદાર | એકંદર મતદાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કાયમના મતદાર | વાર્ષિક લવાજમ આપનાર મતદાર | એકંદર | કાયમના મતદાર | વાર્ષિક લવાજમ આપનાર મતદાર | એકંદર | | |
| ૧૯૧૯ | ૧૭ | | | ૭૭૮ | | | ૧૦૫૫ | ૫૩ | ૧૯૦૩ |
| ૧૯૨૦ | ૨૧ | | | ૮૨૬ | | | ૧૨૧૪ | ૫૭ | ૨૧૧૮ |
| ૧૯૨૧ | ૨૯ | | | ૮૨૫ | | | ૧૨૪૯ | ૫૮ | ૨૧૬૧ |
| ૧૯૨૨ | ૩૩ | | | ૮૮૨ | | | ૧૫૨૫ | ૭૮ | ૨૫૧૮ |
| ૧૯૨૩ | ૪૦ | ૧૪૫ | ૬૮૫ | ૮૩૦ | ૨૧૦ | ૧૨૭૬ | ૧૪૮૬ | ૮૨ | ૨૪૩૮ |
| ૧૯૨૪ | ૪૫ | ૧૪૫ | ૭૨૩ | ૮૬૮ | ૨૧૦ | ૧૪૯૪ | ૧૭૦૪ | ૮૩ | ૨૭૦૦ |
| ૧૯૨૫ | ૪૯ | ૧૯૨ | ૬૧૦ | ૮૦૨ | ૩૨૧ | ૧૩૮૩ | ૧૭૦૪ | ૮૨ | ૨૬૩૭ |
| ૧૯૨૬ | ૫૩ | ૨૦૧ | ૬૦૬ | ૮૦૭ | ૩૫૧ | ૧૪૯૧ | ૧૮૫૦ | ૮૯ | ૨૭૯૯ |
| ૧૯૨૭ | ૬૫ | ૨૦૬ | ૫૭૨ | ૭૭૮ | ૪૦૫ | ૧૪૬૧ | ૧૮૬૬ | ૯૮ | ૨૮૦૭ |
| ૧૯૨૮ | ૬૭ | ૨૧૨ | ૫૭૧ | ૭૮૩ | ૪૪૮ | ૧૪૫૫ | ૧૯૦૩ | ૧૧૨ | ૨૮૬૫ |

Gandhi Heritage Portal

બાકીના સવા ત્રણ લાખ રૂ. સુશિક્ષિત મધ્યમ વર્ગના લોકો પાસેથી મળેલા છે. કોઇ પણ રાષ્ટ્રની મજબુતતા આ સુશિક્ષિત મધ્યમ વર્ગ પર જ આધાર રાખે છે, ને શરૂઆતથી જ મહિલાવિદ્યાપીઠને આ વર્ગનો ટેકો મળ્યો છે. આ મોટા વર્ગની સહાનુભૂતિ ન હોત તો વિદ્યાપીઠની પ્રગતિ અશક્ય જ થઇ જાત.

આ વિદ્યાપીઠ વિષેનો લોકમત જાણવાનો એક બીજો માર્ગ છે. આ વિદ્યાપીઠના નમુના પર યુનિવર્સિટી કાઢવાના બીજા પ્રાંતમાં પ્રયત્ન થયા છે. બંગાળામાં સ્ત્રીઓની યુનિવર્સિટી કાઢવા માટે એક કમિટી સ્થાપન થઇ હતી. તેના પ્રમુખ સર અસુતોશ ચૌધરી, હાઇકોર્ટ જજ્જ એ હતા, ને તે કમિટિમાં ડૉ. પી. સી. રૉયનું નામ હતું. તે કમિટીએ એક સરક્યુલર ફેરવી વિદ્વાન સ્ત્રીપુરૂષોના અભિપ્રાય માગ્યા હતા. આ સંબંધમાં એક વર્ત-માનપત્રમાંનો લેખ કાપી સર વિઠ્ઠલદાસ ઠાકરસીએ મારી ઉપર મોકલાવ્યો હતો. આ વિષે પાછળથી કાંઇ સાંભળવામાં આવ્યું નથી.

પંજાબમાં પણ કેટલાક લોકોની આવી ઇચ્છા હતી. લાહોરની દયાનંદ વૈદિક કૉલેજના ઉત્પાદક ને માજી પ્રિન્સિપાલ લાલા હંસરાજે વર્તમાનપત્રો દ્વારા પ્રસિદ્ધ કર્યું હતું કે, ત્રણ લાખ રૂપિયા ભેગા કર્યા પછી આ કામ હાથ પર લેવાની મારી ઇચ્છા છે. સાઠ હજાર રૂ. આપવાની પોતાની ઇચ્છા એક ધનિકે વર્તમાનપત્ર દ્વારા દર્શાવી હતી. પરંતુ પાછળથી જલિ-આનવાલા બાગનું પ્રકરણ ઉપસ્થિત થવાથી પંજાબમાં વિલક્ષણ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ ને આ વાત પડી રહી.

અખિલ ભારતવર્ષીય સ્ત્રીઓની પહેલી પરિષદ પૂનામાં ૧૯૨૭ ના પહેલા અઠવાડીઆમાં ભરાઇ હતી. તેણે નીચેના બે ઠરાવ પસાર કર્યા હતાઃ–

"That in all education of girls in India teaching in the ideals of motherhood and in the making of the home beautiful and attractive, as well as training in social service, should be kept uppermost."

"હિંદુસ્થાનમાં કન્યાઓના શિક્ષણમાં માતૃપદના ધ્યેય વિષેનું જ્ઞાન, તેમજ ગૃહ સુંદર અને આકર્ષક શી રીતે કરવું એનો ખ્યાલ અને સમાજ-સેવાનું અનુભવયુક્ત શિક્ષણ એને અગ્રસ્થાન આપવું જોઇએ."

Gandhi Heritage Portal

"The Women's conference recommends that government recognition should be given ta successful educational institutions which have been working on experimental lines advocated by this conference (such as the Indian Women's University and others) and which desire such recognition."

"આ સ્ત્રીપરિષદ સરકારને ભલામણ કરે છે કે આ પરિષદે જે ધોરણ સ્વીકાર્યું છે તે સંબંધી પ્રયોગ કરવાની યશસ્વી શિક્ષણસંસ્થાઓને ( દાખલા તરીકે ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠ ને બીજી જે સંસ્થાઓ હોય તે ) તેમની ઇચ્છા હોય તો સરકારી માન્યતા આપવી."

ગયા ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ભરાયેલી સ્ત્રીઓની શૈક્ષણિક પરિષદે આ બે ઠરાવોને ફરીથી માન્ય કર્યા છે.

મુંબઇ ઇલાકાના વિદ્યાખાતાનો ૧૯૨૫–૨૬ ની સાલનો રિપોર્ટ થોડા મહિના પૂર્વે પ્રસિદ્ધ થયો છે. તેમાં આ વિદ્યાપીઠ માટે નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

"A number of schools throughout the presidency are affiliated to the Poona Women's University. Some of these are recognized by the Department. A special feature of these schools is that they use the Vernacular as the medium of instruction for all subjects except English throughout the school course,"

"ઇલાકામાં ઘણી શાળાઓ પુનાની સ્ત્રીઓની યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. તેમાંની કેટલીક વિદ્યાખાતામાં નોંધાએલી છે. આ શાળાઓનું એક ખાસ લક્ષણ એ છે કે તેમાં છેલ્લાં ધોરણ સુધી અંગ્રેજી શિવાયના બીજા બધા વિષયો માતૃભાષામાં શીખવવામાં આવે છે."

"The cause of women's education and of the uplift of women is nobly assisted by numerous societies and institutions in this presidency, the chief among which are the Seva Sadan Society, Poona, and Indian Women's University, Poona. The Educational ? Inspector, C. D. reports:—

Gandhi Heritage Portal

In the cause of female education, especially the education of adults, the efforts of Prof. D. K. Karve on the one hand and of Mr. G. K. Devdhar on the other are commendable. Prof. Karve's tiny little colory of 30 years ago has now developed into a full-fledged University for Indian Women. Its special feature is that the medium of instruction is the vernacular and the aim of adapting girls' curriculum to their special needs and conditions and of retaining the simplicity of Indian style of living is steadily kept in view."

"આ ઇલાકામાંનાં જે ઘણાં મંડળો ને સંસ્થાઓએ સ્ત્રીઓના શિક્ષણ તથા ઉન્નતિના કાર્યમાં મોટી મદદ કરી છે, તેમાં પૂનાની સેવાસદન સોસાઇટી અને ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠ એ સંસ્થાઓ મુખ્ય છે. મધ્ય વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર લખે છે કે,

"સ્ત્રીઓના–ખાસ કરીને પ્રૌઢ સ્ત્રીઓના–શિક્ષણના પ્રો. ડી. કે. કર્વે અને શ્રી જી. કે. દેવધરના પ્રયત્નો પ્રશંસનીય છે. પ્રો. કર્વેના ૩૦ વર્ષ પૂર્વેના નાનકડા વસાહતને હાલ પૂર્ણતા પામેલી હિંદી સ્ત્રીઓની યુનિવર્સિટીનું સ્વરૂપ મળ્યું છે. માતૃભાષાનો બોધભાષા તરીકે ઉપયોગ, સ્ત્રીઓની ખાસ જરૂરીઆતો:ને સ્થિતિને અનુકૂળ અભ્યાસક્રમ અને હિંદી રહેણીકરણી કાયમ રાખવાનો પ્રયાસ એ આ વિદ્યાપીઠનાં ખાસ લક્ષણ છે."

આંધ્ર યુનિવાર્સિટીની સેનેટની તા. ૫ મી ડિસેમ્બર ૧૯૨૭ ના રોજ ભરાયેલી સભામાં નીચેનો ઠરાવ પસાર થયો હતોઃ—

"That the Senate request the Academic Council to consider the desirability of having separate courses of study, as alternative to the present courses, for women and to formulate proposals for giving effect to this policy, if it approves."

"હાલના શિક્ષણક્રમને સમાંતર સ્ત્રીઓ માટે જુદો વૈકલ્પિક અભ્યાસક્રમ નક્કી કરવાની ઇષ્ટતાનો વિચાર કરવાની અને તેમ કરવું યોગ્ય લાગે તો તે અમલમાં મૂકવાની દષ્ટિએ સૂચના કરવાની સેનેટ તે મંડળને વિનંતિ કરે છે."

Gandhi Heritage Portal

આંધ્ર યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર શ્રીયુત સી. આર. રેડ્ડીએ જગતનો પ્રવાસ કર્યો ત્યારે તેમણે સ્ત્રીઓને જુદી જુદી પદ્ધતિએ શિક્ષણ આપવાની અનેક કૉલેજો તપાસી હતી, ને તેની હકીકત ૧૯૧૬ માં 'ડેપ્યુટેશન સ્ટડી' 'Deputation study' નામના પુસ્તકમાં પ્રસિદ્ધ કરી હતી. આવી કૉલેજોમાં લંડનની 'કિંગ્ઝ કૉલેજ ફૉર વીમેન' (King's College for women) મુખ્ય છે. ઉપરના ઠરાવને આગળ ગતિ આપવા માટે શ્રીયુત રેડ્ડીએ ટિપ્પણ સાથે લખેલું એક નાનકડું પુસ્તક રજીસ્ટાર મારફતે કેટલાંક સ્ત્રીપુરૂષને મોકલ્યું હતું, ને તેમની પાસેથી આ યોજના સંબંધી સૂચનાઓ મંગાવી હતી. આ પુસ્તકમાં પાશ્ચાત્યોએ ચલાવેલી કેટલીક સ્ત્રી-ઓની કૉલેજોમાં આ વિષયનો અભ્યાસક્રમ કેવો રાખ્યો છે એ વિષેની માહિતી આપેલી છે. શ્રીયુત રેડ્ડીની ઇચ્છા એવી છે કે આંધ્ર યુનિવર્સિટીએ સ્ત્રીઓ-ને વ્યવહારશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનું (Domestic and social science) શિક્ષણ આપવા માટે સ્વતંત્ર યુનિવર્સિટી કાઢવી ને હાલ તરત ઇંટરમેજીએટ કૉલેજથી શરૂઆત કરવી એવી એમની ભલામણ છે.

હિંદુસ્તાનની સ્ત્રીઓના શિક્ષણ સંબંધે સર અતુલચંદ્ર ચૅટરજીએ લંડનમાં યુનિવર્સિટી કૉલેજમાં શિક્ષણસંસ્થાઓની પરિષદમાં એક ભાષણ કર્યું હતું તે સંબંધી 'ટાઇમ્સ ઑફ ઇંડીઆ' તા. ૩ જી જાન્યુઆરી ૧૯૨૮ ના તેના અગ્રલેખમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છેઃ—

"The difficulties of the task are enormous. Only men and women gifted with imagination are likely to succeed. A great educational policy would involve enormous expense and teachers, for many obvious reasons, are hard to secure. The battle, however will be half won when Indian public opinion is agreed that female education is a necessity. Once there is agreement upon that, we may hope that public opinion will increase the prestige of those engaged in the fine vocation of teaching, and then some of the present difficulties of securing teachers will disappear. The task may seem hopeless; but not

Gandhi Heritage Portal

so hopeless as it was, now that professor Karve's little colony at Poona has developed into the Indian Women's University and the goal is splendid. That alone should be an incentive to the cooperative efforts of all who love their country."

"કાર્યના ( સ્ત્રીશિક્ષણપ્રસારના ) માર્ગમાં અપરિમિત અડચણો છે. કલ્પક સ્ત્રીપુરૂષોને જ યશ મળવાનો સંભવ છે. શિક્ષણના ધોરણનું ધ્યેય વ્યાપક રાખવામાં ખર્ચ પણ ઘણું થવાનું અને શિક્ષકો મેળવવામાં ઘણી મુશ્કેલી નડવાની. આનાં કારણો અનેક છે, અને તે ખુલ્લાં છે. પરંતુ સ્ત્રીશિક્ષણની આવશ્યકતા સઘળી હિંદી જનતા કબુલ રાખે તો અર્ધી લડાઇ તો જીતાઇ ગણાય. એક વખત એ સર્વમાન્ય થાય એટલે લોકમતમાં ફેર પડી જાય. શિક્ષણના ઉચ્ચ ધંધામાં પડનાર વ્યકિતનો દરજ્જો વધે ને પછી શિક્ષકો મેળવવામાં હાલ પડે છે તેટલી મુશ્કેલીઓ પડે નહિ. આ કામમાં નિષ્ફળતા મળે એ સાહજીક છે, પણ હાલ પ્રો. કર્વેની પૂનાની નાની સંસ્થાનું ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠમાં રૂપાંતર થવાથી આ કામ પહેલાનાં જેટલું નિરાશાજનક રહ્યું નથી. અને ધ્યેય તો ઉજ્જવલ છે જ. માત્ર આ ધ્યેય પર નજર કરવાથી જ સઘળા સ્વદેશપ્રેમીઓને પ્રયાસ કરવામાં સ્ફુર્તિ મળે એમ છે."

દિલ્હીમાં તા ૭ મી ફેબ્રુઆરી ૧૯૨૮ ના રોજ હિંદની સ્ત્રીઓની અખિલ ભારતવર્ષીય શૈક્ષણિક પરિષદ ભરાઈ હતી. તેમાં લેડી ઇર્વિને જે ભાષણ કર્યું હતું તેમાં હિંદુસ્થાનની સ્ત્રીઓના શિક્ષણ વિષે નીચેના વિચાર તેમણે પ્રદર્શિત કર્યા હતા.

Lady Irwin said in her address to the All India Women's Conference:—

" To-day we see Girl's education developing on lines which are slavish imitation of boy's education. It is surely inappropriate that the curriculum for girls should be decided by the necessity of studying for a certain examination so that it may perforce exclude many, if not most of the subjects, we would most wish girls to learn. If public opinion, for example, demands that matriculation should be always the first

Gandhi Heritage Portal

test of excellence of a High School education, schools will necessarily be forced to meet that demand and the result will be, as I suggested, to drive us into a uniformity that fails to take account of the distinctive necessities of women. We must therefore do all in our power to set a different standard or to create a desire in the public mind and in the girls themselves for an education which will allow girls or, at any rate, a greater number of them to develop along other lines. What we should aim to give them is a practical knowledge of domestic subjects and laws of health which will enable them to fulfil one side of their duties as wives and mothers, reinforced by a study of those subjects which will help most to widen their interests and outlook."

*(Times of India, 8th February, 1928.).*

"કન્યાઓનું શિક્ષણ એ આજકાલ છોકરાઓના શિક્ષણનું આંધળું અનુકરણ થઇ પડયું છે. કોઈ પરીક્ષા માટે છોકરીને અભ્યાસ કરવાની આવશ્યકતા હોય અને તે દૃષ્ટિએ તેનો અભ્યાસક્રમ ઠરાવવો એ ખરેખર અનુચિત છે. કારણ કે તેનું પરિણામ એવું આવે છે કે જે વિષયો કન્યાઓને શીખવાની ઇચ્છા હોય છે તેમાંના બધા નહિ તો ઘણાખરા વિષયો એને પડતા મૂકવા પડે છે. દાખલા તરીકે લોકમતની માગણી એવી હોય કે મેટ્રિકયુલેશનની પરીક્ષા એ માધ્યમિક શિક્ષણની પરિપૂર્ણતાની કસોટી ગણવી, તો આ માગણીને સંતોષતી શાળાઓ નીકળશે, અને તેનું પરિણામ એ થશે કે મેં ધ્વનિત કર્યું છે તે પ્રમાણે આપણી બધી શાળાઓ એકજ સંચામાંથી નીકળી હોય એવી થશે અને તેમાં સ્ત્રીઓની વિશિષ્ટ જરૂરીઆતો પર ધ્યાન અપાશે નહિ. તેથી જ લોકો અને સ્ત્રીઓ આગળ જુદું ધ્યેય મૂકવાના ને આવા શિક્ષણનો શોખ ઉત્પન્ન કરવાના પ્રયત્ન થવા જોઈએ. જેથી કન્યાઓની–બધીની નહિ તો ઘણીખરીની–પ્રગતિ જુદા માર્ગે થાય. આપણે સ્ત્રીઓને એવા પ્રકારનું જ્ઞાન આપવું જોઈએ કે તેમાં ગૃહવિષયક વ્યવહારિક માહિતી ને આરોગ્ય સંબંધી નિયમોનો સમાવેશ થાય. એમ થાય તો પત્ની ને માતા

Gandhi Heritage Portal

તરીકેની ફરજનો એક ભાગ તે પૂર્ણ રીતે બજાવી શકશે. આ જ્ઞાનની સાથે બીજા એવા વિષયોનો અભ્યાસ કરાવવો જોઇએ કે તેને લીધે તેમની દૃષ્ટિ અધિક વ્યાપક થાય અને અનેકવિધ બાબતો પર પહેલાના કરતાં અધિકાધિક લક્ષ લાગી શકે."

---

## પ્રકરણ દશમું.

### મહિલા-વિદ્યાપીઠનું વૈશિષ્ટ્ય.

બીજી યુનિવર્સિટીઓથી સ્ત્રીઓની યુનિવર્સિટી એટલે મહિલા-વિદ્યાપીઠ કઇ બાબતોમાં ભિન્ન છે તે આ પ્રકરણમાં દર્શાવવાનો હેતુ છે. અત્યાર સુધીના હેવાલમાં તેવી કેટલીક બાબતો સહજ આવી ગઈ છે, પરંતુ અહિં તેમનો ખાસ નિર્દેશ કરવાની જરૂર છે.

મહિલા-વિદ્યાપીઠના નામ પરથી જ સ્ત્રીઓની દૃષ્ટિએ વિચાર કરીને યોગ્ય જણાય તે અભ્યાસક્રમ ઘડવાનો તેનો હેતુ સ્પષ્ટ જણાય છે. તેથી જ વ્યવહારશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્ર, ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ખાસ કરીને બાળકના મનોવ્યાપારની મીમાંસા એ વિષયોનાં મૂળતત્વો શીખવવામાં આવે છે. સમાજશાસ્ત્ર એ વિષય ફરજીઆત રાખ્યો છે ને ગાયન વાદન અને ચિત્રકલાનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કર્યો છે.

સ્ત્રી ને પુરૂષ બન્નેને સરખા જ નડતા દોષ આ વિદ્યાપીઠમાંથી દૂર કરવામાં આવ્યા છે. અંગ્રેજી ભાષાને અપાતું વધારે મહત્વ ને માતૃભાષાની હલકી સ્થિતિ એ જગતમાં બીજે કોઈ સ્થળે નથી એવો આપણી શિક્ષણ-પદ્ધતિનો મોટો દોષ છે. શીતેર વર્ષ પૂર્વે જ્યારે યુનિવર્સિટીની શરૂઆત થઈ ત્યારે આમ થવું સાહજીક હતું. તે વખતે દેશી ભાષાની પ્રગતિ જોઇએ તેવી થઇ નહતી. તોપણ તે વખતે દેશી ભાષાને જે ઉત્તેજન અપાતું હતું તે આગળ જતાં ઓછું થયું. મુંબાઇ યુનિવર્સિટીના પહેલા પદવીધર ૧૮૬૨માં બહાર પડયા તેમાં ફક્ત ડૉ. ભાંડારકરની જ બીજી ભાષા સંસ્કૃત હતી. બાકીના ત્રણ એટલે ન્યાયમૂર્તિ રાનડે, શ્રીયુત વામન આબાજી મોડક ને શ્રીયુત બાળ મંગેશ વાગળેની બીજી ભાષા મરાઠી હતી. ત્યારથી માંડી ૧૮૭૧ સુધી મરાઠી ને ગુજરાતી બીજી ભાષા લઇ બહાર પડેલા ગ્રેજ્યુએટો મળી આવે છે. પછીથી માતૃભાષાની સ્થિતિ એવી કફોડી થઈ ગઈ કે હાઇ-સ્કુલમાં અંગ્રેજી ત્રીજા ધોરણથી આગળ એનું નામ પણ લેવામાં આવે

Gandhi Heritage Portal

નહિ. હાલ માતૃભાષાને થોડીઘણી સગવડો મળવા લાગી છે; પરંતુ માતૃભાષા વિરૂદ્ધ અંગ્રેજી ભાષાનું યુદ્ધ હજુ ચાલુ જ છે. થોડાં વર્ષ પહેલાં મૅટ્રિક્યુલેશનના બધા વિષય અંગ્રેજીમાં જ શીખવા પડતા હતા.

શરૂઆતમાં વકીલની પરીક્ષા મરાઠીમાં થતી ને જીલ્લાની કોર્ટોમાં મરાઠીમાં કામ ચલાવતા નામાંકિત વકીલો હતા. મરાઠીમાં વૈદ્યકનું શિક્ષણ લઈ તૈયાર થયેલા હોસ્પિટલ ઍસિસ્ટંટો હતા. કાયદાનાં ને આધુનિક વૈદ્યકશાસ્ત્રનાં પુસ્તકો તે વખતે મરાઠીમાં હતાં. વડોદરા સંસ્થાનમાં આધુનિક પાશ્ચાત્ય પદ્ધતિનું વૈદકીય શિક્ષણ મરાઠીમાં આપવાનો વિશેષ પ્રયત્ન થતો હતો. આ પ્રકાર ચાલુ રહ્યો હોત તો દેશી ભાષાઓ આટલી પછાત ન રહેત. પણ તેમના દુર્દૈવે તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો.

શ્રીયુત સય્યદ રૉસ મસૂદજંગને જાપાનની શિક્ષણપદ્ધતિ જોવા માટે નિઝામ સરકારે જાપાન મોકલ્યા હતા. તે ઑક્સફર્ડ યુનિવર્સિટીના બી. એ. હોઈ ઇંડિયન ઍજ્યુકેશન સર્વિસમાં દાખલ થયા હતા. તેમને નિઝામ સરકારે પોતાના વિદ્યાખાતાના વડા બનાવ્યા છે. તેમણે જાપાનમાં ત્રણ મહિના રહી ત્યાંની શિક્ષણપદ્ધતિનો અભ્યાસ કરી 'જાપાન અને ત્યાંની શિક્ષણપદ્ધતિ' ( Japan & its educational system ) એ પુસ્તક લખી ૧૯૨૩માં પ્રસિદ્ધ કર્યું છે. તે કહે છે કે જાપાનના લોકોએ પાશ્ચાત્ય લોકોનું જ્ઞાન પોતાની ભાષામાં આણી તે સર્વ પ્રજાને હવાલે કર્યું છે, અને આપણે હિંદુસ્થાનમાં તેને અંગ્રેજી ભાષાનું તાળું લગાડેલી પેટીમાં પૂર્યું છે ને તેની ચાવી બહુ થોડા એટલે અંગ્રેજી ભણેલા લોકો પાસે જ છે, એ હિંદુસ્થાને ઘણી મોટી ભૂલ કરી છે. તે પુસ્તકમાંના કેટલાક ઉતારા આપવા જેવા છે.

"It is only, thanks to the far-sighted policy of His Exalted Highness the Nizam of Hyderabad, that by the foundation of the Osmania University, where all instruction has to be imparted in the Urdu language, that step has at last been taken in India, which was taken in Japan as early as the second half of the 19th century.

"Had the hope been fulfilled which was so confidently expressed in the Despatch from the Court of

Gandhi Heritage Portal

Directors of the East India Company to the Governor General in India, on the education of the people of India, dated the 19th July 1854 that:

" The vernacular literatures of India will be gradually enriched by translations of European books or by the original compositions of men whose mines have been imbued with the spirit of European advancement, so that European knowledge may gradually be placed in this manner within the reach of all classes of the people,' I feel convinced that the cultural position of India in every realm of human intellectual activity would not have been as low as it is to-day.

" My observation, limited though it is, of the intellectual life of the Japanese nation as a whole, and the study of her past history, have created in my mind the hope-giving belief that we Indians, as far as intellectual attainments are concerned, are certainly superior to them; what we, however, do lack are facilities for the proper development and training of what may be called our national genius. But I also feel that so long as modern thought and modern science on which alone can be based, with any certainty, the material progress of a nation, are allowed to remain, as they are to-day in India, locked up in a foreign language, progressive ideas can never spread with that speed which the present economic position with the other nations of the world demand."

" માતૃભાષાનો બોધભાષા તરીકેનો ઉપક્રમ જાપાનમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્દ્ધમાં કરવામાં આવ્યો ને હાલ કોઇ કોઇ સ્થળે થાય છે. આ વાત ઉસ્માનિયા યુનિવર્સિટી સ્થાપન થઈ ને ત્યાં બધું શિક્ષણ ઉર્દુમાં આપવાનું ઠર્યું તેથી જ શક્ય થઇ છે, ને તેનું શ્રેય હૈદરાબાદના દૂરદર્શી ને ધોરણી નિઝામ સરકારને જ છે. "

Gandhi Heritage Portal

"ઇસ્ટ ઇંડિયા કંપનીના ડાયરેક્ટરોએ હિંદુસ્થાનના ગવર્નર જનરલ સાહેબને ૧૮૫૪ના જુલાઈની ૧૧મીએ હિંદી લોકોના શિક્ષણ સંબંધી નીચે પ્રમાણે ખલીતો મોકલ્યો હતોઃ—

"યુરોપિયન ભાષામાં લખાયેલાં પુસ્તકોના ભાષાંતરોથી કિંવા જેમના મનમાં યુરોપીય સંસ્કૃતિનું જ્ઞાન બિંબિત થયું છે એવા લોકોના સ્વતંત્ર પ્રબંધોથી હિંદુસ્થાનમાં દેશી ભાષામાં લખાએલું વાઙ્મય ઉત્તરોત્તર અધિક સમૃદ્ધ થતું જશે, અને એ રીતે યુરોપમાંનું જ્ઞાન બધા વર્ગના લોકોને મળશે."

"આ ખલિતામાં ભવિષ્યના સુપરિણામ વિષે આટલી ખાત્રીથી વ્યક્ત કરેલી આશા જો સફળ થઇ હોત તો હું ખાત્રીથી કહું છું કે, બૌધિક વ્યાપારના દરેક ક્ષેત્રમાં સંસ્કૃતિની દૃષ્ટિએ હિંદુસ્થાનનું હાલમાં જે નીચું સ્થાન છે તે નહોત.

"જાપાની રાષ્ટ્રના બૌધિક જીવનનું મારૂં નિરીક્ષણ મર્યાદિત હોવા છતાં મારા મનમાં તેમના ગતકાલીન ઇતિહાસના અભ્યાસથી એવો આશાજનક વિશ્વાસ ઉત્પન્ન થયો છે કે આપણે હિંદી લોકો બૌધિક ગુણોના સંબંધમાં તેમના કરતા ઉંચા દરજ્જાના છીએ. પણ આપણામાં એક મોટી ઉણપ એ છે કે, આપણી રાષ્ટ્રીય બુદ્ધિમત્તાનું શિક્ષણ અને વિકસન થાય એવાં સાધનોનો આપણા દેશમાં અભાવ છે. મને એમ પણ લાગે છે કે, રાષ્ટ્રની આધિભૌતિક પ્રગતિ જે આધુનિક કલ્પના ને શાસ્ત્રો જ્યાં સુધી હિંદુસ્થાનમાં હાલ છે તે પ્રમાણે બીજી ભાષામાં પુરાઇને પડયાં હોય ત્યાં સુધી પ્રગતિપર કલ્પનાનો પ્રસાર, હિંદુસ્થાનની આર્થિક પરિસ્થિતિ અને તેને બીજાં રાષ્ટ્રો સાથે કરવાની હરીફાઈ લક્ષમાં લેતાં, જેટલા ઝપાટાથી થવો જોઇએ એટલો થઈ શકશે નહિ."

"To say that one's mother-tongue should not be made the medium of instruction for higher education, because it does not happen to be as highly developed for conveying scientific thought as some foreign language, is a dangerous proposition to advance. I dread to think what would have happened to Japan to-day if they too like us had wasted energies for a hundred years in trying to give to a foreign language the position which nature meant their mother-tongue to

Gandhi Heritage Portal

have. The absurdity of the dread of using an Indian vernacular as the medium of instruction would be realised by any one who preached today in England that since there are better books for the study of chemistry in the German language than in English, German should therefore be the language in which all lectures on chemistry should be delivered in the Universities of England. All that can be reasonably proposed is that in England any one who wishes to study advanced chemistry should also know German so as to be able to consult the standard books on the subject."

"કોઈ દેશની માતૃભાષા પારકી ભાષા જેટલી-શાસ્ત્રીય વિચાર વ્યક્ત કરવા જેટલી-પ્રગલ્ભ થઈ ન હોય ત્યાં સુધી ઉચ્ચ શિક્ષણમાં તેનો બોધભાષા તરીકે ઉપયોગ કરવો નહિ એવું કહેવું ભયભરેલું છે. આપણી માફક જ જાપાને માતૃભાષાનું શિક્ષણમાંનું નિસર્ગસિદ્ધ સ્થાન પારકી ભાષાને દેવાના પ્રયત્નમાં સો વર્ષ સુધી પોતાની શક્તિનો અપવ્યય કર્યો હોત તો હાલ એ દેશની શી સ્થિતિ થાત એ વિચાર જ ભયંકર છે. હિંદુસ્થાનની કોઈ ભાષાનો બોધભાષા તરીકે ઉપયોગ કરવાના ખ્યાલથી જ ઘણા લોકો ડરે છે. પરંતુ આ ભીતિમાં જે ઘેલછા છે તે ધ્યાનમાં આવવા માટે એવો ખ્યાલ કરો કે કોઇ માણસ ઇંગ્લાંડમાં જઈ ત્યાંના લોકોને ઉપદેશ કરે કે 'જર્મન ભાષામાં રસાયનશાસ્ત્ર પર અંગ્રેજી ભાષામાં છે તેના કરતાં વધારે સારા ગ્રંથો છે, માટે ઇંગ્લાંડની યુનિવર્સિટીમાં રસાયનશાસ્ત્ર પરનાં વ્યાખ્યાનો જર્મન ભાષામાં આપવાં.' બહુ તો જર્મન ભાષાના સર્વસામાન્ય ગ્રંથ વાંચી શકાય એ માટે ઉચ્ચ રસાયનશાસ્ત્રનો અભ્યાસ કરનારા દરેક વિદ્યાર્થીને જર્મન ભાષાનું જ્ઞાન હોવું જોઇએ એટલું પ્રતિપાદન કરી શકાય."

"To enable our students to assimilate knowledge and to think for themselves, it is necessary that the process of thought as well as its expression should be made as natural as possible. This can only be done by making the Vernaculars of India the media of

Gandhi Heritage Portal

instruction. Our experience of the students of the Osmania University, even though it is not a long one, has already canvinced those professors of British Indian Universities who examined them in such subjects as Mathematics, History and Economics, that saved as these students now are from having to divert their attention from the subject matter to the grammatical construction of a foreign language, in which the students of other Universities in India have to study their books and to answer their question-papers, they are able not only to express themselves in their own mother-tongue more clearly, but also to show a firmer grasp of the subject of study than the students even of a higher class in the Universities established in British India.

"આપણા વિદ્યાર્થીઓ મેળવેલું જ્ઞાન પચાવી શકે અને બને તેટલી સ્વાભાવિક રીતે ને સ્વતંત્રપણે વિચાર કરી તે વ્યક્ત કરી શકે એમ થવું જરૂરનું છે. આ દેશી ભાષાને બોધભાષા તરીકે વાપરવાથી જ સાધ્ય થઈ શકે. ઉસ્માનિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો આપણને જે અનુભવ મળ્યો છે તે લાંબો ન હોવા છતાં તેમના ગણિત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે વિષયના પરીક્ષકો અને બ્રિટિશ હિંદની યુનિવર્સિટીના પ્રોફેસરોની ખાત્રી કરી આપી છે કે સરકારી યુનિવર્સિટીમાં શીખનારા વિદ્યાર્થીઓને પારકી ભાષામાં પુસ્તકો વાંચવા પડે છે ને જે ભાષામાં પ્રશ્નોના ઉત્તર લખવાના હોય છે તે ભાષાની વ્યાકરણવિષયક રચના પ્રત્યે ઉસ્માનિઆ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ધ્યાન આપવું પડતું ન હોવાથી તેઓ તે વિષય પર જ વિશેષ ધ્યાન આપી શકે છે અને તેમને જે કહેવાનું હોય તે અધિક સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકે છે. એટલું જ નહિ, પણ સરકારી યુનિવર્સિટીમાં તેમનાથી ઉંચા વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓ કરતાં પણ તે વિષય પર તેમનું પ્રભુત્વ અધિક હોય છે."

હરદ્વાર પાસેના ગુરૂકુળનો દેશી ભાષા વાટે ઉચ્ચ શિક્ષણ આપવાનો મોટા પાયા પરનો પહેલો પ્રયોગ ગણી શકાય. આ પ્રયોગ યશસ્વી થયો છે. એ ગુરૂકુળ જોવાની મને ગયે વર્ષે તક મળી હતી. હાલ ત્યાં આધુનિક

Gandhi Heritage Portal

પાશ્ચાત્ય વૈદકનું શિક્ષણ પણ હિંદી ભાષામાં આપવામાં આવે છે. આ પછીનો બીજો પ્રયોગ તે મહિલાવિદ્યાપીઠ ને ત્રીજો ઉસ્માનિયા યુનિવર્સિટી. આ પછી નીકળેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠોમાં પણ દેશી ભાષાઓ બોધભાષા તરીકે વપરાય છે.

ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષાનો બોધભાષા તરીકે ઉપયોગ કરવો અર્થાત્ માતૃભાષામાં બધા વિષયો શીખવવા,–એ આ વિદ્યાપીઠની વિશિષ્ટતા છે. માતૃભાષાના વાઙ્મયના અભ્યાસને વિદ્યાપીઠની પરીક્ષામાં પ્રમુખસ્થાન આપવામાં આવ્યું છે. આથી બીજું પણ એક કાર્ય સહજ થાય છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ અને આપણી પરંપરાનો વિદ્યાર્થીઓને પરિચય હોવો આવશ્યક છે. આપણા મધ્યકાલીન કવિઓની પ્રાસાદિક કૃતિઓમાં આ વિષય વારંવાર આવે છે.

અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન જરૂરનું છે. તેથી હાઈસ્કુલની શરૂઆતથી તે કૉલેજની આખર સુધી એ ફરજીયાત શીખવાય છે. કૉલેજમાં શીખવાતા કેટલાક વિષયો પર માતૃભાષામાં હોવાં જોઈએ એટલાં સારાં પુસ્તકો તૈયાર નથી. આવા વિષયના અભ્યાસ માટે અંગ્રેજી પુસ્તકો રાખવાં પડે છે. તોપણ એ વિષયો માતૃભાષામાં સમજાવવામાં આવે છે ને પરીક્ષામાં પ્રશ્નોના ઉત્તર માતૃભાષામાં જ લખવા પડે છે. જરૂર પડે ત્યારે અંગ્રેજીનો ઉપયોગ કરી શકાય એટલું અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક છે અને તે વિદ્યાપીઠમાં મળે છે.

ગણિતનો વિષય ઘણાને ગમતો ન હોવાથી નાપાસ થવાથી જેનાં બે ત્રણ વર્ષો બગડયાં હોય એવા ઘણા વિદ્યાર્થીઓ હોય છે. આની ખાતર જ જેને અભ્યાસ છોડવો પડયો હોય એવા પણ કેટલાક વિદ્યાર્થીઓ હોય છે. હિંદુસ્થાનની કેટલીક યુનિવર્સિટીમાં મેટ્રિક પછી એ વિષય ફરજીઆત નથી પણ મુંબાઈ યુનિવર્સિટીમાં પ્રીવીયસની પરીક્ષા માટે તે ફરજીયાત છે. બી. એ. થયા વિના છૂટકો ન હોવાથી ઘણાખરા તરૂણ વિદ્યાર્થીઓ થોડાં ઘણાં વર્ષ બગાડી છેલ્લે સુધી પહોંચે છે. પણ સ્ત્રી વિદ્યાર્થીનીઓનાં વર્ષો આમ બગડે તો વચ્ચેથી અભ્યાસ છોડવાનો વખત આવે છે. લગ્ન થતાં પહેલાં જેટલો વખત હોય તેનો સારો ઉપયોગ કરી લેવો જોઇએ એ વાત કન્યાઓનો અભ્યાસક્રમ રચતી વખતે ધ્યાનમાં રાખવી જોઇએ. આ વિદ્યાપીઠમાં અંકગણિત ફરજીયાત છે પણ બીજગણિત અને ભૂમિતિની તો થોડી ઓળખાણ જ પ્રવેશક–પરીક્ષા પહેલાં કરાવવામાં આવે છે. પરીક્ષામાં એ ફરજીયાત

Gandhi Heritage Portal

નથી. આ વિષય ગમે તો લે, નહિ તો એને બદલે બીજો વિષય લે. અંકગણિતથી વધારે ગણિતનો વિષય શીખ્યા વિના પણ મહિલા વિદ્યાપીઠનાં પદવીધર થઇ શકાય છે.

કૉલેજમાં ન જતાં ઘેર અભ્યાસ કરી આ વિદ્યાપીઠની પરીક્ષા આપી પદવીધર થઇ શકાય છે. આવી રીતે બે સ્ત્રીઓ પદવીધર થઇ છે. માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ મેળવવાની સ્ત્રીઓને સરળતા કરી આપવી એ આ વિદ્યાપીઠનો એક હેતુ છે. પરીક્ષા દેવા માટે લાંબી મુસાફરી કરી પરીક્ષાના સ્થળે વિદ્યાર્થીનીઓને જવું પડે છે એ ત્રાસ દૂર કરવા માટે વિદ્યાર્થીની બહુ દૂર રહેતી હોય તો તેની પરીક્ષા ત્યાં જ લેવાની સગવડ કરવામાં આવે છે. ત્યાંના શિક્ષણ ખાતાના ઈન્સ્પેક્ટરની દેખરેખ નીચે તેની પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ વિદ્યાપીઠને અનેક દૃષ્ટિએ રાષ્ટ્રીય કહી શકાય. વિદ્યાપીઠના અધિકારનાં સર્વ સૂત્રો પ્રતિનિધિક તત્વ પર બનેલી સેનેટના હાથમાં છે.

સર્વે જાત, ધર્મ ને પ્રાંતના લોકો આ સંસ્થાનો ફાયદો લઈ શકે છે. મરાઠી, ગુજરાતી, હિંદી, બંગાળી ને ઉર્દુ ભાષામાં રફતે રફતે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ આ સંસ્થાનો લાભ લે છે. આ વર્ષે સિંધી ભાષામાં અભ્યાસ કરી એક વિદ્યાર્થીની પ્રવેશક પરીક્ષામાં બેઠી છે. કોઈ પણ પ્રાંતની ત્યાંની ભાષામાં શિક્ષણ અપાતી હાઇસ્કુલ કે કોલેજ આ વિદ્યાપીઠ સાથે જોડાઇ શકે છે. દ્રવ્યના બળ સિવાય યુનિવર્સિટી ચાલી શકે નહિ એ ખરૂં, પણ આ વિદ્યાપીઠનો જન્મ રાજારજવાડા અને શ્રીમંતોનાં મોટાં દાનના બળ પર થયો નથી, પણ સામાન્ય લોકોમાંથી મળતી નાની નાની પણ હજારોની રકમોના દાન પર થયો છે, ને આવા લોકોના આશ્રય પર જ તે હાલ પણ નભે છે. થોડા અપવાદ બાદ કરીએ તો વિદ્યાપીઠને રાજારજવાડા અને શ્રીમંતો તરફથી મળેલી મદદ સામાન્ય લોકોની મદદ જેટલી જ છે.

અંગ્રેજી ભાષાને વધારે પડતું મહત્ત્વ ન દેતાં, ઓછા શ્રમે સ્ત્રીઓને માતૃભાષામાં જ્ઞાન મેળવવાનાં સાધનો મેળવી આપવા માટે વિદ્યાપીઠ જોરથી પ્રયાસ કરે એવી મારી ઇચ્છા છે. મનપર પડતા સંસ્કાર કે બહુશ્રુતપણાની દૃષ્ટિએ આ વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષામાં પાસ થયેલી વિદ્યાર્થીની બીજી યુનિવર્સિટીમાંથી મેટ્રીક થયેલી વિદ્યાર્થીનીથી ઉતરતી હોવી ન જોઇએ ને નથી જ રહેતી એવું મને લાગે છે. તે જ પ્રમાણે અમારી 'ગૃહીતાગમા'-ની સામાન્ય પદવી (Pass digree) મેળવેલી સ્ત્રી બી. એ. થયેલ સ્ત્રીના

Gandhi Heritage Portal

કરતાં ઉતરતી નથી હોતી એમ કહેવામાં મને શંકા થતી નથી. સંસ્થા પ્રત્યેના મારા વાત્સલ્યને લઇને હું આમ કહું છું એમ કોઇને લાગે તો મારો જવાબ એ છે કે તે પ્રમાણે સાધ્ય થયું ન હોય તો થવું જોઇએ એવું મારૂં કહેવું છે.

સ્ત્રીઓના માધ્યમિક શિક્ષણનો યોગ્ય અભ્યાસક્રમ ઘડી તે શિક્ષણના પ્રસારનું થોડુંઘણું કાર્ય પણ પોતાના હાથે થાય એવો વિદ્યાપીઠનો હેતુ છે ને તે પ્રમાણે તેના હાથથી થોડુંઘણું કાર્ય થયું છે એ બીજા એક પ્રકરણમાં આપેલી માહિતી પરથી જણાશે. માત્ર સ્વભાષા મારફતે જ માધ્યમિક શિક્ષણ મળે એવી આ વિદ્યાપીઠે યોજના કરી છે. અંગ્રેજી સિવાય પ્રવેશક પરીક્ષાના બધા વિષયોની એક પરીક્ષા રાખી છે, તેને 'માતૃભાષામાંના માધ્યમિક શિક્ષણની છેવટની પરીક્ષા' એ નામ આપવામાં આવ્યું છે. આ પાસ થયેલી સ્ત્રી અંગ્રેજીમાં પણ પાસ થાય તો તેને પ્રવેશક પરીક્ષાનું સર્ટિફિકેટ મળી શકે છે. જેને અંગ્રેજી બિલકુલ શીખવું ન હોય કે વચ્ચેથી છોડી દેવું હોય તેને આ પરીક્ષા ઉપયોગી થઇ પડે છે.

પ્રાથમિક શિક્ષણને થોડી મદદ કરવાના હેતુથી પ્રાથમિક શાળાઓ માટે શિક્ષિકાઓ તૈયાર કરવા માટે સ્ત્રીઓની કોલેજો ઉઘાડી આ વિદ્યાપીઠને જોડી, તેમને થોડી વાર્ષિક મદદ આપી, તેમના માટે અભ્યાસક્રમ રચીને વિદ્યાર્થીનીઓની પરીક્ષા લઇ તેમને સર્ટિફિકેટ આપવાનું કામ વિદ્યાપીઠની દેખરેખ નીચે ચાલે છે. તેનો કેટલો ઉપયોગ થયો છે તે બીજા એક પ્રકરણમાં આપેલી માહિતી પરથી જણાશે.

આ સંસ્થાને યુનિવર્સિટીનું નામ ઘટતું નથી એવું કેટલાકનું કહેવું છે. તેઓ કહે છે કે યુનિવર્સિટીનું ધ્યેય ઇંટરમીજીએટનું કે પદવીથી પણ આગળનું ઉચ્ચતર શિક્ષણ આપવાનું હોવું જોઇએ. આ ધ્યેયથી ઘણું નીચું કાર્ય કરનારી જગતમાંની ઘણી સંસ્થાઓએ આ નામ ધારણ કર્યું છે. શબ્દના મૂળ અર્થ તરફ જોતાં ને આ સંસ્થાએ નક્કી કરેલા કાર્યમાંથી સાધેલા કાર્યાંશ તરફ જોતાં મને એને યુનિવર્સિટી કહેવી યથાર્થ લાગે છે. બીજી યુનિવર્સિટીના પગલે પગલે ન ચાલતાં આ યુનિવર્સિટીએ પોતાનું ક્ષેત્ર ઘણું વ્યાપક રાખ્યું છે. નામ ગમે તે હો પણ સંસ્થાની યોગ્યતા તેના કામ પરથી ઠરે છે, અને તે કામ લોકોની આગળ ધરેલું છે.

---

Gandhi Heritage Portal

# પ્રકરણ ૧૧ મું.

## મુંબાઇ યુનિવર્સિટી અને મહિલાવિદ્યાપીઠમાંથી નીકળેલી એક વિશિષ્ટ વર્ગની સ્ત્રીઓની તુલના.

એકજ પ્રકારનો માલ તૈયાર કરનારાં બે કારખાનાં હોય તો તેમાંથી નીકળતા માલના ગુણદોષની તુલના કરવાનું મનુષ્યને સહજ મન થાય છે. એ માલ પોતાને વાપરવાનો હોય તો એમ કરવામાં વિશેષ સંભાળ લેવામાં આવે છે. તેમ ન હોય તો આ તુલના જીજ્ઞાસા કે કુતુહલવૃત્તિથી કરવામાં આવે છે. ખાસ કરીને આ કારખાના માંહેથી એક સ્વદેશી ને બીજું પરદેશી હોય તો દેશી માલ સહજ ઉતરતો હોય તોપણ કેટલાક માણસો 'શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ' એ ન્યાયે દેશી માલ જ વાપરે છે. દેશી કારખાનાંને પરદેશી સાથે ટક્કર ઝીલતાં બહુ મુસ્કેલીઓ નડે છે. તેમને રેલ્વેની સગવડ મળતી નથી, સરકારનો ટેકો નહિ, મૂડી રોકનારા લોકો શંકાશીલ હોય છે. આટલી મુસ્કેલીઓ છતાં પરદેશી માલ સામે ટક્કર ઝીલનારા દેશી માલને ઉત્તેજન આપવું જોઇએ એમ લાગવાથી કેટલાંક મનુષ્યો એ ખરીદે છે એ ખરૂં, પણ ઘણા વિચારવંત લોકોની ખાત્રી થવા માટે પહેલાં વખત લાગે છે, તો પછી સામાન્ય જનતાની ખાત્રી થતાં ઘણો વખત લાગે એમાં આશ્ચર્ય નથી.

શિક્ષણસંસ્થામાંથી નીકળતા માલ એટલે એ સંસ્થામાં મળતા શિક્ષણ વિષે પણ આવું જ બને છે. પ્રચલિત પદ્ધતિએ શિક્ષણ આપતી સંસ્થાને રાજમાન્યતાનું જે જોર હોય છે, તે પોતાના જ બળ પર કાઢેલી જુદી જાતની સંસ્થાને હોતું નથી. આવી સંસ્થાને અનેક મુસ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. આપણા દેશમાં જે ઘણી વિદ્યાપીઠો નીકળી તેને શરૂઆતના જુસ્સાને લીધે લોકોએ સારો ટેકો આપ્યો હતો, પણ આવેશ ઉતરી ગયા પછી લોકો માત્ર વ્યવહારિક દૃષ્ટિથી વિચાર કરવા લાગ્યા ને રાષ્ટ્રીય વિદ્યાપીઠોને રામ રામ કરી સરકારી શિક્ષણ તરફ વળ્યા. રાજમાન્ય શિક્ષણને લીધે આટલી બેકારી વધી છે ને સેંકડે દસ પંદર વિદ્યાર્થીઓ બાદ કરતાં બાકીના બધાને મૃગજળથી જ તરસ છીપાવવી પડે છે, તોપણ તે લેવાનો મોહ સામાન્ય બુદ્ધિના કે તેથી પણ ઉતરતી બુદ્ધિના વિદ્યાર્થીઓ પણ છોડી શકતા નથી. આનું પરિણામ એ થયું છે કે શિક્ષણમાં સારાસારનો વિચાર ન કરતાં તેમાં નોકરી મેળવી આપવાનું સામર્થ્ય—એ નકલી છે કે ખરૂં એ જોવાની વિવેકબુદ્ધિ રહેતી નથી—કેટલું છે એ એક જ વિચાર નિર્ણાયક બને છે. તળેગાંવના નવીન સમર્થ વિદ્યાલય કે શાંતિનિકેતન જેવી ફક્ત

Gandhi Heritage Portal

શિક્ષણની દૃષ્ટિએ ચાલતી સુવ્યવસ્થિત સંસ્થાને માટે પણ લોકોની આ વિચારસરણી બાધક થાય છે.

સ્ત્રીઓના શિક્ષણની સ્થિતિ જરા ભિન્ન છે. તેમને સ્વાવલંબી કરવાનો કે આર્થિક સ્વાતંત્ર્ય મેળવી આપવાનો સેંકડે નેવું ટકા શિક્ષણનો હેતુ હોતો નથી, તથાપિ પડેલે ચીલે ચાલવાની વૃત્તિ ને રાજમાન્યતાનાં ચશ્માં વડે જ એ જોવાય છે. મહિલાવિદ્યાપીઠને થોડી રાજમાન્યતા મળી છે અને આગળ જતાં કદાચિત થોડી વધારે મળવાનો સંભવ છે, એ વાત અને રાજમાન્ય શિક્ષણથી પણ આર્થિક સ્વાતંત્ર્ય મળવાનો સંભવ ઘણો ઓછો થતો જાય છે, એ બીજી વાતને લીધે સ્ત્રીઓના શિક્ષણની તુલનાત્મક દૃષ્ટિએ નિરીક્ષા કરવાની વૃત્તિ ઉત્પન્ન કરવાના પ્રયત્નમાં સફળતા મળવાની આશા આવી છે. ગણિત ને શાસ્ત્રીય વિષયો ઐચ્છિક તરીકે લઈ જે વિદ્યાર્થીની મહિલા-વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષામાં પાસ થાય છે તેને એલ. સી. પી. એસ. ની પરીક્ષા માટે વૈદકીય શિક્ષણ આપતી મેડિકલ સ્કુલમાં દાખલ કરવામાં આવે છે. હાલ મુંબાઈ યુનિવર્સિટીમાંથી બહાર પડેલી ગ્રેજ્યુએટ (પદવીધર) ને અંડર ગ્રેજ્યુએટ ( બી. એ. ન થયેલી પરંતુ કૉલેજમાં એક બે પરીક્ષા માટે જેણે શિક્ષણ લીધું હોય તેવી ) સ્ત્રીઓ ઘણી છે. તેમને સરકારી કે ખાનગી નોકરી મેળવવામાં ઘણી મુશ્કેલીઓ નડે છે. શરૂઆતમાં આવી સ્ત્રીઓની સંખ્યા ઓછી હોવાથી તેમને ઘણા મોટા પગારની નોકરીઓ મળતી; પરંતુ હાલ એ સ્થિતિ રહી નથી. હવે પછી તો ભણેલી સ્ત્રીઓમાં બેકારી જ ઉત્પન્ન થવાની. હાલ પણ થોડે ઘણે અંશે એવી સ્થિતિ દેખાય છે. તેથી પોતાની પુત્રીને મુંબાઇ યુનિવર્સિટીનું શિક્ષણ આપવું કે મહિલા વિદ્યાપીઠનું એનો વિચાર કન્યાનાં પાલકોને આજ નહિ તો કાલ પણ કરવો પડશે.

તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરતાં ત્રણ ચાર મુદ્દા તરફ લક્ષ આપવું જોઇએ. મનપર સંસ્કાર પડવાની અને તેમનામાં બહુશ્રુતપણું આવવાની દૃષ્ટિએ કયા શિક્ષણની વિશેષ અસર થાય? તે જ મુજબ યોગ્ય વર મેળવવામાં કયું શિક્ષણ વિશેષ ઉપયોગી થઈ પડે? કુટુંબ અને સમાજને ઉપયોગી થવાની લાયકાત કયા શિક્ષણથી વિશેષ આવે? સમાજમાં રહેતી અશિક્ષિત સ્ત્રીઓ પર અસર કરવા માટે અંગ્રેજી ભાષામાં શીખેલા વ્યવહાર સાથે જેને સંબંધ ન હોય એવા વિષયો ઉપયોગી થાય કે માતૃભાષામાં શીખેલા વ્યવહારશાસ્ત્ર, ઇંદ્રિયવિજ્ઞાનશાસ્ત્ર, માનવશાસ્ત્ર ને ખાસ કરીને શિશુમાનસ-વિકાસશાસ્ત્ર ઉપયોગી થાય? શિક્ષણ માટે ખરચવા પડતા પૈસા ને સમયનો બદલો કયા શિક્ષણથી વિશેષ મળે? કયા શિક્ષણની શરીર પર

Gandhi Heritage Portal

ખરાબ અસર થવાની ભીતિ રહે છે? ને છેલ્લે પ્રસંગ પડયે કયું સિક્ષણ પોતાના પગપર ઉભા રહેવાની હિમ્મત આપે છે? આ પ્રશ્નોનો જવાબ માત્ર ઉપપત્તિની દષ્ટિએ કે વિચારની કસોટીથી આપી શકાય નહિ. તે તો અનુભવથી જ થાય. મુંબાઇ યુનિવર્સિટીમાંથી અને મહિલા વિદ્યાપીઠમાંથી પદવી લઈ બહાર પડેલી કેટલીક સ્ત્રીઓ હાલ સમાજમાં છે. તેમના જીવન તરફ ચિકિત્સક બુદ્ધિથી જોઇએ તો આ પ્રશ્નોના ઉત્તર આપવા મુશ્કેલ પડશે નહિ. આ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરવાની મારી ઇચ્છા નથી. તે તો દરેક વાચકે જાતે જ કરી લેવો. પણ એમ કરવામાં ઉપયોગી થઇ પડે એવી કેટલીક સામગ્રી અહીં રજુ કરવાનો મારો વિચાર છે.

જે પદાર્થોની તુલના કરવાની હોય તેમાં ઘણું સામ્ય હોવું જોઈએ. આ માટે આ બે યુનિવર્સિટીઓની પદવીધર સ્ત્રીઓમાંથી એવા બે વર્ગ ચુંટી કાઢવા જોઇએ કે જેમાં ઘણા પ્રકારનું સામ્ય હોય. મહિલા વિદ્યાપીઠમાંથી પહેલી પદવીધર સ્ત્રી ૧૯૧૧ માં બહાર પડી તેથી ૧૯૧૧ થી ૧૯૨૭ સુધીમાં બહાર પડેલી પદવીધર સ્ત્રીઓની તુલના કરવી એજ ઇષ્ટ છે. તુલના સમાન દરજ્જાની સ્ત્રીઓની જ કરવી જોઇએ ને તેમની સંખ્યા પણ લગભગ સરખી જ હોવી જોઇએ. દેશસ્થ, કોંકણસ્થ, ને કહાડે એ બ્રાહ્મણોની ત્રણ પેટાજાતિની પદવીધર સ્ત્રીઓ લેવાથી આ બની શકશે. એ માટે મેં નીચે બે કોષ્ટકો આપ્યાં છે. તે પરથા આ બે વિદ્યાપીઠમાંથી નીકળેલી આ વિશિષ્ટ વર્ગની સ્ત્રીઓ હાલ કયાં છે, તે શું કરે છે, તે જણાશે ને દરેક વાચક પોતાનો અભિપ્રાય બાંધી શકશે.

## મહિલા વિદ્યાપીઠની પદવીધર સ્ત્રીઓ.

### પદવીની પહેલી પરીક્ષા.

| નં | નામ | પાસ કર્યાનું વર્ષ. | હાલની સ્થિતિ ને કામનું સ્વરૂપ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી વારૂબાઇ શેવડે, જી. એ. | ૧૯૧૯ | હિંગણે બદ્રુકના મહિલાશ્રમની વસતિગૃહની દેખરેખ. તેમને ગર્લગાઇડનું સેંકડ ગ્રેડ સર્ટિફિકેટ મળ્યું છે ને તે હિંગણેની ગર્લગાઇડની કંપનીનાં કૅપ્ટન છે. મહિલાશ્રમમાં થોડું શીખવવાનું કામ પણ કરે છે. તે હિંગણેની અનાથબાલિકાશ્રમ સંસ્થાનાં આજન્મસેવિકા છે. |

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૨. શ્રીમતી કમલાબાઈ દેશપાંડે, જી. એ. | ૧૯૨૦ | સતારાની કન્યાશાળા સ્થાપન કરી તેને પૂર્ણ હાઈસ્કુલનું સ્વરૂપ આપવાનું માન એમને ઘટે છે. તે કન્યાશાળાનાં સુપરિટેંડેંટ છે ને સતારા ડિસ્ટ્રીક્ટ બોર્ડની સ્કુલ કમિટીનાં સભાસદ છે. |
| ૩. સૌ. ગંગૂબાઇ પટવર્ધન, જી. એ. | ૧૯૨૦ | તેમણે ગર્લગાઈડનું સેકન્ડ ગ્રેડ સર્ટિફિકેટ મેળવ્યું છે. તેમણે પ્રથમ હિંગણેમાં ગર્લગાઇડની કંપની (પથક) સ્થાપન કરીને તેનાં કૅપ્ટન થયાં. ગયાં વર્ષે એક વિશિષ્ટ અધ્યાપન પદ્ધતિનું શિક્ષણ તે પદ્ધતિનાં ઉત્પાદક મિસ મોંટેસોરી પાસેથી લેવા માટે તે લંડન ગયાં છે. હાલ તે ત્યાંની મરાયા ગ્રે કૉલેજમાં શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરે છે. ત્યાં ગયા પહેલાં તે મહિલાશ્રમમાં શીખવતાં હતાં. |
| ૪. સૌ. રેવતીબાઈ કર્વે, જી. એ. | ૧૯૨૦ | તેમણે કેટલાંક વર્ષ સુધી પુનાની શાળામાં આસિસ્ટંટ સુપ્રીન્ટેંડેંટ તરીકે કામ કર્યું હતું. પછી તેમનાં લગ્ન કૅપ્ટન શંકર ધોંડો કર્વે એમ. બી. બી. એસ. મેડિકલ પ્રૅક્ટીશનર નાયરોબી(બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા)સાથે થયાં. |
| ૫. કુમારી ગોદાવરીબાઇ કેતકર, જી. એ. | ૧૯૨૧ | તે ભારતીય નાટ્યશાસ્ત્ર પર નિબંધ લખી ભારતીય મહિલાવિદ્યાપીઠનાં 'પ્રદેયાગમા' થયાં છે. આ નિબંધનું ૪૮૦ પાનાંનું છાપેલું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકે મહારાષ્ટ્રીય વાઙ્મયમાં કિંમતી વધારો કર્યો છે. તે સતારાની કન્યાશાળામાં આસિસ્ટંટ સુપરિટેંડેંટ છે. |

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૬. શ્રીમતી રૂકમીણીઅમ્મા ચિંતામણી ભટલા, જી. એ. | ૧૯૨૧ | તે નેલોરની કન્યાઓ માટેની અંગ્રેજી શાળામાં શિક્ષિકા છે. |
| ૭. કુમારી કૃષ્ણાબાઈ ખરે, જી. એ. | ૧૯૨૧ | તે મધ્યપ્રાંતના સરકારી વિદ્યાખાતામાં દાખલ થયાં છે. તે ઉમરાવતીની છોકરીઓ માટેની હાઈસ્કુલમાં શિક્ષિકા છે. તે ઘણી વખત મૅટ્રિકયુલેશન વર્ગને મરાઠી ને સંસ્કૃત શીખવે છે. |
| ૮. સૌ. આનંદીબાઈ જોશી, જી. એ. | ૧૯૨૨ | રત્નાગિરીના વકીલ શ્રીયુત જનાર્દન વામન જોશી બી. એ. એલ. એલ. બી. ની સાથે તેમનાં લગ્ન થયાં છે. પોતાનો સંસાર સંભાળવા ઉપરાંત તે ત્યાં ત્રણ વર્ષથી કન્યાશાળા ચલાવે છે. |
| ૯. સૌ. સૌદામિનીબાઈ પંતવૈદ્ય, જી. એ. | ૧૯૨૨ | ઈંદોરના ઇલેક્ટ્રીક એન્જીનીયર શ્રીયુત એમ. પી. પંતવૈદ્ય બી. એસ. સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૧૦ શ્રીમતી દુર્ગાબાઇ જોશી, જી. એ. | ૧૯૨૨ | તેમની પાસે અકોલાનાં ભગિની મંડળનું નેતૃત્વ છે. તે અકોલાની ટિળક કન્યાશાળામાં થોડું કામ કરે છે. |
| ૧૧ શ્રીમતી શાંતાબાઇ ભાટવડેકર, જી. એ. | ૧૯૨૨ | તે નાગપૂરની ભિડે કન્યાશાળામાં સુપરિન્ટેન્ડેન્ટ છે. અખિલ ભારતીય સ્ત્રીશિક્ષણ પરિષદના ગયા ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ભરાયેલા અધિવેશનમાં તે નાગપૂર તરફથી પ્રતિનિધિ તરીકે ગયાં હતાં. |
| ૧૨ શ્રીમતી સીતાબાઈ અણિગેરી, જી. એ. | ૧૯૨૨ | તે સર વિઠલદાસ સાથે પૃથ્વી પ્રદક્ષીણા કરી આવ્યાં છે. તેમણે ગર્લ ગાઇડનું સેકન્ડ કલાસનું સર્ટિફીકેટ મેળવ્યું છે. નાથીબાઇ દામોદર ઠાકરસી કન્યાશાળાનાં સુપ્રીન્ટેન્ડેન્ટ છે. આપણા મુંબઇનાં પ્રતિનિધિ તરીકે દિલ્લીની સ્ત્રીશિક્ષણ પરિષદમાં ગયાં હતાં. |

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૧૩ સૌ. સુમતિબાઇ દેવ, જી. એ. | ૧૯૨૨ | નાગપૂરના વકીલ શ્રીયુત પી. પી. દેવ એમ. એ. એલએલ. બી. સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૧૪ કુમારી બાળુબાઈ ખરે, જી. એ. | ૧૯૨૩ | તે પૂનાની શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી કન્યાશાળામાં આસિસ્ટંટ સુપરિટેંડેંટ છે. તેમણે ગર્લ ગાઇડનું સેકંડ ગ્રેડનું સર્ટિફિકેટ મેળવ્યું છે તેમણે કન્યાશાળામાં ગર્લ ગાઇડનું એક પથક તૈયાર કર્યું છે ને તેનાં તે કૅપ્ટન છે. પ્રયોગમા પરીક્ષા માટે તેમણે અલંકાર શાસ્ત્રપર એક નિબંધ તૈયાર કર્યો છે. |
| ૧૫ શ્રીમતી બનૂબાઇ આહો, જી. એ. | ૧૯૨૩ | બેલગામનું મહિલા વિદ્યાલય સ્થાપન કરવાનું ને તેને લગભગ પૂર્ણ હાઈસ્કુલનું સ્વરૂપ આપવાનું માન તેમને ઘટે છે, ને તે જ મહિલા વિદ્યાલયમાં સુપરિન્ટેન્ડેટ છે. |
| ૧૬ શ્રીમતી ગંગૂબાઇ લેલે, જી. એ. | ૧૯૨૪ | તે નાગપુરની ભિડે કન્યાશાળામાં કામ કરે છે. |
| ૧૭ સૌ. વનમાળાબાઇ તૂળજાપુરકર, જી. એ. | ૧૯૨૫ | તેમનાં લગ્ન શ્રીયુત દત્તો આપાજી તૂળજાપુરકર બી. એ. એલએલ. બી. હાઇકોર્ટ વકીલ મુંબાઈની સાથે થયાં છે. તે પહેલાં તે વાઇની કન્યાશાળાનાં સુપરિટેંડેંટ હતાં. |
| ૧૮ કુમારી મથૂબાઈ કેતકર, જી. એ. | ૧૯૨૫ | મુંબાઈની નાથીબાઇ કન્યાશાળામાં શિક્ષિકા છે. |
| ૧૯ કુમારી વેંકુબાઇ સરદેશપાંડે, જી. એ. | ૧૯૨૫ | પૂનાનાં સેવાસદનની કન્યાઓની હાઈસ્કુલમાં સુપરિટેંડેંડ છે. |
| ૨૦ કુમારી શાંતાબાઇ કેતકર, જી. એ. | ૧૯૨૫ | સતારાની કન્યાશાળામાં શિક્ષિકા છે. |

Gandhi Heritage Portal

| | | | |
|---|---|---|---|
| ૨૧ | સૌ. પદ્માવતીબાઇ માંડલિક, જી. એ. | ૧૯૨૫ | શ્રીયુત ગોપાળ શિવરામ માંડલિક, બી એસસી. ઇલેક્ટ્રો એંજીનીયર સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૨૨ | શ્રીમતી સુશીલાબાઇ આઠવલે, જી. એ. | ૧૯૨૬ | તેમણે થોડા મહિના પૂનાની કન્યાશાળામાં ને થોડા મહિના બેલગામની કન્યાશાળામાં શિક્ષિકા તરીકે કામ કર્યું હતું. |
| ૨૩ | કુમારી સુશીલાબાઈ ધનેશ્વર, જી. એ. | ૧૯૨૬ | તે બેલગામની મહિલા વિદ્યાલયમાં શિક્ષિકા છે. |
| ૨૪ | કુમારી અનસૂયાબાઇ ગદ્રે, જી. એ. | ૧૯૨૬ | તે હિંગણે બદ્રુકના મહિલાશ્રમનાં ને વસતિગૃહનાં આસિસ્ટંટ સુપરિટેંડેંટ છે ને મહિલાશ્રમમાં શિક્ષિકાનું કામ પણ કરે છે. |
| ૨૫ | કુમારી દ્વારકાબાઈ જોગળેકર, જી. એ. | ૧૯૨૬ | પૂનાની કન્યાશાળામાં શિક્ષિકા છે. |
| ૨૬ | કુમારી કાવેરીબાઇ જોશી, જી. એ. | ૧૯૨૬ | સાંગલીની કન્યાશાળાનાં સુપરિટેંડેંટ છે. |
| ૨૭ | કુમારી યમુનાબાઇ રાજવાડે, જી. એ. | ૧૯૨૬ | તેમણે કેટલાક મહિના બેલગામમાં મહિલા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે કામ કર્યું હતું. |
| ૨૮ | કુમારી દ્રૌપદીબાઈ કેતકર, જી. એ. | ૧૯૨૭ | સાંગલી કન્યાશાળામાં શિક્ષિકા છે. |

## મુંબઇ યુનિવર્સિટીની પદવીધર સ્ત્રીઓ.

| નં. | નામ | પાસ થયાની સાલ. | હાલની સ્થિતિ વગેરે. |
|---|---|---|---|
| ૧ | કુમારી ગીતાબાઈ હેરલેકર, બી. એ. | ૧૯૧૯ | વડોદરાની મહારાણી ગર્લ્સ હાઇસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૨ | સૌ. શારદાબાઇ નરવણે, બી. એ. | ૧૯૧૯ | એંજીનીયર શ્રીયુત એસ. જી. નરવણે સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૩ | સૌ. સુધાબાઇ ઢવળે, એમ. એ. | ૧૯૨૦ | શ્રીયુત રામચંદ્ર સદાશિવ ઢવળે, બી. એ. સાથે એમનાં લગ્ન થયાં છે. |

Gandhi Heritage Portal

| | | | |
|---|---|---|---|
| ૪ | સૌ. સુશીલાબાઇ મોડક, બી. એ. | ૧૯૨૦ | વડોદરાના ડૉક્ટર યશવંત વામન મોડક એલ. એમ. ઍંડ એસ. સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૫ | સૌ. ભાનુમતીબાઈ મોહની. | ૧૯૨૦ | નાગપૂરના શ્રીયુત દત્તાત્રય કૃષ્ણ મોહની એમ. એ., એલ. ટી. સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૬ | કુમારી ભવાની નટરાજન, બી. એ. | ૧૯૨૦ | તે હમણાંજ ઇંડિયન સૅાશ્યલ રિફૉર્મરમાં સંપાદિકા થયાં છે. તે પહેલાં દાદરની કન્યાઓની અંગ્રેજી શાળામાં વગર પગારે શીખવતાં હતાં. |
| ૭ | શ્રીમતી ગોદૂબાઈ કેતકર, બી. એ., બી. ટી. | ૧૯૨૧ | પૂનાની ફીમેલ હાઇસ્કુલમાં શિક્ષિકા છે |
| ૮ | કુમારી યમુનાબાઈ ભાટે, એમ. એ. | ૧૯૨૧ | પૂનાની ફીમેલ હાઇસ્કુલમાં શિક્ષિકા હતાં. હાલ લંડનમાં શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરે છે. |
| ૯ | સૌ. માલિનીબાઇ પરાંજપે, બી. એ. | ૧૯૨૨ | તેમનાં લગ્ન મુંબાઈની રૉયલ ઇન્સ્ટીટ્યૂટના પ્રોફેસર ગો. રા. પરાંજપે સાથે થયાં છે. |
| ૧૦ | કુમારી અનસૂયાબાઇ દેવધર, બી. એ. | ૧૯૨૨ | પૂનાની ફીમેલ હાઇસ્કુલમાં શિક્ષિકા છે |
| ૧૧ | કુમારી શાંતાબાઇ બાપટ, એમ. એ. | ૧૯૨૩ | પૂનાની ફીમેલ હાઈસ્કુલમાં શિક્ષિકાછે. |
| ૧૨ | સૌ. વિમલાબાઈ દેશપાંડે, એમ. એ. | ૧૯૨૩ | ઉમરાવતીના શ્રીયુત પુરૂષોત્તમ યશવંત દેશપાંડે સાથે તેમનાં લગ્ન થયાં છે. તે ઉમરાવતીની ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૧૩ | કુમારી વેણુબાઈ પાનસે, એમ. એ.બી. ટી., | ૧૯૨૩ | પૂનાની ફીમેલ હાઈસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૧૪ | કુમારી રંગૂબાઇ પોંક્ષે, બી. એ., એલએલ. બી. | ૧૯૨૩ | પૂનાની સેવાસદનની હાઇસ્કુલમાં શિક્ષિકા છે. |

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૧૫ સૌ. મથુરાબાઇ બંબેવાલે, બી. એ. | ૧૯૨૩ | મધ્ય પ્રાંતના શ્રીયુત બંબેવાલે સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૧૬ સૌ. શકુંતલાબાઇ ગાડગીળ, બી. એસસી. | ૧૯૨૩ | નાગપૂરના ડૉ. શ્રીકૃષ્ણ નારાયણ ગાડગીળ સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૧૭ કુમારી સુશીલાબાઈ જકાતદાર, બી. એ. | ૧૯૨૪ | પાસ થયા પછી થોડાજ વખતમાં તે પરલોકવાસી થયાં. |
| ૧૮ કુમારી દ્વારકાબાઇ ભટ, બી. એ., બી. ટી. | ૧૯૨૪ | પૂનાની સેવાસદનની ટ્રેનિંગ કૉલેજનાં પ્રિન્સીપાલ છે. |
| ૧૯ કુમારી ચંદ્રાબાઈ પોંક્ષે, બી. એ., એલએલ. બી. | ૧૯૨૫ | પૂનાની સેવાસદનની હાઇસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૨૦ સૌ. સખૂબાઈ માયદેવ, બી. એસસી. | ૧૯૨૫ | તેમનાં લગ્ન શ્રીયુત અનંત ગોવિંદ માયદેવ બી. એ. સાથે થયાં છે. બી. એસસી. થયા પછી તે દોઢ વર્ષ સુધી ફીમેલ હાઈસ્કુલમાં શિક્ષિકા હતાં. હાલ બારામતી સેવાસદનમાં તે વગર પગારે શીખવે છે. |
| ૨૧ કુમારી કૃષ્ણાબાઈ કોલ્હટકર, એમ. એ. | ૧૯૨૫ | તે હાલ સાંગલીની કન્યાશાળામાં વગર પગારે એક કલાક શીખવે છે. |
| ૨૨ સૌ. ઇંદિરાબાઈ લેલે, બી. એ. | ૧૯૨૫ | ચાંદાના સબજજ શ્રીયુત પ્રતાપરાવ વાસુદેવ લેલે સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૨૩ કુમારી ગંગુબાઇ કાળે, બી. એ. | ૧૯૨૫ | હાલ એ કંઇ ખાસ કામ કરતાં નથી. |
| ૨૪ સૌ. ઇરાવતીબાઇ કર્વે, બી. એ. | ૧૯૨૬ | તેમનાં લગ્ન ફર્ગ્યુસન કૉલેજના પ્રો. ડો. દિનકર ધોંડો કર્વે એમ. એસ. સી., પીએચ. ડી. સાથે થયાં છે. તે એક વર્ષ સુધી ફર્ગ્યુસન કૉલેજમાં ફેલો હતાં. |
| ૨૫ સૌ. શાંતાબાઇ નાસિકકર, બી. એ. | ૧૯૨૬ | પૂનાના ડૉક્ટર એસ. જી. નાસિકકર એમ. બી. બી. એસ. સાથે તેમનાં લગ્ન થયાં છે. |
| ૨૬ શ્રીમતી મુક્તાબાઈ લેલે, બી. એ. | ૧૯૨૬ | સેવાસદનમાં શિક્ષિકા છે. |

Gandhi Heritage Portal

| | | | |
|---|---|---|---|
| ૨૭ | કુમારી સિંધુબાઈ ગોખલે, બી. એ. | ૧૯૨૬ | મુંબાઈ સેકન્ડરી ટ્રેનિંગ કૉલેજમાં બી. ટી. નો અભ્યાસ કરે છે. |
| ૨૮ | કુમારી સત્યપ્રિયાબાઈ મરાઠે, બી. એ. | ૧૯૨૬ | અકોલાના હોમ કલાસમાં શિક્ષિકા છે. |
| ૨૯ | કુમારી સોનૂબાઇ ચિપલૂણકર, બી. એ. | ૧૯૨૬ | એમ. એ. નો અભ્યાસ કરે છે. |
| ૩૦ | કુમારી શકુંતલાબાઈ પરાંજપે, બી. એસસી. | ૧૯૨૬ | કેંબ્રીજની ન્યૂનહૅમ કૉલેજમાં ભણે છે. |
| ૩૧ | કુમારી મથુરાબાઈ ગોખલે, બી. એ. | ૧૯૨૭ | એમ. એ. નો અભ્યાસ કરે છે. |
| ૩૨ | કુ. કમલાબાઈ ઉકિડવે, બી. એ. | ૧૯૨૭ | એમ. એ. નો અભ્યાસ કરે છે. |
| ૩૩ | કુ. વિમળાબાઇ ગોખલે. બી. એ. | ૧૯૨૭ | પૂનાની ફીમેલ હાઇસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૩૪ | સૌ. કમલાબાઈ જમખંડી, બી. એ. | ૧૯૨૭ | તેમનાં લગ્ન શ્રીયુત જમખંડી સાથે થયાં છે. તે હાલ વિજાપૂરની સરકારી મિડલ સ્કુલમાં શિક્ષિકા છે. |
| ૩૫ | કુ. શરયૂબાઇ કિર્લોસ્કર, બી. એ. | ૧૯૨૭ | તેમના વિષે માહિતી મળી નથી. |
| ૩૬ | કુ. શારદાબાઇ નાગપૂરકર, બી. એ. | ૧૯૨૭ | પૂનાના સેવાસદનમાં શિક્ષિકા છે. |
| ૩૭ | કુ. શાંતાબાઇ પરાંજપે, બી. એ. | ૧૯૨૭ | પૂનાની ફીમેલ હાઇસ્કુલમાં શિક્ષિકા છે. |
| ૩૮ | કુ. મંજુળાબાઈ સુળે, બી.એ. | ૧૯૨૭ | એમના વિષે માહિતી મળી નથી. |
| ૩૯ | કુ. માલતીબાઈ દેવલાલીકર, બી. એ. | ૧૯૨૭ | કરાંચીની કન્યાઓ માટેની એક અંગ્રેજી શાળામાં શિક્ષિકા છે. |
| ૪૦ | કુ. ઇંદિરાબાઇ દામલે, બી. એ. | ૧૯૨૭ | એમના વિષે માહિતી મળી નથી. |
| ૪૧ | કુ. તાનુબાઇ ચિરપુટકર, બી. એ. | ૧૯૨૭ | પૂનાની કન્યાશાળામાં શિક્ષિકા છે. |

Gandhi Heritage Portal

આ ઠેકાણે એક એ વસ્તુ તરફ વાચકોનું ધ્યાન દોરવાની જરૂર છે. મુંબાઇ યુનિવર્સિટીમાંથી બહાર પડેલી જે સ્ત્રીઓ શિક્ષણના ધંધામાં પડી છે તેમાંની ઘણીખરી સરકારી નિશાળોમાં કામ કરે છે; પરંતુ મહિલા-વિદ્યાપીઠમાંથી બહાર પડેલી ઘણીખરી પદવીધર સ્ત્રીઓ ખાનગી પ્રયત્નોથી નિકળેલી શાળાઓમાં સ્વાર્થત્યાગના ધોરણે કામ કરે છે, ને શાળાઓની ઉન્નતિ કરવા માટે તેઓ તેમાં શિક્ષણ આપવા ઉપરાંત અનેક પ્રકારનો શ્રમ કરે છે.

મુંબાઈ યુનિવર્સિટી કે મહિલા–વિદ્યાપીઠમાંથી બહાર પડતી ગ્રેજ્યુએટ કે અંડર ગ્રેજ્યુએટ સ્ત્રીઓને સ્વાવલંબી થવું હોય તો થોડા અપવાદ બાદ કરતાં માત્ર એકજ માર્ગ ખુલ્લો છે તે એ કે મોટા પગારનો લોભ ન કરતાં જીલ્લા કે તાલુકાના મુખ્ય ગામમાં જઈ ખાનગી શાળા કાઢવાનો છે. આવી રીતે નિર્વાહ ચાલી શકે એટલા પૈસા તો તેમને મળી શકશે. પણ 'બીજું કોઇ મને પગાર આપવાનું કબુલ કરે પછી હું જાઉં' એવો આગ્રહ રાખે તો કંઇ કામ થઇ શકે નહિ. જાતે જઈ લોકોને સમજાવી પાંચ દસ કન્યાઓથી શાળા શરૂ કરે તો પછી બધું થઇ રહે છે. નોકરી પર આધાર ન રાખતાં આવા પ્રકારના પ્રયત્ન કરનાર માટે સ્ત્રીઓમાં ખરો આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે. તેથી બીજા ઘણા ગુણો ખીલે છે, ને તેમના હાથે બીજી રીતે ન થાય એવાં સમાજસેવાનાં કાર્યો થઈ શકે છે.

પુરૂષોની કોલેજમાં ભણેલી સ્ત્રીઓમાંથી સેંકડે એંશી ટકા સ્ત્રીઓને મહિલાવિદ્યાપીઠમાં મળતું શિક્ષણ વિશેષ ઉપયોગી થઇ પડે એવો મારો દૃઢ મત છે. તે કેટલે અંશે ખરો છે એ વાચકો નક્કી કરી શકે, તે માટે ઉપરની યાદીઓ આપી છે. તેમાં કોઇનો ઉપમર્દ કરવાનો હેતુ નથી. બે યુનિવર્સિટીમાંથી આજ સુધીમાં નીકળેલી અને હવે પછી નીકળનારી પદવીધર સ્ત્રીઓની વૈદ્યકીય, સામાજીક ને રાષ્ટ્રીય કામગિરીની તુલના કરી એનો નિર્ણય કરવો જોઈએ. આ નિર્ણય રાષ્ટ્રના જીવન માટે અત્યંત આવશ્યક હોવાથી આ બાબતમાં વિચારપૂર્વક લોકમત ઘડાય એ અત્યંત જરૂરનું છે.

Gandhi Heritage Portal

# પ્રકરણ બારમું.

## વિદ્યાપીઠને મળેલાં મોટી રકમનાં દાન
## અને
## વિદ્યાપીઠની સાંપત્તિક સ્થિતિ.

સર વિઠ્ઠલદાસના દાન વિષે વિસ્તૃત હકીકત આ પહેલાં આપી છે. ડૉ. લાંડેના દાનનો પણ ઉલ્લેખ થઇ ગયો છે. શેઠ મૂળરાજ ખટાઉ સર વિઠ્ઠલદાસની સાથે પૃથ્વીપ્રદક્ષિણા માટે ગયા ત્યારે જાપાનની સ્ત્રીઓની યુનિવર્સિટી તેમણે જોઇ હતી ને તે સંબંધી થયેલી વાતચીત સાંભળી હતી. તેમણે ખટાઉ મકનજીના સ્મરણાર્થે હિંદુ યુનિવર્સિટીને સ્ત્રીઓ માટે વસતિગૃહ બાંધવા સારૂ એક લાખથી વધારે રૂપિયાનું દાન આપ્યું હતું. સર વિઠ્ઠલદાસના દાન સંબંધી તેમને ખબર હતી. તેમને મળ્યા પછી તેમણે ઇમારત સંબંધી પૂછપરછ કરી. મુખ્ય ઇમારત બાંધવાનું કામ ચાલતું હતું પણ વસતિગૃહની જરૂર હતી. તે ઇમારતના ખર્ચના અર્ધા એટલે પચ્ચીસ હજાર રૂપિયા આપવાનું તેમણે કબુલ કર્યું ને નકશો તૈયાર કરાવી બતાવવા મને ફરી બોલાવ્યો. નકશો તૈયાર કરાવ્યા પછી ઇમારતનું ખર્ચ સીત્તેર હજાર રૂ. આવશે એમ લાગ્યું. તે તેમને બતાવ્યાથી તેમણે પાંત્રીસ હજાર રૂ. આપવાનું કબુલ કર્યું ને કૉલેજના મકાનની પાસે જ 'ખટાઉ મકનજી વસતિગૃહ' બાંધવામાં આવ્યું. આ દાનથી અમને યોગ્ય વખતે સારી મદદ થઈ. વસતિગૃહ વિના અમારે ચાલત નહિ અને તે માટે પણ સર વિઠ્ઠલદાસ ઠાકરસી તરફથી વગર વ્યાજની લોન મળત. પણ તે રકમ પાછી આપતાં અમારો દમ નીકળી જાત. આ દાન મળવાથી તેમ કરવાની જરૂર રહી નહિ.

આ પછીનું સાધારણ મોટું દાન કુમારી વિઠાબાઇ સામંતે (હાલ સૌ. મનોરમાબાઇ લેલેએ) આપેલું છે. તેમનાં માતાપિતા તે આઠ વર્ષનાં થયાં તે પહેલાં જ ગુજરી ગયાં હતાં. તેમના પિતાએ તેમના વિલમાં દર્શાવેલી ઇચ્છા મુજબ તેમનું પાલકત્વ મારી પાસે આવ્યું. તે અમારા કુટુંબ ને સંસ્થામાં ઉછર્યાં. એમના પિતાએ પરોપકારના કામમાં ઘણા પૈસા ખરચ્યા હતા ને પોતાની પુત્રી પણ થોડે ઘણે અંશે એમ કરે એવી ઇચ્છા તેમણે પોતાના વીલમાં દર્શાવી હતી. તેને અનુસરી સૌ. મનોરમાબાઇએ છ હજાર આઠસો રૂ.નાં કૅશ સર્ટિફિકેટો (કેટલાંક ૧૯૨૮ માં ને કેટલાંક ૧૯૩૦ માં પુરાં થતાં) વિદ્યાપીઠને દાન તરીકે આપ્યાં. તેમની સાડા

Gandhi Heritage Portal

ત્રણ ટકા વ્યાજની ચાળીશ હજાર રૂ. ની પ્રૉમિસરી નોટો વિદ્યાપીઠને સોંપવી ને તેનું સઘળું વ્યાજ તેમનાં ભાઈભાંડુ ઉમર લાયક થાય ત્યાં સુધી તેમનાં કુટુંબને મળે ને તે પછી અર્ધું વિદ્યાપીઠને મળે ને અર્ધું ભાઇભાંડુમાં વ્હેંચી દેવામાં આવે એવી યોજના એમણે ને મેં મળી કરી હતી, અને તે સંબંધી વિદ્યાપીઠ સાથે પત્રવ્યવહાર પણ થયો હતો. પણ પાછળથી પોતાના પૈસાનો પોતાની મરજી પ્રમાણે જ ઉપયોગ થશે એમ ન લાગવાથી એ વાત પડતી મૂકાઇ. મનોરમાબાઇએ આ ઉદાર દાન આપી વિદ્યાપીઠને અને મને ઋણી કર્યાં છે.

ગ્વાલીયર દરબાર તરફથી હાલના મહારાજા ગાદીએ બેઠા તે વખતે વિદ્યાપીઠને છ હજાર રૂ. આપવામાં આવેલા. ત્રણ ચાર વર્ષ પૂર્વે તેમના પિતા ગાદી પર હતા ત્યારે તેમને હું મળ્યો હતો, પણ એ વખતે મદદ મળી નહિ. આ દાન મેળવવામાં રા. બ. રાવજી જનાર્દન ભિડેએ પણ ઘણી મહેનત કરી હતી.

આ પછી ઉલ્લેખ કરવા જેવું મોટું દાન સર રતન ટાટા ટ્રસ્ટફંડમાંથી મળી આવ્યું. શ્રીયુત જેમી પાદશાહની મારફતે એ મળી શકશે એમ લાગવાથી મેં પત્ર મારફતે તેમને મળવાની ઇચ્છા દર્શાવી. કામનું સ્વરૂપ પત્રદ્વારા જ જણાવવાનું તેમણે લખ્યાથી તેમને વિદ્યાપીઠના રિપોર્ટ વગેરે મોકલવામાં આવ્યા. કેટલાક મહિના પછી દરસાલ એક હજાર પ્રમાણે પાંચ વર્ષ સુધી મદદ કરવામાં આવશે એવું મને જણાવવામાં આવ્યું. એ મુજબ ૫૦૦૦ રૂ. તેમના તરફથી મળી ગયા છે.

આ પછી બીજા એક દાનનો ઉલ્લેખ કરવાનો છે. તે રકમ મોટી છે એ માટે નહિ પણ ઉત્કટભાવનાથી પ્રેરાયેલા એક સાધારણ સ્થિતિના માણસે આપેલી છે એ માટે. શ્રીયુત સખારામ નારાયણ કરમળકર શ્રીમતી યમુનાબાઇ મોઘેના નજીકના સગા છે. યમુનાબાઇને અનાથ બાલિકાશ્રમમાં દાખલ કરવા માટે તેમણે ઘણી મહેનત લીધી હતી. યમુનાબાઇ મેટ્રિકની પરીક્ષા પાસ થયાં છે ને હાલ મુંબાઇમાં શિક્ષિકાનું કામ કરે છે. યમુનાબાઇ-ની પુત્રીને સારી રીતે ભણાવવા માટે બન્નેએ ઘણો શ્રમ લીધો હતો, પણ તે મેટ્રિકયુલેશનની પરીક્ષામાં બેઠા પછી દુર્દૈવે મરણ પામી. એનું સારૂં જેવું સ્મારક કરવાનું બન્નેએ નક્કી કર્યું. હું વિદ્યાપીઠના કામ માટે મીરજ ગયો ત્યારે તબીયત સુધારવા માટે શ્રીયુત કરમળકર ત્યાં રહેતા હતા. તેમણે મને બોલાવ્યો, ને સેંકડે સાડા પાંચ ટકાનાં ચાર હજારનાં બોંડ

Gandhi Heritage Portal

વિદ્યાપીઠના ટ્રસ્ટીઓને નામે ફરી મને સોંપ્યાં. આ દાન બદલ કૉલેજની ઇમારતની એક રૂમને " કુ. મનુબાઈ મોઘે શાળા" એવું નામ આપવામાં આવ્યું છે. આવા કામમાં પડેલા માણસને આવું દાન મળવાથી કેટલું ઉત્તેજન મળે છે તે અનુભવ વિના સમજાય એવું નથી.

એક હજાર કે તેથી વધારે રૂ.નું દાન આપનાર સ્ત્રીપુરૂષોની યાદી આ નીચે આપી છે:—

## મહિલા વિદ્યાપીઠના આશ્રયદાતાઓએ આપેલાં દાન.

| | |
|---|---|
| પ. વા. સર વિઠ્ઠલદાસ ઠાકરસી (કેટલીક શરતો પળાયા પછી મુદ્દલ આપવાનું. ત્યાં સુધી દરસાલ તેનું વ્યાજ ૫૨૫૦૦ રૂ. મળે.) | ૧૫૦૦૦૦૦ |
| પ. વા. ડૉ. વિઠ્ઠલ રાઘોબા લાંડે, નાગપૂર. (કેટલીક શરતોએ) | ૪૦૦૦૦ |
| શ્રીયુત મૂળરાજ ખટાઉ, મુંબાઇ. | ૩૫૦૦૦ |
| સા. મનોરમાબાઈ લેલે, પૂના. | ૭૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી મહારાજા ઑફ ગ્વાલીઅર, ગ્વાલીઅર. | ૬૦૦૦ |
| સર રતન તાતા ટ્રસ્ટ, મુંબાઇ. | ૫૦૦૦ |
| શ્રીમંત નારાયણરાવ બાબાસાહેબ ઘોરપડે, ઇચલકરંજી. | ૪૦૦૦ |
| એન. એમ. વાડીયા ટ્રસ્ટ, મુંબાઇ. | ૪૦૦૦ |
| બાબુ શિવપ્રસાદ ગુપ્ત, બનારસ. | ૩૦૦૦ |
| પ. વા. શ્રીમતી ઈંદિરાબાઈ વૈદ્ય, મુંબાઇ. | ૨૪૦૦ |
| શ્રીયુત ભાસ્કર વામન જોશી, ઉમરાવતી. | ૨૩૦૦ |
| શ્રીમતી સુંદરાબાઇ મહાત્મે, મુંબાઇ. | ૨૪૦૦ |
| પ. વા. શ્રીયુત કાશીનાથ મોરેશ્વર પિંગળે, મુંબઇ. | ૨૦૦૦ |
| ડૉ. સખારામ નારાયણ કરમળકર, મુંબઈ. | ૨૦૦૦ |
| શ્રીમતી યમુનાબાઈ મોઘે, મુંબઇ. | ૨૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી ઠાકોર સાહેબ, લિંબડી. | ૨૦૦૦ |
| શ્રીમંત આપ્પાસાહેબ પટવર્ધન, સાંગલી. | ૨૦૦૦ |
| ઈંડિયા બેનિફિટ ટ્રસ્ટ, લંડન. | ૧૫૪૧ |
| રાજા બહાદુર જી. કૃષ્ણમાચારી, દક્ષિણ હૈદ્રાબાદ. | ૧૫૦૦ |
| શ્રીયુત સીતારામ સુબરાવ કાનગો, વડોદરા. | ૧૩૬૦ |
| શ્રીયુત રણછોડ ભવાન લોટવાળા, મુંબાઇ. | ૧૩૦૦ |

Gandhi Heritage Portal

| | |
|---|---|
| ડૉ. ગોપાળ રામચંદ્ર તાંબે, ભુજ. | ૧૨૫૫ |
| શ્રીયુત ગંગાધર બળવંત તળવલકર, હરિગામ. | ૧૨૫૦ |
| હર હાઇનેસ ધી મહારાણી સાહેબ ઑાફ ભરતપૂર, ભરતપૂર. | ૧૧૦૦ |
| રા. બ. અનંત સદાશિવ તાંબે, વડોદરા. | ૧૦૨૦ |
| રા. બ. ડૉ. દલજંગસિંગ ખનકા, જયપૂર. | ૧૦૨૦ |
| ડૉ. ધોંડો આપ્પાજી પટવર્ધન, અમદાવાદ. | ૧૦૦૦ |
| શ્રીયુત મોતીલાલ માણેકચંદ, અમલનેર. | ૧૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી મહારાજા સાહેબ ઓફ વાંસદા, વાંસદા. | ૧૦૦૦ |
| શ્રીયુત નરસિંરાવ રાજે ઘોરપડે, વડોદરા. | ૧૦૦૦ |
| મહારાષ્ટ્ર વાંચનાલય, બસરા. | ૧૦૦૦ |
| લેડી રમાબાઇ પટ્ટણી, ભાવનગર. | ૧૦૦૦ |
| શ્રીમંત બાબાસાહેબ પંતસચીવ, ભોર. | ૧૦૦૦ |
| સૌ. અવંતિકાબાઇ ગોખલે, મુંબાઈ. | ૧૦૦૦ |
| સર પુરૂષોત્તમ ઠાકોરદાસ, મુંબાઇ. | ૧૦૦૦ |
| ન્યાયમૂર્તિ ગોવિંદ દિનાનાથ માણગાંવકર, મુંબાઇ. | ૧૦૦૦ |
| શ્રીયુત હીરાલાલ અમૃતલાલ શાહ, મુંબાઇ. | ૧૦૦૦ |
| શ્રીયુત કરમચંદ ચુનીલાલ, મુંબાઇ. | ૧૦૦૦ |
| શ્રીયુત મગનલાલ પ્રભૂદાસ, મુંબાઇ. | ૧૦૦૦ |
| શ્રીયુત મોરારજી ગોકુળદાસ દેવજી, મુંબઇ. | ૧૦૦૦ |
| શ્રીયુત શાંતારામ નારાયણ દાભોલકર, મુંબાઇ. | ૧૦૦૦ |
| શ્રીમતી શીરીનબાઇ પાટક, ,, | ૧૦૦૦ |
| ડૉ. તુળજારામ સી. ખાંડવાળા, ,, | ૧૦૦૦ |
| શ્રીયુત વેલચંદ છગનલાલ, ,, | ૧૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી નવાબ સાહેબ ઓફ કેંબે, ખંભાત. | ૧૦૦૦ |
| હીઝ હાઈનેસ ધી મહારાણી ઓફ ધરમપુર. | ૧૦૦૦ |
| ન્યાયમૂર્તિ કેશવરાવ કોલ્હટકર, હૈદાબાદ દક્ષિણ | ૧૦૦૦ |
| શ્રીમંત વામન રામચંદ્ર નાઇક, હૈદ્રાબાદ દક્ષિણ | ૧૦૦૦ |
| શ્રીમંતી રાણીસાહેબ ચંપાવતીબાઈ પ્રતાપગિરજી, હૈદ્રાબાદ દક્ષિણ | ૧૦૦૦ |
| શ્રીયુત જમસેદ એન. આર. મહેતા, કરાંચી. | ૧૦૦૦ |
| સર હોરમસજી વાડીઆ, ખડકી. | ૧૦૦૦ |
| દિવાન બહાદુર કૃષ્ણરાવ એલ. પાવણસકર, કિશનગઢ. | ૧૦૦૦ |
| શ્રીયુત સૂરચંદ કેવળદાસ, કુણઘેર. | ૧૦૦૦ |

Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૫. વા. શ્રીમંત અણ્ણાસાહેબ પટવર્ધન, કુરૂંદવાડ. | ૧૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી મહારાજા ઑફ મ્હૈસૂર, મ્હૈસૂર. | ૧૦૦૦ |
| હીઝ હાઇનેસ ધી યુવરાજ સાહેબ ઑફ મ્હૈસૂર, મ્હૈસૂર. | ૧૦૦૦ |
| કર્નલ કૃષ્ણાજી વિષ્ણુ કુકડે, નાગપૂર. | ૧૦૦૦ |
| શ્રીયુત જેશિંગભાઇ ઝવેર ગુમાન, પાટણ. | ૧૦૦૦ |
| શ્રીયુત બી. કે. બોસ, પૂના. | ૧૦૦૦ |
| શ્રીયુત ગોવિંદ કાશીનાથ ગાડગીલ, પૂના. | ૧૦૦૦ |
| દિવાન બહાદુર કાશીનાથ રામચંદ્ર ગોડબોલે, પૂના. | ૧૦૦૦ |
| હીઝ હાયનેસ ધી મહારાજા રાણાસાહેબ, પોરબંદર. | ૧૦૦૦ |
| હર હાયનેસ ધી મહારાણી સાહેબ, પોરબંદર. | ૧૦૦૦ |
| શ્રીયુત વાગ્ભટ નારાયણ દેશપાંડે, સતારા. | ૧૦૦૦ |
| ૫. વા. રા. બ. ખંડુભાઇ ગુલાબભાઈ દેસાઈ, સુરત. | ૧૦૦૦ |
| શ્રીયુત ગુલાબભાઇ કંથડજી દેસાઇ, ,, | ૧૦૦૦ |
| હર હાઇનેસ ધી મહારાણી સાહેબ, વઢવાણ. | ૧૦૦૦ |
| રાવબહાદુર જમનાલાલ બજાજ. | ૧૦૦૦ |

સર વિઠ્ઠલદાસના મોટા દાનને લીધે જ આ વિદ્યાપીઠને સ્થાયીપણું મળ્યું છે એમ કહેવામાં હરકત નથી. ઇમારતો માટે લીધેલી એક લાખ છાશી હજાર રૂ.ની વગર વ્યાજની લોનનો ગયા ડિસેંબરમાં પચીસ હજારનો છેલ્લો હપ્તો તેમને ભરી દીધો છે. હાલ વિદ્યાપીઠ પાસે પ્રૉમિસરી નોટોના રૂપમાં શુમારે સવા લાખ રૂ.ની સિલક છે. આ પ્રૉમિસરી નોટોમાંથી ઘણીખરી સાડાત્રણ ટકા વ્યાજની છે. તે બધાનું વ્યાજ આશરે ચાર હજાર રૂપિયા આવે છે. સર વિઠ્ઠલદાસ ઠાકરસી તરફથી મળતા વ્યાજના સાડા બાવન હજાર રૂ. અને વાર્ષિક લવાજમમાંથી મળતા દશ હજાર રૂ. મળી વાર્ષિક લગભગ સાડી છાસઠ હજાર રૂપિયાની આવક છે. વાર્ષિક લવાજમની આવક રૂ. દશ હજાર ગણી છે પણ તે અનિશ્ચિત છે. હાલ વાર્ષિક ખર્ચ સીત્તેર હજારથી વધારે છે ને દર વર્ષે તે વધતું જાય છે. આવક ઓછી થાય તો ખોટ આવે તે મૂળ રકમમાંથી ભરવી પડે. ખર્ચની મોટી રકમનો નીચેની યાદી પરથી ખ્યાલ આવશે.

| | |
|---|---|
| શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા—પાઠશાળા ચેરંડવણે. | ૧૬૫૦૦ |
| શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી કન્યાશાળા, પૂના. | ૧૦૦૦૦ |
| શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસી કન્યાશાળા, મુંબઇ. | ૯૫૦૦ |
| આ વિદ્યાપીઠ સાથે જોડાયેલી બીજી શાળાઓને વાર્ષિક મદદ | ૨૨૫૦૦ |

Gandhi Heritage Portal

| | |
|---|---|
| સ્કોલરશિપો અને ઈનામો. | ૧૫૦૦ |
| છપામણી. | ૧૨૦૦ |
| ઓફિસના કારકુનોનો પગાર. | ૩૦૦૦ |
| પ્રવાસ ખર્ચ–લવાજમ મેળવવાના કામ માટે તથા સેનેટના અને સિંડિકેટના સભાસદોનો | ૨૫૦૦ |
| પરીક્ષાખર્ચ, પરીક્ષકોને આપવાનું અત્યલ્પ મહેનતાણું ગણતાં | ૩૫૦૦ |
| ટપાલખર્ચ. | ૮૦૦ |
| સ્ટેશનરી વગેરે. | ૪૦૦ |
| ઇમારતના વીમા માટે. | ૬૦૦ |
| પરચુરણ. | ૧૦૦૦ |
| | ૭૩૦૦૦ |

મહિલાવિદ્યાપીઠે ઉચ્ચ શિક્ષણ માટે વધારે ખર્ચ કરવાની ભાંજગડમાં પડવાની જરૂર નથી. કારણ કે જ્યાં સુધી સરકારી માન્યતા મળે નહિ ત્યાં સુધી ગમે તેમ કરીશું તોપણ કોલેજમાં આવતી વિદ્યાર્થીનીઓની સંખ્યા વિશેષ વધવાનો સંભવ નથી, અને વિદ્યાપીઠને સરકારી માન્યતા મળતાં વખત જવાનો સંભવ છે. ત્યાં સુધી માધ્યમિક શિક્ષણના પ્રસારનું અત્યંત મહત્વનું કાર્ય વિદ્યાપીઠે હાથ પર લેવું જોઇએ. એમાં વિદ્યાપીઠને સારી સફળતા મળી છે અને વિશેષ મળવાની આશા છે. પણ આ બધાનો આધાર દ્રવ્યબળ પર રહેલો છે. વાર્ષિક લવાજમ ઉપરાંત બીજાં દાન મળી જો સ્થાયી ફંડમાં વધારો થઈ વ્યાજની આવક વધે તો આગળ કાર્ય સુવ્યવસ્થિત રીતે ચાલે, નહિ તો હંમેશાં હાથમાં હોય તો જ મામાં આવે. એવી સ્થિતિ રહેવાની અને જેમ તેમ કરી તેનું અસ્તિત્વ ટકાવી રાખવાનું ધ્યેય થઇ પડવાનું.

સર વિઠ્ઠલદાસે વિદ્યાપીઠને પંદરલાખ રૂપિયા સોંપવા માટે જે મુખ્ય ને સૌથી આકરી શરત કરી છે તે એ કે તેમના દાન જેટલી બીજી રકમ વિદ્યાપીઠે એકઠી કરવી જોઇએ. વિદ્યાપીઠની સ્થાવર મીલકત પર આશરે સાડા ત્રણ લાખ રૂપિયા ખર્ચાયા છે તે, ને હાલની શિલ્લક મળી લગભગ પાંચ લાખ રૂપિયા થાય છે. બાકી દશ લાખની કિંમતની પ્રોમિસરી નોટો ખરીદી શકાય એટલું ફંડ વિદ્યાપીઠે એકઠું કરવું જોઇએ. મારી હયાતીમાં એ બની શકે એવી મને આશા નથી, તોપણ તે માટે સતત મહેનત કર્યા કરવાનો મારો ઇરાદો છે. હાલ ચાલે છે એટલું જ કામ પણ મારી હયાતિમાં ચાલુ રહેશે તો હું મારી જાતને ભાગ્યશાળી માનીશ. પણ ધનના અભાવે પાછાં પગલાં ભરવાનો વખત આવશે તો મને ખરાબ લાગશે. પરંતુ તેવી સ્થિતિ માટે પણ હું તૈયાર છું, ભલે કાળના ઉદરમાં ગમે તે હો!

Gandhi Heritage Portal

## પ્રકરણ તેરમું.

### મહિલા-વિદ્યાપીઠનું પ્રચારકાર્ય.

વિદ્યાપીઠના ઉદ્દેશ શા, તેણે શું કાર્ય કરવાનું યોજ્યું છે, તે કેમ ચાલે છે, વગેરે બાબતો લોકો સમક્ષ મૂકવા માટે અને પૈસાની મદદ મેળવવા માટે વિદ્યાપીઠ શરૂ થયા પછી થોડા જ મહિનામાં મેં પ્રચારનું કામ હાથ ધર્યું હતું અને ત્યારથી આજ સુધી તે ચાલુ રાખ્યું છે. વિદ્યાપીઠ શરૂ થયા પહેલાં પણ તેની ઘટના કરવા માટે હું બે મહિના ફર્યો હતો. પહેલાંનાં ચાર વર્ષમાં હું જે જે સ્થળોએ ગયો હતો તેની યાદી અન્યત્ર આપી છે. તે પરથી મારા પ્રવાસનો ખ્યાલ આવશે. આ આઠ વર્ષમાં પંજાબ, બંગાળ, બિહાર ને ઓરિસા સિવાય હિંદુસ્થાનના બીજા પ્રાંતોમાં મેં લાંબી મુસાફરી કરી હતી. એ બધાં સ્થળોની લાંબીલચક યાદી તૈયાર કરતાં ઘણી મહેનત પડે એવું છે. તેથી તેમ ન કરતાં મારા કામનો કંઈક ખ્યાલ આવે એ માટે જુદી રીતે નીચે એક નાનું કોષ્ટક આપું છું. ૧૯૨૧ની સાલથી મેં એક નોંધ રાખી છે. તેમાં પાંચ રૂપિયા કે તેથી કમી જાસ્તી લવાજમ કેટલાં મળ્યાં તેની નોંધ રહે છે. તે જ પ્રમાણે વર્ષમાં કેટલા દિવસ મુસાફરી કરી તેની પણ નોંધ રહે છે. એ ઉપરથી જણાશે કે ગયાં સાત વર્ષમાં દર વર્ષે સરાસરી ૨૬૭ દિવસ કિંવા લગભગ ૯ મહિના મેં પ્રવાસમાં ગાળ્યા હતા.

| વર્ષ. | પાંચ રૂપિયા કે તેથી વધારે લવાજમની સંખ્યા. | પાંચ રૂપિયાથી ઓછા લવાજમની સંખ્યા. | વર્ષમાં પ્રવાસના દિવસ |
|---|---|---|---|
| ૧૯૨૧ | ૭૧૫ | ૨૫૭ | ૨૮૮ |
| ૧૯૨૨ | ૨૩૩ | ૪૨૫ | ૨૫૨ |
| ૧૯૨૩ | ૬૬૪ | ૧૫૩૨ | ૨૧૩ |
| ૧૯૨૪ | ૬૫૭ | ૨૯૬૮ | ૨૪૯ |
| ૧૫૨૫ | ૯૯૨ | ૪૦૦૧ | ૩૦૫ |
| ૧૯૨૬ | ૮૨૪ | ૨૮૩૭ | ૨૬૨ |
| ૧૯૨૭ | ૭૪૨ | ૨૨૭૯ | ૩૦૪ |
| એકંદરે | ૪૮૨૭ | ૧૪૨૯૯ | |

કોઇ શહેરમાં જવાનું હોય ત્યારે ત્યાંના કોઇ સંભાવિત ગૃહસ્થને પત્ર લખી તેમની પાસેથી પ્રથમ હું જવાબ મંગાવતો. ઘણું કરીને તો કોઈ મોટા

Gandhi Heritage Portal

શહેરમાં ગયો હોઉં ત્યારે ત્યાંના કોઇ પ્રતિષ્ઠિત ગૃહસ્થ જે સ્થળે મારે જવાનું હોય ત્યાંના કોઇ આગેવાનને ઘેર મારે ઉતરવાની સગવડ કરી દેતા. એટલે મારે આગળથી કઇ ગાડીમાં હું જવાનો છું એની તાર કે પત્રથી ખબર આપવાનું જ રહેતું. બહુધા કોઈ મને સ્ટેશન પર લેવા સામું આવતું ને ઉતરવાના સ્થળે લઇ જતું. કોઈ વાર ભૂલચૂકને લીધે એમ ન થાય ત્યારે હું તે શિરનામે જતો. ત્યાં વખત નકામો ન જાય માટે વ્યાખ્યાનનો સમય પહેલેથી જ નક્કી કરી લખી દેતો અને ઘણે ભાગે તેમજ કરતો. ત્યાં ગયા પછી વ્યાખ્યાન પહેલાં ગામના પ્રતિષ્ઠિત માણસોને મળતો ને તેમને સભામાં આવવાની વિનંતિ કરતો. સભા પૂરી થયા પછી શહેરના પ્રમાણમાં એ કે ત્રણ દિવસ રહી સ્થાનિક ગૃહસ્થોની મદદથી દરેક જણ પાસે જઈ લવાજમની યાચના કરતો. આ ક્રમ વર્ષાનુવર્ષ ચાલુ છે.

મહારાષ્ટ્રમાં ફરતો હોઉં ત્યારે જ્યાં જાઉં ત્યાં સ્ત્રીઓની એક સભા કરી તેમાં વ્યાખ્યાન આપવાનો ક્રમ મેં રાખ્યો છે. તેમાં હું સંસ્થાને મદદ કરવા વિષે વિશેષ કહેતો નહિ, પણ કોઇ કોઇ સ્થળે કોઈ ઉત્સાહી બાઈ કે હોંશિયાર શિક્ષિકા હોય તો તે ઘણે સ્થળે જઈ સ્ત્રીઓ પાસેથી પણ ફંડ ઉઘરાવી લાવતાં, એવું ઘણી વાર બન્યું છે. સ્ત્રીઓની સભામાં પ્રાચીન કાળમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી સારી હતી, તેમને સમાજમાં કેટલું માન મળતું હતું, અને સમાજ પર તેમનું કેટલું વજન પડતું વગેરે વાતો કહું છું અને હાલની તેમની ખરાબ સ્થિતિનો તેમને ખ્યાલ આપું છું. આધેડ ઉમ્મરની સ્ત્રીઓ પણ સભામાં આવે છે ને તેમને શિક્ષણની જરૂર સમજાય છે.

શરૂઆતમાં મહારાષ્ટ્રની બહાર કામ કરતી વખતે હું માત્ર અંગ્રેજી જાણનારની સાથે જ કામ પાડી શકતો. પણ હાલ ગુજરાત ને ઉત્તર હિંદુસ્થાનમાં અંગ્રેજી ન જાણનાર પુરૂષો અને સ્ત્રીઓમાં પણ કામ કરવાનો પ્રયત્ન કરૂંછું. મને હિંદી અને ગુજરાતી ભાષાનું જ્ઞાન નથી, પણ મારૂં વ્યાખ્યાન ગુજરાતી અગર હિંદી ભાષામાં નાગરી લીપીમાં છપાવું છું ને સભામાં તે વાંચુંછું. આ પ્રયોગ ઘણો સફળ થયો છે. જ્યાં જ્યાં આર્ય સમાજની શાખા છે ત્યાં ત્યાં પડદાનશીન સ્ત્રીઓ પણ વ્યાખ્યાનમાં હાજરી આપી શકે છે. માત્ર સભા સ્ત્રીઓની જ હોવી જોઇએ અને વ્યાખ્યાતા સિવાય એકાદ વૃદ્ધ પુરૂષ હાજર હોવો જોઈએ.

હાલ ચાર વર્ષથી સાર્વજનિક વ્યાખ્યાન ઉપરાંત દરેક હાયસ્કુલ ને કૉલેજમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જુદું ભાષણ કરવાનો રિવાજ મેં

Gandhi Heritage Portal

રાખ્યો છે. એનો મુખ્ય ઉદ્દેશ તરૂણ વિદ્યાર્થીઓના મનમાં આ નવી હિલચાલ માટે પ્રેમ ઉત્પન્ન કરવાનો છે. વિદ્યાર્થીઓ તરફથી ઘણી વખત આના ને અર્ધા આનાની મદદ મળે છે. એ ત્રણ વર્ષ પૂર્વે મહારાષ્ટ્રમાં નાસિક ને નગર જીલ્લાનાં ઘણાં નાનાં ગામમાં પણ હું જતો હતો. જે ગામમાં અંગ્રેજી સમજનાર એકાદ પણ માણસ હોય, કે તેવો પણ ન હોય પણ મરાઠી સાત ધોરણ સુધીની શાળા હોય ત્યાં જતો, ને છઠ્ઠા ને સાતમા ધોરણના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગામમાં કેસરી કે બીજાં વર્તમાનપત્રો વાંચનાર લોકો હોય તેમને ભેગા કરી શાળામાં જ સભા ભરૂંછું; અને વ્યાખ્યાન પછી કલાક બે કલાકમાં આનો, અર્ધો આનો એમ બે ચાર રૂપિયા ભેગા કરી બીજે ગામ જાઉંછું. ખાનદેશમાં ને રત્નાગિરી જીલ્લામાં પણ એ રીતે કેટલેક ગામ ગયો હતો. પહેલાં કાગળો વગેરે લખવાની વિશેષ પંચાત ન હતી. ભોજન નિશાળના માસ્તરને ત્યાં કે કોઈ પૈસાદાર ગૃહસ્થને ઘેર લઉંછું. ગામ રેલવે સ્ટેશનથી ચાર પાંચ માઈલ છેટું હોય તો સામાન સ્ટેશન પર જ રાખી ત્યાં ચાલતો જાઉંછું ને કામ પૂરૂં થયે પાછો ચાલીને સ્ટેશને આવુંછું.

મહારાષ્ટ્રમાં દરેક તાલુકાના મુખ્ય ગામમાં ને કેટલાક બીજા મોટા ગામમાં તેમજ મહારાષ્ટ્રની બહાર આખા હિંદુસ્થાનમાં દરેક જીલ્લાના મુખ્ય ગામમાં જવાની મારી ઇચ્છા છે. આ પ્રચારકાર્યનો મુખ્ય હેતુ લાખો માણસોમાં આ હિલચાલ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવાનો છે. સ્ત્રીઓમાં માધ્યમિક શિક્ષણનો પ્રસાર શહેરે શહેર નહિ પણ ગામે ગામ થવો જોઇએ. સ્ત્રીઓમાં માધ્યમિક શિક્ષણ મોટા પાયા પર પ્રસર્યા સિવાય રાષ્ટ્રોન્નતિનું કાર્ય બરાબર થશે નહિ એવો મારો દૃઢ મત છે. આ શિક્ષણ અંગ્રેજી નહિ હોય તો ચાલશે. સરકારના પ્રયત્નોનો તો બને તેટલો ઉપયોગ કરવો જ, પણ ખાનગી પ્રયત્નો પણ આ દિશામાં થવા જોઈએ. આ વિચાર લાખો માણસોને આપવો અને તેમનામાં ખાનગી પ્રયત્નો કરવાનો ઉત્સાહ ઉત્પન્ન કરવો, એ મારા મનનો મુખ્ય હેતુ છે. મહિલાવિદ્યાપીઠ માટે પૈસા મેળવવા એ હેતુ તો હોય છેજ, પણ હવે મેં એને ગૌણ સ્થાન આપ્યું છે. મારૂં શરીર અને મન જ્યાં સુધી સાબુત છે ત્યાં સુધી આ પ્રચારકાર્ય કર્યા કરવું એવી મારી ઇચ્છા છે. તે કેટલે અંશે પુરી થાય છે તે જોવાનું છે.

Gandhi Heritage Portal

## પ્રકરણ ચૌદમું.

### મહિલાવિદ્યાપીઠના ઈતિહાસ પર ખુણેખચકે પ્રકાશ પાડનારી કેટલીક વાતો.

દરરોજના વ્યવહારમાં ઉપયોગી ન હોય એવી કેટલીક વસ્તુઓને કોઈ કોશી ખુણામાં કે માળપર કોઈ ઠેકાણે મૂકી રાખે છે તે પ્રમાણે કેટલીક આચર કુચર વિગતો મેં આ પ્રકરણમાં ભરવાનો ઈરાદો રાખ્યો છે.

પાર્વતીબાઈ આઠવલે અમેરિકા ગયાં ત્યારે ત્યાં તેમને ઘણી ઓળખાણો થઇ હતી. તેમણે પુષ્કળ લોકોને આશ્રમ અને યુનિવર્સિટીનો રિપોર્ટ આપ્યો હતો. પ્રો. વિનયકુમાર સરકાર અમેરિકામાં હતા ત્યારે પાર્વતીબાઇ એમને મળ્યાં. તેમણે પાર્વતીબાઇને ત્યાંના કેટલાક લોકોની ઓળખાણ કરાવી હતી. પ્રો. વિનયકુમાર સરકાર એક વખત આશ્રમ જોવા આવ્યા હતા તે વખતે બળદગાડીમાં બેસીને આશ્રમનાં લોકોને આવતાં જતાં તેમણે જોયાં હતાં. તે વાત તેમણે કેટલાંક અમેરિકન સ્ત્રીપુરૂષોને કહી હતી. આમાંનાં કેટલાંકને બાબુ ધનગોપાળ મુકરજીએ ઉપરની વાત યાદ કરાવી ને સ્ત્રીઓની યુનિવર્સિટીને માટે એક મોટરબસ અપાવી. આ ભેટ પર્સનલ સર્વિસ ફંડના ટ્રસ્ટીઓમાંના એક શ્રીમતી એના ડેવિચની માર્ફતે મળેલી છે. તે અમને ઘણી ઉપયોગી થઇ પડી છે.

વિદ્યાપીઠ માટે ફંડ એકઠું કરવામાં મને એક સારો અનુભવ થયો.

એક શહેરમાં મધ્યમ સ્થિતિના સારા સંભાવિત ને વજનદાર ગૃહસ્થને ઘેર હું ઉતર્યો હતો. તેમણે પરોણાગત સારી રીતે કરી અને ફંડ ઉઘરાવવામાં મદદ પણ ઠીક કરી. તેમનું ઇંપીરીયલ બેંકમાં ખાતું હતું. દરરોજ જે ફંડ મળે તે પૈસા તેમની પાસે રાખવામાં આવતા. પૈસા વીમો ઉતરાવેલા રજીષ્ટર પત્રથી ન મોકલતાં તેમના ખાતામાં રાખવા ને તેમની પાસેથી રજીસ્ટ્રાર પરનો ચેક લઈ પૂના મોકલાવવાનો મારો વિચાર હતો. તેમણે બેંકમાં પૈસા ભરી ચેક આપ્યો ને મેં તે પૂના મોકલાવ્યો. પણ તે શીકરાયો નહિ. તે ગૃહસ્થ ભીડમાં હતા તેની મને તે વખતે ખબર ન હતી. વચમાં બીજા કોઇને ચેક આપવાથી તેમના ખાતામાં સિલક રહી નહિ. મારા પૈસા ડુબાવવાનો તેમનો બિલકુલ હેતુ ન હતો. મેં કોઇને પણ દોષ ન દેતાં મુંગે મ્હોંએ ચારસો છવ્વીસ રૂપિયા ભરી દીધા ને હું મુક્ત થયો. તે ગૃહસ્થનો

Gandhi Heritage Portal

એ ત્રણ પત્ર લખ્યા, પણ જવાબ મળ્યો નહિ. છેવટે બહુ શરમાઇને તેમણે પત્ર લખ્યો. મેં તેમને માફી આપી, ને 'તમે આપી શકો ત્યારે એ પૈસા આપજો, નહિ તો મેં માંડી વાળ્યા છે એમ સમજજો' એવું લખી મોકલ્યું. તે શહેરના કોઈ માણસને આ વાત મેં જણાવા દીધી નથી.

મારો પુત્ર દિનકર બેંગલોરની રીસર્ચ ઇન્સ્ટિટયૂટમાં અભ્યાસ કરતો હતો તે વખતે મારે બેંગલોર જવાનું થયું. રીસર્ચ ઇન્સ્ટિટયૂટમાં એક વ્યાખ્યાન આપવાનું મેં ઠરાવ્યું. પૂર્વે એક વખત ત્યાં ભાષણ આપી મેં થોડા પૈસા એકઠા કર્યા હતા. સભા ભેગી થયા પછી એક વિદ્યાર્થીએ દિનકર અધ્યક્ષ-સ્થાન લે એવી દરખાસ્ત મૂકી ને તરતજ બીજા એક વિદ્યાર્થીએ તેને અનુમોદન આપ્યું. આ અકલ્પિત પ્રકારથી મને નવાઇ લાગી. પરંતુ દિનકરે જરા પણ ગભરાયા વિના પ્રમુખપદ સ્વીકાર્યું ને શિરસ્તા પ્રમાણે વ્યાખ્યાતાની ઓળ-ખાણ કરાવી. મારૂં વ્યાખ્યાન પુરૂં થયા પછી ઉપસંહાર કરીને સભા બરખાસ્ત કરી. તે રાત હું ત્યાં રહ્યો ને સારી જેવી રકમ એકઠી કરી.

ઘણાં વર્ષો સુધી સ્ત્રીઓના સહવાસમાં રહેવાથી ને તેમની ઉન્નતિ વિષે જ વિચાર કરવાથી તેમનો એક ગુણ–ભાવિકપણું–મારામાં આવ્યો છે. ભક્તિપૂર્વક દેવ આગળ ચોખા, તલ, તાંબુલ, કે ફળ ધરવામાં કે દેવ અથવા વડ કે પીંપળાની એક લાખ પ્રદક્ષિણા કરવામાં ભાવિક સ્ત્રીઓ પોતાનો ઘણો વખત ગાળે છે, એનું અનુકરણ કરી હું મારો ઘણો વખત સરસ્વતીદેવી અર્થાત્ મહિલાવિદ્યાપીઠ–આગળ એક લાખ વર્ગણીદારનું નૈવેદ્ય ધરવાનો સંકલ્પ કરી તે અર્થે ગાળું છું. આ વાત કેટલીક વખત હું મારા વ્યાખ્યાનમાં કહું પણ છું ને આનો અર્ધો આનો પણ દાન તરીકે દઇને દાતાની સંખ્યા એક લાખની કરવામાં મને મદદ કરો એવી વિનંતિ કરૂં છું. આ કામ મારા આ જન્મમાં તો પુરૂં થાય એમ લાગતું નથી. કારણ કે સાત વર્ષ સુધી કામ કર્યા પછી દાતાઓની સંખ્યા ૧૯૧૨૬ જ થઇ છે. આ કામ વિષે વિચાર કરતાં લાખ્યા હરિદાસ નામથી પ્રસિદ્ધ થયેલા એક ગૃહસ્થ વિષે સાંભળેલી વાત યાદ આવે છે. તેમણે દેવ આગળ એક લાખ કથાઓ કરવાનો સંકલ્પ કર્યો હતો. બેઠક, દિવા વગેરે બધાં સાહિત્યો સાથે રાખી તે કોઇ પણ ગામમાં જાય. ત્યાં મંદિરમાં જઇ બેઠક જમાવી રાત્રિ હોય તો દિવા કરીને કીર્તનનો આરંભ કરે. શ્રોતાઓ હોય તો ઠીક, નહિ તો દેવ તો છે જ. ઘેરઘેર દેવ હોય છે તેથી સંભાવિત ગૃહસ્થોને ઘેર જઇને પણ કીર્તન કરવાનો તેમનો પરિપાઠ હતો. આ હરિદાસને મેં પોતે જોયા નથી. હાલ તે હયાત છે કે નહિ અગર

Gandhi Heritage Portal

તેમનો કીર્તનનો આ ક્રમ ચાલુ છે કે નહિ તેની મને ખબર નથી. લાખ દાતા ભેગા કરવાના સંકલ્પની જ પાછળ લાગવાનો વખત મળે તો તે થઈ શકે ને કદાચિત્ મારા હાથથી જ એ બની શકે. પણ હાલ તો વિદ્યાપીઠના ખર્ચ જેટલી રકમ મેળવવાની મહેનત કરતાં કરતાં બચે એટલો વખત આ કાર્યમાં ગળાય છે તેથી તે મંદ ગતિએ ચાલે છે.

સર વિઠ્ઠલદાસે આપેલી વગરવ્યાજની રૂ. ૧,૮૬,૦૦૦ ની લોન પાછી આપવા માટે એવું ઠરાવ્યું હતું કે વાર્ષિક લવાજમોની આવકમાંથી ચાલુ ખર્ચ કાઢી, બીજાં દાન મળે તે આ લોન પાછી ભરી દેવાના કામમાં વાપરવાં. આ પ્રમાણે બે ત્રણ વર્ષમાં પચ્ચીસ હજારથી થોડા વધારે રૂપિયા ભરી દેવામાં આવ્યા પછી આપેલી રકમમાં જરૂર જેટલો વધારો કરી તેમની તરફથી મળતા વાર્ષિક સાડાબાવન હજાર રૂ. પૂરા કરવામાં આવતા. એક વર્ષ લવાજમ ઓછું આવશે એમ લાગવાથી તે વર્ષે રૂ. પચ્ચીસ હજાર પાછા ન આપતાં આવેલા લવાજમની રકમ જ આપીશું એમ સર વિઠ્ઠલદાસના ભાઇ શેઠ માધવદાસને જણાવવામાં આવ્યું. તે વર્ષ વેપારમાં મંદીનું હતું ને તે મુશ્કેલીમાં હતા, તેથી તમારે પચ્ચીસ હજાર રૂપિયા પાછા ભરવા જ જોઇએ એવો તેમણે આગ્રહ રાખ્યો. લવાજમ ઓછું આવવાથી પહેલાંની શિલ્લકમાંની પ્રૉમિસરી નોટો વેચી આ પૈસા ભર્યા સિવાય બીજો ઇલાજ જ ન હતો. બને ત્યાં સુધી તો એમ કર્યા સિવાય પૈસા ભરવાની જરૂર હતી. સેનેટની સભા ચાલુ હતી ત્યારે જ આ સવાલ ઉદ્ભવ્યો હતો. સેનેટની પહેલી જ બેઠકમાં જમાખર્ચના અંદાજપત્રકનો વિચાર કરવો જોઈએ. પણ આ પ્રશ્નનો વિચાર કરી અંદાજપત્રક દુરસ્ત કરવાની જરૂર હતી તેથી તે બીજી બેઠક પર મુલ્તવી રાખવામાં આવ્યું. 'હવે શું કરવું' એ વિષે આશ્રમનાં આજન્મસેવકોએ એકઠાં મળી વિચાર કર્યો. શાળાઓને અપાતી મદદ ઓછી કરવી ને પોતાને મળતા પગારના પંચોતેર રૂપિયામાંથી દર મહિને દશ રૂપિયા પાછા આપવા એવું અમે નક્કી કર્યું, અને તે પ્રમાણે અંદાજપત્રકમાં ફેરફાર કરી સેનેટમાં પસાર કરાવ્યું. આગળ જતાં સુભાગ્યે લવાજમમાંથી સારી મદદ મળી, તેથી સેનેટની પરવાનગીથી શાળાઓની ઓછી કરેલી મદદ ને આજન્મ સેવકોએ પગારમાંથી ભરેલી રકમ તેમને પાછી આપવામાં આવી. દરેક પ્રકારના સંયોગો સામે થવા આજન્મસેવકો તૈયાર હોય છે તેથી જ આવી સંસ્થાઓ અસ્તિત્વમાં રહી શકે છે ને ચાલી શકે છે.

Gandhi Heritage Portal

હું સભાસદો કરવા મુસાફરી કરતો હતો ત્યારે થયેલો એક અનુભવ અહિં આપવા જેવો છે. ૧૯૧૭ માં હું વડોદરા ગયો હતો ત્યારે મહારાજા સાહેબને મળ્યો ને મારા વ્યાખ્યાનમાં આવવાની વિનંતિ કરી. તેમણે કૉલેજમાં વ્યાખ્યાન કરવાનું ને વખત મળશે તો આવીશ એમ કહ્યું. મહારાજા વ્યાખ્યાનમાં આવ્યા ખરા. પણ દિવાન સર મનુભાઈએ મને એવી સૂચના કરી કે મારે મહત્વનું કહેવાનું અર્ધા કલાકમાં કહી નાખવું કે જેથી ત્યાર પછી મહારાજા સાહેબ તેમના મહેમાનો પાસે જઈ શકે. મારે તો બધું વિગતવાર કહેવાનું હતું તેથી મેં તો મારૂં ભાષણ એક કલાક સુધી ચલાવ્યું. મહારાજા છેલ્લે સુધી બેઠા ને છેલ્લે વીસ મીનીટ સુધી એક ઘણું ઉત્સાહજનક ભાષણ તેમણે આપ્યું. મને તેમણે હિંદુસ્થાનનો બુકર ટી. વોશિંગ્ટન કહ્યો ને નવી ઇમારત ચણાય છે તે હું સ્ત્રીઓની કૉલેજ માટે આપી શકીશ વગેરે બાબતોનો ઉલ્લેખ કર્યો. મહારાજાએ રાજમહેલમાં જઈ મહારાણી સાહેબને સભાની હકીકત કહી. બીજે દિવસે હું ઉતર્યો હતો ત્યાં પત્ર લઇ સવાર આવ્યો. તે પત્રમાં સંધ્યાકાળે સ્ત્રીઓની સભા કરવી, મારે તેમાં ભાષણ આપવું ને મહારાણી સાહેબ તેમાં હાજર રહેશે, એવી યોજના મને જણાવવામાં આવી હતી. આ બધું થઇ ગયા પછી હું મહારાજા અને મહારાણી સાહેબોને મળવા ગયો હતો. બે ત્રણ વર્ષ પૂર્વે મહારાજા સાહેબને યુનિવર્સિટીના આશ્રયદાતા થવા માટે મેં એક વિનંતિપત્ર મોકલ્યું હતું. તે મહારાજાએ વાંચ્યું હશે કે નહિ એ વિષે મને શંકા છે; પણ વડોદરાના શિક્ષણખાતાના કમિશ્નર તરફથી એક નીચે પ્રમાણે જવાબ મને મળ્યો હતો.

Subject.

Appeal for contribution.

Sir, I have the honour to acknowledge the receipt of your letter no. 11, dated 17th November 1925, to the address of His Highness the Maharaja Saheb, which has been forwarded to this office for disposal, and to say that sir Vithaldas, a Baroda subject, has contributed handsomely to the University Funds. Several officials belonging to His Highness's Territories are paying annual subscriptions while others are in addi-

Gandhi Heritage Portal

tion helping the University with their brains also. A class is started in the High School and the college for preparing students for the Women's University Examinations. What more need we do in the matter for an All India University. (4–1–1926).

**વિષય–મદદ માટે વિનંતિ**–" સાહેબ, આપનો તા. ૨૭–૧૧–૨૫ નો નંબર ૧૧ નો મહારાજા સાહેબ શ્રીમંત સરકાર, વડોદરાને ઉદ્દેશીને લખેલો પત્ર મળ્યો. તે અમારી તરફ નીકાલ માટે મોકલવામાં આવ્યો છે. તે સંબંધમાં જણાવવાનું કે સર વિઠ્ઠલદાસે–આ સંસ્થાનના પ્રજાજને–આપના વિશ્વવિદ્યાલયને મોટી રકમની મદદ કરી છે. શ્રીમંત સરકારના મુલકના ઘણા અધિકારીઓ વાર્ષિક લવાજમ આપે છે, તે ઉપરાંત બીજા કેટલાક ધનથી અને બુદ્ધિથી મદદ કરે છે. અહિંની હાઇસ્કુલ ને કોલેજમાં સ્ત્રીઓની વિશ્વવિદ્યાલયની પરીક્ષા માટે સ્ત્રીવિદ્યાર્થીનીઓ તૈયાર કરવા માટે એક વર્ગ પણ શરૂ કરવામાં આવ્યો છે. અખીલ ભારતવર્ષીય મહિલાવિદ્યાપીઠને અમે આથી વધારે શી મદદ કરી શકીએ ?"

(૪–૧–૧૯૨૬.)

પ્રચારના કામમાં કોઇ કોઇ વખત વિચિત્ર અનુભવ થાય છે. પ્રો. વાસુદેવ ગોવિંદ માયદેવ અને હું એક ગૃહસ્થને મળવા ગયા. હાલમાં જુદા જુદા ધર્માદા માટેની ટીપો લઇને ફંડ લેવા માટે ઘણાં માણસો આવે છે તેથી લોકો ત્રાસી ગયા હોય છે. આ ગૃહસ્થ મુંબાઇના વેપારી હતા ને તાજા જ પૂના રહેવા આવ્યા હતા. અમે એક સંસ્થા માટે આવ્યા છીએ એવી ખબર પડતાં જ તેમણે અમને તિરસ્કાર પૂર્વક પાછા વાળ્યા ને અમે પાછા ફર્યા. પ્રો. માયદેવે જતાં જતાં તેમના એક સગાને મળવા આવનાર ગૃહસ્થનું નામ કહ્યું. અમે થોડે દૂર ગયા પછી તે ગૃહસ્થે તે શેઠને મારૂં નામ કહ્યું તે સાંભળી તેમણે તરત જ અમને પાછા બોલાવ્યા ને સારી રીતે વાતચીત કરી. સારી જેવી મદદ કરી અમને પાછા મોકલ્યા.

Gandhi Heritage Portal

# પ્રકરણ પંદરમું.

## વાચકોને રામરામ.

બંધુઓ ને ભગિનીઓ! હવે આખરે આપ સર્વેને રામ રામ કરી આ નાનકડું સ્વીકારેલું કાર્ય પુરૂં કરવાનું છે. કોઈપણ કાર્ય ખાઇ પીને એની પાછળ ન મંડીએ ત્યાં સુધી થતું નથી. માસિક 'મનોરંજન'ના તંત્રી ખાઇ પીને મારી પાછળ લાગ્યા ન હોત તો 'આત્મ-વૃત્ત' લખાયું ન હોત. તે જ પ્રમાણે મારી સાથે કામ કરતા મિત્રોએ મારી ઈકોતેરમી વર્ષગાંઠને દિવસે આત્મવૃત્તની બીજી આવૃત્તિ કાઢવાનો નિશ્ચય કરી તેની સાથે મહિલા વિદ્યાપીઠની હકીકત જોડવાની યોજના કરી ન હોત તો આ કાર્ય મેં કર્યું હોત કે નહિ એ વિષે મને મોટી શંકા છે. વિદ્યાપીઠની હકીકત મારે જ લખી નાખવી એવી મારા કેટલાક મિત્રોએ મને સૂચના કરી હતી, પણ મેં તે કામ માથે લીધું ન હતું. પણ હાલ જેમ તેમ કરી ઠરાવેલી મુદતમાં પૂરૂં કર્યું છે. આ લાંબુંલચક ને કેટલેક ઠેકાણે તદ્દન નિરસ થઈ ગયેલું ભાષણ આપ સર્વેને કેટલું ગમશે તે કહી શકાય એમ નથી.

અહિં વિદ્યાપીઠના વિસ્તાર સંબંધી મારા વિચાર પ્રદર્શિત કરવા અપ્રશસ્ત ગણાશે નહિ. રાષ્ટ્રની પ્રગતિના વિચાર પુરૂષોના હૃદયમાં જેમ ઘોળાય છે તેમ જ સ્ત્રીઓના હૃદયમાં ઘોળાવા જોઈએ. આવા વિચાર ઉત્પન્ન થઇ તેનો પરિપોષ થવા માટે અંગ્રેજી સહિત અથવા અંગ્રેજી વિના માધ્યમિક શિક્ષણ પુરેપુરૂં મળવું જોઇએ. આ શિક્ષણનો પ્રસાર કરનારી શાળાઓ માટે શિક્ષિકાઓ જોઇએ તે આ વિદ્યાપીઠ મારફતે ચાલતી કોલેજમાં શિક્ષણ લઇ તૈયાર થયેલી હોવી જોઇએ. જે જે પ્રાંતમાં સંસ્કૃત જુદી ભાષા પ્રચલિત હોય તે દરેક પ્રાંતમાં બને તેટલી ઝડપથી સ્ત્રીઓની જુદી વિદ્યાપીઠ સ્થાપિત થવી જોઈએ અને એક ઉચ્ચ શિક્ષણની કોલેજ જોઈએ. કન્યાઓ માટે હાઈસ્કુલો ને મિડલ સ્કુલો તાલુકાનાં ગામે તો શું પણ નાનાં નાનાં ગામોમાં પણ સ્થાપવી જોઇએ. દિનપ્રતિદિન વધતા ખર્ચને લીધે ને હુંડાને લીધે યોગ્ય વધૂવર મળવાં કઠણ થઈ પડયાં છે, ને તેથી કેટલીક સ્ત્રીઓને અવિવાહિત રહેવાની ફરજ પડશે એમ સ્પષ્ટ જણાય છે. આવી સ્ત્રીઓએ નોકરીની પાછળ ન લાગતાં ટુંકા પગારથી સંતોષ પામી, સ્ત્રીશિક્ષણના પ્રસારનું કાર્ય માથે લેવું જોઇએ, સ્ત્રીઓના

Gandhi Heritage Portal

માધ્યમિક શિક્ષણ માટેની શાળાઓની જાળ આખા દેશમાં પાથરવી જોઈએ. પોતાનું કાર્યક્ષેત્ર સંકુચિત—મુંબાઇ ઇલાકામાં જ—ન રાખતાં તેને વિશાળ કરવું જોઇએ. આ હેતુ પાર પાડવા માટે—આ કાર્યનો વિસ્તાર બહારના ક્ષેત્રમાં કરવા માટે—હું પ્રયત્ન કરૂં છું ને તે આખર સુધી ચાલુ રાખવાનો મારો ઈરાદો છે. અને બીજા પ્રાંતમાં એક બે સ્ત્રીઓની વિદ્યાપીઠોને ચાલતી જોવાની મારી ઇચ્છા છે.

આયુર્વેદના (પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય જ્ઞાનના મેળથી થયેલા) શિક્ષણનો પ્રસાર સ્ત્રીવર્ગમાં થવાની અત્યંત જરૂર છે, અને મહિલાવિદ્યાપીઠમાં વાઙ્મયાત્મક વિદ્યાશાખા (faculty) પ્રમાણે આયુર્વેદ શાખાનો પણ સમાવેશ થવો જોઈએ. એમ. બી. બી. એસ. ને એલ. સી. પી. એસ. પાસ કરી તૈયાર થયેલી સ્ત્રીડૉકટરો તો થાય એટલી તૈયાર થવી જ જોઇએ. પણ આ પરીક્ષાનો અભ્યાસ અંગ્રેજી મારફત કરવો પડે છે અને તે લાંબો વખત કરવો પડે છે તેથી ઘણી ઓછી સ્ત્રીઓ એ શિક્ષણ લઇ બહાર પડે છે, અને ભવિષ્યમાં પણ એ સંખ્યામાં વધારો થવાનો સંભવ જણાતો નથી. આ માટે જેમ પ્રાથમિક શિક્ષણ માટે ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષિકાઓ તૈયાર કરવામાં આવે છે છતાં તે પુરતી ન હોવાથી વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષામાં પસાર થઇ હોય એવી અગર પાસ ન થઇ એવી સ્ત્રીઓને પણ નોકરીમાં રાખવામાં આવે છે, તેમ આયુર્વેદમાં સુધારા વધારા કરી રીતસર અભ્યાસક્રમ ઘડી, માતૃભાષામાં શિક્ષણ આપીને ઇસ્પિતાળમાં અનુભવ આપી સ્ત્રીઓને તૈયાર કરવાનું કામ વિદ્યાપીઠે હાથ ધરવું જોઇએ. આવી ઘણી સ્ત્રીઓ તૈયાર થશે તો તે સમાજને ઘણી ઉપયોગી થઇ પડશે.

આ સ્થળે મહારાષ્ટ્રને એક આજીજીભરી વિનંતિ કર્યા વિના રહેવાતું નથી. મહારાષ્ટ્રની બહારથી આ વિદ્યાપીઠને વધારે મદદ મળે એમ મને લાગતું નથી. મહારાષ્ટ્રમાં પણ એટલી બધી સંસ્થાઓ નીકળી છે કે મધ્યવર્તી સંસ્થા માટે મદદ માગીએ ત્યારે લોકો ઘણી નાખુશી દર્શાવે છે. સ્થાનિક સંસ્થાઓની તો જરૂર છે જ; પણ મધ્યવર્તી સંસ્થા પણ જોઈએ જ. જે પ્રમાણે ઇન્કમટેક્સ જેવા કેટલાક કર મધ્યવર્તી હિંદુસ્થાનની સરકારના ખર્ચ માટે રાખવામાં આવે છે ને બાકીની આવક પ્રાંતિક સરકારોને મળે છે તે જ પ્રમાણે રાષ્ટ્રકાર્ય માટે આપવાના મર્યાદિત દ્રવ્યમાંથી દરેકે થોડું મધ્યવર્તી સંસ્થા માટે જુદું રાખવું જોઇએ. રાજકીય કાર્યક્ષેત્રમાં જેમ

Gandhi Heritage Portal

મહારાષ્ટ્રે ભોમિયાનું કામ કર્યું છે તે જ પ્રમાણે સ્ત્રીઓની ઉન્નતિ ને શિક્ષણના કાર્યક્ષેત્રમાં નાના પ્રમાણમાં મહારાષ્ટ્રે એવું જ કામ કર્યું છે. આ કાર્ય કરનારી બે સંસ્થાઓને-અનાથ બાલિકાશ્રમ અને મહિલાવિદ્યાપીઠને-મહારાષ્ટ્રે નામશેષ થવા દેવી જોઇએ નહિ. મહારાષ્ટ્ર ગરીબ છે એ વાત ખરી, પણ ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે આ સંસ્થાને જીવંત રાખવી એ મહારાષ્ટ્રની શક્તિ ઉપરાંતનું ભારે કામ નથી. આ કર્તવ્યનું મહારાષ્ટ્ર પાલન કરશે એવી મને આશા છે.

અનાથ બાલિકાશ્રમ ને મહિલા-વિદ્યાપીઠની જવાબદારી પોતાને માથે લેનાર આશ્રમના આજન્મ સેવકોને પણ આ સ્થળે બે શબ્દ કહેવા જોઇએ. આપણે મહારાષ્ટ્રીઓ કજીઆખોર છીએ એવી આપણી ખ્યાતિ છે. આપણું સ્વાતંત્ર્ય (?) ઘણું હોવાથી કજીઆ અત્યંત કડવા થવાનો ઘણો સંભવ છે. એ માટે આપણે ઘણી કાળજી રાખવી જોઇએ. આશ્રમ અને વિદ્યાપીઠની હાલની સ્થિતિ ખાસ ચિંતાજનક નથી એ વાત ખરી, તોપણ સંપથી કામ કર્યા વિના-દરેક વ્યકિતએ પોતાનું ઘણુંખરૂં સામર્થ્ય આ સંસ્થાના કામમાં ખર્ચ્યા વિના-આ જવાબદારી સારી રીતે વહવી મુસ્કેલ છે. 'જન્મ ને મરણ મનુષ્યને લખાયાં છે' આ કહેણી માણસને લાગુ પડે છે તેમ સંસ્થાને પણ લાગુ પડે છે. આપણે દીર્ઘાયુષી થવાનો પ્રયત્ન કરીએ છીએ, તેજ રીતે આપણી સંસ્થાને દીર્ઘાયુષી બનાવવાનો પ્રયત્ન આપણા હાથથી થાય એટલો કરવો, એવો મારો નિશ્ચય છે.

અંતમાં પહેલી આવૃત્તિના ઉપસંહારમાં પ્રદર્શિત કરેલા વિચાર ફરી આ સ્થળે પ્રદર્શિત કરી કલમ નીચે મુકું છું. પુનર્જન્મની કલ્પના સત્ય હોય ને અંતકાળની વાસના પર પુનર્જન્મનો આધાર હોય તો જગત્ચાલક આ કાર્યપરનો મારો પ્રેમ અધિકાધિક વધારે ને જન્મેજન્મ આ કાર્ય માટે તન, મન, ધન અર્પણ કરવાની બુદ્ધિ મને આપે, એવી તેની પાસે યાચના કરી હું આપ સર્વની રજા લઉં છું.

**સમાપ્ત.**

પુસ્તકાલય.

Gandhi Heritage Portal

# વાર્તા-નવલકથાનાં પુસ્તકો.

૦—૮ કર્પૂરમંજરી(કવિરાજશેખર)
૦—૮ કાદમ્બરી અને વાસવદત્તા
૧—૮ કુમુદચંદ્ર.
૦—૬ શ્રી કૃષ્ણજીવન(ભાગવતધર્મ)
૩—૦ ગુલામી વહેપાર.
૨—૮ ગૃહદાહ (મૂળ લે. શરદચંદ્ર ચટોપાધ્યાય )
૨—૮ ચક્રવર્તી અશોક-ઐતિહાસિક
૨—૮ ચોખેરવાલી, ભા. ૧-૨.
૨—૮ ટાગોરની ટુંકી વાતો; ભા.૨
૪—૦ ડૂબતું વહાણ(મૂળ.લે.ટાગોર)
૧—૪ ધર્મનો જય
૨—૮ ધર્મપાળ. (ઐતિહાસિક)
૨—૮ નારાયણી. ( ,, )
૦—૮ નીલનેની (મૂ.લે.પ્રો.એઈન.)
૨—૦ પાપ અને પશ્ચાત્તાપ.
૨—૮ પ્રણયપંક
૧—૮ પ્રતાપસિંહ.(ડાઃરા. મહેતા)
૩—૦ પ્રાણેશ્વરીનું પ્રેમમંદિર.
૨—૦ પ્રેમદાદેવી યાનેઆદર્શઆર્યા
૧—૦ બોંબયુગનું બંગાલ
૩—૦ મધુરાણી (મૂળ લે. ટાગોર)
૪—૪ માયાનો બજાર, ભા.૧-૨
૨—૮ મારો દેશ.
૨—૦ મીરકાસમ.
૦—૮ મૃચ્છકટિક અને મુદ્રારાક્ષસ
૧—૮ યાત્રી ઉર્મિલા.
૨—૦ રમાસુંદરી.
૨—૦ રંગીલી સંધ્યા (પ્રો.એઇન)
૩—૪ રાજા રામકૃષ્ણ (નવલકથા)
૨—૮ વજીરનંદિની ગુલ્લબેગમ.
૩—૪ વીણા-વિહારી (અન્તેભાગ)
૨-૧૪ સત્તરમી સદીનું ફ્રાન્સ
૦-૧૨ સુભદ્રા (સચિત્ર)
૦-૧૨ સંસારી કે સંન્યાસી ?
૧-૧૨ સંસ્કૃત સાહિત્યનીકથાઓ
૨—૮ સદર, ભાગ ૨ જો.
૨—૪ શારદાનું સ્વાર્પણ
૧—૪ સ્નેહગીતા, કલ્યાણરાયજોષી.
૪—૦ હાસ્યકથામંજરી,ભા.૧-૨
૮—૦ હૃષીકેશચંદ્ર (ત્રણે ભાગ)
૨—૮ અજમેરનો અજીતસિંહ.
૧—૮ અમરસિંહ-મેવાડનામહારાણ
૧—૮ અભાગિની.
૪—૦ અઠંગ ઉઠાવગીર, ભા.૧-૨
૦—૮ ઉષાનંદિની કૃત-પ્રો. એઇન.
૨—૦ કથામંજરી, ભાગ ૧ લો.
૩—૦ સદર ભાગ ૨ જો.
૨—૦ સદર ભા. ૩ જો-૨૫ વાતો.
૨—૦ કેટલીક નવલકથાઓ.
૦-૧૨ ભવભૂતિ અને હર્ષદેવકૃત નાટયકથાઓ.
૧—૮ સુન્દરીઓનો શણગાર. સ્ત્રીઓને આદર્શ રૂપ ૨૧ લોક કથાઓનો લોકપ્રિય સંગ્રહ.

લખો:—**જીવનલાલ એન્ડ સન્સ,**

**કાલબાદેવી રોડ; ભાટીઆ મહાજન વાડી-મુંબઈ.**

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ટેક્સ્ટબુક તરીકે ચલાવવા માટે પસંદ થયેલું છે.

શ્રેષ્ઠ સાહિત્યનાં બે નવીન પુસ્તકઃ—

# સંસ્કૃત સાહિત્યની કથાઓ

## મહાકવિ કાલિદાસનાં કાવ્ય-નાટકોની કથાઓ.

લખનારઃ—રા. ન્હાનાલાલ નાથાલાલ શાહ, એમ. એ.

સોનેરી નામનું પાકું પુઠું. **કીંમત રૂ. ૧-૧૨-૦**

આ ગ્રંથમાં નીચેની કથાઓ છેઃ—

(૧) રઘુવંશવર્ણન. (૨) માલવિકાગ્નિમિત્ર. (૩) વિક્રમોર્વશીય. (૪) અભિજ્ઞાન શાકુન્તલ. અને (૫) કુમારસંભવ.

**વડોદરા રાજ્યના વિદ્યાધિકારી મે. રા. રા. નંદનાથ કેદારનાથ** દીક્ષિતનો અભિપ્રાયઃ—"લેખકની શૈલી આકર્ષક છે. ભાષા સાદી, સરલ તથા સંસ્કારી છે. અને કથાઓ એવી રીતે યોજી છે કે, વાચકને વાર્તા પૂરી થતાં સુધી પુસ્તક છોડવું ગમે નહીં. ××× **જો ૧૪ વર્ષથી માંડીને વધારે મોટી વયના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં આવાં પુસ્તકો રાખવામાં આવે તો તેથી ખરેખર લાભ થશે** એમ હું માનું છું. કોશ વગેરે સામગ્રીથી બીજા વાચકોને અર્થ સરળ થશે."

# સંસ્કૃત સાહિત્યની કથાઓ

[ ભાગ ૨ જોઃ કીંમત રૂ. અઢી. ]

**આ ભાગમાં નીચેના છ મહાકવિઓની દશ નાટ્યકથાઓ છેઃ-**

**બાણભટ્ટ-કાદંબરી. સુબન્ધુ-વાસવદત્તા. ભવભૂતિ-(૧) મહાવીરચરિત, (૨) ઉત્તર રામચરિત, (૩) માલતી-માધવ.**

**શ્રીહર્ષદેવ-(૧) રત્નાવલી, (૨) પ્રિયદર્શિકા, (૩) નાગાનન્દ. વિશાખદત્ત-મુદ્રારાક્ષસ. શૂદ્રક-મૃચ્છકટિક.**

રોયલ ૧૨ પેજી પૃષ્ઠ ૨૫૦ ઉપર. પુઠું પાકું ને સોનેરી નામનું.
( વિ૦ પી૦ નું ટપાલ ખર્ચ કીંમત ઉપરાંત ચડે છે. )

**જીવનલાલ એન્ડ સન્સ, કાલબાદેવીરોડ; મુંબાઇ-૨.**